# વેજલપુરની વાચના



વાચના દાતા :

આગમ વિશારદ અધ્યાત્મયોગી - નમસ્કાર મહામંત્ર આરાધક

**પૂ. પંન્યાસ પ્રવરશ્રી અભયસાગરજી મહારાજ**

# વેજલપુરની વાચના

-: વાચના દાતા :-

આગમ વિશારદ અધ્યાત્મયોગી નમસ્કાર મહામંત્ર આરાધક

**પૂ. પંન્યાસ પ્રવરશ્રી અભયસાગરજી મહારાજ**

-: સંપાદક :-

પૂ.આ.શ્રી. **હેમચંદ્રસાગરસૂરિ મ.**ના શિષ્યરત્ન

અનુયોગાચાર્યશ્રી **નયચંદ્ર સાગરજી મ.**

-: વાચના અવતરણ :-

આગમોદ્ધારક સાગર સમુદાયના

પૂ.સા. **શ્રી સુરેન્દ્રશ્રીજી મ.**

તથા પૂ.સા. **શ્રી સુલસાશ્રીજી મ.**

-: પ્રકાશક :-

શ્રી પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ

# વેજલપુરની વાચના

પ્રથમાવૃત્તિ - ૨૦૬૯

મૂલ્ય : ૧૨૫/-

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને
તથા જ્ઞાનભંડારોને સાદર

પ્રકાશક :
**શ્રી પૂર્ણાનંદ પ્રકાશન,**
**અમદાવાદ**

મુદ્રણ વ્યવસ્થા :
**રાજુલ આર્ટસ્, ઘાટકોપર,**
**મુંબઇ-૭૫.**
ફોન : ૯૭૬૯૭૯૧૯૯૦
૯૮૬૯૩૯૦૨૮૫

**પ્રાપ્તિસ્થાન :**
**પૂર્ણાનંદ પ્રકાશન,**
**ધરણેન્દ્ર એમ. શાહ**
એ-૨૦૪, પ્રેરણા વિરાજ-૨,
જોધપુર ગામ, ચંદન પાર્ટી પ્લોટ સામે,
સેટેલાઇટ, અમદાવાદ-૧૫
મો. ૯૩૭૬૮૬૦૭૧૨ (ધરણેન્દ્ર)

❖ ❖ ❖ ❖

**ગૌરવ કે. શાહ**
ભાયંદર - મુંબઇ
મો. ૯૮૩૩૧૩૯૮૮૩

❖ ❖ ❖ ❖

**સંજય જે. હીરાણી**
મધુસુદન, ગીતાંજલી,
બોરીવલી - મુંબઇ.
મો. ૯૮૭૦૦૨૭૭૬૬

❖ ❖ ❖ ❖

**જંબુદ્વીપ**
તલેટી રોડ, પાલીતાણા

❖ ❖ ❖ ❖

**અયોધ્યાપુરમ્**
નવગામ-ઢાલ વલભીપુર

❖ ❖ ❖ ❖

**દિનેશ સી. ગાંધી**
C/o. આવકાર એમ્પોરીયમ,
એલ.આઇ.સી. રોડ,
ગોધરા (પંચમહાલ)
ફોન : (૦૨૬૭૨) ૨૪૧૩૫૬
મો. : ૯૪૨૪૮૪૯૦૯૮




૫૦૦ વર્ષ પ્રાચીન ગુજરાતના એક ખૂણામાં છૂપાયેલ સ્વપ્ન સૂચિત, દેવઅધિષ્ઠિત

## શ્રી નેમનાથપ્રભુનું અદ્‌ભૂત તીર્થ એટલે

# પ્રાચીનતીર્થ શ્રી પરોલી તીર્થ

## પધારો..... યાત્રાએ.... પધારો

વેજલપુરથી ૧૮ કી.મી. હાલોલથી ૧૮ કી.મી.,
પાવાગઢથી ૨૦ કી.મી., વડોદરાથી ૬૦ કી.મી. છે.
પ્રાચીન તીર્થ નો પ્રભાવ -માહિતી માટે આજ પુસ્તકમાં વાંચો પૃ.નં. ૯

સંપર્ક સ્થળ

દિનેશભાઈ (ગોધરા) -૦૨૬૭૨ ૨૪૧૩૫૬ કિશોરભાઈ ( મુંબઇ) - ૦૨૨ ૨૩૭૫૫૬૨૨
જિનદાસભાઈ(વડોદરા) - ૦૨૬૫ ૨૪૬૧૭૪૪ અરવિંદભાઇ (વેજલપુર) - ૦૨૬૭ ૨૩૪૫૪૧

# તસ્મૈ શ્રી ગુરવે નમઃ



આગમોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ
શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.



સિદ્ધચક્ર આરાધક
પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.



શાસન સુભટ
પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સ



સાધક-વાચક-સંશોધક
પૂ. પંન્યાસ પ્રવર શ્રી અભયસાગરજી મ.સા.





શાસન પ્રભાવક
પૂ. આ. શ્રી અશોકસાગરસૂરી મ.સા



ભક્તિરસના પ્યારા
પૂ. આ. શ્રી જિનચંદ્રસાગરસૂરી મ.સા.



તત્વજ્ઞ નિસ્પૃહિ
પૂ. મુનિશ્રી પૂર્ણાનંદસાગરજી મ.સા.



વ્યાખ્યાન કુશલ
પૂ. આ. શ્રી હેમચંદ્રસાગરસૂરી મ.સા.

## “જે સિદ્ધાંતો દ્વારા યથાર્થ વસ્તુતત્વોનો બોધ થાય તેને આગમ કહેવાય છે”

### આગમ વાચના પ્રકાશન

### સુકૃતનું નિમિત્ત

### પ્રો. કવીનભાઈ શાહ, હાલ-બીલીમોરા

આગમોદ્ધારક અને શાસનપ્રભાવક પ.પૂ. આચાર્યદેવશ્રી **સાગરાનંદસૂરીશ્વરજી મ.** ના પ્રશિષ્ય શાસન રક્ષક અને શ્રુતજ્ઞાનવારિધિ પૂ. મહોપાધ્યાયશ્રી **ધર્મસાગરજી મ.સા.**ના શિષ્ય જૈન દર્શનના તજજ્ઞ અને આગમ શાસ્ત્રના વિદ્વાન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી **અભયસાગરજી મહારાજ સાહેબ**ની પુનિત નિશ્રામાં સં. ૨૦૨૨ના પોષ માસમાં પંચ મહામંગલ શ્રુતસ્કંધ ઉપધાન તપ અને આગમ વાચના એમ ઉભય પ્રસંગનું શ્રી વેજલપુર જૈન સંઘમાં **સ્વ. શેઠશ્રી પાનાચંદ ખેમચંદ ગાંધી** પરિવારના સંસ્કાર સંપથી અને ધર્માનુરાગી સુપુત્રો **રતિભાઈ, લાલભાઈ, કાંતિભાઈ** અને જીનદાસભાઈની ઉદાર સખાવતથી આયોજન થયું હતું.

ઉપધાન તપની આરાધના દરમ્યાન પૂ.પં. શ્રી **અભયસાગરજી મ. સાહેબે** ઉપધાન લક્ષી વાચના અને જૈન દર્શનના મૂળભૂત ગ્રંથ આગમ શાસ્ત્ર વિશે વાચના આપી હતી તે વાચના પૂ.સા. શ્રી **સુરેન્દ્રશ્રીજી મ.સા.** અને પૂ. સાધ્વીજી **સુલસાશ્રીજી મ.સા.**એ આ વાચનાના પ્રવચનની નોંધ કરી હતી. તેને આટલા વર્ષો બાદ આગમ વાચના નામથી ગ્રંથસ્થ કરવાનો અનુમોદનીય પ્રયાસ પ.પૂ. અનુયોગાચાર્ય શ્રી **નયચંદ્રસાગરજી મ. સાહેબે** કર્યો છે.

વેજલપુરના શ્રી આદિનાથ જિનાલયની ૭૫મી સાલગીરીની ઉજવણી પૂ.પં. શ્રી **નયચંદ્રસાગરજી મ. સાહેબ**ની નિશ્રામાં સં. ૨૦૬૨માં થઇ હતી. આ મહોત્સવમાં આગમ વાચનાને ગ્રંથસ્થ કરવા માટે પૂજ્યશ્રીએ સંઘમાં પ્રેરણા કરી હતી. સંઘના ભાઇ-બહેનો તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો અને **‘વેજલપુરની વાચના’** એવું તાત્ત્વિક પુસ્તકનું પ્રકાશન થયું છે.

જિનાલયની સાલગીરીના નિમિત્તમાં ભવ્યાત્માઓને કળિકાળમાં ભવોદધિ તારક જિનાગમ અને જિનબિંબ છે. તેમાં જિનાગમની તાત્ત્વિક વાણીનું પ્રકાશન આત્માના જ્ઞાન, ગુણના વિકાસ માટે અનન્ય પ્રેરક છે. સાલગીરીના નિમિત્તથી શ્રુત ભક્તિનો

અમૂલ્ય લાભ શ્રી વેજલપુર જૈન સંઘને પ્રાપ્ત થયો છે. વેજલપુર જૈન સંઘના ઈતિહાસમાં આ પ્રસંગ સુવર્ણ યુગ સમાન ચિરસ્મરણીય છે. પ.પૂ. અનુયોગાચાર્ય શ્રી **નયચંદ્રસાગરજી મ.**ની પ્રેરણા અને આગમ વાચનાના પ્રકાશનની મહાન સુકૃતની અનુમોદના.

પંચમહાલ જીલ્લાના પેરીસ તરીકે ખ્યાતિ ધરાવતા વેજલપુર ગામમાં શ્રી આદિનાથ જિનાલય આજથી ૮૩ વર્ષ પહેલાં નિર્માણ થયું હતું. છાણીવાળા **શેઠ નાથાભાઈ**ની પ્રેરણાનો સહયોગ નોંધપાત્ર બન્યો છે. મૂળનાયક આદિનાથ ભગવાનની પ્રતિમા પ્રભાવશાળી છે. દહેરાસરજીની નજીકમાં જ સુંદર આરાધના ભવન; શ્રાવિકા ઉપાશ્રય, જ્ઞાન મંદિર તથા પાઠશાળાના મકાનો આવેલા છે.

વેજલપુરથી ૧૮ કિ.મી. દૂર પરોલી તીર્થ આવેલું છે. આ તીર્થમાં ચમત્કારી એવા શ્રી નેમિનાથ ભગવાનની આશરે ૨૦૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. આ તીર્થનો જીર્ણોદ્ધાર સંવંત ૨૦૩૧ની સાલમાં **સ્વ. શ્રી શાંતિલાલ મુળચંદભાઈ ગાંધી**ની કુનેહથી થયો હતો અને તેમાંય **સ્વ. શ્રી જસવંતલાલ મણીલાલ શાહ** (બોનાફાઈડવાળા) ગોધરાવાળા તથા **સ્વ. શ્રી મણીલાલ ખેમચંદભાઈ શાહ** પરિવાર (વેજલપુરવાળા)નું યોગદાન મહત્વનું હતું.

છેલ્લા ૧૧ વર્ષથી વેજલપુર-ગોધરા-વડોદરા-હાલોલ તથા આસપાસના યાત્રિક ભાઈ-બહેનો દર મહિને પૂર્ણિમા પછીના રવિવારે પરોલી તીર્થે યાત્રાએ જઈ પ્રભુ ભક્તિનો આનંદ, ઉત્સાહ અને ભક્તિભાવ પૂર્વક અપૂર્વ લાભ લે છે. હાલમાં પરોલી તીર્થમાં અદ્યતન નૂતન ધર્મશાળાનું બાંધકામ ત્વરિત ગતિએ ચાલી રહ્યું છે.

આમ જિનભક્તિ અને આગમભક્તિનો લાભ શ્રી સંઘને મળી રહ્યો છે. આ પ્રકાશન ભવ્ય જીવોને ઉપકારક બને તે મંગલ કામના સહ.

લી. પ્રમુખ

**ગાંધી જયંતિલાલ મંગળદાસ ગીરધરલાલ**

**શ્રી વેજલપુર જૈન સંઘ**

વેજલપુર (પંચમહાલ)

# સ્મરણ યાત્રા

વેજલપુર ગોધરા શ્રી સંઘમાં આજથી ૭૫ વર્ષ પૂર્વે નિશ્ચય નયનું માત્ર આલંબન લઇ ક્રિયામાર્ગને જડક્રિયા કહી તેનો લોપ થતો જોઇ પૂજ્યપાદ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજે ત્યાં લાંબી સ્થિરતા કરી પૂ.ઊ.શ્રી **યશોવિજયજી મ.સા.**ના સવાસો-દોઢસો ગાથાનાં સ્તવનોની મુખ્યતા રાખી પ્રવચનનોની હારમાળા ચલાવી હતી. જેમાં બાલમુનિ શ્રી **મહોદયસાગરજી મ.** (ઉં.વ.૧૧)ના પણ પ્રવચનો થતા હતા. સાથે બાલમુનિશ્રી **અભયસાગરજી મ.** પણ હતા. આ રીતે વેજલપુર શ્રી સંઘનાં ભાવ પ્રાણોનું સંરક્ષણ કરનાર પૂજ્યપાદ ઉપાધ્યાયશ્રી **ધર્મસાગરજી મ.સા.**ને વેજલપુર નિવાસી આગમોધ્ધારક પૂજ્યપાદ **સાગરજી મ.સા.**ના અનન્ય ભક્ત અને જીવનભર વાંચવું તો પૂ. **સાગરજી મ.સા.**ના પ્રવચનોનું જ પુસ્તક વાંચવું આવા સુશ્રાવક **શેઠશ્રી રતિલાલ પાનાચંદ શાહે** વેજલપુરમાં વાચના માટે પૂજ્યશ્રીને વિનંતી કરી. વાચના એ પૂજ્ય પં. ગુરુદેવશ્રીનો પર્યાય બની ગયો હતો, તુરંત સંમતિ આપી જેથી પોતાની સાથે સમગ્ર શ્રી સંઘમાં પણ એક ઉત્સવ જેવો માહોલ સર્જાયો.

શ્રાવક જીવનની દીક્ષા સ્વરૂપ ઉપધાન તપની આરાધના કરાવવા તથા પવિત્ર આગમોની પૂજ્યશ્રીનો વિશાળ પરિવાર સાથે વેજલપુર શ્રી સંઘમાં શાનદાર રીતે ભવ્ય પ્રવેશ થયો. પ્રથમ જ જિનાલય-ઉપાશ્રયને વ્યવસ્થિત તથા રંગકામથી નવા જેવા બનાવવા સાથે વેજલપુર ગામના મુખ્ય માર્ગો રંગબેરંગી ધજા પતાકા તથા બોર્ડોથી શોભાયમાન બનાવ્યા જેથી જૈનો સાથે અજૈનોમાં પણ સારો એવો ઉત્સાહ વ્યાપ્યો.

આ પ્રસંગે સ્વ સમુદાયના પૂ. સાધુ-સાધ્વીજીની વિશાળ સંખ્યા સાથે પૂ.આ.શ્રી **નેમિસૂરી. મ.સા.**, પૂ.આ.શ્રી **વલ્લભસૂરી. મ.સા.**, પૂ.આ. **રામસૂરી. મ.સા.** વિ. સમુદાયની વિશિષ્ટ સંખ્યા ઉપસ્થિત હતી.

વાચનાનો પ્રારંભ પવિત્ર આગમના બહુમાનં સમાન ભવ્ય રથયાત્રા કાઢી જેમાં હાથી તથા બગીઓમાં ભાગ્યશાળીઓ બની ઠનીને ઠાઠથી પાવન આગમોના બહુમાન માટે ભાઇઓ સાફા તથા બેનો માથું ઓઢીને બહુમાન પૂર્વક મર્યાદા સભર આગળ રયથયાત્રાને શોભાવી રહ્યા હતા.

આગમ વાચનાના સ્થળને પણ સુંદર મંડપ સાથે પરમાત્મા મહાવીર દેવ શ્રી ગૌતમગણધર મહારાજા શ્રી સુધર્માસ્વામીજી ભગવંત તથા પૂ. **આગમોધ્ધારક સાગરજી**

# સ્મરણ યાત્રા

વેજલપુર ગોધરા શ્રી સંઘમાં આજથી ૭૫ વર્ષ પૂર્વે નિશ્ચય નયનું માત્ર આલંબન લઇ ક્રિયામાર્ગને જડક્રિયા કહી તેનો લોપ થતો જોઇ પૂજ્યપાદ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજે ત્યાં લાંબી સ્થિરતા કરી પૂ.ઊ.શ્રી **યશોવિજયજી મ.સા.**ના સવાસો-દોઢસો ગાથાનાં સ્તવનોની મુખ્યતા રાખી પ્રવચનનોની હારમાળા ચલાવી હતી. જેમાં બાલમુનિ શ્રી **મહોદયસાગરજી મ.** (ઉં.વ.૧૧)ના પણ પ્રવચનો થતા હતા. સાથે બાલમુનિશ્રી **અભયસાગરજી મ.** પણ હતા. આ રીતે વેજલપુર શ્રી સંઘનાં ભાવ પ્રાણોનું સંરક્ષણ કરનાર પૂજ્યપાદ ઉપાધ્યાયશ્રી **ધર્મસાગરજી મ.સા.**ને વેજલપુર નિવાસી આગમોદ્ધારક પૂજ્યપાદ **સાગરજી મ.સા.**ના અનન્ય ભક્ત અને જીવનભર વાંચવું તો પૂ. **સાગરજી મ.સા.**ના પ્રવચનોનું જ પુસ્તક વાંચવું આવા સુશ્રાવક **શેઠશ્રી રતિલાલ પાનાચંદ શાહે** વેજલપુરમાં વાચના માટે પૂજ્યશ્રીને વિનંતી કરી. વાચના એ પૂજ્ય પં. ગુરુદેવશ્રીનો પર્યાય બની ગયો હતો, તુરંત સંમતિ આપી જેથી પોતાની સાથે સમગ્ર શ્રી સંઘમાં પણ એક ઉત્સવ જેવો માહોલ સર્જાયો.

શ્રાવક જીવનની દીક્ષા સ્વરૂપ ઉપધાન તપની આરાધના કરાવવા તથા પવિત્ર આગમોની પૂજ્યશ્રીનો વિશાળ પરિવાર સાથે વેજલપુર શ્રી સંઘમાં શાનદાર રીતે ભવ્ય પ્રવેશ થયો. પ્રથમ જ જિનાલય-ઉપાશ્રયને વ્યવસ્થિત તથા રંગકામથી નવા જેવા બનાવવા સાથે વેજલપુર ગામના મુખ્ય માર્ગો રંગબેરંગી ધજા પતાકા તથા બોર્ડોથી શોભાયમાન બનાવ્યા જેથી જૈનો સાથે અજૈનોમાં પણ સારો એવો ઉત્સાહ વ્યાપ્યો.

આ પ્રસંગે સ્વ સમુદાયના પૂ. સાધુ-સાધ્વીજીની વિશાળ સંખ્યા સાથે પૂ.આ.શ્રી **નેમિસૂરી. મ.સા.**, પૂ.આ.શ્રી **વલ્લભસૂરી. મ.સા.**, પૂ.આ. **રામસૂરી. મ.સા.** વિ. સમુદાયની વિશિષ્ટ સંખ્યા ઉપસ્થિત હતી.

વાચનાનો પ્રારંભ પવિત્ર આગમના બહુમાનં સમાન ભવ્ય રથયાત્રા કાઢી જેમાં હાથી તથા બગીઓમાં ભાગ્યશાળીઓ બની ઠનીને ઠાઠથી પાવન આગમોના બહુમાન માટે ભાઇઓ સાફા તથા બેનો માથું ઓઢીને બહુમાન પૂર્વક મર્યાદા સભર આગળ રયથયાત્રાને શોભાવી રહ્યા હતા.

આગમ વાચનાના સ્થળને પણ સુંદર મંડપ સાથે પરમાત્મા મહાવીર દેવ શ્રી ગૌતમગણધર મહારાજા શ્રી સુધર્માસ્વામીજી ભગવંત તથા પૂ. **આગમોદ્ધારક સાગરજી**

# સંપાદકનો સૂર

'વાચના' પરાપૂર્વ કાળથી ચાલી આવતી જિનશાસનની મૌલિક પરંપરા છે. શાસન સ્થાપના દિનથી આજ સુધી ચાલતી અને હજુ ૧૮।। હજાર વર્ષ સુધી ચાલનારી અવિરત શ્રુત સેવા છે. શિષ્ય વર્ગમાં આગમ શ્રુતજ્ઞાનનો પ્રવાહ ચાલુ રહે તે માટે ગુરુ શિષ્યને વાચના આપે તો... પ્રસંગે પ્રસંગે આગમ શ્રુતજ્ઞાનની સુરક્ષા માટે પણ ૨૫૦૦ વર્ષમાં ૬ ઐતિહાસિક આગમ મહાવાચનાઓ થયેલી છે. એ જ શ્રમણ પરંપરામાં છેલ્લા કેટલાક સૈકામાં કાળના પ્રમાણે આગમનો અભ્યાસ કરનાર નહીંવત્ વર્ગ હોવાથી પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી મ.** એ ગુરુદેવશ્રીના આશીઃ સ્વપ્નને સાકાર કરવા આગમ ઝૂંબેશ ઉપાડી.... સાધુ-સાધ્વીઓના અધ્યયન અર્થે સુંદર અક્ષરોમાં આગમિક ગ્રંથો મુદ્રિત કરાવ્યા-આગમને સુદીર્ઘકાળ સુરક્ષિત કરવા આગમ મંદિરની સફળ પ્રેરણા કરી, અનેક સમુદાયના પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો આગમ વાંચી શકે તે માટે આગમ વાચનાઓ ગોઠવી. શાસનના અનેક કાર્યો વચ્ચે પણ આગમયુગ પ્રવર્તક બન્યા.

તેઓશ્રીની જ પરંપરામાં આવેલ પૂ.પાદ્ પંન્યાસ પ્રવરશ્રી **અભયસાગરજી મ.** એ તે આગમ વારસાને જીવંત રાખવા ભગીરથ પુરુષાર્થ કર્યો અને અનેક સ્થાનોએ સેંકડો સાધુ-સાધ્વીજી તથા હજારો શ્રાવક-શ્રાવિકાને આગમવાચના આપી. ગુરુદેવ મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મ.ના સાનિધ્યમાં વેજલપુર ઉપધાન સમયે સં. ૨૦૨૪માં આગમ વાચનાનો પ્રારંભ થયો. જે એક ઐતિહાસિક વાચના થઇ. લગભગ ૪૪ વર્ષ પૂર્વ થયેલી આ વાચનાની એક નોંધ આગમોદ્ધારક **પૂ. સાગરજી મ.**ના સમુદાયના પૂ.સા.શ્રી **નિરંજનાશ્રીજી મ.**ના શિષ્યરત્ના પૂ.સા.શ્રી **સુરેન્દ્રશ્રીજી મ.** પાસેથી મળી, ઘણી અસ્તવ્યસ્ત અપૂર્ણ નોંધ હોવા છતાં તેને વ્યવસ્થિત પ્રેસકોપી કરવાનો પ્રયત્ન શરૂ કર્યો. આ અરસામાં વેજલપુર શ્રી સંઘના જિનાલયની ૭૫ વર્ષની ઉજવણી પ્રસંગે શ્રી સંઘમાં પૂર્વે થયેલા ઐતિહાસિક પ્રસંગોની શ્રેણીમાં પૂ. ગુરુદેવની વાચના સૌના સ્મૃતિપથમાં ઉભરાઇ તે સમયે શ્રી સંઘ સમક્ષ વાચના નોંધની વાત મૂકતાં શ્રી સંઘે સહર્ષ ઉત્સાહભેર વાતને વધાવી અને પ્રકાશન અંગેની આર્થિક જવાબદારી ઉપાડી લીધી. પ્રથમ વિભાગનું સંકલન પૂર્ણ થયા બાદ આગમોદ્ધારક સાગર સમુદાયના પૂ.સા.શ્રી **સદ્ગુણાશ્રીજી મ.**ના શિષ્યરત્ના સંયમૈકલક્ષી પૂ.સા.શ્રી **સુલસાશ્રીજી મ.** (વાચનાદાતા પૂજ્યશ્રીના બેન મ.) પાસેથી પોતાના માટે જરૂરી નોંધ કરેલી મળી

જેમાં આગમિક અને અન્ય ગ્રંથોના વિશિષ્ટ પદાર્થોની નોંધ હતી. તેમાં માત્ર પોતાને ઉપયોગી પદાર્થો જ નોંધેલા હોવાથી તેને વાચનાબિંદુ રૂપે સ્વીકારી યથાયોગ્ય સમાવેશ કરવા પ્રયત્ન કર્યો છે.

પ્રથમ વિભાગની ૨૪ વાચનાઓમાં ઉપધાન સંબંધી સૂત્રોને કેન્દ્રમાં રાખેલ છે, જેમાં નવકાર લોગસ્સ, ઈર્યાવહીના કેટલાક પદાર્થોના રહસ્યો પ્રગટ કરવાની સાથે નમુત્થુણં સૂત્રના પદોની વિશેષ છણાવટ કરી છે. આવશ્યક, મૈત્રીભાવ, ધ્યાન, ચિત્ત પ્રસન્નતા વિગેરે અનેક વિષયોને સ્પર્શ્યા છે.

પ્રથમ વિભાગની વાચનામાં આવશ્યકથી પ્રારંભ કરી અંતે છેલ્લી વાચનામાં સમાધિ સુધી આપણા ચિત્ત પ્રદેશને લઇ જાય છે.

બીજા વિભાગમાં માત્ર જરૂરી જ નોંધો મળી હોવાના કારણે વાચના બિંદુ રૂપે વાચના પદાર્થોને સ્થાન આપ્યું છે. જેમાં જિનશાસનના સંખ્યાબંધ વિષયોનું ટૂંકમાં રહસ્ય પ્રગટ કરાયું છે. શ્રમણ અને શ્રાવક જીવનને ઉપયોગી ક્રિયા, ઉપકરણો, પારિભાષિક શબ્દો તથા તાત્વિક પદાર્થોના યથાર્થ ઐદંપર્યાય અર્થો સુંદર રીતે જણાવ્યા છે.

વાચનાદાતા પૂજ્ય ગુરુદેવશ્રીના અભિગમને અનુસરીને જ આ વાચના સંગ્રહનું સંકલન કર્યું હોવા છતાં પૂજ્યશ્રીનું વિશાલ જ્ઞાન, ઉંડાણ, ચિંતન, વિગેરેને મારી અલ્પજ્ઞતાના કારણે ન્યાય ન અપાયો હોય તો ત્રિવિધે ક્ષમાયાચના. શાસ્ત્ર પદાર્થ શુદ્ધિની બુદ્ધિથી ક્ષતિ નિર્દેશ આવકાર્ય છે.

આ વાચના સંકલનમાં પૂ. મુનિશ્રી **ઋષભચંદ્રસાગર** પૂ. મુનિશ્રી **અજિતચંદ્રસાગર** તથા **અભિનંદન-સુમતિ-પદ્મપ્રભચંદ્રસાગર મ.**ના યથાયોગ્ય સહયોગની સાથે પૂ.સા.શ્રી **શુચીપ્રજ્ઞાશ્રીજી મ.** એ પ્રેસકોપી તથા પૂ.સા.શ્રી **શ્રુતવર્ષાશ્રીજી મ.સા.**, પૂ.સા. શ્રી **દીવ્યતાશ્રીજી મ.સા.** એ પ્રુફશુદ્ધિમાં આપેલ સહયોગ અનુમોદનીય છે.

મોહના ક્ષયોપશમને કેન્દ્રમાં રાખી પૂ. ગુરુદેવશ્રી દ્વારા અપાયેલી આ વાચનાઓના પદાર્થોના વાંચન-મનન-ચિંતન દ્વારા ભવ્ય-ખપીજીવો મોહનીય કર્મના તીવ્ર ક્ષયોપશમને પામે તેમાં જ પૂજ્યશ્રીના તથા મારા પુરુષાર્થની સફળતા માની વિરમું છું.

**- નયચંદ્રસાગર**

# દેવદર્શીત સ્વપ્ન તીર્થ... પરોલી

પંચમહાલ જિલ્લાનું ૫૦૦ વર્ષ પ્રાચીન તીર્થ પોતાની પ્રભાવકત્તા પ્રસારતું શોભી રહ્યું છે. આ તીર્થ દેવ પ્રભાવક હોવા છતાં લગભગ જનસમૂહથી અલિપ્ત રહી પૂર્ણ પવિત્રતા સાચવી રહ્યું છે.

લગભગ ૫૦૦ વર્ષ પૂર્વે છાણી (વડોદરા)ના સુશ્રાવક ગરબડદાસને સ્વપ્ન સંકેત થયો. સ્વપ્નમાં શ્યામવર્ણી પ્રભુજી દેખાયા અને કાને શબ્દો પડ્યા... ''હું નદીમાં છું મને પ્રગટ કરો!'' અને સાથે જગ્યાની નિશાનીઓ આપી... ગરબડદાસે પોતાના પરિવાર સાથે સ્વપ્નના સહારે ગાડામાં વેજલપુર આવી મુકામ કર્યો... આજુબાજુ સ્થાન શોધવા લાગ્યા. સંઘના મહાનુભાવો પણ જોડાયા. તેઓએ આજુબાજુની નદીઓ બતાવી પણ દેવે બતાવેલી નિશાની ન મળી. છતાં નિરાશ ન થયા. 'દેવસ્વપ્ન ચોક્કસ ફળ આપે' તે વિશ્વાસે બીજી બીજી નદીના કિનારા પણ શોધવા લાગ્યા, સૂચિત નદીની શોધ કરતાં કરતાં સહુ પરોલી આવ્યા. ગામના ખુલ્લા ચોકમાં ગાડાઓ છોડ્યા (જ્યાં આજે દેરાસર છે). પરોલી ગામના અજૈન લોકો પણ પ્રભુ શોધનના કાર્યમાં જોડાયા. ગામના વડીલોએ જાહેરાત કરી આપણા ગામમાંથી પ્રભુજી પ્રગટ કરવા સહુ આવ્યા છે માટે આપણે મદદ કરો. કોશ, કુહાડી અને પાવડા લઇ ગામના લોકો ગરબડદાસ શેઠ અને સંઘ સાથે નદી કિનારે પહોંચતાં જ શેઠ હરખાયા અને જગ્યા બતાવી ''મને સ્વપ્નમાં આજ જગ્યા દેખાઇ છે. આ સ્થાને પ્રભુજી છે''. જયનાદ સાથે સાવધાનીપૂર્વક ખોદતાં શ્યામવર્ણી નેમનાથ પ્રભુ પ્રગટ થયા. સાથે સાથે નારાયણ પ્રભુની મૂર્તિ પણ મળી. આ જોઇ સંઘ અને ગામ હરખઘેલું બની ગયું. બન્ને પ્રભુને નદીના જ પાણીથી પ્રક્ષાલન કરી ગામમાં પધારવા સંઘે વિનંતી કરી પરંતુ....

પ્રભુને ક્યાં પધરાવવા તેનો ત્રિપાંખીઓ વિચાર ઉભો થયો. ગોધરા સંઘ કહે 'અમારો સંઘ મોટો છે ત્યાં ભગવાનની ધામધૂમથી પ્રતિષ્ઠા કરાવીએ.' વેજલપુર સંઘ કહે 'અમારો સંઘ નાનો પણ દિલ મોટું છે. વેજલપુર અહીંથી નજીક છે અને પ્રભુ શોધવામાં અમારો મોટો ફાળો છે. માટે વેજલપુર લઇ જઇએ.' પરોલીના ભાવિકો કહે 'અમારા ગામની નદીમાંથી પ્રભુજી પ્રગટ થયા છે માટે અમારો હક્ક છે.'

છેવટે સ્વપ્નદર્શક ગડબડદાસ શેઠ તથા એક અનુભવીએ એક ઉપાય શોધ્યો કે નવા ગાડામાં પ્રભુ પધરાવી શાંત બળદો જોડો. બળદોને સ્વયંભૂ ચાલવા દો. આપણે સહુ તેમની પાછળ પાછળ ચાલીએ પ્રભુ પ્રેરણાથી બળદો જ્યાં જાય ત્યાં પ્રભુને રાખવા.

સહુએ આ ન્યાયપૂર્ણ વાત વધાવી લીધી તે રીતે કરતાં અત્યારે જ્યાં જિનમંદિર છે તે પુણ્યવંતી ભૂમિ આવતાં જ બળદો ઉભા રહી ગયા. બન્ને સંઘો, છાણી પરિવાર અને ગ્રામજનોએ ગગનભેદી જયનાદોથી પ્રભુ અને જગ્યાને વધાવી.

નયનરમ્ય સુંદર પ્રાસાદ બનાવી ત્યાં ઉલ્લાસપૂર્વક પ્રભુની પ્રતિષ્ઠા કરાવી.

દેરાસર ધર્મશાળા માટે ત્યાંના ઠાકોરે જમીન આપી ઉપરાંત જૈન-બ્રાહ્મણનું એક પણ ઘર ન હોવાથી સૌરાષ્ટ્રમાંથી બે બ્રાહ્મણ પરિવારને બોલાવી જમીન ખેતી વસવાટ માટે આપી સ્થિર કર્યા. આજે પણ તે જ પરિવારના વંજશ પૂજા કરી રહ્યા છે.

આજુબાજુના ગામોથી દર પૂનમે ૨૦૦ જેટલા ભાવુકો યાત્રાર્થે આવે છે. યાત્રાર્થે આવનાર ભાવુકો તથા અત્રે રહેતા અનેક વ્યક્તિઓને ચમત્કારો જોવા સાંભળવા મળે છે. (કેટલાક અનુભવો સાથેના વિભાગમાં છે).

પહેલાના કાળમાં દૂર દેશાંતરથી યાત્રિકો આવતા હશે તેવું એક અનુમાન દેરાસરના ગભારાની કમાન ઉપરના લેખથી થાય છે. ૧૮૮૩ વૈ.વ.૬ સંવત છે તે કદાચ દેરાસરનો જીર્ણોદ્ધાર કે તે કમાન મારવાડી દંપતિએ કરાવી હોય. વળી છેલ્લા જીર્ણોદ્ધાર સમયે જે ઇંટો મળી હતી તે ૪૦૦-૫૦૦ વરસ પ્રાચીન પુરાતત્વવિદોએ જણાવી છે. સંપ્રતિકાલીન આ પ્રતિમાને મોગલયુગમાં તે સમયના ગીતાર્થ શ્રાવકોએ ભંડારી દીધી હશે અને ત્યાં પણ દેવોથી પૂજાતી હશે.

દેવ અધિષ્ઠિત શ્રી નેમનાથ પ્રભુના ચમત્કારિક પ્રસંગોની હારમાળા છે. થોડી ઘટનાઓને શબ્દદેહે માણીએ.

- શ્રી નેમનાથ પ્રભુજી નિત્ય ત્રણ સ્વરૂપે દર્શન આપે છે. સવારે બાળસ્વરૂપ, મધ્યાન્હે યુવાસ્વરૂપ અને સાંજે ગંભીરસ્વરૂપ પ્રભુજીનું પ્રતિદિન અનુભવાય છે.

- કેશરના છાંટણા આ તીર્થમાં અવારનવાર થાય છે.

- રાત્રે દેરાસર માંગલિક કર્યા પછી ઘંટનાદ અને નૃત્યના અવાજ ક્યારેક સંભળાય છે. ૨ વર્ષ પૂર્વે તો દેરાસર માંગલિક કર્યા પછી ઘંટનો અવાજ આવ્યો. પુજારી, મુનિમ તથા ગામના ત્રણ-ચાર વ્યક્તિઓ ઓફીસમાં બેઠેલા હતા. અવાજ સાંભળી કોઇક માણસ દેરાસરની અંદર રહી ગયો હશે તેમ સમજી દેરાસર ખોલ્યું તો અંદર કોઇ ન મળ્યું અને દેરાસર પાછું માંગલિક કર્યું. ફરી જોર જોરથી ઘંટનાદ થવા માંડ્યો. ગામના લોકો ભેગા થયા. માણસ રહી ગયાની શંકાથી ફરી દેરાસર ખોલ્યું. અંદર કોઇજ ન મળ્યું છેવટે દેવલીલા માની અહોભાવથી દેરાસર માંગલિક કર્યું. આખી રાત ઘંટનાદ સંભળાતો રહ્યો. ગ્રામ્યજનો પ્રભુપ્રેમી બન્યા.

- પૂજા કે મહાપૂજા હોય તે દિવસે તો અવશ્ય અમીઝરણા થાય છે.

- તકલીફ વિગેરેમાં ફસાએલા કર્માધીન જીવો અહી પ્રભુચરણે આવી શરણ સ્વીકારે તો પ્રભુ ભક્તિના પ્રભાવે તકલીફો દૂર થાય છે.

- એક ભાઇના પૈસા ફસાઇ ગયેલા. આવવાની કોઇ શક્યતા દેખાતી નથી. પ્રભુ પાસે આવી વિનંતી કરી. જવાબદારી પ્રભુને સોંપી નિશ્ચિંત થયો અને આશ્ચર્ય એક મહિનામાં સામેથી રકમ પાછી આવી ગયેલ.

- એક પુણ્યાત્માને સંયમ લેવાના કોડ જાગ્યા. ઘરે વાત મૂકે તો મહાભારત થાય તેમ હતું. પ્રભુજીના ચરણે પડી વિનંતી કરી અને આશ્ચર્ય... ત્રણ કલાક પછી ઘરે પહોંચતાં જ વાતવાતમાં દીક્ષાની વાત નીકળી અને પિતાજીએ સામેથી હા પાડી અને ઉત્સાહપૂર્વક દીક્ષા થઇ.

આવા તો અનેક પ્રસંગો આ નેમનાથ પ્રભુના પ્રભાવથી બનેલા છે, બની ગયા છે. ચાલો આપણે પણ તે પવિત્ર તીર્થ યાત્રા કરીએ.

# વિભાગ - ૧

# વાચના-વિષયાનુક્રમ


**... તેને આગમ કહેવાય છે.** III

**સ્મરણયાત્રા** V

**સંપાદકનો સૂર** VII

**દેવ દર્શીત સ્વપ્નતીર્થ પરોલી** IX

| વાચના | વિષય | પૃષ્ઠ નં. નંબર |
|---|---|---|
| ૧. | આવશ્યક, ઉપધાન-સામાયિક | ૧ |
| ૨. | સામાયિક, સમભાવ, ઉપધાન વ્યાખ્યા, દેવગુરુ મહત્વ. | ૬ |
| ૩. | નવકાર, મંત્રની વ્યાખ્યા, કાયોત્સર્ગ, ગોચરીના દોષ, સંયમની તાકાત. | ૧૪ |
| ૪. | ચઉવિસત્થો-ચૈત્યવંદન | ૨૦ |
| ૫. | ધર્મની ભૂમિકા - સમ્યકત્વ - ઇચ્છા - નવકાર | ૨૫ |
| ૬. | મૈત્રીભાવ - કૃતજ્ઞતા - નમસ્કાર ચૈત્યવંદન-ભાવ ધર્મબીજ | ૩૦ |
| ૭. | દ્રવ્ય-ભાવ નમસ્કાર, તીર્થના ત્રણ અર્થ, છ જીવનિકાય, ઇચ્છાદિ ત્રણ યોગ, પુરિસુત્તમાણં | ૩૮ |
| ૮. | પુરિસુત્તમાણં-નવકાર-સામાયિક-અનુષ્ઠાનો વિધિપૂર્વક, કલ્યાણક દિવસનું મહત્વ, ચિંતામણી રત્ન. | ૫૦ |
| ૯. | 'પુરિસસિહાણં', પુરિસવર પુંડરીયાણં, મનની અસ્થિરતા, દેવ-ગુરુની અશાતના કરવી, અધ્યાત્મદષ્ટિએ ચોર, પુરીસવર-ગંધહથ્થિણં | ૫૬ |
| ૧૦. | લોગુત્તમાણં, લોગનાહાણં, મેઘકુમાર, ક્રોધ, નવકાર | ૬૧ |
| ૧૧. | લોકના નાથ, ઉપધાન, કાયોત્સર્ગ-ઉપકાર | |

| | | |
|---|---|---|
| | સ્વરૂપ હીંસા-અંતરદર્શન | ૬૭ |
| ૧૨. | ણમોપદ, લોગહિયાણં, સિદ્ધનું ધ્યાન લોહચુંબક છે | ૭૬ |
| ૧૩. | લોગ પઈવાણં, શ્રદ્ધા કેવી? ચારમાતા, નય, ત્રિપદી | ૮૧ |
| ૧૪. | અભયદયાણં, ભય, ૧૨ વ્રત, અભ્યંતરગ્રંથી | ૮૫ |
| ૧૫. | નવકાર, શાસન એટલે? ચકખુદયાણં, મગ્ગદયાણં, શરણદયાણં મોહમંત્ર, પંચ પરમેષ્ઠીની આજ્ઞા | ૯૨ |
| ૧૬. | શક્રસ્તવ, ધર્મી અધર્મીની પરીક્ષા, સમ્યગ્જ્ઞાન, અજ્ઞા-ભક્તિ, જાપ | ૧૦૧ |
| ૧૭. | નવકાર, ૧૦ ગણું પાપ, કલહ, સ્વનિંદા, સિદ્ધઅંજન, ચિત્ત પ્રસન્નતા ધ્યાન-અભેદ ઉપાસના | ૧૦૮ |
| ૧૮. | બોહિદયાણં, બુદ્ધિના ૮ ગુણ, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર, અરિહંત સિદ્ધદાન, ત્રણજ્ઞાન-શ્રુત, ચિંતા, ભાવ | ૧૧૫ |
| ૧૯. | બોહિદયાણં, દેહ સાથે ભેદ-અભેદ જ્ઞાન, અનાહત નાદ, આચાર્ય, ઉપાધ્યાય સાધુંની શુદ્ધિ, સમતા માટે ભક્તિ, લોગસ્સ, સોઙહં, કાઉસગ્ગ | ૧૨૩ |
| ૨૦. | ધમ્મદયાણં, ભગવાન દ્વારા ચારિત્ર ધમ્મદેસયાણં-દેશના | ૧૩૦ |
| ૨૧. | ધમ્મ નાયગાણં, નાયકના ૧૬ હેતુ (૪x૪) વિનય, સમાધિ તત્વદૃષ્ટિ ત્રણ સકાર-સંસાર, શરીર, સંપત્તિ | ૧૩૫ |
| ૨૨. | આલંબન નિરાલંબન ધર્મધ્યાન, ગુરુકુલ વાસ, વિનય, ભવ્ય-૩, બે વિરાધના તથા ભવ્યત્વ, દ્વેષ-દોષનો ઉપાય | ૧૪૨ |
| ૨૩. | સમાધિના ચાર પ્રકાર, વિનય, તપમાં આશય, જાપથી લાભ, અનાહત, ભાવચારિત્ર | ૧૫૦ |
| ૨૪. | નમસ્કારથી જ્ઞાનભેદ, વિનય, ૪ પ્રકારની સમાધિ, ઉપધાનમાં ૪ સમાધિ, વાણીનું મહત્વ. | ૧૫૭ |

# વિભાગ-૨

# વાચના બિંદુ - વિષયાનુક્રમ


| | | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | સામાચારી એટલે? ઉપક્રમ એટલે? | ૧૬૩ |
| ૨. | ઉત્સર્ગ-અપવાદ, ઇચ્છા | ૧૬૪ |
| ૩. | મિચ્છા મિ દુક્કડંનો નિર્યુક્તિ અર્થ | ૧૬૫ |
| ૪. | તહકાર (પ્રતિશ્રવણા), નિસીહિ | ૧૬૬ |
| ૫. | આવસ્સહી, પૃચ્છા | ૧૬૭ |
| ૬. | પ્રતિપૃચ્છા, ઉપસંપદા | ૧૬૮ |
| ૭. | તર્ક-કુતર્ક, દોષિત આહાર, ધર્મલાભ | ૧૬૯ |
| ૮. | ભિક્ષુ, પ્રતિબદ્ધ સામાચારી, ઉદ્યમ, સ્વાધ્યાય | ૧૭૦ |
| ૯. | ધર્મકથા-વિકથા, ૪ સ્પર્શી, ઐદંપર્યાય અર્થ | ૧૭૧ |
| ૧૦. | કાલગ્રહણ, જીતવ્યવહાર, પ્રતિક્રમણ | ૧૭૨ |
| ૧૧. | બે વાંદણા, કાઉસગ્ગ શા માટે?, પ્રત્યાખ્યાન | ૧૭૩ |
| ૧૨. | પચ્ચક્ખાણ, મૂલ ઉત્તરગુણ, આયંબિલ એટલે શું? | ૧૭૪ |
| ૧૩. | તપ-ઉપવાસ કે અઠ્ઠમ, પારણું, ઉપધાન વિધિ રહસ્ય | ૧૭૫ |
| ૧૪. | માળ એટલે? નિત્થારગ પારગાહોહ | ૧૭૬ |
| ૧૫. | ઈર્યાવહી, પુણ્યના પ્રકાર, આગાર એટલે? | ૧૭૭ |
| ૧૬. | લોગસ્સ બોલવાની રીત, સૂત્રના દોષ | ૧૭૮ |
| ૧૭. | ચરવલાનો અર્થ, નમુત્થુણં અને શક્રસ્તવ | ૧૭૯ |
| ૧૮. | વર્ધમાન સ્તુતિ, લઘુશાંતિમાં નમઃનો અર્થ | ૧૮૦ |
| ૧૯. | સંથારો અને શય્યા, ઉપધિ સંદિસાહુ, ઉત્તરાસંગ | ૧૮૧ |
| ૨૦. | વસતિ પવેઉં, શયનમાંડલી, હરિજન દેરાસરમાં ન આવી શકે? | ૧૮૨ |
| ૨૧. | પ્રતિક્રમણ આદેશ, શ્રમણોપાસક એટલે? | ૧૮૩ |
| ૨૨. | પરિસહ એટલે? પ્રાસુક એટલે? | ૧૮૪ |
| ૨૩. | નિત્થારપારગાહોહ, જયણા, શ્રદ્ધા એટલે? પ્રસ્ફોટક | ૧૮૫ |
| ૨૪. | યોગ અને ઉપયોગ, દ્રવ્યક્રિયા-૩ પ્રકારની | ૧૮૬ |

૨૫. વિહાર એટલે, અવસન્ન-ઉદ્યત વિહારી ૧૮૭
૨૬. આયુષ્ય ઘટે? દ્રવ્ય-કાળ આયુષ્ય ૧૮૮
૨૭. ઉપક્રમ એટલે શું? અપવર્તનીય-અનપવર્તનીય ૧૮૯
૨૮. વ્યાખ્યાન એટલે?, ઉપદેશ ૧૯૦
૨૯. સોળ પ્રકારના સાધર્મિક, રત્નાધિક, જમાલીના ભવ, નવકારશી, અંગૂઠાથી પૂજા પ્રારંભ કેમ? ૧૯૧
૩૦. મુગટાદિ અભિષેક, ચૈત્ય પાંચ પ્રકારના ૧૯૨
૩૧. સિદ્ધાયતન, સિદ્ધોનું મંદિર ૧૯૩
૩૨. ગુરુના સ્તુપો, લાભ એટલે શું? ૧૯૪
૩૩. અક્ષીણ મહાનસ, નયદ્વાર ૧૯૫
૩૪./૩૫ નૈગમ ૧૯૬/૧૯૭
૩૬./૩૭ નિશ્ચય-વ્યવહારનય, વ્યવહારની મહત્તા ૧૯૮/૧૯૯
૩૮. ચાર અનુયોગ, ૪-૪ અર્થ, અનેક અર્થના ગ્રંથો. ૨૦૦
૩૯. શાસન શા માટે સ્થાપ્યુ? ૨૦૧
૪૦. આત્મામાં ષટ્કારક ૨૦૨
૪૧. ભવ્યત્વના ભેદ, ભાવમલ-ક્રિયામલ ૨૦૩
૪૨. શાસન એટલે? ધર્મ અને શાસનમાં મોટું કોણ ૨૦૪
૪૩. પહેલાં જ્ઞાન કે પહેલાં ક્રિયા, ઉપધાનમાં ભક્તિ સૂત્રો, સરાગ સંયમ ૨૦૫
૪૪. સિદ્ધો અલોકમાં ન જાય, કૃતકૃત્ય ૨૦૬
૪૫. વીસસ્થાનક અને જિન નામકર્મ, પ્રશસ્ત પ્રકૃતિ ૨૦૭
૪૬. જ્ઞાન અભાવે સમ્યકત્વ, તપધર્મમાં દાહકતા, ત્રણ સત્તા ૨૦૮
૪૭. ઇચ્છાદિત્રણયોગ, ૩ પ્રકારના જીવો ૨૦૯
૪૮. જીવ-આત્મા, ઔદાયિક ભાવ, જિજ્ઞાસા બે પ્રકારે ૨૧૦
૪૯. ત્રણ સામાયિક, ત્રણ સમ્યકત્વ ૨૧૧
૫૦. જ્ઞાન પછી ચારિત્ર કેમ? દેશવિરતિ કોને ૨૧૨
૫૧. ૮ના બદલે ૪ વર્ષે દીક્ષાઓ કેમ? ૨૧૩
૫૨. ચરણ-કરણ એટલે? સૂત્ર અર્થ પોરીસી ૨૧૪
૫૩. આંતપ્રાંત, વાચક, આચારાંગ ૨૧૫
૫૪. ભાષા-ભાષાના ભેદો ૨૧૬

| | |
|---|---|
| ૫૫/૫૬. પરા-પશ્યંતિ | ૨૧૭/૨૧૮ |
| ૫૭. લોકવિજય, નિક્ષેપ, વિભાવ દશા | ૨૧૯ |
| ૫૮. મિથ્યાત્વ, ભાવવિજય, ભાવવિજયનું ફળ | ૨૨૦ |
| ૫૯. ગુણ, દ્રવ્ય એટલે? | ૨૨૧ |
| ૬૦. લબ્ધિવીર્ય, કરણ વીર્ય | ૨૨૨ |
| ૬૧. સમુદ્ઘાત એટલે શું? પ્રકાર | ૨૨૩ |
| ૬૨. કંદુક-ઈલીકાગતિ, કાર્મણવર્ગણા, સૂક્ષ્મ બંધ ક્યારે થાય | ૨૨૪ |
| ૬૩. રાજલોકનું માપ કેટલું? દ્રવ્ય-ભાવમન | ૨૨૫ |
| ૬૪. ક્રીયા એટલે? કર્મ-ધર્મ સત્તા, પ્રવૃત્તિના બે ફળ | ૨૨૬ |
| ૬૫. ધર્મક્રીયાનું તુરંત ફળ કેમ નહીં? દ્રવ્ય-ભાવ મોક્ષ | ૨૨૭ |
| ૬૬. દ્રવ્ય-ભાવગલી ભાવમન એટલે શું? | ૨૨૮ |
| ૬૭. ભવગુણ, વિભાવ-સ્વભાવગુણ | ૨૨૯ |
| ૬૮. પ્રશસ્ત અપ્રશસ્ત પ્રકૃતિ | ૨૩૦ |
| ૬૯. ઔપશમિકભાવ, ૧૧મે કષાયોદય | ૨૩૧ |
| ૭૦. ક્ષાયિક, ક્ષાયોપશમિક ભવ અચિત્ત મહાસ્કંધ | ૨૩૨ |
| ૭૧. આદિ-ક્ષેત્ર-કાળ-ભાવ મૂલ... | ૨૩૩ |
| ૭૨. ક્ષેત્રમૂળ, કષાય-સંસાર | ૨૩૪ |
| ૭૩/૭૪. વિનય, અહંભાવ, વિનય-પ્રકાર | ૨૩૫/૨૩૬ |
| ૭૫. દ્રાક્ષ ખાટી, શ્રાવક-ગૃહસ્થ, પરલોક | ૨૩૭ |
| ૭૬. ઉપચારવિનય, જ્ઞાન-અજ્ઞાન | ૨૩૮ |
| ૭૭. ત્રણ જ્ઞાન-વિષય પ્રતિભાસ વિગેરે | ૨૩૯ |
| ૭૮. શ્રદ્ધા, સમ્યગ્દર્શન, ચારિત્ર પ્રવિચાર | ૨૪૦ |
| ૭૯. ચારિત્ર, શુશ્રુષા, જ્ઞાન એટલે? તપ એટલે? | ૨૪૧ |
| ૮૦. વ્રતમાં ભંગ, શીલાંગ, નિશીથ | ૨૪૨ |
| ૮૧. વ્યાખ્યાન યોગ્યતા, પ્રકલ્પ ૧૨૦ વર્ષનું આયુષ્ય, રાગ અને સ્નેહ વચ્ચે તફાવત | ૨૪૩ |
| ૮૨. યોગ અને ઉપયોગ, ગજસુકુમાલ નામ કેમ? | ૨૪૪ |
| ૮૩. હરિણૈગમેષી, ચોમાસી દેવવંદન, શાસનની ક્રિયા | ૨૪૫ |
| ૮૪. અનુપમાદેવી કેવલી? સમાધિ સરળ ક્યારે? | ૨૪૬ |
| ૮૫ થી ૧૦૦ નંદિસૂત્ર વાચનાબિંદુ પ્રારંભ | ૨૪૭ થી ૨૬૪ |

# ગુરુ શિષ્યની જોડલી સંયમગુણોની વેલડી



પૂ. મહોપાધ્યાય શાસન સુભટ
**શ્રી ધર્મસાગરજી મહારાજ**

પૂ. આગમવિશારદ પંન્યાસપ્રવર
**શ્રી અભયસાગરજી મહારાજ**

# સુકૃતના સહભાગી



સ્વ. રતિલાલ પાનાચંદ ગાંધી
વડોદરા



સ્વ. કાંતાબેન રતિલાલ ગાંધી
વડોદરા

વેજલપુર શ્રી સંઘના
આ કર્મઠસભ્ય
શાસન સૂભટ પૂ. મહોપાધ્યાય
શ્રી ધર્મસાગરજી મ.ની
આજ્ઞાથી અને માર્ગદર્શનથી
પબ્લીક ટ્રસ્ટ એકટનો
જંગ (કેસ) જીતી
સમગ્ર જિનશાસનની
દેવદ્રવ્યાદિ સંપત્તિને
કાયદાના ખંજરથી બચાવી
સદાય માટે
સુરક્ષીત રાખનાર
શાસન સેવક
શ્રી સ્વ. રતીલાલ પાનાચંદ ગાંધી

ઉપધાન અને વાચનાના લાભાર્થી
શ્રી સ્વ. રતિલાલ પાનાચંદ ખેમચંદ ગાંધી
પરિવાર

# સુકૃતના સહભાગી



સ્વ. રતિલાલ મહાસુખલાલ મોદી
(વેજલપુર)



સ્વ. લીલાવતીબેન રતિલાલ મોદી
(વેજલપુર)

## "શ્રી રતિભાઈની જીવન ઝરમર"

પંચમહાલ જીલ્લામાં નાનકડું વેજલપુર ગામ ખૂબ રળિયામણું ત્યાં વસતુ મોદી કુટુંબ સુખી સંપન્ન ધાર્મિક ભાવનાવાળું, તેઓ સર્વેને સંગીત ઘણું પ્રિય અને જાણે વારસાગત હોય તેમ સ્વર પણ મીઠા મધુર કર્ણને પ્રિય લાગે તેવા, પૂ. અમારા પિતાશ્રી રતિભાઈ જાણે સ્તવન, સજ્ઝાયના ભંડાર હોય એટલા બધા કંઠસ્થ કરેલા હતા.

ચાર્તુમાસ બિરાજમાન પૂ.સાધુ મહારાજ તેમના સ્તવન, સજ્ઝાય સાંભળવાના આગ્રહ રાખતા. નાના-મોટા સહુ કોઈ રતિકાકાના હુલામણા નામથી બેલાવતા તેમણે નવપદની ઓળીઓ ઘણી કરી, આયંબિલ તપ ઉપર અનન્ય શ્રધ્ધા હતી. પાછલી વયમાં સંજોગોવશાત ગાંધીનગર રહેવાનું થયું. પર્યુષણ પર્વમાં ૬૪ પહોરી પૌષધ અચૂક કરતાં બીજા શ્રાવકોને આરાધના કરવાતા તે સર્વ ને ખૂબ આનંદ થતો. આવી રીતે ધાર્મિક જીવન વીતાવતા હતા. અંત સમય સુધી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા કરતા નશ્વરદેહ ત્યાગ કર્યો.

## લીલાવતી બેન

અમારા પૂ. માતુશ્રી લીલાવતીબેન પૂર્વ ભવના ક્ષયોપશમથી પર્વતિથીઓના સ્તવન-સજ્ઝાયોની ઢાળો અસ્ખલિતપણે બોલતા હતા. બીજા પણ સ્તવન-સજ્ઝાયો ઘણાં આવડતાં હતાં સુંદર, સુસ્વર એટલે બધાંને સાંભળનારને આનંદ થતો. સુપાત્ર દાનની ખૂબ જ ભાવનાવાળા કોઈપણ પૂ. સાધુ મ. સાધ્વીજી મ. પધારે ત્યારે વહોરાવીને સારો લાભ લેતા. દાન દેતા ત્યારે તેમનો મનરૂપી મોરલો નાચી ઉઠતો. બંનેની જુગલ-જોડી અમર રહો. પૂજ્ય અમારા પિતાશ્રીની સાથે પૂજ્ય માતુશ્રી સ્તવન-સજ્જાયના ખજાના જેવા હતા. તે બંનેની અમારા સર્વ ભાઈ-બહેનોને સુસંસ્કારોનું સિંચન કર્યુ છે. તેમનું ઋણ અદા કરી શકીએ તેમ નથી. અમારા સર્વ ઉપર શુભાશીષ વર્ષાવતા રહે.

એજ અતંરથી અભ્યર્થના,
આપનો સુપુત્ર - નંદીવર્ધનના પ્રણામ
હ. અવંતીકા, રોશની, રવીશ, માનસી

# સુકૃતના સહભાગી



સ્વ.મણીલાલ માહસુખ ગાંધી
વેજલપુર



સ્વ.કાંતીલાલ સામળદાસ ગાંધી
વેજલપુર



સ્વ.મહેન્દ્રકુમાર કાંતીલાલ ગાંધી
વેજલપુર



સ્વ.વિમલાબેન કેશવલાલ શાહ
હસ્તે શ્રીમતી હંસાબેન નવીનચંદ્ર શાહ
ગોધરા

# સુકૃતના સહભાગી



સ્વ. દિપકકુમાર કાંતીલાલ ભરૂચી
મુંબઈ



શ્રી અનીલકુમાર કાંતીલાલ મોદી
વેજલપુર



શ્રી દિનેશચંદ્ર કેશવલાલ ગાંધી
વડોદરા



સ્વ. શ્રી શાંતીલાલ મુળજીભાઈ ગાંધી
વેજલપુર

# સુકૃતના સહભાગી



સ્વ. વિણુબેન જંયતીલાલ મં. ગાંધી
વેજલપુર



અ.સૌ. પુષ્પાબેન રમેશચંદ્ર ગાંધી
સોલાપુર



સુમિત્રાબેન રતિલાલ સામળદાસ
ગાંધી (આણંદ)



સ્વ. કાંતાબેન નવિનચંદ્ર શાહ
અમદાવાદ

# વાચના - ૧

અનાદિકાળથી આ સંસારસાગરમાં પરિભ્રમણ કરતાં કરતાં અનંત પુણ્યોદયે મનુષત્વ અને જૈન શાસન મળ્યા છે. મહામહેનતે વીતરાગ પ્રભુનો ધર્મ મળ્યો. તેનો આપણને આનંદ કેટલો?

દરિયામાં ડૂબતા માણસને પાટિયું મળી જાય તો તેને જેટલો આનંદ થાય છે તેથી પણ વધુ આનંદ આપણને થવો જોઈએ.

કેમ કે આ સંસારમાં ડૂબતા એવા આપણને ભગવાનનો તારક ધર્મ મળ્યો છે. દ્રવ્ય ધર્મ મળ્યો છે. હવે ભાવધર્મ માટે જ પ્રયત્ન કરવાનો છે. **દ્રવ્ય ધર્મ મળ્યા પછી કિંમત ભાવધર્મની છે. ધર્મક્રિયાઓ કરવી તે દ્રવ્ય ધર્મ છે. અને આત્માની પ્રતીતિપૂર્વક પુદ્‌ગલ પ્રત્યેનો જે વૈરાગ્ય થવો તે ભાવધર્મ છે.**

અભવ્યનો જીવ પણ ઉત્કૃષ્ટ દ્રવ્ય ચારિત્ર પાળીને નવગ્રૈવેયકમાં જાય છે. પણ તેને ભાવધર્મની પ્રાપ્તિ થતી નથી પરિણામે તેનો સંસાર ઘટતો નથી આથી તે અભવીનો આત્મા સંસારમાં ડૂબેલો જ રહે છે.

દરિયામાં ડૂબેલાઓનો તો માત્ર એક જ ભવ બગડે છે જ્યારે સંસારમાં ડૂબેલા એવા જીવોના તો ભવોભવ બગડે છે.

પૈસાથી વટ મળે છે પણ પાપ ખપતું નથી અને ભાવપુણ્ય ઉપાર્જન થતું નથી. માત્ર પૈસાથી જો ધર્મ થતો હોય તો દેવતાઓ પાસે ઘણું ધન છે તેમની મુક્તિ વહેલી થઇ જાય. પરંતુ આજ સુધી કોઇ દેવતાની મુક્તિ થઇ નથી. મનુષ્ય જન્મ એ જ મુક્તિનું મંગળ દ્વાર છે તેથી તેની એક પણ ક્ષણ ધર્મની

આરાધના વિનાની જવી ન જોઇએ. **અનાદિકાળની પુદ્ગલ રમણતા રૂપી ભૂલોને સુધારવા માટે જ આ જન્મ છે. બીજા ભવમાં આ બાબત ભૂલવાથી બહુ નુકસાન થતું નથી. પણ આ ભવમાં ભૂલવાથી મોટું નુકસાન થવાનું છે. મહામહેનતે આપણે આ ભવમાં મળેલા દેવ-ગુરૂ-ધર્મને ભુલાવવા માટે મોહરાજાએ તે-તેર કાઠિયા રૂપી ગુરખા... રાખ્યા છે.** આ કાઠિયા અંતરના સુખ સુધી પહોંચવા જ ન દે, બાહ્ય સુખોમાં જ મૂંઝવી નાખે પણ બાહ્ય સુખોથી આજ સુધી કોઇ સુખી બન્યો જ નથી. માત્ર દુઃખી જ બન્યો છે.

લાખો રૂપિયા આપતાં પણ એક ક્ષણ ન જ મળે તેવો આ માનવ જન્મ છે. તેમાં પણ અવસર્પિણીકાળના પાંચમા આરાના પ્રભાવે અલ્પ આયુષ્ય છે. બહુ જ નાનો ભવ છે. તેમાં પણ બાલ્યત્વ અને વૃદ્ધત્વનો સમય કાઢી નાખીયે તો પાંચ પચ્ચીસ વર્ષની ઉંમરમાં કામ કરી લેવાનું છે. આથી સમય ન મળે તો પણ ઓછામાં ઓછાં છ આવશ્યક તો કરવાનાં જ છે.

**'આવશ્યક' = અવશ્ય કરવા યોગ્ય હોય તે આવશ્યક કહેવાય છે.**

આ આવશ્યક પરમાત્માની વાણી દ્વારા સમજીને કરવાનાં છે. જિનવાણીના શ્રવણમાં અમૃતનું પાન થાય છે. છ આવશ્યકમાં મોક્ષનો માર્ગ રહેલો છે. બાહ્ય જીવનને ટકાવવા માટે છ આવશ્યકની જરૂર છે.

છ આવશ્યકમાં પહેલું આવશ્યક સામાયિક છે, સામાયિક એટલે સમભાવ, સમભાવ એ આત્માનું સ્વરૂપ છે. ભગવતીસૂત્રમાં સમભાવને સામાયિક કહેલું છે. સામાયિક તે જ આત્મા છે. **નિશ્ચયથી સ્વભાવ દશામાં રહેલો આત્મા પોતે જ સામાયિક છે. સામાયિક તે જ ચારિત્ર ગુણ છે.** આત્મ સ્વરૂપમાં સ્થિર થવું તે જ સામાયિક છે. ચારિત્રથી આત્મામાં રહેવાય છે, સ્થિર થવાય છે. સિદ્ધોમાં ક્રિયા અર્થાત્ આચરણરૂપી ચારિત્ર નથી. પણ નિજગુણમાં સ્થિર થવાય છે. નિજગુણમાં સ્થિર રહેવું તે ચારિત્ર માનેલું છે.

**સમગ્ર મોક્ષનો માર્ગ આવશ્યકમાં રહેલો છે.** પહેલું આવશ્યક સામાયિક છે. આત્મામાં જ સામાયિકનો ભાવ સમભાવ = સ્વભાવદશા છે. સમભાવમાં

ઉપયોગ ન રાખવાથી આત્મા ખોવાઇ જાય છે. જડ, પુદ્ગલ સાથે સંયોગ કરી આત્મા સ્વયં જડ બની જાય છે. જડમાં ઉપયોગ તે જડ સ્વરૂપ છે ત્યાંથી પાછા વળવા સામાયિક છે. સામાયિક સૂત્રોનું સ્મરણ તે દ્રવ્ય શ્રુતજ્ઞાન છે. જ્યારે "સમભાવમાં જ રહેવાનું છે, સમભાવ જ એકાંતે કલ્યાણકારી છે." આ સમજણ એ ભાવ શ્રુતજ્ઞાન છે સામાયિકમાં ૪૮ મિનિટ બેસવું કે દીક્ષા લેવી તે દ્રવ્ય સામાયિક છે. **ઉપયોગપૂર્વક સમભાવમાં સ્થિર થવું તે ભાવ ચારિત્ર અર્થાત્ તે ભાવ સામાયિક છે.** પરમાત્મા અને ગુરૂ મ. એ બતાવેલા સમભાવ પ્રત્યે અહોભાવ તે સમ્યગ્ દર્શન છે. દેવની ઓળખ માટે ગુરૂ પ્રત્યે પણ બહુમાન હોવું જોઇએ. સામાયિકમાં શ્રુતજ્ઞાન છે. ચારિત્ર છે. સમ્યગ્ દર્શન છે. **દેવ ગુરૂની ભક્તિ વિના સમ્યગ્ દર્શન નિર્મળ થતું નથી અને થયું હોય તો તે ટકતું નથી. સામાયિકવાન્‌ની ભક્તિ વિના સામાયિક શુદ્ધ આવતું નથી.**

સામાયિક એ જ સાધ્ય બિંદુ છે. કોઇપણ આરાધના કરો. લક્ષ્ય સામાયિકનું રાખવાનું છે. દેવ, ગુરૂ બન્ને આપણને સામાયિકનો સંયોગ કરાવે છે. માતા, પિતા વિના જેમ બાળકની ઉત્પત્તિ થતી નથી તેમ દેવ ગુરુ વિના ધર્મની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ અરિહંત દેવ પણ છે, ગુરુ પણ છે. શુદ્ધ ધર્મના ઉપદેશક પણ છે. કોઇપણ ગુરુ પોતાના શિષ્યને આચાર્ય પદવી આપ્યા પછી પહેલાં પોતે જ તેને વંદન કરે છે. તે જગતને એવું જણાવવા માટે કે "જેવો મારા ઉપર પૂજ્ય ભાવ છે તેવો જ પૂજ્યભાવ આમની ઉપર રાખશો." ગુરુ શિષ્યમાં પોતાની શક્તિને સ્થાપન કરે છે. એટલે જ ભગવાન પછી તે જ પાદપીઠ ઉપર ગણધર બેસે છે. બન્નેની વાણીમાં સાંભળનારને જરા પણ ભેદ લાગતો નથી. વર્તમાનમાં પણ ગુરુ મ. જે ઉપદેશ આપે છે તે અરિહંતોનો, ગણધરોનો જ ઉપદેશ છે. તેના દ્વારા ધર્મ કરવા પ્રેરે છે. આપણે ધર્મ કરતા નથી. પણ દેવ-ગુરૂ આપણી પાસે ધર્મ કરાવે છે. દેવ-ગુરૂની શરણાગતિ એ જ સાચો ધર્મ છે. **તીર્થંકરો અને ગણધરો આપણને માત્ર ઉપદેશ આપીને સુધારતા નથી પણ પોતાના જીવનમાં આચરણ કરીને આપણને સુધારે છે.** દેવને હજુ માની લઇએ પણ ગુરૂ પ્રત્યે ભાવ થતો નથી. માટે જ

ભગવંતો કહ્યું છે ‘‘यो गुरुं मन्नइ सो मम मन्नइ’’ ‘‘જે ગુરુને માને છે તે જ મને (ભગવાનને) માને છે.’’ જે ગુરુની પૂજા કરે છે તે ભગવાનની પૂજા કરે છે. ભગવાનને આપણા ઉપર ઉપકાર કર્યો હોવા છતાં પ્રભુએ આપણી ઉપર ઉપકાર કર્યો છે તેવું આપણે માનતા નથી માટે જ સામાયિક અર્થાત્ સમભાવમાં રહી શકતા નથી. સામાયિક એ ધર્મ છે. તે દેવ-ગુરુ દ્વારા જ મળે છે. માટે દેવ-ગુરુ અને ધર્મ એ ત્રણે **આત્મા** સ્વરૂપ અર્થાત્ સામાયિક સ્વરૂપ છે.

ઉપધાન એ સામાયિક સ્વરૂપ છે, આથી ઉપધાનમાં આપણા વિચાર, વાણી અને વર્તનમાં સમભાવ આવવો જોઇએ. સમભાવમાં ઉપયોગ રહેવો જોઇએ. નિવિના દિવસે ગમે તેટલી સારી વસ્તુ આવે અગર કોઇ આગ્રહ કરે પણ તમે સામાયિકમાં છો તેમ સમજીને નિવિ કરશો. સાધુ મહારાજ બેંતાલીસ (૪૨) દોષ રહિત આહાર લાવ્યા પછી પણ પાંચ દોષ રહિત ગોચરી વાપરે તેમ ઉપધાનમાં શ્રાવક પણ પાંચ દોષ ટાળી આહાર=નિવિ કરે. ઉપધાન તપ એ સર્વવિરતિ-ચારિત્ર મેળવવાની યોગ્યતા માટે ઊંચામાં ઊંચી ચીજ છે. ઉપધાન એ તો સાધુ જીવનની ટ્રેનિંગ છે. સર્વવિરતિએ રાજા છે તો ઉપધાન એ યુવરાજ છે. જેમ યુવરાજ પણ ભાવી રાજા છે તેમ ઉપધાન કરનારા ભાવી સાધુ છે. સાધુની જેમ જ ઉપધાનના દરેક આરાધકોએ દેવ-ગુરુની આજ્ઞા પ્રમાણે ઉપધાનની બધી જ પ્રવૃત્તિ મર્યાદામાં રહીને કરવાની છે. જેમ કે...

૧. ચાલતાં-ચાલતાં વાતો ન કરાય.

૨. ભૂમિ ઉપર સાડા-ત્રણ હાથ દેખાય તે રીતે જોઇને ચાલવું.

૩. મુહપત્તિ મોઢા આગળ રાખીને મધુર હિતકર અને મિત-પ્રમાણસર લાગે તેટલું જ બોલવું.

૪. નિવિમાં દ્રવ્યનો સંકોચ રાખે, અભિગ્રહ ધારણ કરે. ભૂખ કરતાં અધિક વાપરવું નહિ. અમુક જ ચીજ લેવી.

૫. પડિલેહણ કરતાં કરતાં બોલે નહિ. કારણ કે બોલવાથી છકાયની વિરાધના થાય છે.

૬. કોઈપણ વસ્તુ લેવા મૂકવામાં જયણા રાખવી. તેમાં આદાન-ભંડ-મત્ત-નિક્ષેપણાસમિતિનું પાલન થાય છે. ઉપયોગ ન રહે તો વિરાધના થાય.

૭. બેસવું, ઊઠવું, સૂવું, વાપરવું, ચાલવું, ઊભા રહેવું વગેરે ક્રિયા સમયે જયણા ધર્મના પાલનમાં પૂંજવા પ્રમાર્જવાના ઉપયોગમાં બેકાળજીના કારણે થયેલો પ્રમાદ તે અજયણા જ ગણાય. અજયણાથી પંચાચાર દૂષિત બને છે. જ્યારે

**ઉપધાનમાં પાંચે આચારની આરાધના થાય છે. મૌન અને મૈત્રી (સર્વ જીવ મૈત્રી) એ બે આપણા મિત્રો છે. તેમનાથી આપણી પંચાચારની આરાધનામાં જોમ આવે.**

વ્યાખ્યાન સાંભળવાથી, જાપ કરવાથી, વાચના લેવાથી જ્ઞાનાચારનું પાલન થાય છે.

દેવવંદન - ચૈત્યવંદન કરવાથી દર્શનાચારનું પાલન થાય છે.

પૌષધ વ્રતથી ચારિત્રાચારનું પાલન થાય છે.

ઉપવાસ આદિ તપ કરવાથી તપાચારનું પાલન થાય છે.

ખમાસમણ દેવાથી, ક્રિયાઓ કરવાથી વીર્યાચારનું પાલન થાય છે.

**પંચાચાર એ સ્વભાવદશામાં = સમભાવમાં જવાનો માર્ગ છે.** ઉપધાનની આરાધના દ્વારા સ્વભાવમાં રહેતાં શીખવાનું છે.

**દેવ-ગુરુની શરણાગતિ એ જ સાચો ધર્મ છે.**

# વાચના - ૨

અનાદિકાળથી ચાલી રહેલા ભવભ્રમણમાં આપણે આપણા જીવનું સ્વરૂપ જ ભૂલી ગયા છીએ. જે સદા જીવતો ન હોય તેને જીવ કહેવાય જ નહિ. જીવનો સ્વભાવ જીવવાનો જ છે. જડના સહવાસના કારણે જીવનું સ્વરૂપ જ બદલાઇ ગયું છે. આપણી પાસે અનંતા ગુણો છે તેનું પણ ભાન આપણે ભૂલી ગયા છીએ. જીવની પાસે અનંતજ્ઞાનનો ખજાનો હોવા છતાં પોતાને અશાન્ત-દુઃખી અને દીન માને છે. એક માત્ર તીર્થંકરો જ આપણા આત્માનો અને આત્માની શક્તિઓનો પરિચય કરાવે છે. શક્તિઓનો પરિચય કરાવી શક્તિઓને પ્રગટ કરવાનો માર્ગ પણ દેખાડે છે. છતાં આપણે તેમની વાત સાંભળતા નથી છતાં એમણે આપણી ઉપર જરાય દ્વેષ કર્યો નથી.

**(૧) હું કોણ છું? હું ક્યાંથી આવ્યો છું? હું ક્યાં જવાનો છું?**

તીર્થંકર પરમાત્માને જન્મતાંની સાથે જ ઉપર પ્રમાણેનું જ્ઞાન હોય છે. બીજાને હોય પણ ખરું અને ન પણ હોય. તીર્થંકરો અવધિજ્ઞાન સાથે જન્મે છે અને સાધના કરી કેવળજ્ઞાન મેળવે છે. પોતાના જ્ઞાનમાં આપણા આત્માને જુએ છે. અનાદિકાળથી કર્મસત્તા આપણા જ્ઞાનાદિગુણોને દબાવી રહ્યું છે. કર્મો એ રોગ છે. **સંસારના જીવોને જે કર્મરોગ લાગુ પડ્યો છે તે રોગ નિવારવા માટે તીર્થંકરો ધન્વંતરી વૈદ્ય છે.**

જેને રોગ ન ગમતો હોય તેને રોગની અવસ્થાને વધારનારી પ્રવૃત્તિઓ ગમે ખરી? ન ગમવી જોઇએ.

આપણે કર્મનો અર્થાત્ રાગ-દ્વેષનો ભાવ રોગ લાગુ પડ્યો છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગની જેટલી પ્રબળતા વધારે તેટલો ભાવરોગ પણ વધારે. અશુભ યોગોથી ૧૮ પાપસ્થાનકના સેવનથી કર્મ બંધાય છે.

**સંસારનો યોગ છે તે જ રોગ છે. જ્યાં આરાધનાનો યોગ છે ત્યાં ધર્મ છે.** દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ રત્નત્રયીની ભાવપ્રાપ્તિ કરવાની છે.

રત્નત્રયીની પ્રાપ્તિ જીવને સદ્અનુષ્ઠાનના સેવનથી થાય છે. સદ્અનુષ્ઠાન એ સાધન છે. મોહને-કર્મને દૂર કરવા માટેનાં સાધનો-ઉપાયો પ્રભુએ બતાવ્યાં છે. છ આવશ્યકની ક્રિયા એ જ એનો અમોઘ ઉપાય છે. આવશ્યક સૂત્રના મર્મને સમજાવવા માટે જ્ઞાની ભગવંતોએ આપણી ઉપર કરુણા લાવી સૂત્ર ભાષ્ય-ટીકા વગેરેના બે લાખ જેટલા શ્લોકો બનાવ્યા છે. અત્યારે જે ક્રિયાઓ બતાવવામાં આવે છે તે ત્રીજા વૈદ્યના (ત્રણ વૈદ્ય-પ્રથમ વૈદ્યનું ઔષધ લે તો રોગ હોય તો મટાડે, ન હોય તો નવો રોગ પેદા કરે, બીજા વૈદ્યનું ઔષધ લે તો - રોગ હોય તો મટાડે અને ન હોય તો લાભ-નુકસાન ન કરે, ત્રીજા વૈદ્યનું ઔષધ લે તો રોગ હોય તો મટાડે અને રોગ ન હોય તો શરીરની કાંતિ વધારે.) ઔષધ જેવી છે. આત્મામાં દોષ હોય તો દોષને દૂર કરે અને આત્માના ગુણોને પુષ્ટ કરે તેવી આવશ્યકની ક્રિયાઓ છે. છ આવશ્યકમાં પ્રથમ સામાયિક છે. સામાયિક શબ્દમાં सम्+आय्+इक છે.

सम् = સમતા,

आय् = લાભ, લાવવું

इक = પ્રત્યય ભાવ અર્થમાં છે.

'સમતાભાવને લાવવું'-અર્થાત્ સમતા ભાવ થવો તે સામાયિકનો અર્થ છે.

સામાયિકમાં સમ્ + આય સમતાનો લાભ થાય છે. અર્થાત્ રાગદ્વેષના પ્રસંગોમાં પણ સમતા લાવવી તે સામાયિકનો અર્થ છે.

**સામાયિક સમાધિમય આત્મામાં હોય છે. આત્મા જ સામાયિક છે.** માટે સામાયિક એ જ આત્મા છે. ચરવળો કટાસણું લઇને ૪૮ મિનિટ બેસવું તે વ્યવહાર સામાયિક છે. આત્મા સમત્વ ભાવમાં રહે, રાગ-દ્વેષથી પર રહે તે જ નિશ્ચય સામાયિક છે.

સામાયિકમાં બેઠો બેઠો જીવ મોચીવાડે પણ જાય છે અને મહાવિદેહમાં પણ જઇ શકે છે. ઉપયોગ આપણે રાખવાનો છે. **ઉપયોગપૂર્વક સામાયિક કરાય તો સામાયિકનું પરિણામ અવશ્ય મળે જ.**

પહેલી કક્ષામાં મધુર પરિણામ રૂપ સામાયિક હોય છે. સમતા હોય છે જેમાં દરેક જીવો પર મિત્રતા હોય છે. મૈત્રીભાવથી વાણીમાં મધુરતા હોય.

માણસને ખાવામાં કડવી વસ્તુ ગમતી નથી તેવી જ રીતે બોલવામાં પણ કડવા શબ્દો ન બોલવા જોઇએ. આપણા માટે બોલાયેલાં કટુ વચનો આપણને નથી ગમતાં તેમ બીજાને પણ નથી ગમતાં. આથી સામી વ્યક્તિને ''પ્રિયં-પથ્યં'' વચસ્તથ્યં.

પ્રિય એટલે તેને ગમે તેવું.

પથ્ય એટલે હિતકારી.

તથ્ય એટલે સાચું, સત્ય બોલવું જોઇએ.

અનાદિથી મોહ અને સ્વાર્થભાવના સંસ્કારો ગમે તેમ બોલાવે છે. હવે વાણી અને વર્તનને બદલવા માટે મનને મૈત્રીભાવથી મધુર બનાવવું પડશે. મૈત્રીભાવ આવતાં સ્વાર્થ છૂટે, વાણીમાં મધુરતા આવે, અધ્યવસાયમાં સમતાભાવ આવે. જેટલો વખત સમતાભાવમાં હોઇએ તેટલો વખત કર્મને આવવાનાં દ્વારો બંધ થઇ જાય છે. આ સામાયિકનો પ્રભાવ છે.

**તીર્થંકર ભગવંતોએ આ સામાયિક દ્વારા જ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે.**

આપણે વેશ-પરિવર્તન કર્યા છે. હવે ભાવપરિવર્તન કરવો છે. **આપણા ભવ-રોગને ઘટાડનાર કોઇ હોય તો સમભાવ જ છે.** માટે જ સમભાવમાં-સમતાભાવમાં આવવાનું છે.

જે સમતાભાવનું પાન કરે છે તે આત્મા કાયમ માટે અમર બની જાય છે. સમભાવ આવવાથી વાણી અને વર્તન બન્ને બદલાય છે. મધુર બને છે. આ પરિણામ ચોથા ગુણઠાણાથી આવે છે.

**મધુર પરિણામ એટલે શું?**

મધુર પરિણામ એટલે 'પરહિત-ચિંતા'. આ પરહિત ચિંતા માત્ર બોલવા સાંભળવાની નથી, આચરણની ભૂમિકા છે. જેમ નિવિમાં મીઠાઇઓ જોવા માત્રથી નહિ... પરંતુ તમે મીઠાઇઓ ખાઓ તો જ બધાને ગમે છે. તેમ આ વ્યાખ્યાનમાં તમોને જે સમભાવ સમજાવવામાં આવે છે તે ખાલી સાંભળવા માટે નહિ પણ તેનો અમલ કરવા માટે અપાય છે. સમભાવની પ્રવૃત્તિ જ આત્માને અમર બનાવે છે. કારણ કે પુરુષાર્થ કર્યા વિના ગુણો ટકતા નથી. દોષો જતા નથી.

**પ્રશ્ન** – આપણે મૈત્રીભાવના રાખીએ પણ સામેની વ્યક્તિ ક્રોધ કરે ત્યારે મૈત્રીના પરિણામ કેવી રીતે ટકે?

**ઉત્તર – મૌન અને મૈત્રી એ બે સમતાના ઉપાય છે. કષાયને ઘટાડવાના ઉપાય છે.** ક્રોધનું સ્વરૂપ સમજાય તો મૈત્રીભાવ ટકે.

સામો માણસ જે ક્રોધ કરે તે કર્મને આધીન છે. માટે ક્રોધ કરે છે. ક્રોધ એટલે આત્માની અંદરનો સન્નિપાત રોગ છે. કોઇને સન્નિપાત થયો હોય અને તે ગમે તેમ બોલે તો તેની વાતો આપણે ધ્યાનમાં લેતા નથી, પણ તેની ઉપર દયા-કરુણાભાવ જાગે છે. તેવી રીતે ગુસ્સો કરનાર ઉપર ભાવદયા ચિંતવે કે "બિચારો. શુદ્ધ સ્વરૂપી-સમભાવી આત્માને કર્મરોગને આધીન થઇ ગુસ્સો કરવો પડે છે તેમાં તેનો કાંઇ વાંક નથી."

**જીવનમાં સમભાવ લાવવા માટે ક્યાં જવું?**

સમભાવ મેળવવા માટે તીર્થંકર પરમાત્માની પાસે જવાનું છે. સમભાવ તેમની પાસેથી મળે છે અર્થાત્ તેમની કૃપાથી અને ભક્તિથી મળે છે. "સમાહિવરમુત્તમં દિન્તુ" શ્રેષ્ઠ સમાધિ તે ભગવાનની ભક્તિનું ફળ છે. લોગસ્સ

સૂત્રમાં આ અધિકાર છે. લોગસ્સમાં ૨૪ તીર્થંકરની સ્તુતિ છે આથી તે ચઉવિસત્થો કહેવાય છે. ઘણા લોકો સામાયિક કરવાના નિયમ લેવા આવે છે. પરંતુ મંદિરમાં જવાની ના પાડે છે. ભગવાન મનમાં જ છે તેવું કહે છે, પરંતુ દેવ-ગુરુની કૃપા વિના સામાયિક આવવાનું નથી. આજે જે લોકો પૂજા-ભક્તિમાં હિંસા થાય છે તેવો પ્રચાર કરી મૂર્તિને માનતા નથી એમનામાં ભાવ સામાયિક આવવાનું જ નથી.

**ભગવાનની ભક્તિથી વિનયગુણ કેળવાય છે. નમ્રતા, સરળતા આવે છે. હૃદય કોમળ બને છે. પ્રભુ પણ સર્વ જીવો સાથેની મૈત્રી = હિતચિંતાના પ્રભાવથી જ તીર્થંકર બન્યા છે. પ્રભુની ભક્તિથી તેમના મૈત્રીભાવનો અંશ આપણામાં પ્રગટે છે. તેનાથી સ્વાર્થભાવો તૂટે છે. અને સમભાવ-સમાધિની પ્રાપ્તિ થાય છે. આ સમાધિ એ જ સામાયિક છે.**

**પહેલાં ભક્તિના પરિણામ આવે છે. પછી જ સામાયિકના પરિણામ આવે છે.**

જિનેશ્વરોની ભક્તિથી મુખ્યત્વે મોહનીય કર્મનો ક્ષય કે ક્ષયોપશમ થાય છે. અનાદિ કર્મો મંદ પડે છે. આધ્યાત્મિક માર્ગના દરવાજા ખૂલે છે.

''કિત્તિય વંદિય મહિયા'' કીર્તન, વંદન અને પૂજન એ પ્રભુભક્તિનાં સ્વરૂપો છે. આ ત્રણ સ્વરૂપો પૈકી દરેકમાં ઉત્તરોત્તર ચડતી ભક્તિ છે. લોગસ્સ સૂત્રમાં જ્ઞાની ભગવંતો પોકારીને કહે છે કે ભગવાનનું કીર્તન, વંદન અને પૂજન આરોગ્ય આપે છે. બોધિલાભ આપે છે. અને સમાધિ આપે છે સમાધિ એ જ સામાયિક છે, સમતા છે.

પ્રભુ પ્રત્યે ભક્તિ-આદરભાવ હોય તો તેમના પ્રત્યેક વચન પ્રત્યે પણ આદરભાવ થાય અને પ્રભુવાણી-વચન પ્રત્યે આદરભાવ થાય તો પ્રભુ પ્રત્યે પણ આદરભાવ થાય.

જમાલિએ ભગવાનના એક વાક્યને જ ન માન્યું તો તેને નિન્હવ કહ્યા. વહાણમાં એક જ કાણું પડે તો તે વહાણને ડુબાડી દે. દૂધપાકમાં ઝેરનું એક જ ટીપું પડે તો ખાનાર બધાને મારી નાખે તેમ માન્યતામાં એક જ વાતનું કાણું પડે

તો ધર્મથી ભ્રષ્ટ થઇ જવાય. તેને શાસ્ત્રમાં નિન્હવ કહેવાય છે. સ્થાનકવાસી બધી વાત માને, પણ મૂર્તિને ન માને તો એનો મતલબ એવો કે તે **પ્રભુના કેવળજ્ઞાનને** માનતા નથી એમ કહી શકાય, જેનું નામ માને પણ તેના રૂપને જો ન માને તો તે તેની બદનામી કરે છે. તેમના રૂપને લાત મારે છે. દુનિયામાં નય અને નિક્ષેપો સદાકાળ રહેવાના છે. એ ચાર નિક્ષેપમાંથી એકને-સ્થાપના નિક્ષેપાને ન માનવાથી મિથ્યાત્વ આવે છે અને ચારને માનવાથી મુક્તિ મળે છે.

ભગવાનનું નામ-રૂપ-દ્રવ્ય-ભાવ ચારે નિક્ષેપા (અવસ્થા) પૂજનિક છે. એ તો વીતરાગ છે. પરંતુ તેમાંથી એકનો પણ અનાદર કરવાથી આપણે કર્મથી દંડાવાના છીએ.

આપણા કર્મોદયના કારણે આપણે શાસ્ત્રો કે આગમો સાથે ચેડાં કરીએ તો ભારે મોહનીય કર્મ બંધાય અને સંસારમાં રખડવાનું વધે. **અર્થને સમજવા કે પરિણત કરવા મોહનીય કર્મનો ક્ષયોપશમ જોઇએ** તે મોહની શુદ્ધિ = ક્ષયોપશમપૂર્વક સૂત્રો ભણવા માટે સાધુને યોગોદ્વહન કરવાના છે અને શ્રાવકે ઉપધાન કરવાના છે.

**ઉપધાન એટલે શું?**

ઉપધાન શબ્દમાં ઉપ + ધા (ધાતુ છે) અને અન પ્રત્યય છે.

ઉપ = નજીક

ધાન = ધારણ કરવું.... જવું

નજીક જવું તે ઉપધાન.

કોની નજીક જવું?

આત્મગુણસ્વરૂપ શુદ્ધજ્ઞાનની નજીક જવું = આત્માની નજીક જવું તે ઉપધાન છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમજન્ય જ્ઞાનની વાત અહીં નથી પરંતુ મોહનીયકર્મના ક્ષયોપશમજન્ય જ્ઞાનની વાત છે. યોગ/ઉપધાનની ક્રિયાથી મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે. મોહનીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાન સમ્યગ્જ્ઞાન થાય છે. માટે જ્ઞાનની નજીક જવું, આત્માની નજીક જવું તે ઉપધાન છે.

શાસ્ત્રોના ગહન અર્થોને જાણવાની ચાવી ઉપધાનમાં બેસનારા આરાધક જલદીથી ગ્રહણ કરી શકે છે. યોગ, ઉપધાનમાં આવતી ક્રિયા-અનુષ્ઠાનો મોહનીય કર્મને મંદ કરે છે, મોહ તૂટવાથી, જ્ઞાનાચારના આચારોનું પાલન કરવાથી સૂત્ર અને અર્થના ભાવો પ્રાપ્ત થાય છે.

સામાયિકમાં નવકાર છે. ચઉવીસત્થોમાં પણ નવકાર છે. સમતાને વધારનાર આ બધાં સાધનો છે. આપણામાં જે ઉપાદાન શક્તિ રહેલી છે તેને પ્રગટાવનાર દેવ-ગુરૂ છે.

નિગોદમાં રહેલા જીવોમાં કેવળજ્ઞાન રહેલું છે. તો પણ જ્યારે દેવ-ગુરુનું પુષ્ટ આલંબન મળે છે ત્યારે તે પ્રગટ થાય છે અને પછી મુક્તિ થાય છે.

ભગવાનની ભક્તિ સ્વયં ભગવાન (તીર્થંકર કે સિદ્ધ) બનાવે છે. ભગવાનના વખતમાં ૯ (નવ) જણાએ તીર્થંકર નામકર્મ બાંધેલું તેમાં ઉદયન અને તેમના પૌત્ર એમ બે પુણ્યાત્મા એક જ ઘરમાંથી હતા જે તીર્થંકર થવાના છે.

**પ્રશ્ન :** અન્યલિંગે સિદ્ધ થાય છે તેને શાસન પણ મળ્યું નથી તો તેમને દેવ-ગુરૂનું આલંબન કેવી રીતે કહેવાય?

**ઉત્તર :** અન્યલિંગે સિદ્ધ થાય છે ત્યારે પણ તેનામાં ભગવાનનાં બતાવેલાં તત્ત્વોનો સાક્ષાત્કાર = અનુભવ થાય છે. અર્થાત્ દ્રવ્યથી ભલે પરમાત્માનું શાસન ન મળ્યું હોય પણ ભાવથી જિનદર્શન આવે છે. તેનામાં તત્ત્વદર્શનની તાત્ત્વિક દૃષ્ટિ આવી જાય છે. શાસન સાંભળ્યું નથી. પણ સહજ ભાવે તત્ત્વોને, શાસનને સ્વીકારે છે. પૂર્વભવની આરાધનાથી ઉપાદાનની શુદ્ધિ થઇ હોય છે આથી તેને સહજ રીતે જગતની વાસ્તવિકતા હૈયામાં સ્ફુરે છે આમ શાસન ન મળ્યું હોવા છતાં શાસનના જ માર્ગે ચાલે છે. ભગવાન પોતાને માનનાર-નહિ માનનાર બધાનું કલ્યાણ કરે છે. ભલે આપણને સાક્ષાત્ પ્રભુ નથી મળ્યા પરંતુ ભગવાનની પ્રતિમા મળી છે. એમનું આલંબન લઇ તરવાનું છે. અપેક્ષાએ ભગવાન કરતાં ભગવાનની પ્રતિમાની મહત્તા વધારે છે.

**જેટલો વિનય, વિવેક સમવસરણમાં બેઠેલા ભગવાનનો કરવાનો છે તેના**

**કરતાં પણ તેની મૂર્તિનો વિનય, વિવેક અધિક કરવાનો છે કેમ કે ભગવાન પછી (ભક્તિયોગનું) શાસન જિન પ્રતિમાના આધારે ચાલવાનું છે.**

**ભાવજિન કરતાં સ્થાપના જિનના ઉપકારનું ક્ષેત્ર ઘણું મોટું છે. ક્ષેત્ર અને કાળ બંને દૃષ્ટિએ વિશાળ વિસ્તાર છે.** તીર્થંકરોનો એ વેપાર છે કે અહીં રહેલા જીવોને વહેલામાં વહેલા મોક્ષમાં પહોંચાડવાના છે.

તીર્થંકરો એવા ઉદાર છે કે વેપાર પોતે કરે છે અને તેનું ફળ બીજાને આપે છે. પોતે કોઇ અપેક્ષા રાખતા નથી.

ગૌતમસ્વામીને ભગવાને ઘણીવાર કહ્યું કે તું મારા ઉપરનો રાગ છોડી દે તો તને હમણાં જ કેવળજ્ઞાન થઇ જાય **પણ ગૌતમે ના પાડી,** ભલે મને કેવળજ્ઞાન ન થાય પણ ભક્તિ મુકાય જ નહિ. બોધિ-સમાધિ અને આરોગ્ય તીર્થંકરોની ભક્તિથી જ મળે છે તેથી તે એમણે જ આપ્યું કહેવાય.

**જગતના કોઇ પણ પ્રાણીના કર્મનો ક્ષય એના પુરુષાર્થથી થાય તો પણ તે તીર્થંકરોની ભક્તિથી થાય છે.**

ભગવાન જ મોક્ષ આપે છે. ભગવાન જ બોધિ આપે છે. એવો ભાવ કરીશું તો જ ભગવાન પ્રત્યે ભક્તિ વધશે અને સમાધિ-બોધિની પ્રાપ્તિ થશે.

- સામાયિક સમાધિમય આત્મામાં હોય છે.
- ભવરોગને ઘટાડનાર હોય તો સમભાવ જ છે.
- મૌન અને મૈત્રી એ બે સમતાના ઉપાય છે.

## વાચના - 3

અનાદિકાળથી ચાલી રહેલા ભવભ્રમણમાંથી તારનાર તત્ત્વ હોય તો માત્ર દેવ-ગુરૂ જ છે. દેવ-ગુરૂની ભક્તિ-નમસ્કારથી સમાધિની પ્રાપ્તિ થાય છે. લૌકિક વ્યવહારમાં ગુરૂને નમસ્કાર કરવાથી મંત્રો સિદ્ધ થાય છે. દુનિયામાં જેટલા પણ મંત્રો છે, જેટલી પણ વિદ્યાઓ છે તેનો સાર નવકાર છે. બીજા મંત્રોને સિદ્ધ કરવા પ્રયત્ન કરવો પડે છે જ્યારે નવકાર સર્વ રીતે સિદ્ધ થયેલો છે. તેને ગણવામાં કોઇ ભય નથી, ભૂત-પ્રેત પણ નાશ પામે છે, દૂર ભાગે છે.

મંત્ર એટલે શું?

મન્ + ત્ર એ બે અક્ષરથી મંત્ર શબ્દ બને છે.

મન્ = મનન કરવું

ત્ર = રક્ષણ.

**જેનું મનન કરવાથી આપણા મનનું - આત્માનું રક્ષણ થાય છે તે મંત્ર કહેવાય.**

જે મંત્રનો તમે ખૂબ જ જાપ કર્યો છે તે મંત્ર તમારો બની જાય છે. તે તમારું રક્ષણ કરે છે. એમાં પણ કરોડોનો જાપ થઇ જાય તો ગમે તેવી આપત્તિ આવે અને યાદ કરો તો તે રક્ષણ કરે જ.

જેમ પાણી અને અગ્નિ પોતાનો સ્વભાવ બદલતું નથી તેમ મંત્ર પણ પોતાનો સ્વભાવ બદલે જ નહીં.

મંત્ર ગણતી વખતે જ મન ચોંટતું નથી તેમાં મંત્રની કસર નથી પરંતુ

કષાયરૂપી અગ્નિ આપણામાં છે તે જ આપણને બાળે છે.

જેમ મેલા વસ્ત્રને સારું કરવા માટે પહેલાં પાણીમાં નાખવું પડે છે અને પછી સાબુ લગાવવો પડે છે તેમ અત્યારે આપણા મેલા મનને જિનવાણીરૂપી પાણીમાં નાખવાનું છે. ક્રિયા એ સાબુ છે. કોઇ કપડું વધારે મેલું હોય તો એકવાર પાણી ફેંકી દે છે. પછીથી નવું પાણી લેવાનું અને ફરી સાબુ લગાવવાનો હોય તેમ આપણું મન જો સ્થિર ન રહેતું હોય તો બીજી વાર જિનવાણી રૂપી પાણી નાખવું જોઇએ, અર્થાત્ વારંવાર પ્રભુની વાણી સાંભળવી જોઇએ અને વધુને વધુ ક્રિયા કરતા રહેવું જોઇએ.

**કાયોત્સર્ગમાં ધ્યાન છે માટે તેન ધ્યાન યોગ કહેવાય છે. નવકારવાળીમાં નવકારનો જાપ થાય છે તેથી તેને મંત્રયોગ કે જપયોગ કહેવાય છે.**

**પ્રશ્ન :** ભગવાને અનંતને તાર્યા અને આપણે કેમ તર્યા નહીં?

**ઉત્તર :** આપણે તરવા ગયા જ નહોતા તો ભગવાન તારે કેવી રીતે? ભગવાનની ઇચ્છા અને પ્રવૃત્તિ તો બધાને દુઃખમુક્ત કરવાની છે. સર્વ જીવોની ચિંતા કરે છે માટે તો ભગવાન ''લોગ નાહાણં'' લોકના નાથ કહેવાય છે. આખા જગતનું હિત કરે છે. માટે તીર્થંકર ભગવાનને લોગહિયાણં કહેલા છે. પણ રક્ષણ તો જે શરણે આવે તેનું જ કરે છે. બાપ-દીકરાને ગમે તેટલી શિખામણ આપે પણ દીકરો માને જ નહીં તો બાપ શું કરે?

આપણે જેટલું માંગીએ તે કરતાં આપણને વધારે આપવાની ઇચ્છા ભગવાનની છે. પણ આપણે માંગતા જ નથી. માંગીએ છીએ તો માંગતાં આવડતું નથી. ''અણભિન્ને ભાવઓ હિયાહિયાણં'' આપણું પોતાનું હિત શું છે? અહિત શું છે? તે બાબતમાં અનભિજ્ઞ = અણજાણ છીએ. પછી ગમે તે માંગી લઇએ. નાના બાળકને મા છરી કે ચપ્પુ ન જ આપે, બાળક માંગે-રડે તો પણ ન જ આપે કારણ કે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું ભાન બાળકમાં નથી, યોગ્યતા નથી **તેમ ભગવાન પાસે ગમે તે માંગી લઇએ પણ ભગવાન યોગ્યતા વિના ન આપે.**

અપાત્રને વિદ્યા-મંત્ર-ધર્મ આપવાની શાસ્ત્રોમાં મનાઇ છે.

કાચા ઘડામાં પાણી ન ભરાય, ભરે તો પાણીનો અને ઘડાનો એમ બન્નેનો નાશ થાય તેમ અયોગ્યને વિદ્યા-ધર્મ આપવાથી પોતાને અને ધર્મને બન્નેને નુકસાન થાય. કાચા ઘડામાં પાણી નાંખનાર અપરાધી છે તેમ અયોગ્યને ધર્મ-વિદ્યા આપનાર પણ અપરાધી જ છે. અયોગ્યને કદી ઉત્તમ ચીજ મળતી નથી અને કદાચ મળે તો ફળતી જ નથી. કેમ કે તેની ઉત્તમતા-સ્વરૂપને ઓળખી શકતો નથી.

આપણી સામે જેટલી વનસ્પતિઓ છે તે બધી ઔષધિઓ છે પણ તેની ઓળખાણ થવી જોઇએ. ઓળખાણ થાય તો કામમાં લઇ શકાય અન્યથા પશુઓને ખાવામાં જાય કે સુકાઇને બળતણમાં જાય. અયોગ્યના હાથમાં આવેલી ઉત્તમ વસ્તુ પણ ટકે નહીં જેમ ભરવાડના હાથમાં ચિંતામણિ રત્ન ટક્યું નહીં અને તેણે ફેંકી દીધું.

હાથમાં આવેલા રત્ન સમાન વિરતિ-સંયમરત્નને ફેંકી દેવાનું નથી. તેને સાચવવાનું - તેનું જતન કરવાનું છે. તમોને જિંદગીમાં સર્વપ્રથમવાર ૪૮ દિવસની વિરતિ મળી છે. રંગ-રાગમાંથી છૂટીને આવ્યા છો! નિવિમાં ૨ ઇંચની લૂલીબાઇને-જીભને કાબૂમાં ન રાખી તો હાથમાં આવેલું રત્ન ફેંકી દેવા જેવું થશે. સાધુ ૪૨+૫ દોષો ટાળીને આહાર કરે. શ્રાવક ઉપધાનમાં સંયમ જીવનની ટ્રેનિંગ લે છે. સાધુની જેમ તેને પણ (પાંચ) દોષો તો ટાળવાના જ છે.

૪૨ દોષ ગોચરી વહોરવા સમયના છે, પાંચ દોષ ગોચરી વાપરવાના છે.

ક્યા પાંચ દોષ?

**૧. અંગાર દોષ** - મનગમતા મળેલા પદાર્થનાં વખાણ કરવાં તે અંગાર દોષ છે. પીરસનારનાં પણ વખાણ ના કરાય. કારણ કે તેથી પણ પરિણતિ અશુદ્ધ થાય, પૌદ્‌ગલિક ભાવોને પોષવાની વૃત્તિ જાગે. અંગારો જ્યાં પડે ત્યાં બધું બાળી નાખે તેમ આ વૃત્તિ ધર્મધ્યાન-સ્વરૂપ શુભપરિણતિને બાળી નાખે છે.

**૨. ધૂમ્ર દોષ** – વાનગીનો સ્વાદ આપણી ઈચ્છા પ્રમાણે ન હોય ત્યારે વસ્તુ ઉપર, પીરસનાર ઉપર, બનાવનાર ઉપર કે ઘરધણી ઉપર દ્વેષ કરવો તે ધૂમ્રદોષ હોય છે. ઘરમાં થએલો ધુમાડો દીવાલો કાળી કરે છે તેમ આ દોષ વૃત્તિ પરિણતિને કલુષિત કરે છે, ડહોળી નાખે છે.

**૩. સંયોજના દોષ** – વિશેષ પ્રકારના સ્વાદ માટે બે પદાર્થને ભેગા કરીને વાપરવું તે સંયોજના દોષ છે. આમાં રસનેન્દ્રિયનું પોષણ છે તેનાથી મોહનીયકર્મ બંધાય છે.

**૪. પ્રમાણાતિરિક્ત દોષ** – પુરુષને ૩૨ કોળિયા અને સ્ત્રીને ૨૮ કોળિયાનું પ્રમાણ જણાવ્યું છે તેથી વધારે વાપરે અથવા પોતાની જરૂર કરતાં વધારે વાપરવું તે પ્રમાણાતિરિક્ત દોષ.

**૫. કારણાભાવ દોષ** – કારણ વગર વાપરવું તે દોષ છે.

તપ-વૈયાવચ્ચ વગેરે છ કારણે જ સાધુએ આહાર કરવાનો છે.

૧. ક્ષુધાવેદનીય શમાવવા માટે,

૨. વૈયાવચ્ચ કરવા માટે,

૩. ઈરિયાસમિતિ સાચવવા માટે,

૪. સંયમની આચારણા બરાબર થાય તે માટે.

૫. દ્રવ્ય પ્રાણો ટકાવવા માટે તથા

૬. ધર્મ ધ્યાનની સ્થિરતા માટે.

આ છ કારણ પૈકી કોઈપણ કારણસર સાધુ વાપરે, કેવળ સ્વાદ-લાલસા તૃપ્ત કરવા જ આહાર વાપરવાનો નથી. શ્રી મહાનિશીથ સૂત્રમાં આ છ કારણે જ આહાર વાપરવાનું જણાવેલ છે.

વિરતિને સાચવવા આહારના ઉપયોગ સાથે જયણાનો સતત ઉપયોગ રાખવાનો છે. તે માટે જ અષ્ટપ્રવચન માતાનું મહત્ત્વ છે. ઉપયોગ ન રાખે તો ડગલે-પગલે બીજા જીવોની વિરાધના થાય. બીજા જીવની વિરાધના તે પણ આપણા સંયમ જીવનની વિરાધના છે. ઉપયોગની જાગૃતિ અને મન વચન

કાયાના યોગોનું ધ્યાન (સંયમ) ન રાખીએ તો પડિલેહણમાં પણ છએ કાયની વિરાધનાનો સંભવ છે.

આ સંબંધી શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે. સમજવા માટે આ સ્થૂલ દૃષ્ટાંત છે. એક કુંભારની શાળામાં મુનિ ઊતરેલા હતા ત્યાં પાસે માટલામાં કાચું પાણી હતું, પાસે અગ્નિ હતો, માટી હતી. જો પડિલેહણ કરતાં ઉપયોગ ન રહે તો કપડું માટલાને અડી જાય તો પાણી ઢોળાઇ જાય. તે પાણી અગ્નિ અને માટીમાં પડે 'જત્થ જલં તત્થ વણં' 'જ્યાં પાણી ત્યાં વનસ્પતિ હોય' તેથી વનસ્પતિની વિરાધના અને વાયુ તો સર્વત્ર છે તેથી વાયુકાયની વિરાધના થાય આમ તેમાં છ કાયની વિરાધનાનો સંભવ છે.

ટ્રેઇન, મોટર અને પ્લેનના ડ્રાઇવરો ચલાવવામાં એક્સિડન્ટ ન થાય તે માટે જેવો ઉપયોગ રાખે છે તેવો ઉપયોગ પડિલેહણ કરતાં રાખવો જોઇએ. માટે જ પડિલેહણ કરતાં પહેલાં બધી જ ઉપધિ ભેગી કરી લેવી જોઇએ. અન્યથા શોધવામાં અજયણા થાય. પડિલેહણ કરતાં વચ્ચે બોલવું ન જોઇએ. બોલે તો અજયણા થાય, સૂક્ષ્મપણે વિરાધના થાય તેથી ઇરિયાવહીયા જાય, ઇરિયાવહીયા ફરીથી કરવા પડે. આ ક્રિયાયોગની શુદ્ધિ પ્રભુએ જણાવી છે તેમાં સંદેહ ન કરવો. દરેક ક્રિયા-પદાર્થને બતાવનાર ભગવાન છે. બીજા જે કાંઇ કહે છે તે ભગવાનનું કહેલું છે. **ભગવાનના વચન-સામાચારી અનુસાર સંયમ પળાય તો અંતરમાંથી આધ્યાત્મિક શક્તિનો ઝરો પ્રગટે છે.**

**આત્માર્થીના સંયમની તાકાત કેટલી?**

**એક પણ સાધુ જો શુદ્ધ સંયમમાં ટકેલો હશે તો તે આખા ભરતક્ષેત્રને પાપથી બચાવી શકે છે અને આખા વિશ્વના કલ્યાણને કરનાર થશે. સમગ્ર પૃથ્વી પાપથી ભરાઇ ગઇ હોય તેની સામે એક સંયમીની સાધના બધાને બચાવી લે છે આટલી સૂક્ષ્મ તાકાત સંયમની છે.** આ ભરતક્ષેત્રમાં જ્યારે સાધુધર્મ (શાસન)નો વિચ્છેદ થશે કે તરત અગ્નિ વગેરેની વર્ષાઓ ચાલુ થશે. આપણે શુદ્ધક્રિયા કરશું તેમાં આપણને તો લાભ છે જ સાથે સાથે સમગ્ર વિશ્વને પણ

લાભ છે તેથી શુદ્ધયોગોથી સંયમ સાધના કરવી.

**જેમ કાયાની ક્રિયા અસર કરે છે તેમ વાણી અને મનની ક્રિયા તેથી પણ વધારે અસર કરે છે. ત્રણેય યોગોના રોધનથી શક્તિનો વિકાસ થાય છે. કાયાને સ્થિર કરવી, વચનનું મૌન અને મનની નિર્વિકલ્પતા કે શુભ ધ્યાનમાં લીનતા કરવાની છે. તે માટે વધુ ને વધુ કાઉસગ્ગ કરવાની જરૂર છે.** ભગવાન જે બાર વર્ષ મૌન રહ્યા તે ખૂટતી શક્તિનો સંચય કરવા માટે મૌન રહ્યા હતા. તેના ફળ સ્વરૂપે શક્તિઓનો સ્રોત અંતરમાંથી પ્રગટ્યો અને તેનાથી જ સર્વ કર્મ ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. આજે તો મર્યાદાઓ તૂટી છે. દીક્ષા લીધી એટલે પાટ ઉપર બેસી વ્યાખ્યાન માટે થનગને, **ખરેખર દરેક સાધુએ ૧૨ વર્ષ સૂત્ર અભ્યાસ, ૧૨ વર્ષ અર્થ અભ્યાસ, ૧૨ વર્ષ અનુભવ કર્યા પછી પાટે બેસવાનું છે.** તમોને ગૃહસ્થ જીવનમાં પણ સંયમ આરાધનાની તક મળી છે. ૪૭ દિવસ ઉપધાનમાં ત્રણે યોગને સ્થિર કરતાં શીખવાનું છે. ઉપધાન એ ટ્રેનિંગ સ્કૂલ છે. સતત ઉપયોગપૂર્વક અષ્ટ પ્રવચન માતાનું પાલન કરવાનું છે. ક્રિયા-વ્યાખ્યાન સિવાયના સમયમાં તમારે જાતે પ્રેક્ટિસ કરવાની છે. ગૃહસ્થો મળવા આવેલા સંસારીજનો સાથે વાતોના ગપાટામાં સમય બગાડવાનો નથી. એથી તો આરાધના ડહોળાઇ જાય.

- ભગવાન પાસે ગમે તે માંગી લઇએ પણ ભગવાન યોગ્યતા વિના ન આપે.
- કાયોત્સર્ગમાં ધ્યાન છે માટે તેને ધ્યાનયોગ કહેવાય છે.
- નવકારવાળીમાં જાપ થાય છે તેથી તેને મંત્રયોગ કે જપ યોગ કહેવાય છે.

# વાચના - ૪

અનાદિકાળથી રઝળપાટમાં અનંત પુણ્યોદયે પ્રભુનું શાસન અને આરાધના માર્ગ મળ્યો છે. શ્રાવક જીવનમાં ઉપધાન કરવા તે કર્તવ્ય છે. સૂત્રો ભણવા માટે જરૂરી યોગ્યતા-મોહનીયકર્મની મંદતા ઉપધાનથી આવે છે. ઉપધાનમાં પંચાચારની આરાધના થાય છે. વિરતિ ધર્મની ટ્રેનિંગ મળે છે. ઉપધાનની આરાધનામાં આવશ્યકની વિશેષ આરાધના છે. ઉપધાનમાં સામાયિક-વિરતિ પછી ''ચઉવિસત્થો'' આવશ્યક છે. ચઉવિસત્થો એટલે... (ચોવિસે) પરમાત્માની સ્તવના. ઉપધાનમાં દરરોજ ચાર વાર દેવવંદન તથા એક વાર ચૈત્યવંદન કરવાનું છે. શ્રાદ્ધવિધિ જેવા શ્રાવકના આચાર ગ્રંથોમાં જણાવ્યું છે કે **''શ્રાવકે દરરોજ ત્રણ વખત ચૈત્યવંદન તો કરવું જોઇએ'' ગૃહસ્થે કદાચ પ્રતિક્રમણ ન થાય તો આટલું તો કરવું જ, તેમાં પરમાત્માની ભક્તિ છે, સમર્પણતા છે. કૃતજ્ઞતા છે.** ભક્તિથી જીવનમાં નમ્રતા આવે છે. વિવેક જાગ્રત થાય છે. અહંભાવ ગળી જાય છે. આ જ આરાધનાની ભૂમિકા છે.

પૂ. સૂરિપુંગવ હરિભદ્રસૂરિ મ. એ આવશ્યક સૂત્રોની સંસ્કૃતમાં ટીકા બનાવી છે. તેઓ જણાવે છે કે ''જિન આગમમાં સૂત્રો અનંત ગમ-પર્યાય યુક્ત હોવાથી એ તો મેરૂપર્વત છે જ્યારે હું તો પાંગળો છું તેને માપવા=અર્થ કરવા હું અસમર્થ છું. પ્રતિક્રમણ સૂત્રોના સંપૂર્ણ અર્થ ચૌદ પૂર્વધરો પણ કરી શકે તેમ નથી. હું તો માત્ર વ્યાખ્યા કહીશ'' તેમ તેઓ કહેતા હતા. ''હું શ્રુતસાગરમાંથી બિંદુ જેટલો પણ અર્થ કરી શકતો નથી (મત્તોઽપિ મંદબુદ્ધયઃ) મારા કરતાં જે

મંદબુદ્ધિવાળા હશે તેમને લાભ થશે. માટે હું અર્થ કરીશ'' આ તેમનું વચન છે. કેટલી નિખાલસતા, લઘુતા છે, નમ્રતા છે. પ્રભુની ભક્તિથી આ ગુણો પ્રગટે છે. માટે જ પ્રભુની ભક્તિ, દેવવંદન-ચૈત્યવંદન કરવાના છે.

ચૈત્યવંદન કરવાથી ફળ શું મળશે? એમ વિચાર ન કરવો, પણ આ ક્રિયા નિષ્ફળ જતી નથી કારણ કે **ચૈત્યવંદન દ્વારા પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયરૂપ સમ્યગ્ભાવ પેદા થાય છે. શુભભાવ આવે એટલે કર્મનો ક્ષય થાય છે. કર્મની લઘુતા થાય, મોહનીય કર્મ મોળું પડે અને તેથી અંતરમાં ગુણોનો ઉઘાડ થાય અને સર્વ કલ્યાણ થાય.**

ચૈત્યવંદનનો ''ચ'' અને ચિંતામણિનો ''ચ'' બન્ને એક જ અક્ષર છે. છતાં ચૈત્યવંદનના ''ચ''ની કિંમત વધારે છે. ચૈત્યવંદન એ અચિંત્ય ચિંતામણિ છે. તેની પાસે માંગવું નહીં પડે. ચિંતામણિ તો માંગશો ત્યારે આપશે. આ તો વગર માગ્યે આપશે. પરંતુ પરમાત્માની સ્તવના-ચૈત્યવંદન એટલે શું? તેની તાકાતનો ખ્યાલ ક્યાં છે? ચૈત્યવંદનની ક્રિયા-સૂત્રો આપણને મળી ગયાં છે. પણ તેની ઓળખ-સમજ કેટલી? માત્ર મળી જવાથી તેનું ફળ મળી જતું નથી.

દશવૈકાલિક આગમની વૃત્તિમાં પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મ.સા.એ કહ્યું છે કે સુવર્ણ કે રત્ન હાથમાં આવ્યા પછી તેને ઓળખ કે અવબોધ ન હોય તો તેનું ફળ પ્રાપ્ત કરી શકાતું નથી.

સુવર્ણ-રત્નનું ફળ શું?

દરિદ્રતાનો નાશ કરે તે ફળ છે. પણ સોનાની કે રત્ની ઓળખ જ ન થઇ હોય તો? દરિદ્રતા નાશ કેવી રીતે થાય?

જેમ ભરવાડે ચિંતામણિ રત્ન ફેંકી દીધું તેમ આજના છોકરાઓ મોટા થયા પછી ભણેલું ભૂલી જાય છે. ધર્મ ભૂલી જાય છે, તે ચિંતામણિરત્નને ફેંકવા જેવું છે. આવશ્યકનાં સૂત્રો ગણધર ભગવંત અને જ્ઞાનીઓનાં ગૂંથેલાં છે. આથી તેઓ ચિંતામણિરત્ન સમાન છે.

**આત્મશુદ્ધિ કરવાની અને ગુણવાન બનાવવાની સૂત્રોની તાકાત કેટલી**

છે તે આપણને ખબર નથી. તેથી જ ચિંતામણિ રત્ન કરતાંય અધિક સામર્થ્યવાળાં સૂત્રો ભૂલાઇ જાય છે.

ચૈત્યવંદનમાં સૂત્ર બોલતી વખતે "મને આવા દેવાધિદેવના ગુણગાન કરવાનો અવસર મળ્યો છે" એમ ચિંતામણિ અને પારસમણિ મળ્યા કરતાં પણ વધારે આનંદ થવો જોઇએ. સમજણ હોય તો આ ભૂમિકા આવે.

ઘેટાં સાચવનાર ભરવાડને વગડામાં ચળકતો પથ્થર પગે અથડાયો. તે ચળકતો પથ્થર ભરવાડે લઇ લીધો ને ભરવાડ બપોરે ઝાડ નીચે સૂઇ ગયો. ઝાડ ઉપરનાં પક્ષીઓ પર્ણાદિ કાતરે અને તે પર્ણાદિ નીચે પડે. તેથી ભરવાડને ઊંઘ ન આવે. આથી પક્ષીઓ ઉપર ગુસ્સો આવ્યો, પક્ષીઓને ઉડાડવા માટે ચળકતો પથ્થર ફેંક્યો... બિચારાને ખબર નથી કે આ ચિંતામણિ રત્ન છે.

યોગ્ય પાત્ર જે જીવ હોય તેને જ લાભ થાય છે. માટે જ આ સૂત્રો પાત્રને જ આપવાની વિધિ છે.

આંધળાને જેમ સૂર્યનું અજવાળું દેખાતું નથી. સૂર્યના અજવાળાનો કોઇ લાભ તેને નથી. તેમ અયોગ્યને આ સૂત્રથી કોઇ લાભ ન થાય. આંધળાને કાંઇ ન દેખાય તેમાં સૂર્યનો કોઇ દોષ નથી. અંધાપાનો દોષ છે. તેમ અયોગ્ય પાત્રને કાંઇ લાભ ન થાય. તેમાં સૂત્રનો દોષ નથી, મિથ્યાત્વપણાનો દોષ છે.

આ સૂત્રો કોને આપવાં જોઇએ?

ચૈત્યવંદન સૂત્રોના અધિકારી તરીકે વિદ્વાનોનો મત એવો છે કે "અર્થી સમર્થઃ શાસ્ત્રેનાપર્યુદસ્તો" આ ત્રણ ગુણ હોય તેને અપાય.

ત્રણ ગુણ - (૧) **અર્થી** - પોતાની ઇચ્છા, અભિલાષા હોય,

(૨) **સમર્થ** - વિઘ્નો આવે તો પણ ટકી રહેવાનું સામર્થ્ય હોય.

(૩) **શાસ્ત્ર અનિષિદ્ધ** - શાસ્ત્રમાં જેનો નિષેધ કર્યો ન હોય.

ગમે તે આરાધના હોય પણ તે અધિકારીને ગુણ કરે છે. ચૈત્યવંદનનો અધિકાર ચારે પ્રકારના સંઘને મળેલો છે. પરંતુ જ્ઞાનીની દૃષ્ટિએ વાસ્તવિક અધિકારી વિચારીએ તો "બહુમાનિનો વિધિપરઃ ઉચિતવૃત્તયઃ" હોવો જોઇએ.

અર્થાત્

(૧) ચૈત્યવંદન પ્રત્યે જેને બહુમાન હોય,

(૨) શાસ્ત્રમાં જણાવેલ વિધિને વફાદારીપૂર્વક કરનાર હોય,

(૩) ઉચિત જીવનવૃત્તિવાળો હોય તે જ અધિકારી ગણાય છે.

ચૈત્યવંદન દ્વારા ભક્તિ કરતાં સમયે લક્ષ્ય શું હોય? પુણ્ય વધે, પૈસા મળે, દેવલોક મળે એ ભાવ રાખવાનો નથી. આ બધી વસ્તુઓ અનંતી વખતે મેળવી અને છોડી દીધી છતાં કલ્યાણ ન થયું. તેમાંય આજના કાળે તો સાચી સલાહ એ... છે કે તમો મહેરબાની કરીને કરોડપતિ બનશો નહીં કેમ કે....

વધારે કમાઇને સરકારને વધારે ટેક્ષ ભરશો તો તેમાંથી મોટાં કતલખાના ખૂલશે. એ કતલખાનાં જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી જીવહિંસાનો મોટો દોષ લાગ્યા કરશે... આ સંસારની કમાણીનું ફળ છે. બીજી રીતે વિચારીએ તો... પૂર્વભવમાં કોઇને કોઇ ધર્મ આરાધના કરી પુણ્ય લઇને આવ્યા છો તે પુણ્યના બદલામાં સંપત્તિ વૈભવ મળે છે. તેના ભોગવિલાસમાં પાપકર્મ બંધાય છે. આમ પુણ્યકર્મનું પાપકર્મમાં પરિવર્તન થઇ રહ્યું છે. આ સંસારનાં પાપોમાંથી ઉગારનાર માત્ર પ્રભુ છે. **મોક્ષ ન મળે ત્યાં સુધી ભવોભવ સુધારી સુખ શાંતિ અને સમાધિ આ પ્રભુના શાસનની આરાધનાથી જ મળશે.** અંતરનો આવો એકરાર થવાથી ભગવાન પ્રત્યે, ક્રિયાઓ પ્રત્યે આદર-બહુમાન પ્રકટ થાય છે.

**વિધિ તત્પર-વિધિપૂર્વક આરાધેલો ધર્મ ચિંતામણિ કરતાં પણ અધિક છે. એ શુભ ભાવમાં એટલી તાકાત છે કે તીર્થંકર નામકર્મ બંધાય છે.** આપણી પ્રવૃત્તિનું દર્શન કરો, જાતે નિરીક્ષણ કરો... ધર્મક્રિયામાં ઉપયોગ કેટલો અને સંસાર પોષક પ્રવૃત્તિઓમાં ધ્યાન સજાગતા કેટલી?

અહીં ગમે તેવી આરાધના કરી તો ચાલે પણ તેના કરતાં ઘરના વ્યવહારમાં વિધિપૂર્વક રહેવું જોઇએ. આ પરિણતિ આપણને ક્યાં લઇ જશે?

ચિંતામણિ રત્ન જેને મળે તે તેના ફળને માટે અઠ્ઠમ, પૂજા બધું જ વિધિપૂર્વક કરે છે તો જ તેને ફળે છે. ધર્મનું ફળ મેળવવા માટે આપણે વિધિ કેટલી સાચવીએ

છીએ?

**ચૈત્યવંદનમાં કરેલા એક નમસ્કાર દ્વારા અનંતા અરિહંતો અને અનંતા સિદ્ધોને નમસ્કાર થાય છે.** એક સાથે કેટલી આરાધના થાય?

જેમ ભગવાનની આશાતના ટાળવી જોઇએ તેમ ગુરુની તથા ગુરુની સ્થાપનાની આશાતના પણ ટાળવી જોઇએ. દરેક ક્રિયામાં ગુરુની નિશ્રા આવશ્યક છે. **ગુરુનિશ્રાથી જ્ઞાન-ધ્યાનની યોગ્યતા કેળવાય છે.** એટલું જ નહીં, સાધુએ ગચ્છમાં-સમૂહમાં રહેવાથી તેના સંયમનું રક્ષણ થાય છે અને વિવિધ આરાધના કરવાનો ઉત્સાહ પણ જાગે છે.

ગૃહસ્થે પણ ગુરુનિશ્રાએ આરાધના કરવાની છે. ગુરુનિશ્રામાં કરવાથી દોષો ટળે અને સમજણ મળે. સમૂહમાં આરાધના કરવાથી ઉત્સાહ વધે, આળ-પ્રમાદ ન આવે. વીર્ય ફોરવવાની ઇચ્છા થાય. ઉપધાનમાં તમારે ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ ૧૦૦ ખમાસમણ એટલા માટે છે કે તેનાથી આત્માનું વીર્ય ફોરવાય છે. ક્રિયા આરાધના સતત-કરવાની છે. **કોઇપણ ક્રિયા વારંવાર સતત કરવાથી અને બહુમાનપૂર્વક કરવાથી જ ફળે છે.** ભલે પાંચમા આરાનો ઊતરતો કાળ રહ્યો. પરંતુ ક્રિયા આરાધના તો શાસનની જ છે. **શાસનની ક્રિયા ગમે તે કાળમાં ફળે જ છે. મોક્ષ નહીં મળે તો મોક્ષની યોગ્યતા તો અપાવે જ.**

તેવી ઉત્તમ ક્રિયા આરાધનાઓ આપણને પાંચમા આરામાં પણ મળી છે તે આપણું સદ્‌ભાગ્ય છે. અપેક્ષાએ તો આ કાળમાં વધુ ને વધુ આરાધના તપ કરવો જોઇએ કેમ કે જે પ્રાયશ્ચિતની આરાધનામાં પૂર્વકાળમાં જે છ માસનો તપ કરવો પડતો હતો તે અત્યારે બે ઉપવાસના તપથી વળે છે.

- ચૈત્યવંદન દ્વારા પ્રકૃષ્ટ શુભ અધ્યવસાય પેદા થાય છે - કર્મનો ક્ષય થાય છે અને અંતરમાં ગુણોનો ઉગાડ થાય છે.
- શાસનની ક્રિયાથી કદાચ મોક્ષ નહીં મળે તો મોક્ષની યોગ્યતા તો અપાવે જ છે.

# વાચના - ૫

અનાદિકાળથી ચાલે રહેલા ભવભ્રમણમાં આપણને પ્રભુનું શાસન મળ્યું છે. પૂર્વભવમાં આરાધના કરી પુણ્ય સંચય કર્યા હશે કે આરાધના માટેનાં બધાં જ શુભ-ઉત્તમ નિમિત્તો મળી ગયાં છે. ઉત્તમ ભૂમિમાં ઉત્તમ આરાધકો જ આવે છે. આ સામાન્ય નિયમ છે.

પૂર્વ ભવમાં આરાધના કરીને આવ્યા છીએ તો ભગવાનનું શાસન અને આરાધનાનાં નિમિત્તો મળ્યાં છે, હવે આ ભવમાં આરાધનાની યોગ્યતા કેળવી છે? બહુમાન, વિધિ તત્પરતા અને ઉચિત વ્યવહારથી ધારી યોગ્યતા નક્કી થાય છે.

ધર્મ એ તો અપૂર્વ ચિંતામણિ છે. એ ધર્મ ભગવાન આપણને આપવા તૈયાર છે. માટે આપણે જ તૈયાર થઇ જવાનું છે. આપણે જ નક્કી કરવાનું છે. આપણને શું જોઇએ છે? કોના જેવા થવું છે?

**મોક્ષસુખનાં બિંદુનો અનુભવ કરવો હોય તો તે અહીં વર્તમાનમાં પણ થઈ શકે છે. તે અનુભવનું નામ સમ્યકત્વ છે.** સમ્યકત્વ કે તેની ભૂમિકા હોય તો આપણો જીવન વ્યવહાર ઉચિત બની જાય, વિવેક આવે. ખરાબ નિમિત્તો હોવા છતાં મન કે પરિણતિ તે નિમિત્તોને સ્વીકારવા તૈયાર ન થાય. સુલસ કેવા હિંસક વાતાવરણમાં મોટો થયો હતો છતાં ખરાબ નિમિત્તો અસર કરી ન શક્યાં. તેના પિતા કાલસૌરિક કસાઇ પોતાનો દીકરો પણ પોતાના જેવો થાય, રોજ હિંસા કરે, કુલ પરંપરાનો ધંધો ચાલુ રાખે તેવું ઇચ્છે છે. દરેકને પોતાના

વંશની અને વ્યાપારની વૃદ્ધિ કરવાની ઇચ્છા હોય છે. માત્ર સિદ્ધ બનેલા સિદ્ધ ભગવાનને કોઇ ઇચ્છા નથી. પણ એમના આત્માનો સ્વભાવ જ એવો છે કે જે તેમનું આલંબન લે તે બધાને પોતાના જેવા બનાવે, તેમ તીર્થંકરોને પણ બધા પોતાના જેવા બને-કર્મથી મુક્ત બને તેવી ભાવના પૂર્વના ત્રીજા ભવથી છે. એ ભાવના, ઇચ્છા એવી ઓતપ્રોત થઇ જાય છે કે તે સ્વભાવ બની જાય છે. પોતાના જેવા બનાવવાનો તીર્થંકરોનો સ્વભાવ છે. સાધુ પણ બધા પોતાના જેવા બને તેવું ઇચ્છે છે.

આપણી શું ઇચ્છા છે? કોના જેવા બનવું છે? જેની સાથે સંબંધ બંધાયેલો રહે તેવા બનાય. **પુણ્ય હોય તો જ ગુણવાન અધ્યાત્મી સાથે સંબંધની ઇચ્છા થાય. અનાર્યદેશમાં જન્મેલા આર્દ્રકુમારને અને કાલસૌરિકના પુત્ર સુલસ જેવા કસાઇને** પણ અભયકુમાર સાથે મૈત્રીની ઇચ્છા થઇ તે તેમનો પુણ્યોદય હતો. તેનાથી ઊલટું આજે આર્ય દેશમાં જન્મેલા આપણને પશ્ચિમ જેવા દેશોમાં જવાની અને ત્યાંના લોકો સાથે મૈત્રી કરવાની ભાવના થાય છે તે આપણો પાપોદય છે.

પુણ્યયોગે સદ્‌ગુરૂ મળે તો પણ તેને આધીન રહેવાનું કોને ગમે?

જ્ઞાનીઓએ સ્ત્રીજાતિને તો એમી આખી ઉંમરમાં સ્વતંત્રતા આપી જ નથી. સ્ત્રીઓએ

બાલ્યપણામાં માતા-પિતાને આધીન રહેવાનું,

યુવાવસ્થામાં પતિને આધીન રહેવાનું છે.

વૃદ્ધાવસ્થામાં પુત્રને આધીન રહેવાનું છે.

સ્ત્રી જાતિએ કોઇને ને કોઇને તો આધીન રહેવાનું છે એ વાત બરાબર છે. પણ (પુરુષ જાતિએ) શિષ્યે ગુરુ શા માટે બનાવવા જોઇએ? જ્યાં સુધી માર્ગ યથાર્થ શુદ્ધ ન બને ત્યાં સુધી રસ્તે ભોમિયો જોઇએ. તેમ મોહ શાંત ન બને ત્યાં સુધી ગુરૂ જોઇએ. માતા પિતા મોહમાં ફસાયેલા છે. ગુરૂ મોહથી મુક્ત છે અને મુક્ત કરાવે છે તેથી માતા પિતા કરતાં ગુરૂ પ્રત્યે બહુમાન વિશેષ જાગે. **માતા**

**પિતા કરતાં ગુરૂને અધિક માનનારા જ ગુરૂની સેવા કરી શકે છે.**

**પોતાની ઇચ્છા મુજબ વર્તવું એનું નામ જ મોહ છે.** મોહનીયાદિ કર્મો વિશિષ્ટ રીતે ઓછાં થયા વિના ધર્મથી યોગ્યતા પ્રગટ થતી નથી. અને એ મોહને કાઢવા માટે જ ગુરૂ બનાવવાના છે. ગુરૂ પ્રત્યે વિનય-બહુમાનનો ભાવ હોવો જોઇએ. તો જ તેમની કૃપા ઝીલવાની પાત્રતા કેળવાય તો મોહ ઓછો થાય. વિનયથી જ વિકાસ થાય છે. વિનયથી જ ધર્મની શરૂઆત થાય છે. વિનય-નમ્રતા ન હોય તો ગુરૂ કે પરમેષ્ઠીઓ કાંઇ ન કરી શકે માટે નવકારમાં સૌ પ્રથમ વિનય પદ અર્થાત્ નમો પદ છે.

નમસ્કાર ચૌદ પૂર્વનો સાર છે. ચૌદ પૂર્વનો ઉદ્ધાર છે. બધા ગુણોને મેળવવાની ચાવી નમસ્કારમાં છે. વિનયમાં છે. વિનયથી બધા ગુણો ખેંચાઇને આવે છે.

નવકારનું મૂળ નામ પંચમંગલ મહાશ્રુતસ્કંધ છે. 'નવકાર' એ તો એનું લાડીલું નામે છે. 'નમ્રતા ભાવ' એ તેનો અર્થ છે. નવકારના સંપૂર્ણ અર્થને ખોલવા માટે તો દ્વાદશાંગી પણ ઓછી પડે છે. 'નમો' બોલવું એ નમસ્કાર વાચક નમસ્કાર છે. દ્રવ્યથી = કાયિક નમસ્કાર 'ઇચ્છામિ' છે. અંતરના ભાવ ઝુકાવવા-સર્વસમર્પણ ભાવ તે ભાવ નમસ્કાર છે. **જગતના ઉત્તમ પદાર્થોનું બીજ નવકાર છે.**

**દરેક સૂત્રમાં નવકાર વ્યાપક છે.**

સમભાવ રૂપ સામાયિકને જીવનમાં સાચું લાવવું હશે તો નમસ્કારને યોગ્ય વિનય કરવો પડશે. તેમને નમસ્કાર કરવો જોઇએ. વિનય અને નમસ્કારથી જ્ઞાન આવે. **વિનયપૂર્વક આવેલું જ્ઞાન જ કલ્યાણકારી થાય. સ્વપર કલ્યાણ માટે જ્ઞાન ભણવાનું છે.**

ઇચ્છકારમાં ગુરૂને વિધિપૂર્વક વંદના છે. અહીં સમર્પણ કે શરણાગત સંબંધ છે.

ઇરિયાવહિયામાં જગતના જીવો સાથે આપણે સંબંધ જોડવો પડશે.

જગતના સર્વ જીવો પ્રત્યે આપણે સ-જાતિ સંબંધ છે તે સમજવું પડશે.

પહેલાં જીવો સાથે સામાન્ય સંબંધ થાય તો જ તેમાંથી વિશેષ સંબંધ થાય છે. બધા જ જીવો જીવત્વની દૃષ્ટિએ સમાન છે. શુદ્ધસાધ્ય સ્વરૂપે બધા જીવોની એક જ જાતિ છે. આમ સમાન જાતિની અપેક્ષાએ બધા જીવો સાથે બંધુત્વ સંબંધ છે.

જગતના સર્વ જીવોને જીવવાનો અધિકાર છે. તેમની થયેલી વિરાધના-આશાતનાની માફી - ક્ષમા માંગવાની છે. **ક્ષમા માંગતી વખતે આપણે નાના બનવાનું છે. જીવોને મા-બાપ તુલ્ય માનીને "હે મા-બાપ મને ક્ષમા આપો", એ ભાવ રાખવાનો છે.** વિનય-નમ્રતા હોય તો જ આ બધું થાય. તે નવકાર શીખવાડે છે.

મનની એકાગ્રતાપૂર્વક નમસ્કાર કરવો તે માનસિક નમસ્કાર છે.

ભગવાન સાથે એકમેક થવાની આ ઊંચી પ્રક્રિયા છે.

**નમો અરિહંતાણંની અર્થ-ભાવના એ જ જગચિંતામણિ ચૈત્યવંદન છે.**

અરિહંતો આપણા કેટલા મોટામાં મોટા ઉપકારી છે તેનું વિસ્તારથી વર્ણન સમજાવવા માટે જગ ચિંતામણિ સૂત્ર છે.

ઉત્તમ કોટીનો આરાધક આગળ વધતો જાય તેમ તેમ પૂર્વની ભૂમિકાને પુષ્ટ કરતો જાય છે. દરેક સૂત્રોમાં નવકાર એક જ છે. બાકી સૂત્રોના શબ્દોથી ફેરફાર ગણધરોના વખતથી હોય છે.

**આવશ્યક સૂત્રો એ ગણધરોએ બનાવેલાં છે. અને તેઓ પણ તેનું આચરણ કરીને આરાધના કરતા હતા તે જ સૂત્રો આપણા હાથમાં આવ્યાં છે** પણ આપણે તેમની શક્તિ-પ્રભાવને જાણતા નથી. શ્રદ્ધા નથી માટે સૂત્ર-રૂપી રત્નની કિંમત આંકી શકતા નથી. યોગ્ય વ્યક્તિને મળેલી વસ્તુ જ કિંમતી બની શકે છે. રત્ન ભરવાડના હાથમાં હતું ત્યાં સુધી કાચનો કટકો હતો. અને એ જ રત્ન શેઠનાં હાથમાં આવ્યું ત્યાર પછી ચિંતામણિ રત્ન બની જાય છે. સૂત્રો તો ચિંતામણિ રત્ન જેવાં છે. પરંતુ આપણે તે સૂત્રોને કેવી બુદ્ધિથી સ્વીકાર્યા છે અને ઉપયોગ શું કરીએ

છીએ એ મહત્ત્વનું છે.

**વસ્તુ એક જ છે. દૃષ્ટિ જુદી છે. અજ્ઞાની ગૃહસ્થને અશાતાનો ઉદય થાય તો દુઃખી થાય. પરિણતિ ડહોળાય પરંતુ મુનિને અશાતાનો ઉદય થાય તો તેનું દુઃખ લાગે જ નહિ કારણ કે મુનિ પાસે જ્ઞાનદૃષ્ટિ છે. પોતાનું કરજ ચૂકવવાનું છે તેવું માને છે. શુભપરિણતિમાં સ્થિર રહે છે.**

- પોતાની ઇચ્છા મુજબ વર્તવું એનું નામ જ મોહ છે.
- વિનયપૂર્વક આવેલું જ્ઞાન જ કલ્યાણકારી છે.
- મોક્ષ ન મળે ત્યાં સુધી સુખ શાંતિ અને સમાધિ પ્રભુશાસનની આરાધનાથી જ મળશે.
- મોક્ષ સુખનો આંશિક અનુભવ એટલે સમ્યકત્વ.
- પુણ્ય હોય તો જ ગુણવાન અધ્યાત્મી સાથે સંબંધની ઇચ્છા થાય.
- જગતના ઉત્તમ પદાર્થોનું બીજ શ્રી નવકાર છે.
- ક્ષમા માંગતી વખતે નાના બનવાનું છે.

# વાચના - ૬

અનાદિકાળથી ચાલતા ભવભ્રમણને ટાળવાનો માર્ગ પ્રભુએ બતાવ્યો છે. **જીવો સાથેનો મૈત્રીભાવ તે મોક્ષમાર્ગનો પ્રારંભ છે.**

મૈત્રી ભાવ એટલે?

**''પરહિત ચિન્તા મૈત્રી'' બીજા જીવોની નિઃસ્વાર્થ ભાવે હિતની ચિંતા કરવી તે મૈત્રીભાવ છે.**

જ્યાં સુધી જીવનમાં કષાય છે, યોગની પ્રવૃત્તિ છે ત્યાં સુધી આપણે સામેના જીવનું સંપૂર્ણ હિત કરી શકતા નથી. માટે જ યોગોની સ્થિરતા કરવાની છે. તે માટે સંયમવ્રતો છે. **કોઇનું અહિત ન કરવાનો સંકલ્પ કર્યો એટલે આપણે સામાનું હિત કરી જ રહ્યા છીએ.**

જીવને અભય આપવાથી જ જીવનું હિત થાય છે. સંયમ-વિરતિ એ છ-કાયના જીવોને અભયદાન આપવાનો એક રાજમાર્ગ છે. આપણા સંયમના પાલનથી જીવોની અહિંસા થઇ જ રહી છે. **પૂર્ણ અહિંસાનું પાલન તો સિદ્ધ અવસ્થામાં જ થઇ શકે છે.એ પૂર્ણ અહિંસાના માધ્યમે સિદ્ધના જીવો છ એ કાયના જીવો ઉપર ઉપકાર કરે છે.** ભલે આપણને સમજ ન હોય પણ આપણે એકેન્દ્રિયમાં હતા ત્યાં પણ સિદ્ધના જીવો ઉપકાર વર્ષા કરતા હતા.

આપણે બાળક હતા ત્યારે બાળપણામાં માતાના શું શું ઉપકારો છે તેની આપણને ખબર નથી હોતી, પણ આજે મોટા થયા પછી માનીએ છીએ. તેમ આપણને એકેન્દ્રિદય આદિમાં હતા ને વખતે અરિહંત સિદ્ધ ભગવંતના ઉપકારોની

આપણને ખબર ન હતી, પણ તેમના ઉપકારો તો ચાલુ જ હતા. આપણે ત્યાં અકામ નિર્જરા કરી, કષ્ટ સહન કર્યાં તે પણ ભગવાનના અનંતજ્ઞાનની અપેક્ષાએ ભગવાનની આજ્ઞાનું પાલન કરેલું જ છે. એ અપેક્ષાએ અચરમાવર્ત કાળ પણ આપણા માટે ઉપકારી છે.

આપણને ચરમાવર્ત કાળમાં લાવનાર અચરમાવર્ત કાળ છે. ચરમાવર્ત કાળ પહેલાંનો અરિહંત ભગવંતોનો ઉપકાર અવ્યક્ત હતો. હવેનો ઉપકાર વ્યક્ત છે. વ્યક્ત ઉપકાર હોવા છતાં પણ અરિહંતનો ઉપકાર જોઈએ તેવો મનાતો નથી. કેમ કે કૃતજ્ઞતા વગેરે ગુણોનો વિકાસ આપણામાં હજુ બરાબર થયો નથી. **જેનામાં કૃતજ્ઞતા હોય તે જ બીજાના ઉપકારને જાણે છે અને માને છે.**

**પરમાત્માની અનંત કરુણાને ઓળખી પ્રભુની ઉપકારવૃત્તિ જાણે તે જ કૃતજ્ઞ બની શકે છે. આ ગુણ સૌથી મહત્ત્વનો છે. કૃતજ્ઞ ગુણ આવ્યા વિના બીજા ગુણો આવતા જ નથી. આ ગુણવાળો આત્મા હંમેશાં નમ્ર જ હોય. નમ્રતા હોય ત્યાં વિનય હોય જ. જિનશાસનનો સાર નમ્રતા છે, વિનય છે. માટે જ જ્ઞાનીઓએ નવકારમાં ''નમો'' પદને પહેલાં અને અરિહંતોને પછી મૂક્યા છે.**

**નમ્રતામાં બધા યોગોનો, બધા ગુણોનો બધા ધર્મોનો સમાવેશ થાય છે. ''નમો'' એ ગુણ કહેવાય છે. ''નમો'' શબ્દે અનંતા આત્માઓને અરિહંત બનાવ્યા છે. માટે જ તીર્થંકરો સમવસરણમાં બેસતાં પહેલાં ''ણમો'' શબ્દ બોલી પછી ''તિત્થસ્સ'' શબ્દ બોલે છે. ણમો બોલનાર બધાને ગમે છે. ણમોને સમજનાર જ ભગવાનનો સેવક બની શકે છે.**

**ભગવાનનો સેવક બનનાર તેમની સઘળી સંપત્તિનો વારસદાર બની જાય છે.**

નમસ્કાર કરવો એટલે...

કાયાથી મસ્તક નમાવવું તે કાયિક નમસ્કાર છે.

વચનથી સ્તુતિ કરવી તે વાચિક નમસ્કાર છે.

મનથી ભગવાન ઉપર અહોભાવ-પૂજ્યભાવ રાખવો એ માનસિક નમસ્કાર છે.

તે ત્રણે આપણા દ્રવ્ય નમસ્કાર છે. તેમાં ભાવ લાવવો હોય તો તેમની આજ્ઞાનું પાલન જરૂરી છે. તેમની આજ્ઞાનું પાલન એ જ ભાવ નમસ્કાર છે. **એકાગ્રતાપૂર્વક ક્રિયા કરવી અને જીવોનું રક્ષણ કરવું એનાથી ભાવ નમસ્કાર આવે છે. ભાવ નમસ્કારના અધિકારીને પ્રભુની આજ્ઞાનું પાલન ન થઇ શકે તે મોટું દુઃખ હોય છે.**

**જગતમાં અવિરત સમ્યગ્ દૃષ્ટિને સૌથી વધારે દુઃખ છે. તેનું કારણ એ છે કે તેઓ જાણે છે અને પાલન નથી કરી શકતા. "જીવન જીવવા માટે કેટલા જીવોની વિરાધના?" એ ભાવ એને છે. જીવોનાં દુઃખોને પોતાનાં દુઃખો માને છે.**

**ઘરવાળાને મારા માન્યા છે તેથી તેમનું દુઃખ આપણામાં સંક્રમિત થઇ જાય છે. તે જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ જગતના જીવોને પોતાના માને છે. માટે જ તેમના દુઃખે દુઃખી બને છે. તેમને જે ભાવ અનુકંપા હોય છે એવી અનુકંપા આપણામાં આવવી જોઇએ. જગતના જીવોના દુઃખને દૂર કરવાનો ઉપાય વિરતિ છે.** અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ જીવોમાં વિરતિ નથી હોતી. તેનું તેમને ભારોભાર દુઃખ છે. ચાલતાં ચાલતાં અજાણતાથી પણ જીવોની ઉપર જ્યારે આપણો પગ પડે છે ત્યારે તેમને આર્ત્ત-રૌદ્ર ધ્યાન થાય છે. તે વખતે તેમના ભાવપ્રાણો નાશ પામે છે. જો આપણે એમનું રક્ષણ કરીએ તો તેના ઇનામ તરીકે આપણને મુક્તિ મળશે. **ભગવાનની બધી દેશનાનો ઉપદેશ જીવરક્ષા છે.** દશવૈકાલિક આગમના પ્રારંભમાં જ ધર્મના ત્રણ પ્રકાર બતાવ્યા છે : અહિંસા, સંયમ અને તપ. તેમાં સૌથી પહેલાં અહિંસા બતાવી છે. જગતના જીવોને પોતાની સમાન જોયા પછી જ સંયમ-તપ સાચો આવશે.

**જગતના જીવો સાથે મિત્રતા તુલ્યનો વર્તાવ તે તો સામાન્ય ભૂમિકા છે. પણ આગળ આત્માતુલ્ય માનવાના છે. એનાથી આગળ વધીને જગતના જીવોને પરમાત્મતુલ્ય માનવા જોઇએ. એ મૈત્રી ભાવની પરાકાષ્ઠા છે.**

આપણો મોટો શત્રુ આપણા દુષ્ટ વિચારો છે. મોહ, ભય, મમત્વ, સ્વાર્થ ભાવના વિચારો જીવને જીવ તરીકે પણ માનવા દેતા નથી. તો મિત્રભાવ કે આત્મતુલ્યનો ભાવ તો ક્યાંથી આવવા દે? માટે જ એ દુષ્ટ વિચારોને સૌ પ્રથમ કાઢવા જોઇએ. જીવની પીડા એ પોતાની પીડા માનવી જોઇએ. એકબીજા જીવને એકબીજા જીવ સાથે અનાદિકાળથી સંબંધ છે જે આપણે ભૂલી ગયા છીએ. તે યાદ આવે તો જગતના જીવોની પીડાની સંવેદના થાય. તેના કારણે જીવોની વિરાધનાથી અટકવાની વૃત્તિ-ભાવ આવે. આમ, ત્રસજીવો પ્રત્યે આ ભાવ આવે તો દેશવિરતિ અને છએ કાયના જીવો ઉપર આ ભાવ આવે તો સર્વવિરતિ આવી કહેવાય.

**જીવ દેખાય એટલે શિવ દેખાવો જોઇએ. આ સમ્યગ્દર્શનની ભૂમિકા છે.**

**અરિહંતો જગતના જીવો ઉપર ઉપકાર કરે છે તેને તેઓ ઉપકાર નહિ પણ 'ઋણમુક્તિ' માને છે. 'મને અરિહંત બનાવનાર જગતના સર્વ જીવો છે.' મારી શુભ ભાવનામાં એકાદ જીવને પણ બાદ કર્યો હોત તો 'અરિહંત' ન જ બની શકત.** સર્વ જીવોનું મારી ઉપર ઋણ છે તેવું માને છે. આપણી માન્યતા અને શ્રદ્ધા કેવી? અરિહંતની ભક્તિથી અરિહંત બનીશું એમ આપણી શ્રદ્ધા હોવી જોઇએ. શ્રદ્ધાપૂર્વકના ચૈત્યવંદનથી વિશુદ્ધ ભાવ આવે છે. અરિહંતની ભક્તિને જો ભાવ અનુષ્ઠાન બનાવવું હોય તો નમસ્કાર ભાવ આવવો જોઇએ. તે માટે તચ્ચિત, તન્મન, તદ્ લેશ્યા વગેરે છ ભૂમિકા જણાવી છે. અધિકારીને આ ચૈત્યવંદન શીઘ્રતાથી ફળે છે અને તેના અધિકારીની આરાધનાથી બીજાને પણ લાભ થાય છે. જેનું જીવન જ નિયમમય, આરાધનામય હોય, તેની અસર બીજા જીવો ઉપર પણ પડે છે. તે માટે (૧) લોકપ્રિયતા જોઇએ (૨) અનિંદ્ય આચરણા જોઇએ, (૩) વિકટ સ્થિતિમાં... ધૈર્યતા જોઇએ. (૪) શક્તિ અનુસાર દાન વગેરે કરે (૫) દીર્ઘદૃષ્ટિથી લક્ષ નક્કી કરે. આમ આરાધક પોતાનું જીવન બીજાને અસર થાય તેવું બનાવે. **બીજાના ગુણો જોઇને એની પ્રશંસા થવી જોઇએ. આ આરાધકભાવ છે. આ ભૂમિકાએ આરાધના તુર્ત ફળે છે. ખાવાથી જેમ ભૂખ ભાંગે છે, તેમ**

**ચિત્તની પ્રસન્નતાપૂર્વક જે ક્ષણે નમસ્કાર કરવામાં આવે, તેનું ફળ તેને તે જ વખતે ફળે (મળે) છે.**

જ્યાં સુધી નમસ્કાર અંદર હોય ત્યાં સુધી સ્વાર્થ ભાવનાનો અભાવ અને પ્રસંગને મૂલવવાની દૃષ્ટિ હોવાથી આર્ત્તધ્યાન થતું નથી, પીડા થતી નથી, ચારે પ્રકારના આર્તધ્યાનનો નાશ થાય છે. રૌદ્રધ્યાન પણ બીજાના હિતની ચિંતા કરવાથી જાય છે. આમ, આર્ત-રૌદ્ર ધ્યાન જવાથી ભવક્ષયની ભૂમિકા પ્રાપ્ત થાય છે. અને ભવક્ષય ન થાય ત્યાં સુધી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. હલુકર્મી આત્માને જ આ વાતો ગમે છે. જેનો સંસાર લાંબો હોય તેને તીર્થંકરના સમવસરણમાં પણ આવવું ગમતું નથી. કદાચ આવી જાય તો પણ પ્રભુની વાણી ગળે ન ઊતરે અને પોતાના મનમાન્યા વિચારોને પુષ્ટ કરવા પ્રભુની વાણીનો ઉપયોગ કરે. **અભવ્યનો જીવ અપ્કાયમાં જાય તો ભગવાનના અભિષેકમાં કે પૂજામાં પણ આવે નહિ. કદાચ પથ્થર બને તો પણ મંદિરમાં તે પથ્થર તરીકે પણ ન આવે.** કદાચ આરસ બને તો કોઈના પાયખાનામાં જાય. ઘરમાં જાય રાજમહેલમાં જાય પરંતુ દેરાસરમાં ન જ વપરાય.

નામ, સ્થાપના, દ્રવ્ય એ ત્રણેય ભાવનાં કારણ છે. વર્તમાનમાં ભગવાનની ઓળખાણ માત્ર મંત્ર અને મૂર્તિ દ્વારા જ થવાની છે. જિનપ્રતિમા એ પ્રભુનો મૂર્તિમય દેહ છે. ''નમો અરિહંતાણં'' એ ભગવાનનો મંત્રમય દેહ છે. **પ્રતિષ્ઠા વખતે આચાર્ય ભગવંતો જિન પ્રતિમામાં ભાવપ્રાણની સ્થાપના કરે છે. તે સમયે કેવળજ્ઞાનનું અંજન કરવામાં આવે છે. માટે જ ધ્યાન દ્વારા પરમાત્મા સાથે જેણે અભેદ કરેલો હોય તેના જ હાથે અંજન કરાવવાની વિધિ છે.** ગમે **તેના હાથે અંજનવિધિ ન થાય.** જિનશાસનનો સાર અને ચૌદપૂર્વનો સંક્ષિપ્ત ઉદ્ધાર નવકાર છે. સામાયિકનું અંગ નવકાર છે. નવકાર સમાધિ-સમભાવ આપે છે.

નવકાર એ જ્ઞાનની સાધના છે.

સામાયિક એ ચારિત્રની સાધના છે.

નમસ્કાર કરવાથી શ્રદ્ધા અને જ્ઞાન પ્રગટ થાય છે.

નવપદ અને નવકાર બંને અર્થથી એક જ છે.

નવકારમાં "એસો પંચ નમુક્કારો"

નવપદમાં નમો દંસણસ્સ અને નમો નાણસ્સ - આ બે પદો ઉપરના પદમાં આવી જાય છે.

નવપદમાં - નમો ચારિતસ્સનું જે ફળ છે તેનો જ અર્થ "સવ્વ પાવપ્પણાસણો" છે.

નવપદમાં નમો તવસ્સ પદ એ મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઇ મંગલં નું સ્વરૂપ છે. તપ એ શ્રેષ્ઠ-પ્રથમ મંગલ છે.

માટે જ સર્વ મંગળમાં પ્રથમ આવેલું છે. એટલે અર્થથી નવપદો નવકારમાં આવી જાય છે. ગુણીમાં ગુણ રહે, ધર્મીમાં ધર્મ રહે. નવપદનો જાપ કરો કે નવકારનો જાપ કરો બંને એક જ છે.

"નમુત્થુણં અરિહંતાણં" માં દ્રવ્ય અને ભાવ અરિહંતની સ્તવના કરેલી છે.

"લોગસ્સ"માં નામસ્તવની આરાધના છે. અરિહંતની જ આરાધના છે.

**નવકારની અર્થ ભાવના જ નવપદ છે.**

**ચૈત્યવંદનથી શુભ ભાવ આવે છે, શુભ ભાવથી કર્મનો ક્ષય થાય છે, વિશુદ્ધ ભાવ લાવવા માટે જ્ઞાનની જરૂર છે. જેમ જેમ ભાવ સમજાય તેમ તેમ આનંદ આવે. ચૈત્યવંદન કરતી વખતે અપૂર્વ આનંદ લાવવો. "મારા જેવા પાપીને આજે ચૈત્યવંદન કરવાનો અવસર મળ્યો!" એમ વારંવાર ભાવ લાવવો તે ભાવના સંસ્કાર જામ થતાં સાહજિક ભાવ આવે.**

દહેરાસરમાં જતાં અન્ય વ્યવહારનો-કર્તવ્યનો ત્યાગ કરવો. ત્યાગ કરવાથી તે બધાં સાથેનો ઉપયોગ છૂટે છે. તેથી સહજ રીતે પરમાત્મા સાથે ઉપયોગ જોડાય છે. પૂ. ઉપાધ્યાય મ. ભક્તિ કરતાં કરતાં ભગવાનમાં એકાકાર થઇ જતા.

૧. ભગવાન મારી સામે આવીને ઊભા રહ્યા છે.

૨. ભગવાન મને બોલાવી રહ્યા છે.

૩. ભગવાન વાત કરતાં કરતાં હૃદયમંદિરમાં મારી સાથે એકમેક થઇ ગયા છે. આવું પૂ. ઉપા. યશોવિજયજી મહારાજે ૪૦૦ વર્ષ પહેલાં પોતાના અનુભવમાં લખ્યું છે.

તેમનો ઉપયોગ ભગવાનમાં સ્થિર થતો, બીજે ક્યાંય ન જાય જ્યારે આપણો ઉપયોગ બધામાં તરત જ એકાકાર થઇ જાય પણ અરિહંતોમાં થતો નથી. **સતી સ્ત્રી જેમ જીવનભર બે પતિ ન કરે તેમ આપણે આપણો ઉપયોગ બેમાં ન જવા દેવો જોઇએ.**

**સાધુ-સાધ્વીજી ભગવાનનાં દર્શનને ભૂલી જાય તો તેમને બે ઉપવાસનો દંડ આવે છે.** તેવી રીતે આપણાથી ભગવાનને ભુલાય જ નહીં, એકવાર તો દર્શન કરવાં જ જોઇએ. **ભાવ આવે કે ન આવે પણ રોજની ધર્મક્રિયા છે તે ચાલુ જ રાખવી તેનાથી જ ગુણની વૃદ્ધિ થવાની છે.**

**એકદમ વિશુદ્ધ ભાવ છે તેનો કાળ બહુ ટૂંકો છે.** દૃષ્ટાંતમાં વિશુદ્ધભાવ જવના (દાણા) જેવો છે. જેમ જવ આગળથી પાતળો પછી જાડો પછી છેલ્લે પાતળો હોય છે તેમ.

શરૂઆતમાં નાનો (ઓછો) ભાવ આવે, વચમાં મજબૂત ભાવ થાય, પછી પાછા ભાવ ઘટી જાય છે. આપણા તો ભાવો પણ પુદગલલક્ષી અને સ્વાર્થમયી હોય છે. આપણને સંસારમાં બીજાને આપણા જેવા બનાવવાનો ભાવ આવે છે. પણ ધર્મમાં આવો ભાવ આવે છે?

દહેરાસરમાં દર્શન કરવાથી અઢાર પાપસ્થાનો નાશ પામે છે. ત્યાં આવીને કોઇ અશુભ વિચારો કરતું જ નથી તેથી ત્યાંના વાતાવરણમાં શુદ્ધ પુદ્‌ગલો છે. અહીં ઉત્તમ દ્રવ્યને ભગવાનની પૂજામાં જોડવાથી **વિશેષશુદ્ધ ભાવ** આવે છે. **સૂરિપુંગવ શ્રી હરિભદ્રસૂરિ મ. કહે છે - પ્રવરૈઃ સાધનૈર્જાયતે પ્રવરોભાવઃ અર્થાત્ જેટલાં સાધનો ઉત્તમ તેટલા પ્રકૃષ્ટ શુભભાવ પ્રગટ થાય.** ભાવને ચાર્જ કરવા માટે શ્રાવકોને પ્રથમ દ્રવ્ય દ્વારા પૂજા છે. દ્રવ્ય પૂજા થયા પછીથી ભૂમિ પૂંજીને જીવદયા પાળવી જોઇએ. ભક્તિમાં પણ જીવદયા પહેલી જોવી પછીથી વિધિપૂર્વક

ખમાસમણાં આપે. શ્રાવક પણ ખેસથી પૂંજીને પછી ચૈત્યવંદન કરે તે વખતે હર્ષનાં આંસુ આવે, ૩ ।। કરોડ રોમરાજી ખીલી ઊઠે. હૈયામાં ભાવ પ્રગટ કરે, તે માટે અહોભાવપૂર્વક વિચારે કે ''અતિ દુર્લભ એવા આ સંસારમાં અતિ દુર્લભ અને સાચા સુખનું મૂળ એવા ભગવાનના ચરણકમલને વંદન કરવાનો અવસર મળ્યો છે.'' ''મારા જેવા પુણ્યહીનને આ દર્શન મળ્યું.'' એવો અપૂર્વ આનંદ થવો જોઇએ. પોતાના ભાવો ભગવાનની સામે વ્યક્ત કરતાં ''નમુત્થુણં'' બોલે પછીથી અર્થનું સ્મરણ કરવું આમ આખા શક્રસ્તવનો પાઠ બોલે.

''નમુત્થુણં અરિહંતાણં'' એટલે ''અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.'' આમાં નમસ્કાર કરનાર પોતાની અશક્તિને જાહેર કરે છે, ભગવાનને પ્રાર્થના છે કે ''હે પ્રભુ! આપની કૃપાથી મારો જે આ નમસ્કાર છે તે ભાવ નમસ્કાર થાઓ.'' **આપની કૃપા અનુગ્રહથી જ મારો આત્મવિકાસ છે એ ભાવશ્રદ્ધા હોવી જોઇએ.**

**કૃપા, અનુગ્રહબુદ્ધિ અને અનુમોદના દ્વારા ધર્મનું બીજ પડ્યું હોય તો જ ભાવ નમસ્કાર થાય.**

જિનવાણીનું શ્રવણ કરતાં કરતાં જેણે ઉક્ત બીજ વાવેલું છે તેનો જ ભાવ નમસ્કાર થશે. નમસ્કારનો પ્રસંગ મળવો તે પણ દુર્લભ છે. નમુત્થુણંમાં જે નમસ્કાર થાય છે તે ઇચ્છાયોગપૂર્વકનો નમસ્કાર થાય છે.

દેશવિરતિ અને સર્વવિરતિના ધર્મની પ્રશંસા અનુમોદના નમુત્થુણંમાં થાય છે.

પૂ. હરિભદ્રસૂરિ મ. પણ જિનઆગમની અનુમોદના કરતા હતા. અનુમોદનાથી આત્મામાં બીજ પડે છે. (સત્પ્રશંસાદિઃ બીજં)

**''શ્રુતધર્મ એ જ જગતમાં ઇષ્ટ છે. મને સમ્યગ્ દૃષ્ટિ આપનાર છે, આત્મતત્ત્વ સમજાવનાર છે.''**

આપણે પૂર્વ ભવમાં આવાં બીજ વાવેલાં છે માટે જ આરાધના કરવાની તક મળી છે.

# વાચના - ૭

પરમતારક પરમાત્માના શાસનમાં નમસ્કાર-નમ્રતાની મહત્તા છે. કયા નમસ્કારની મહત્તા છે?

નમસ્કારના બે પ્રકાર

(૧) દ્રવ્ય નમસ્કાર, (૨) ભાવ નમસ્કાર.

દ્રવ્ય નમસ્કારમાંથી પૌદ્‌ગલિક ભાવ સ્વાર્થવૃત્તિ છૂટે અને ઉપયોગ ભળે તો *ભાવ નમસ્કાર બને. આ ભાવ નમસ્કાર તારક છે. મહત્ત્વનો છે.* સમ્યગ્દૃષ્ટિ-દેશવિરતિ-સર્વવિરતિના બધા જ નમસ્કાર એ ભાવનમસ્કાર થાય છે. છતાં જે ભાવથી નમસ્કાર કરે છે તેના કરતાં અધિક ઊંચો ભાવ લાવવનો હજુ બાકી છે. માટે તે વિશુદ્ધ વિશુદ્ધ ભાવ લાવવા માટે વારંવાર નમસ્કાર કરવાનો છે. પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરતાં કરતાં પોતાના આત્માને નમસ્કાર કરે છે. કારણ કે પંચ પરમેષ્ઠી તે આત્માનો જ પોઝ છે. આત્માની જ અવસ્થાઓ છે. **પંચ પરમેષ્ઠીના જાપ ધ્યાન સમયે ધ્યાતા પોતે જ (આપણે જ) આગમથી ભાવ પંચ પરમેષ્ઠી છે. માટે તેમાં કર્મક્ષય થાય છે.**

ભાવ નમસ્કારમાં પ્રભુની કૃપા-અનુગ્રહ માની પરમાત્મ તત્ત્વને અહોભાવથી નમસ્કાર કરે... તેથી આગળ જતાં... પોતાની જ શુદ્ધ સ્વરૂપ દશાને પરમાત્મદશા છે એ ભાવથી નમસ્કાર કરે, તેમાં અપેક્ષાએ પોતાના જ શુદ્ધ આત્માને નમસ્કાર થાય છે. આ બહુ ઊંચી ભૂમિકા છે. આમ તરતમતાએ ભાવ નમસ્કારના અનેક ભેદ છે. ભાવ નમસ્કાર પૂર્ણ બનાવે છે. પૂર્ણ બનવા માટે જ ભાવનમસ્કાર છે.

જે પૂર્ણ છે તેને આ ભાવ નમસ્કાર કરવાની જરૂર નથી.

**દ્રવ્ય અને ભાવનો સંકોચ પૂજામાં થાય છે. નમસ્કારમાં થાય છે.**

ગણધર ભગવંતોએ આગમરૂપી પુષ્પો વેરેલાં છે તેમાંથી પૂર્વના મહાપુરૂષોએ આગમરૂપી માળા ગૂંથીને પોતાના શિષ્યોને તે માળા પહેરાવી દીધી.

તીર્થને કરનારા છે માટે તીર્થંકર કહેવાય છે. તીર્થના અર્થ ત્રણ છે.

૧. ગણધરરૂપી તીર્થ

૨. દ્વાદશાંગી રૂપી તીર્થ

૩. ચતુર્વિધ સંઘરૂપી તીર્થ.

સંઘના બે મુખ્ય પ્રકાર (૧) સાધુ ધર્મ, (૨) શ્રાવક ધર્મ.

**તીર્થ વિના પણ સમ્યગ્ દર્શન થઈ શકે છે. નારકી દેવલોક આદિ તથા દ્વીપ સમુદ્રમાં તીર્થ વિના પણ સમ્યગ્ દર્શન થાય છે. પણ સર્વવિરતિના પરિણામ શાસનની હાજરી વિના થઈ શકતા નથી.**

**જેટલા શાસનના રસિક બને તેટલા વિશ્વના હિતચિંતક બને, અને જીવોના રક્ષક બને, શાસનના રસિકને મોક્ષનું સર્ટિફિકેટ મળી જાય છે. શાસનના રસિયા બને પછી જ ભગવાનની આજ્ઞાનું સાચું પાલન થઈ શકે.**

**જે જીવો ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે તે તેમની ભાવનાને સફળ બનાવે છે.**

**આપણને આપણા નામની પડી છે. પણ હું દીક્ષા નહીં લઉં અથવા શુદ્ધ સંયમ નહીં પાળું તો પ્રભુજીનું નામ કેવી રીતે ટકશે તેનો વિચાર કર્યો છે?**

છ જીવનિયકાયના રક્ષણ દ્વારા જ પ્રભુનું નામ આપણે ટકાવી શકીશું. રોજ છ જીવનિયકાયના જીવો પોકાર કરે છે કે અમને બચાવો... બચાવો પણ તમે તેમની ફરિયાદ સાંભળતા જ નથી. ભગવાનની આજ્ઞા પાળવાનું લક્ષ્ય હોય તો જ તે અવાજ સંભળાય. તીર્થંકર દેવના છ દીકરા છે, છની ઉપર સરખો જ ભાવ પ્રભુનો છે.

પરમાત્મા છ જીવ નિકાયના રક્ષક છે. છ જીવ નિકાયની રક્ષાનું જ ફળ

તીર્થંકર પદ છે. છ એ જીવનિકાયના સર્વ જીવોને કર્મમુક્ત કરી મોક્ષમાં લઇ જવાની ભાવના ભગવાને કરી છે. તેમાં આપણી પણ ચિંતા પ્રભુએ કરી છે.

બધાને 'મોક્ષમાં જવું છે' એ વિચાર તો બેઠેલો છે જ. પણ મોક્ષ કેવો છે? અને મોક્ષે ક્યારે જવું છે? તે વિચાર કર્યો જ નથી. અથવા તો હમણાં જ મોક્ષમાં જવું છે તે વિચાર કર્યો જ નથી.

આપણે જેટલું મોડું કરીએ છીએ તેટલું આપણે આપણું પોતનું અહિત કરીએ છીએ. છ જીવનિકાયની વિરાધના તે આપણું જ અહિત છે અને છ જીવનિકાયની રક્ષા વિના આપણને કોઇ પદ મળવાનું નથી. છએ જીવનિકાયને બચાવવાની ઇચ્છા હોવી જોઇએ.

એક શેઠને છ દીકરા હતા, કોઇક વખત છોકરાંઓની ભૂલ થઇ તેથી રાજાએ છએ દીકરાને ફાંસીનો હુકમ આપી દીધો. શેઠને ખબર પડી એટલે શેઠ બચાવવા માટે રાજાની પાસે ભેટણું લઇને જાય છે. શેઠ છ એ દીકરાના અભયની માંગણી કરે છે. પણ રાજા માનતો નથી. છેવટે ઘટતાં-ઘટતાં શેઠ એક દીકરાની માંગણી કરે છે. એકને બચાવવાની વિનંતી કરે છે. રાજાને કરૂણા આવે છે. તીર્થંકર દેવ છએ જીવનિકાયના પિતા છે તો હવે છમાંથી તમે કોને બચાવશો? જૈન દર્શન સિવાય કોઇ દર્શનકારો સ્થાવરમાં જીવ માનતા નથી, હવે વનસ્પતિ અને જળમાં જીવ છે તે બાબતે થોડું થોડું માને છે.

શેઠ છેવટે એક જીવને બચાવે છે. બાકીના પાંચે દીકરાને બચાવવાના પ્રયત્ન તો કરે જ છે.

અહીં શેઠ તે શ્રાવક છે, દીકરા તે છ જીવનિકાયના જીવો છે. શ્રાવક છએ જીવનિકાયના જીવોને બચાવવાની ભાવના રાખે છે. છેવટે ત્રસકાયની તો રક્ષા કરે જ. સાધુ છએ જીવનિકાયની રક્ષા કરે.

છ જીવનિકાયની રક્ષા દ્વારા પોતાના આત્માના કર્મબંધથી અટકાવાય છે. પરંપરાએ મોક્ષપ્રાપ્તિ થાય છે. જીવો તેમાં નિમિત્ત બને છે. પરમાત્માની કે પરમાત્માની આજ્ઞાની ઓળખ થઇ હોય તો છ જીવનિકાય ઓળખાય.

પરમાત્માની ભક્તિ પણ છ જીવનિકાયને ઓળખવા માટે છે. છ જીવનિકાયની ઓળખાણ પ્રતીતિ હોય તો જ રક્ષા થઇ શકે. ચૈત્યવંદનથી શુભ ભાવ થાય છે, તે ભાવ આપણા જ્ઞાન અને ઉલ્લાસ પ્રમાણે થાય છે.

"નમસ્કાર થાઓ" (નમુત્થુણં) એ ભાવ ઇચ્છાયોગનો નમસ્કાર છે.

ઇચ્છાયોગ એટલે શું?

**જેને સૂત્રનું જ્ઞાન છે, અર્થનું જ્ઞાન છે. તેના આધારે ક્રિયાશુદ્ધિનું લક્ષ્ય, ઇચ્છા છે પરંતુ પ્રમાદભાવથી વિકલ-અપૂર્ણ ધર્મયોગ થાય તે ઇચ્છાયોગ છે. ઉપધાન તપનો યોગ એટલે યમનિયમ વગેરે યોગનાં આઠ અંગની મહાન સાધના છે.** આ ઉપધાનમાં કોઇપણ આરાધના વિધિપૂર્વક કરવી. "કોઇપણ ધર્મમાં સમજાણપૂર્વક વિધિશુદ્ધિના સંપૂર્ણ લક્ષ્યપૂર્વક ક્રિયા થતી હોય છતાં સંપૂર્ણ વિધિ ન સચવાય અને અંશે અંશે થાય એને ઇચ્છાયોગ કહેવાય છે."

છઠ્ઠા પ્રમત્ત ગુણઠાણા સુધી ઇચ્છાયોગ હોય છે.

**શાસ્ત્રયોગ :**

**સંપૂર્ણ શાસ્ત્ર અનુસારે, તીવ્ર બોધપૂર્વક, અપ્રમત્ત ભાવે શ્રદ્ધાપૂર્વક યથાશક્તિ અનુષ્ઠાન થાય, અર્થાત્ સંપૂર્ણ વિધિ અનુસાર થાય તેને શાસ્ત્રયોગ કહેવાય છે. આ ભૂમિકાને અપ્રમત્ત દશા કહેવાય છે.**

**સામર્થ્ય યોગ :**

**શાસ્ત્રમાં જે સામાન્ય ઉપાય બતાવ્યા હોય તેના કરતાં પણ અધિક જેને આત્મ બળે અનુભવ થયો હોય અને તે પ્રમાણે શ્રેણીમાં આરૂઢ થવારૂપ આરાધના કરે તે સામર્થ્ય યોગ કહેવાય. તે અનુભવનો પ્રભાવ છે.**

ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગના વિશિષ્ટ આસેવનથી જ જીવ સામર્થ્યયોગમાં આરૂઢ થાય છે. તેના આનંદનું વર્ણન વચનાતીત હોય છે કારણ કે વચનથી જેટલું કહી શકાય તેટલું જ શાસ્ત્રમાં હોય છે.

આત્મામાં જે આનંદનો અનુભવ છે તેનું વર્ણન શાસ્ત્રમાં કરી શકાતું નથી. ઇચ્છાયોગ શાસ્ત્રયોગ અને સામર્થ્ય એ ત્રણે યોગોનો અધિકાર શાસ્ત્રમાં છે.

''નમુત્થુણં''માં બે વાર ''નમો'' આવે છે.

૧. ''નમુત્થુણં'' તે ઇચ્છાયોગ.

૨. ''નમો જિણાણં'' તે શાસ્ત્રયોગ અને

૩. સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં ઇક્કો વિ નમુક્કારો તે સામર્થ્યયોગનો નમસ્કાર છે.

ભગવાનને પુરિસુત્તમાણં કેમ કહ્યા?

ભગવાનના જેવું નિર્મળ સમ્યગ્દર્શન બીજા કોઇમાં હોતું જ નથી. તેથી વિશેષ એમનું અનાદિ સિદ્ધ અને સહજ તથાભવ્યત્વ છે. આ તથાભવ્યત્વના પ્રભાવે જ તીર્થંકરને ''હું બધાને શાસન રસિક બનાવું'' એ ભાવ હોય છે. આ તથાભવ્યત્વના કારણે જ તીર્થંકરનો જીવ નિગોદમાં હોય કે રત્નની ખાણમાં હોય તો પણ તે જુદો જ હોય છે.

પુરીસુત્તમાણં એટલે પુરુષોત્તમ-પુરુષોમાં ઉત્તમ.

પુરુષ શબ્દ પુર્+ઉષ્ (વસ)થી બનેલો છે.

પુર્ = શરીર, ઉષ-વસ = રહેવું. અર્થાત્ શરીરમાં રહેનાર.

સંસારી જીવમાત્રમાં પ્રભુનો જીવ ઉત્તમ છે. કેટલાક સહજસિદ્ધ ગુણોના કારણે પુરુષોત્તમ કહેવાય છે. તેમાં મુખ્યત્વે ૧૦ ગુણો છે.

૧. પરાર્થવ્યસનીતા, ૨. સ્વાર્થગૌણતા, ૩. ઉચિતવર્તન, ૪. અદીનભાવ, ૫. સફળ આરંભી, ૬. અદઢ કષાયી, ૭. કૃતજ્ઞતારત, ૮. અનુપહતચિત્ત, ૯. દેવગુરૂનું અત્યંત બહુમાન, ૧૦. ગંભીર આશયવાળા.

આ દશ ગુણો તીર્થંકરોમાં કોઇના પણ આપ્યા વિના સ્વાભાવિક હોય છે. માટે તેને પુરુષોત્તમ કહેવાય છે.

(૧) પરમાત્મા પરાર્થવ્યસની હોય છે. પરાર્થ વ્યસનીતા એટલે પરોપકારનું જેમને વ્યસન છે. વ્યસન એટલે લગની, પરમાત્માને બીજાનું કલ્યાણ-સારું કરવાની જ લગની હોય.

કર્ણને દાનનું વ્યસન હતું.

ઉદાયન મંત્રીના દીકરા આમ્રભદ્રને દાનનું વ્યસન હતું. (કુમારપાળના વખતમાં થયા તે) આમ્રભદ્રને સોનાથી ભરેલા ચાર કુંભ ભેટ મળ્યા. તે તેમણે બધાને દાનમાં આપી દીધા.

(૨) પરમાત્મા સ્વાર્થને ગૌણ કરે... તીર્થંકરનો જીવ ગૃહસ્થ જીવનમાં હોય તો પણ પહેલાં બીજાનું હિત કરે, સ્વાર્થ ન હોય તેમ નહીં પણ સ્વાર્થ ગૌણ હોય, પરોપકાર મુખ્ય હોય છે. **પરાર્થ છે એ જ સાચો સ્વાર્થ છે.** પરાર્થ વિના આત્મકલ્યાણ થતું જ નથી.

(૩) તીર્થંકરનો આત્મા ગમે ત્યાં હોય ત્યાં ઉચિત ક્રિયા કરે. તેમની તમામ પ્રવૃત્તિ ઔચિત્યપૂર્ણ હોય.

(૪) અદીન-પ્રભુનો આત્મા દીનતા ન કરે. હાયવોય કે ભયભીત થઇ કોઇની સામે આજીજી ન કરે.

(૫) સફળ આરંભી – જે કાર્ય શક્ય હોય તે જ હાથમાં લે, સફળ પ્રયત્ન કરનારા છે. દીર્ઘકાળનો વિચાર સહજ હોય છે.

(૬) અદઢ કષાયી – ક્રોધાદિ ગાઢ ન હોય, બદલો લેવાની ગાંઠ ન વાળે.

(૭) કૃતજ્ઞતારત – બીજાના નાના પણ ઉપકારને કદી ભૂલે નહીં. પ્રત્યુપકાર કરવામાં પાછા ન પડે.

(૮) અનુપહત ચિત્ત-ક્રિયાદિ કરતાં કરતાં કદી ક્યાંય મન ભેદ ન થાય. જે ઉત્સાહથી કાર્ય કરતા હોય તે છેલ્લે સુધી ટકે.

(૯) દેવગુરુ પ્રત્યે અત્યંત આદરયુક્ત હોય, બહુમાન ચૂકે નહીં.

(૧૦) ગંભીર આશયવાળા હોય – ગંભીર એટલે અતુચ્છ, ઊંડો આશય= અભિપ્રાય, વિચાર કોઇપણ પ્રસંગ કે વ્યક્તિ સંબંધી ઊંડાણથી વિચારે.

આ બધા ગુણો ભગવાનને તથાભવ્યત્વના પ્રભાવે અનાદિકાળથી નિગોદમાં પણ અવ્યક્તભાવે હોવા છતાં 'आकालमेते' તીર્થંકર નામકર્મ નિકાચના થતાં અર્થાત્ પ્રભુનો આત્મા જ્યારે મોક્ષ નજીક આવે ત્યારે આ બધા ગુણો પ્રગટ થાય છે. તેથી પરમાત્મા આપણને પરોપકારની પ્રધાનતા બતાવે છે. જીવદયા

બતાવે છે. દાનધર્મનો ઉપદેશ બતાવે છે. પોતે પાળે છે અને બીજાને પાળવાનું જણાવે છે.

પ્રભુના આ કાર્યને કેન્દ્રમાં રાખીને આપણી સ્વાર્થ ભાવના છોડવાની છે. આપણે જેટલું મળ્યું છે તેટલું બીજા અનેકને પણ મળે તેમ કરવામાં સહાય કરવી જોઈએ. તો જ તમે સાચા વફાદાર ગણાશો. બીજાના ઉપકારની વૃત્તિ હોવી જોઈએ. સ્વાર્થમાંથી પરોપકારમાં અને પરોપકારમાંથી પરાર્થમાં જવું તે સ્વભાવ દશા છે. જ્યારે આજે પુદ્ગલ અને સ્વાર્થભાવમાં જ આપણી વૃત્તિઓ બંધાઈ ગઈ છે. આ જ અધર્મ છે, વિભાવ દશા છે.

**''વત્થુ સહાવો ધમ્મો'' વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ છે. જગતમાં કોઈપણ વસ્તુ પોતાનો સ્વભાવ મૂકતી નથી.**

આત્મા પોતાના સ્વભાવમાં રહે તો તેને કર્મ બંધાતું નથી. આપણે સ્વભાવથી વિરૂદ્ધ છીએ તેથી આપણને દંડ મળે છે. આપણો સ્વભાવ ક્ષમા-મૈત્રીનો છે તેના વિરુદ્ધ કરીએ છીએ માટે કર્મ બંધાય છે અને ભોગવવાં પડે છે.

નિશ્ચયથી જીવે પોતાનો સ્વભાવ મૂક્યો નથી આપણા ઉપર કર્મનાં વાદળ આવ્યાં છે. તે આત્માના ગુણોનો નાશ નથી કરતાં, ગુણોને ઢાંકીને રાખે છે.

જીવ જેમ પદાર્થ છે તેમ કર્મ એ પણ જુદો પદાર્થ છે. કર્મનું કાર્ય આત્માના ગુણોને રોકવાનું કે દબાવવાનું છે. આત્મગુણોનો નાશ કરવાની શક્તિ કર્મમાં નથી.

આપણામાં આત્મગુણનો ખજાનો છે તેના ઉપર કર્મની ધૂળ આવી જાય છે. તે ધૂળને તપ-જપ દ્વારા દૂર કરવાની ક્રિયા કરશો તો પછી અંદરથી ખજાનો નીકળવાનો જ છે.

આત્મગુણોના ખજાનાને દબાવવાનું કામ કરે છે કર્મ. કર્મ વિભાવદશામાં ખેંચી જાય. ક્રોધ વગેરે વિભાવ દશા છે. ક્રોધ મોહનીય એ સ્વતંત્ર કર્મ છે, તેનું કામ ક્ષમાને દબાવવાનું છે. ક્રોધ પહેલાં શરીરને તપાવે છે પછી આત્માને તપાવે છે. કોઈ દરિદ્રી માણસ પૈસાના અભાવે ભૂખ્યો રહે તે બને પરંતુ ઘર નીચે ધન

દટાયેલું હોય છતાં ખબર ન હોય, કોઇ બતાવે છતાં માનવાની તૈયારી નહીં અને ભૂખે મર્યા કરે તેવી દયનીય સ્થિતિ આપણી છે. આપણી અંદર ખજાનો છે તેને આપણે ઓળખ્યો નથી. પ્રભુની વાણી આ ખજાનાને ઓળખાવે છતાં આપણે પ્રભુની વાણી સાંભળીએ તે મોહને ગમતું નથી. કેમ કે તેમાં તેની બધી પોલ ખુલ્લી પડી જાય છે. વાણી ન સાંભળીએ તે માટે અરૂચિ વગેરે ઘણાં વિઘ્નો મોકલે, છેવટે કાંઇ ન ચાલે તો નિદ્રા દેવીને મોકલે છે.

**જીવોને જિનશાસન મળ્યું છે છતાં કેમ દુઃખી છે?**

જિનશાસન મળવા છતાં તેમાં તેમને રસ નથી. તેની ઓળખાણ થતી નથી. પ્રભુની વાણી આપણને શાસનની ઓળખાણ કરાવે છે. આપણે વિચારવાની શક્તિ મળી છે તો તેનો ઉપયોગ શાસનની ઓળખાણ માટે કરવાનો છે. તે થતો નથી.

જે ક્રિયા કરીએ તેનો આનંદ અનુભવાવો જોઇએ અને જે ક્રિયા ન થઇ શકે તેનો ખેદ થવો જોઇએ. આપણને જે ક્રિયા ન કરીએ તેનો ખેદ થાય છે?

તીર્થંકરોમાં કોઇના આપ્યા વિના સ્વાભાવિક ગુણો હોય છે. માટે તેમને 'પુરુષોત્તમ' કહેવાય છે. નિગોદ અવસ્થામાં પણ આ ગુણો સત્તામાં હોય, પ્રગટ ન હોય. જેમ દૂધમાં ઘી તો હોય જ છે પણ અમુક પ્રક્રિયાથી પ્રગટ થાય છે. પ્રગટ ન થાય ત્યાં સુધી યોગ્યતા રૂપે ત્યાં જ રહ્યા છે. ભગવાને પોતાના ગુણોને પ્રગટ કરી જગતના જીવોના કલ્યાણ માટે શાસનની સ્થાપના કરી પણ આપણને શાસન ઉપર રસ નથી માટે આપણો મોક્ષ થયો નથી. જેનામાં સમ્યગ્દર્શન સમ્યગ્ જ્ઞાન હોય તે જ્યાં હોય ત્યાં પોતાના ત્રીજા ચારિત્ર રૂપી ભાઇને બોલાવે જ. આ પાંચમા આરામાં પ્રભુની વાણી મળી છે પરંતુ આનંદ-અહોભાવ નથી થતો.

જે શ્રાવકો દાનવીર હોય છે તેઓને જ્યારે દાનનું કાર્ય સામે આવે ત્યારે આનંદ વધી જાય છે. તેમ શાસ્ત્ર શ્રવણ વખતે આનંદ વધવો જોઇએ. **શાસ્ત્રના શ્રવણ વખતે પણ અરિહંતની જ ભક્તિ થાય છે. સાચા ભક્તથી ભગવાન**

**ક્યારેય જુદા પડતા નથી. શ્રદ્ધાળુ માણસો તો પાંચમા આરામાં પણ ભગવાનને અહીં જ માને છે અને ભક્તિ કરી આત્મકલ્યાણ સાધી જાય છે.** આપણને ભગવાન ઉપર શ્રદ્ધા કેટલી છે? તે શ્રદ્ધા જ તારક બને છે બાકી આપણી શ્રદ્ધા વિના ભગવાન પણ શું કરે?

સાક્ષાત્ ભગવાન દેશના આપે છે છતાં ગોશાળાને દુર્ગતિમાં જવું પડે છે!

ભલે આપણને સાક્ષાત્ ભગવાન નથી મળ્યા પણ ભગવાનની પ્રતિમા= આકાર તો મળ્યો જ છે. તેના આલંબને અનંત આત્મા કલ્યાણ સાધી ગયા છે.

પ્રભુની પ્રતિમાને ભગવાન નહીં માનનાર વર્ગ પૂજા છોડાવવા માટે અવળી વાતો કરે છે કે

''પથ્થરની ગાય દૂધ આપે ખરી?'' પથ્થરની ગાય દૂધ ન આપતી હોય તો પથ્થરની પ્રતિમા કેવી રીતે તારે? તેવું બતાવીને પૂજા છોડાવે છે પણ તેમને ખબર નથી કે-

આ સરખામણી જ ઉચિત નથી કારણ કે ગાય પોતાના શરીરની પ્રક્રિયા દ્વારા દૂધ આપે છે. જ્યારે પરમાત્મા તો સ્વયં ભક્તના જ અંતરમાં મોક્ષ પ્રગટ કરે છે. **શુભ અને શુદ્ધ ભાવો મોક્ષ અપાવે છે અને તે ભાવોને પ્રગટ કરવામાં પ્રભુની પ્રતિમા નિમિત્ત બને છે. કારણ કે સર્વ જીવોના કલ્યાણનો ભાવ તીર્થંકરોને હોય છે. આ તારકભાવ તેઓએ ગણધરોમાં મૂક્યો, ગણધરોએ આચાર્ય ભગવંતોમાં મૂક્યો અને આચાર્ય તે ભાવ પ્રતિમામાં સંક્રમિત કરે છે. આથી પ્રભુનાં દર્શન-પૂજા કરતાં તે ભાવના પ્રભાવે શુભ ભાવો હૈયામાં પ્રગટ થાય છે.** પોતાના પિતાનો ફોટો જોઈ પિતા યાદ આવે છે તેમ પ્રભુજીની પ્રતિમા જોઈ પરમાત્મા-આત્મા કેમ યાદ ન આવે? આ પ્રભુ દર્શનની રીત છે. બાકી ગોશાળાને તો ભગવાન પ્રત્યક્ષ મળ્યા હતા છતાં દુર્ગતિમાં ગયો. ગાયને પણ દો'તાં આવડે તે જ દૂધ આપે છે અન્યથા પગ કે શિંગડાં મારે.

**જિન અને જિન પ્રતિમા તારક ભાવથી એકરૂપ છે.** પ્રાણશક્તિ યુક્ત મૂર્તિને ભગવાન માનીને પૂજા કરનારા એટલે જ લાભ ઉઠાવે છે. ***વળી જિન અને***

**જિનઆગમ એ બંને પણ એક જ રૂપ છે.** પ્રતિમામાં આકાર છે, આગમમાં શબ્દ છે. આત્મશુદ્ધિ માટે બંનેનું આલંબન જરૂરી છે.

પહેલા માળે પહોંચનારે પહેલાં પગથિયાંનો ઉપયોગ કરવો જ પડશે. પછી ભલે છૂટી જાય. તેમ ઉપર ચઢતાં નીચેની આરાધના કરવી જ પડશે.

શબ્દ એટલે શાસ્ત્ર સમજવાનું છે. તેનાથી નિર્વિકલ્પ દશા પ્રગટ કરવાની છે.

આપણે આપણા જીવનમાં ભગવાનને ભૂલ્યા છીએ માટે તેમને પહેલાં બોલાવવા પડશે. તે માટે સ્વરૂપભાવ સદ્ભાવ અને સમર્પણભાવ કેળવવો પડશે.

ગોશાળાએ ભગવાનને ભગવાન ન માન્યા, પોતાને જ સર્વથા માની લીધા માટે પછી મારો આત્મા ભગવાન જેવો છે પણ કર્મથી દબાયેલો છે તે તો ક્યાંથી માને? માટે તેને ભગવાનથી કોઇ લાભ થયો નહીં. ભગવાન મળ્યા છતાં ભગવાન ન બની શક્યો.

**શાસ્ત્રની સાથે એકતા કરનાર પરમાત્માની સાથે એકતા કરે છે. છેલ્લે નિર્વિકલ્પ અવસ્થા આવે છે. નિર્વિકલ્પ દશા જ્યારે ન હોય ત્યારે મનને શાસ્ત્રમાં રાખવું જોઇએ. શાસ્ત્રના અધ્યયનથી શુદ્ધ આત્મતત્ત્વની સમજ આવે છે. તેનાથી સ્વાર્થ ઢીલો પડે છે.** આપણામાં સ્વાર્થનું વ્યસન છે, ભગવાનમાં પરાર્થનું વ્યસન છે. માટે જ્યાં જઇએ છીએ ત્યાં આપણને આપણા પૂરતું જ મળે છે, વધારે મળતું જ નથી. બુદ્ધિની તીક્ષ્ણતા ન હોય તેથી શાસ્ત્ર ન ભણી શકાતું હોય તો કરુણાલુ જ્ઞાની ભગવંતોએ તત્ત્વસભર અને સરળ રચનાઓ કરી છે. તે સમજીએ તો પણ કલ્યાણ થઇ શકે. **નવકાર એ જેમ પૂર્વધરો માટે રત્નની પેટી છે તેમ "ચેતન જ્ઞાન અજવાળીએ" એ સજ્ઝાય આપણા માટે રત્નની પેટી છે.** જ્ઞાન અજવાળવાનું છે. ઉજ્જવળ કરવાનું છે. આપણા ઉપર કેવળજ્ઞાનાવરણીય ઘાતીકર્મનાં ગાઢ વાદળાં આવી ગયાં છે. આપણે જ્ઞાનાવરણીયનો તંબુ બાંધ્યો છે માટે આપણું કેવળજ્ઞાન ઢંકાયેલું છે.

જેમ-જેમ પુરુષાર્થ કરીએ તેમ-તેમ આપણું જ્ઞાન ઉજ્જવળ બને છે.

જ્ઞાન એ રસાયણ છે-અમૃત છે. અમૃત સમુદ્રમાં ઉત્પન્ન થાય છે. જ્યારે આ જ્ઞાનામૃત વગર સમુદ્રે ઉત્પન્ન થયું છે. આ જ્ઞાન એ અમૃત છે કારણ કે જેને આ જ્ઞાન મળ્યું છે તે અમર બની ગયા છે. **જ્ઞાનધન જેની પાસે છે તે જ સાચો ધનિક છે. આપણે જો જ્ઞાન માટે મહેનત નહીં કરીએ તો અજ્ઞાન પુષ્ટ થવાનું જ છે.**

જેમ અંધારામાં સ્વીચ દબાવવાથી અજવાળું થાય છે તેમ આર્તધ્યાન થાય ત્યારે જ્ઞાનરૂપી સ્વીચ દબાવવાથી જ્ઞાન (ધર્મધ્યાન) આવે. એટલે મોહનો સંતાપ દૂર થાય છે. મોહ આવે એટલે સંતાપ ઉત્પન્ન થાય છે. ચિત્ત ડામાડોળ થાય છે. એ મોહનું લક્ષણ છે. ચિત્તની ચંચળતા આવે ત્યારે આત્માનું જ્ઞાન ભૂલી જવાય છે અને અસ્થિરતા, ટેન્શન, સંકલેશ વગેરે ભાવો થાય છે. આ બધી મોહદશા છે. શાસનની આરાધના અને પરમાત્માની ભક્તિથી મોહ પિગળે છે. મોહ પિગાળવો તે જ શાસનની આરાધના છે.

સોનુ આપણને વધારે પ્રિય છે. એના ઉપરનું મમત્વ ઘટાડવું હોય તો રોજ ભગવાનની સોનાનાં વરખની આંગી કરવી જોઇએ. સોનાનાં આભૂષણો ચઢાવવાં જોઇએ.

પ્રતિમાજી કાળથી શાશ્વત છે નંદીશ્વર વગેરે શાશ્વત તીર્થોમાં આવી પ્રતિમાઓ હોય છે. શાશ્વતી પ્રતિમાઓ ચોમુખજી હોય દરેક શાશ્વત ચૈત્યોમાં ઋષભ, ચંદ્રાનન, વર્ધમાન અને વારિષેણ ભગવાનની પ્રતિમાઓ હોય છે. આપણાં દેરાસરો તીર્થોમાં અશાશ્વતી પ્રતિમાઓ હોય છે. તે બંને પ્રતિમામાંથી પુદ્‌ગલો નીકળે જ જાય છે, નવા પુદ્‌ગલો અંદર આવે જ જાય છે. દેરાસરે દર્શન કરવા કે ગભારામાં પૂજા કરવા જાઓ એટલે પ્રતિમાજીમાંથી નીકળેલા શુભ પુદ્‌ગલ પરમાણુઓ આપણામાં આવે છે. ગુરુનાં દર્શન કરવાથી એમના પુદ્‌ગલ પરમાણુ આપણામાં આવે છે. માટે જ અવગ્રહની મર્યાદાઓ છે.

જિન પ્રતિમા આપણને પ્રશમ સુખ અનુભવવામાં નિમિત્ત છે **"પ્રશમરસનિમગ્નમ્"** પ્રભુ પ્રશમરસમાં નિમગ્ન છે. પ્રભુની પ્રતિમામાંથી

પ્રશમરસ નિરંતર ઝરે છે. જેમ ખરાબ ચિત્ર જોવાથી ભય ઉત્પન્ન થાય છે. તેમ પ્રભુની પ્રતિમાજી જોવાથી સમતા આવે છે. પ્રતિમાને જોવાથી આપણને પ્રશમરસ મળે છે.

સંસારની આર્ત્તધ્યાન રૂપ કારમી આગમાં પણ પ્રભુના કારણે શાંતિ-પ્રશમરસ મળે છે. પ્રભુનો આ ઉપકાર છે.

- પરમાત્માની ભક્તિ છ જીવનિકાયને ઓળખવા માટે છે.
- શાસનના રસીયા બને પછી જ ભગવાનની આજ્ઞાનું સાચું પાલન થઈ શકે.
- જીવો સાથેનો મૈત્રીભાવ તે મોક્ષમાર્ગનો પ્રારંભ છે.
- કૃતજ્ઞ ગુણ આવ્યા વિના બીજા ગુણો આવતા જ નથી.
- કૃપા, અનુગ્રહ બુદ્ધિ અને અનુમોદના દ્વારા ધર્મનું બીજ પડ્યું હોય તો જ ભાવ નમસ્કાર થાય.
- જિન, જિન પ્રતિમા અને જિન આગમ તારક ભાવથી એક રૂપ છે.

## વાચના - ૮

'પુરીસુત્તમાણં' નમુત્થુણં સૂત્રમાં ભગવાનને પુરુષોત્તમ કહ્યા છે અર્થાત્ સકલ સંસારી જીવોમાં ભગવાન ઉત્તમ છે.

ઉત્તમ કોણ?

**ઉપકાર કરે તે ઉત્તમ.**

જગતના જીવોને પવિત્ર બનાવવાનું કાર્ય અરિહંતના ચારે નિક્ષેપથી નિરંતર ચાલુ જ છે પરંતુ તે જોવાની દૃષ્ટિ હોય તો ઉપકાર દેખાય.

જગત દુઃખમય છે, સંસારમાં આપત્તિ અને વિપત્તિઓ આવ્યા જ કરે છે. આપણી પાસે દૃષ્ટિ હોય તો આપણને સમજાય કે આવેલી આપત્તિ આપણને ધર્મમાં સાવધાન બનાવવા માટે આવે છે. આ દૃષ્ટિ નવકારથી મળે છે. કારણ કે **નવકાર સર્વ શાસ્ત્રોનો સાર છે. મૂળ છે. નવકાર સિવાયનાં જેટલાં શાસ્ત્રો છે તે બધાં જ નવકારની અર્થ ભાવના છે, નવકારનો જ વિસ્તાર છે.**

નવકાર આપણને સમતાની શિખામણ આપે છે. કારણ કે તેમાં બધા સમતાવાળા છે. સામાયિકવાળા છે. નવકાર આપણને સામાયિક પ્રાપ્ત કરાવે છે. સમતાની પ્રેરણા આપે છે. સામાયિક-સૂત્ર સમતાનો અનુભવ કરાવે છે.

નવકાર સૂત્ર થિએરીકલ જ્ઞાન આપે છે. સામાયિક સૂત્ર પ્રેક્ટિકલ જ્ઞાન આપે છે.

**સામાયિક સૂત્ર મહાન છે, એનો અર્થ ગહન છે. તેને જાણવા માટે ગુરૂની ભક્તિ કરવી પડશે. ગુરૂ કૃપાથી જ અર્થ સમજાઇ શકે, સામાયિકમાં ચૌદે**

**રાજલોકના જીવોને અભયદાન અપાય છે.**

**જગતના જીવોને અભયદાન આપ્યા વિના કાર્યની સિદ્ધિ થતી જ નથી.**

**સંયમના પાલનથી જે આત્મવિશુદ્ધિપૂર્વકનું ધ્યાન થાય છે, તે જ સાચું ધ્યાન થાય છે. સામાયિક-સંયમ એ ક્રિયા છે. ક્રિયાઓ કર્યા વિના આત્માની વિશુદ્ધિ થતી જ નથી કે આવતી જ નથી, ઉપધાનમાં સતત ક્રિયા છે માટે જ ભાવ ઊંચો છે. ક્રિયાઓના સાતત્યથી મોહનીય કર્મ ધ્રૂજી ઊઠે છે. પરિણામે ઉપધાનમાં અશુભ વિચારો આવતા અટકી જાય છે.** કોઇ ભારે કર્મી હોય અથવા ક્રિયાઓમાં વેઠ હોય તો વાત જુદી છે બાકી નવકારનો જાપ અને ક્રિયાઓ આપણામાં નમ્રતા લાવે છે.

આજે ધર્મક્રિયાઓ વ્યવહાર પ્રધાન થઇ ગઇ છે તેથી ડહોળાઇ જાય છે. ૪૮ દિવસ સતત આરાધનામાં રહેવાના પ્રસંગે પણ વ્યવહારથી કોઇ મળવા આવે તો ગપાટા મારે અને કચરો ભરીને જાય... શુભ કે શુદ્ધ અનુબંધ થાય ક્યારે? ૨૪ કલાક ગુરુ નિશ્રા, શુભ ક્રિયાઓ અને પ્રભુવાણી સાંભળવાની છતાં અસર કેમ નથી થતી?

**જંબુસ્વામીએ સાક્ષાત્ ભગવાનની વાણી સાંભળી નથી છતાં પરંપરાએ સાંભળતાં વૈરાગ્ય થઇ ગયો, એ વાણીનો પ્રભાવ છે.**

ઉપધાનમાં કેવો સુંદર શુભ કાયયોગ છે! પોતાની આરાધના ક્રિયા તો કરે જ. બીજા આરાધકોની પણ પડિલેહણ વગેરે કરી સાથે સેવા વગેરે કરે તેથી કાયયોગ વધુ સમય સુધી શુભમાં રહે.

**બીજાનું કરનાર પોતાનું જ કરે છે. બીજાનું નહીં કરનાર પોતાનું કરતો જ નથી.**

**કાયાથી સેવા કરવાથી જીવ જ્યાં જાય ત્યાં આયુષ્ય લાંબું અને કાયા નીરોગી બને છે.**

કાયાના બળની સૌથી વધારે જરૂર છે. કાયાના બળથી શીલ-ચારિત્ર ઊંચું પળાય છે. વચન દ્વારા જેમ જેમ દાન કરો તેમ તેમ ભગવાનના જેવી અખૂટ

લબ્ધિ મળે છે. **આપવાથી સંપત્તિ અક્ષય બને છે. અખૂટ બને છે. આપવાથી કદી ખૂટતું જ નથી. નહીં આપવાથી મળતું જ નથી.**

**પ્રશ્ન** – તો પછી આપવાનું મન કેમ થતું નથી?

**ઉત્તર** – મળ્યા પછી કે થોડામાંથી થોડું પણ આપવાની ઇચ્છા ન થાય તો સમજવું કે **ઉદારતાને બદલે અંદર લોભદશા બેઠેલી છે માટે આપવાનું મન થતું નથી.** ગુણોને સાંભળવા છતાં એ ગુણો આપણામાં કેમ આવતા નથી? તેનું કારણ એ જ છે કે આપણા જીવે પૂર્વે એ દોષોને ખૂબ જ આવકાર આપેલો છે.

ઉદારતાપૂર્વક જે દાન કરે છે તે પોતાની રત્નત્રયી ઉજ્જવળ કરે છે. તેના નિમિત્તે અનેક જીવોને સમ્યગ્દર્શન પમાડે છે.

તીર્થંકરો કૃતજ્ઞતાના સ્વામી છે, કરેલા ઉપકારો કદી ભૂલે જ નહીં. અપકાર-નુકસાનીને યાદ રાખે નહીં. અપકાર કરનારને પણ ઉપકારી માને છે કારણ કે માણસ ગમે તેવો હોય તે આપણું નુકસાન કરતો જ નથી. આપણી અજ્ઞાનતાથી આપણને નુકસાન થાય છે. બાહ્ય નુકસાનના માધ્યમે આપણા કર્મો ખપાવે છે તેથી ઉપકારી છે. **અપકારીને ઉપકારી તરીકે જોવાથી આપણામાં સમતા આવે છે. સમતાને અને શ્રુતજ્ઞાનને સંબંધ છે. સમ્યગ્ જ્ઞાનને અને સામાયિકને સંબંધ છે.** ક્રિયા વિધિપૂર્વક કરવાથી આપણને પૂર્ણ ફળ મળે છે. શુદ્ધ ક્રિયા કરવાથી શરીરને કષ્ટ પડે છે પણ શારીરિક કષ્ટ તે રોગોને મટાડવાનું સાધન છે. કર્મરોગ પણ ટળે છે.

"ભગવાનનાં બતાવેલાં અનુષ્ઠાનો વિધિપૂર્વક કરતાં કરતાં બાહ્ય અને અભ્યંતર બંને રોગો જાય છે." એવી ભાવના ક્રિયા અનુષ્ઠાન કરતાં ભાવવી જોઇએ.

**કૃષ્ણ મહારાજાએ સાધુ ભગવંતોને વંદન કરવાથી ચાર નારકી નિવારી, ક્ષાયિકસમ સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું અને તીર્થંકર નામકર્મની પ્રાપ્તિ કરી.**

**ઉપધાનમાં ૧૦૦ ખમાસમણા આવે છે. બહુમાનપૂર્વક ખમાસમણા આપનાર પુણ્યાત્મા નીચગોત્રના ઉદયને અને સત્તાને ઘટાડે છે ઓછો કરે છે.**

**પછી દેવલોક અને માનવ જન્મ કરી વહેલામાં વહેલા મોક્ષ પ્રાપ્ત કરે છે. દેવ, ગુરુ અને ધર્મક્રિયાઓ પોતાના જીવન કરતાં, પ્રાણ કરતાં પણ અધિક વ્હાલાં લાગવાં જોઈએ.** દેવ અને ગુરૂ પ્રત્યે અંતરથી બહુમાન કરવું 'તે જ મારા તારણહાર છે' એમ માની ભક્તિ કરવી. શ્રેણિક મહારાજાએ ભગવાનના બહુમાનથી તીર્થંકર નામકર્મ બાંધેલ છે.

ભગવાને પૂર્વના ભગવાનોની જે ભક્તિ કરી છે તેમાંનું આપણે કાંઈ કરી શકતા નથી.

**પ્રશ્ન** - ભગવાનના કલ્યાણક દિવસોનું મહત્ત્વ કેમ?

કલ્યાણકોના દિવસોનું મહત્ત્વ એટલા માટે છે કે જે દિવસે પાંચમાંથી જે કલ્યાણક હોય તે જ દિવસે અનંતા તીર્થંકરોનાં તે પ્રમાણે કલ્યાણકો થયેલાં છે. દરેક ભગવાનનાં પાંચ કલ્યાણકોના દિવસો નિયત હોય છે. અર્થાત્ પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરાવત ક્ષેત્રમાં થયેલી અનંતી ચોવીસીની અપેક્ષાએ તે દિવસે અનંત તીર્થંકરોનાં કલ્યાણક થયાં છે. એ દિવસે આરાધના કરવામાં આવે તો અનંત તીર્થંકરની આરાધના થાય છે. **કલ્યાણક તો પ્રકૃતિના સમસ્ત જગતના જીવોને કલ્યાણ આપનાર એવી તીર્થંકર નામકર્મ રૂપી પુણ્ય-પકૃતિના પ્રાગ્ભારની પાંચ અવસ્થા-તબક્કા છે. તે તે દિવસે પરમાત્માના તીર્થંકર પુણ્ય કર્મનો વિસ્ફોટ થાય છે, કાળ (સમય) ચક્રના ગણિતથી તેના શુભ પરમાણુઓ તે સમયમાં સ્પર્શાય છે. માટે કલ્યાણક દિવસોનું મહત્ત્વ છે. આ શાશ્વત આરાધના છે. તેના (કલ્યાણકના) દિવસો નિશ્ચિત (ફિક્સ) છે.**

પરાર્થવ્યસની એવા પરમાત્માનું શાસન આપણને મળ્યું છે છતાં સ્વાર્થભાવમાં જ જીવી રહ્યા છીએ. વાસ્તવમાં - કોઈનો પરમાર્થ કરવાથી આપણો સ્વાર્થ ઘવાતો નથી. સારાં કાર્યની આનંદપૂર્વક અનુમોદના કરવાથી આપણું સારું જ થાય છે. શઠતા કરે તેની સાથે પણ સરળતા અહીં રાખવાની છે, આ જ શાસન છે, આત્મ તત્ત્વની ભૂમિકા છે. તીર્થની સેવાનું ફળ આત્મતત્ત્વની પ્રાપ્તિ છે. અનંતીવાર શાસન મળ્યું પણ આજ સુધી આપણે

તર્યા નથી. તેમાં તીર્થની ખામી નથી આપણી જ ખામી છે, તીર્થ તો તારવાનું જ કામ કરે છે.

તીર્થ એટલે નવકાર, તીર્થ એટલે સામાયિક, તીર્થ એટલે ભક્તિ.

ભગવાન વીતરાગ છે એમ માનીને આપણે છોડી દઈએ તે આપણું ભોળપણ છે, અજ્ઞાનતા છે. પરમાત્મા અનુત્તર પુણ્યના સ્વામી છે, અચિંત્ય ચિંતામણિ છે, ત્રણ લોકના નાથ પણ છે. એમની ભક્તિ આપણું દ્રવ્ય-ભાવ એમ ઉભય કલ્યાણ કરે જ.

**કોઈપણ નાનામાં નાની ક્રિયા એ અરિહંતની જ ભક્તિ છે. ભક્તિનું તત્કાળ ફળ પ્રસન્નતા છે ''मनः प्रसन्नतामेति'' અર્થાત્ જે દિવસે આપણા ચિત્તમાં પ્રસન્નતા આવે ત્યારે એમ માનવું કે આજે પ્રભુની ભક્તિ ફળી છે.**

ભગવાને પહેલાં વર્ષીદાન આપ્યું તે પછી આત્મિક ભોજનની ભોજનશાળા રૂપ તીર્થની સ્થાપના કરે છે. તીર્થમાં સાધુ-સાધ્વી મુખ્ય છે. સર્વવિરતિની પ્રધાનતા છે. સર્વવિરતિનું પ્રતીક ઓઘો છે. ઓઘો સફેદ છે પણ તેમાં રત્નત્રયી છે. આ ઓઘો લેનાર જીવ દરેક જીવને પૂજનીય પ્રશંસનીય દર્શનીય બને છે.

શ્રાવક-શ્રાવિકા પણ તીર્થનાં જ અંગ છે. તેની પણ ભક્તિ કરવી જોઈએ. જગતસિંહ નામના શ્રાવકે ૩૬૦ શ્રાવકોને પોતાના જેવા સાધર્મિક બનાવ્યા છે.

સાધર્મિક એ ભગવાનનું કુટુંબ છે. પોતાના કુટુંબની માફક જ તેની સંભાળ રાખવી જોઈએ. સંઘ નબળો હોય અને તમે મોટરોમાં ફરો તે ચાલે જ નહીં. **સાધર્મિક ભક્તિના માધ્યમે તે-તે આત્માને ધર્મમાં, શાસનમાં સ્થિર કરવાના છે.** એક જીવ આરાધનામાં જોડાયા પછી જે આરાધના કરશે, એનું મન સ્થિર થશે તેમાં મોટો લાભ થશે. સ્વ-પર ઉભય લાભ થાય છે.

**આરાધના આપણા કર્મને કાઢવા માટે કરવાની છે. માત્ર પુણ્ય ભેગું કરવા માટે નહીં, પુણ્ય તો દ્રવ્ય ધર્મથી પણ બંધાય છે. ધર્મ ન સમજતા હોઈએ તો પણ પુણ્ય મળે. જીવને દ્રવ્ય ક્રિયા હજી રૂચે છે પણ ભાવધર્મમાં મન લાગતું જ નથી. ઉપદેશક પણ એવા જ મળ્યા છે. ''ધર્મક્રિયા કર્યા કરો પણ તત્ત્વ શું છે**

**તે ન સમજાવે.'' ધર્મક્રિયા કરતી વેળાએ કર્મની નિર્જરા-આત્માની વિશુદ્ધિનું લક્ષ્ય-ધ્યાન કેળવવાનું છે. આત્મશુદ્ધિના ધ્યાન વિના તત્ત્વજ્ઞાન આવતું જ નથી.**

ભીલને ચિંતામણિ રત્ન મળે છે. અજ્ઞાની ભીલ બોરના બદલામાં તેને વેચી દે છે, તેવી રીતે જે ધર્મ મોક્ષ માટે મળ્યો છે તેને લોકો પોતાની વાહ-વાહમાં વેચી દે છે. નામ-ફોટા-તક્તીઓ મૂકીને પુણ્યને પૂરું કરે છે. ભગવાન **પાસે મિષ્ટાન્ન મૂકીને આત્મ સુખડી** (અધ્યાત્મસુખ) માંગવાની છે, નમુત્થુણંમાં ભગવાનનો મહિમા બતાવ્યો છે. આ મહિમાને હજુ આપણે સમજ્યા નથી.

**ભગવાન સિદ્ધયોગી છે. ગુરુનો યોગ ન હોય તો તેમની (ભગવાન પ્રતિમા પાસેથી) પાસેથી મંત્ર લેવો જોઇએ. જ્યાં ભગવાનનું રૂપ છે ત્યાં ભગવાન છે. આપણે ભગવાનને નામથી અને રૂપથી જ જોઇ શકીએ. દ્રવ્યથી અને ભાવથી કેવળી જ જોઇ શકે છે.**

નામ અને સ્થાપનાથી વર્તમાન કાળમાં પણ ભગવાન ઉપકારી છે. આગમશાસ્ત્રો આપણને ભગવાનનો બોધ કરાવે છે અને આત્મસ્વરૂપી ઓળખાણ કરાવે છે. આમ પરમાત્મા સર્વ જીવોમાં ઉત્તમ છે. આ વાત સમજાય તો ભક્તિમાં ઉલ્લાસ આવે, ભક્તિમય બનાય. આ માટે જ હરિભદ્રસૂરીએ લલિતવિસ્તરા ગ્રંથ બનાવ્યો છે.

- સામાયિક સૂત્ર મહાન છેહ અર્થ ગહન છે તે સમજવા માટે ગુરુની ભક્તિ કરવી પડશે.
- અપકારીને ઉપકારી તરીકે જોવાથી આપણામાં સમતા આવે છે.

## વાચના - ૯

નમુત્થુણં સૂત્રમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન છે.

ભગવાન કેવા છે?

'પુરિસ સીહાણં' ભગવાન પુરુષોમાં સિંહ સમાન છે. શૌર્યાદિ દશ ગુણોના પ્રભાવથી આ પુરિસસિહાણંનું વિશેષણ છે.

ભગવાનમાં શૌર્યાદિ દશગુણો કયા કયા હોય છે?

(૧) શૂર, (૨) ક્રૂર, (૩) અસિહષ્ણુ, (૪) વીર્યવાન્, (૫) વીર, (૬) અવજ્ઞાવાળા, (૭) નિર્ભય, (૮) નિશ્ચિત, (૯) અખિન્ન, (૧૦) નિષ્કંપ.

ભગવાન કર્મોને કાપવામાં કઠોર છે. ગમે તેવા ભયંકર કર્મના ઉદયમાં પણ ડગે નહીં કે દીન ન બને આમ પ્રભુ શૂરવીર છે. કર્મશત્રુઓને ઉછેદવા માટે ભયંકર ક્રૂર છે. ક્રોધાદિ દુશ્મનો પ્રત્યે અસહિષ્ણુ છે. રાગ, દ્વેષ, મોહ વગેરેનો પ્રચંડ વીર્યથી નાશ કર્યો છે. ભગવાન તપ માર્ગે સદાય વીર છે. પરિષહોને તો તુચ્છ માને, ગમે તેવા પરિષહોને ગણકારે નહીં જાણે અવજ્ઞા કરતા હોય. ભયંકર ઉપસર્ગો-ઉપદ્રવો આવે તો પણ આત્મધ્યાનથી ચૂકે નહીં. નિર્ભયપણે સ્થિર રહે. ભગવાન ઇન્દ્રિય વિજેતા છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોના અનાસક્ત ભાવમાં નિશ્ચિત હોય છે. પ્રભુ સંયમ માર્ગમાં ક્યારેય ઉદ્વિગ્ન નથી હોતા. **સંયમનો કોઈપણ કષ્ટદાયી યોગ હોય તો પણ ખેદ-કંટાળો ના હોય. એકધારી પ્રસન્નતા રહે**, ધ્યાન યોગમાં પ્રભુ દઢ હોય-સ્થિર હોય. લેશમાત્ર પણ ચંચળ નહીં, ભગવાન ધ્યાનમાં લીન હોય ત્યારે નિષ્કંપ હોય છે. આવા ગુણોથી પ્રભુ સિંહ

સમાન કહેવાય છે.

વળી પ્રભુ 'પુરિસવર પુંડરીયાણં' ભગવાન કમળના ગુણ જેવા છે. કર્મરૂપી કાદવમાં પ્રભુ જન્મે છે અને સંસારના દિવ્ય ભોગરૂપી જલ દ્વારા તેમની વૃદ્ધિ થાય છે છતાં તે બંનેથી ભગવાન અલિપ્ત રહે છે. **ભગવાન સ્વયં સુંદર તો છે જ પરંતુ અતિશયોના યોગે વિશિષ્ટ સુંદર લાગે છે.** ભગવાન ગુણ સંપત્તિનું એક સ્થાન છે. આનંદ આપનારા છે. સેવા કરનાર ભવ્ય જીવોને ભગવાન મોક્ષસુખ આપે છે.

ભગવાનની ઉત્તમતા તેમનામાં રહેલી ભવ્ય ભાવનાના કારણે છે. **જગતની અંદર જીવો જે કાંઇ સુખી છે તેમાં નિમિત્ત ભગવાન છે. જેમ મિષ્ટાન્નમાં મીઠાશ છે તે સાકરની જ છે તેમ લોકમાં જે કાંઇ સુખ-આનંદ દેખાય છે તે ભગવાનના કારણે છે.**

**નિમિત્ત વિના ઉપાદાન તૈયાર થતું નથી. જેટલા સિદ્ધો બન્યા છે તે અરિહંતની કૃપાથી જ બન્યા છે. અરિહંતો નિમિત્ત છે માટે જ નવકાર અને નવપદના ક્રમમાં અરિહંતને પહેલાં મૂક્યા છે. સિદ્ધને પછી મૂક્યા છે.** આત્મશુદ્ધિ કે કર્મનિર્જરાની દૃષ્ટિએ સિદ્ધો સંપૂર્ણ શુદ્ધ છે. અરિહંતને ચાર અઘાતીકર્મ બાકી છે. છતાં સિદ્ધોની સ્તુતિની પહેલાં અરિહંતની સ્તુતિ થાય છે. ભગવાનૈ પૂર્વે દેવ-ગુરૂની ભક્તિ કરેલી છે તે માટે તેમની ભક્તિ સ્તુતિ કરવી જોઇએ.

**જેમ સાકરના યોગથી દૂધમાં અને પાણીમાં મીઠાશ આવે છે તેમ ભગવાનના યોગથી જ યોગ્યતા વધે છે.** એમની વિરાધનાથી (આશાતનાથી) આપણે સંસારમાં ભમીએ તેમાં તેમનો દોષ નથી. આપણો જ દોષ છે. આપણી જ મોહ દશા છે.

**મનની અસ્થિરતા એ મોહનું કારણ છે. તેનું નિવારણ વીતરાગ રસ રૂપી પરમાત્માનાં ગુણગાન અને સમતા રસરૂપી સાધુનાં ગુણગાન કરવાથી થાય છે.**

જ્યારે આપણને ક્રોધ આવે ત્યારે તેની પાછળનું કારણ તપાસવું જોઇએ.

આત્મગુણોનો નાશ કરવાનો મનનો પ્લાન તો નથી ને? ખરેખર! આપણામાં રહેલી ક્ષમામૈત્રીને કાઢવા માટે ક્રોધ આવે છે. ક્રોધનું કામ મહાભારત રૂપી લડાઇ કરાવવી તે છે. આવેલા ક્રોધને કાઢવા માટે ક્ષમા અને મૈત્રીનો ઉપયોગ કરવો.

**જીવ ઉપરનો ક્રોધ મોક્ષ ઉપર દ્વેષનું કારણ છે. અનાદિ કાળથી પુદ્‌ગલનો રાગ જ મોક્ષ પ્રતિ પ્રેમ થવા દેતો નથી. જ્યાં જીવને મોક્ષ પ્રત્યે થોડો પણ પ્રેમનો અંકુર ન હોય ત્યાં દ્વેષ હોય છે. જીવ ઉપર દ્વેષ તે તેની આશાતના છે. જ્યારે જ્યારે ગુરૂજીનું અપમાન કરે છે ત્યારે ગુરુને દયા આવે છે કે 'આ અપમાન કરીને ક્યાં જશે!' આ સદ્‌ગુરુની કરુણા છે. જેટલી તીર્થંકરની અને ગુરૂની આશાતના વધે તેટલો આપણો સંસાર વધે! જેમ પદ મોટું તેમ ફળ મોટું છે. જેમ પદ મોટું તેમ નુકસાન પણ મોટું છે.**

દેવ અને ગુરુ ઉચ્ચ સ્થાને છે. તેમની આશાતના-અનાદર ન થાય તેનું ધ્યાન રાખવાનું છે. અન્યથા કર્મબંધ થાય - અનુબંધ પણ થાય, બંધથી પણ અનુબંધ વધુ ભારે છે. આશાતના-અનાદર ઊંડે ઊંડે પણ ઉચિત લાગ્યો, સારો લાગ્યો તે જ અનુબંધનું કારણ છે.

**આપણે કારણવશ બંધ પડે તો પણ અનુબંધ ન પડે તે જોવાનું છે. જે અશુભ કર્મનો અનુબંધ પડવાનો હોય તેનું પ્રાયશ્ચિત લેવાનું મન થાય જ નહીં.** ભૂલ લાગે, પશ્ચાત્તાપ થાય તો પ્રાયશ્ચિત્ત લેવાનું મન થાય ને! અનુબંધવાળાને પશ્ચાત્તાપ ન થાય. અશુભ અનુબંધ તોડવા શુભ અનુબંધ વધારવા પડે. ક્રોધના અનુબંધ સામે પ્રેમનો, મૈત્રીનો અનુબંધ કરવો જોઇએ અને તે થયા પછી વધારવો જોઇએ.

પુદ્‌ગલના રાગના કારણે મમત્વ ભાવ જ કર્મબંધ-અનુબંધ કરાવે છે. **જ્ઞાનાદિ ગુણો સિવાય કોઇ પદાર્થ-વસ્તુ આત્માની નથી. પુદ્‌ગલ પરદ્રવ્ય છે પરધનની આશા રાખનારને ચોર કહેવાય છે. પરસ્ત્રીને પોતાની માનનાર ચોર કહેવાય તેમ પરપુદ્‌ગલને પોતાના માનનાર અધ્યાત્મદૃષ્ટિએ ચોર કહેવાય છે.**

તેનો કેસ કર્મસત્તાને ત્યાં ચાલે છે તે કેસો પૂરા થયા નથી.

**શરીર-મકાન બધું જ જીવના કલેવર છે.** પુદ્ગલ છે છતાં તેને આપણા માનીએ છીએ. ખાવાનું પણ પુદ્ગલ છે. બોલવામાં ચિંતનમાં શ્વાસોચ્છ્વાસમાં બધું જ પુદ્ગલના આધારે છે તેના વગર આપણને ચાલતું નથી અને કર્મસત્તા આપણને છોડતી નથી. તે છોડવા માટે જ મારું નથી, પારકું છે એમ માનતાં શીખો. મારાપણાનું મમત્વ મૂકી દો. આપણે તો વહીવટદાર (ટ્રસ્ટી) બનવાનું છે. મારાપણાનું મમત્વ મૂકી દેવાનું છે. **સમ્યગ્દૃષ્ટિ આત્મા કુટુંબનો નિર્વાહ કરે છે છતાં તે અલિપ્ત રહે છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ આત્મા ધન વૈભવ મિલકતને પોતાની માનતો નથી આથી નિર્લેપ રહે છે.**

પુદ્ગલોને ઇન્દ્રિયો ગ્રહણ કરે છે. મન વચમાં દલાલ છે. પુદ્ગલો પુદ્ગલોને જ તૃપ્ત કરે છે. છતાં મારું મારું માનીએ છે તે મમત્વ છે. જેમ-જેમ પુદ્ગલ વધતાં જાય છે અને ઇચ્છા પ્રમાણે મળતાં જાય છે તેમ તેમ અહંકાર વધતો જાય છે. આ મમત્વ અને અહંકાર એ કર્મબંધનો હેતુ છે. **સમ્યગ્દૃષ્ટિ આત્મા વ્યવહારથી પુદ્ગલનો ભોક્તા છે, નિશ્ચયથી અલિપ્ત છે.** છતાં નિશ્ચયની વાત પ્રવૃત્તિમાં ન મુકાય, ઉપયોગમાં તો હોવી જ જોઇએ. **છદ્મસ્થ અને અમૂઢ અવસ્થામાં નિશ્ચયને આગળ કરવામાં પુદ્ગલનું જ પોષણ થાય છે. માત્ર સંસાર વધારે આમ નિશ્ચય નયના વાક્યોમાં ભયસ્થાન છે.**

શાસ્ત્રમાં તો ઉત્સર્ગ અને અપવાદ બંને માર્ગો બતાવ્યા હોય છે, વગર કારણે અપવાદ માર્ગનું સેવન કરે અને શાસ્ત્રોને આગળ કરે કે 'મારો આત્મા સિદ્ધ સ્વરૂપી છે, નિર્મળ છે' તેવી નિશ્ચયની વાતોને આગળ કરે તો લેવાના દેવા થાય.

**શાસ્ત્ર અને શસ્ત્રમાં એક જ ઊભી લીટીનું (કાનાનું) અંતર છે.** શાસ્ત્રને ઊલટાપણે સમજવાથી શસ્ત્ર બની જાય છે. મોહનીય કર્મના ક્ષયોપશમનો વિવેક ન હોય તો અવળા=ઔદાયિક ભાવને વધારનારા અર્થ સૂઝે છે, માટે તો ગુરુના ચરણોમાં વિનયભાવપૂર્વક બેસી શાસ્ત્રો સમજવાના છે.

શાસ્ત્રોની વાણી તે તીર્થંકરોની વાણી છે. વાણીને સમજવા પ્રયત્ન કરવાનો છે. પરમાત્માએ કર્યું તેવું ન કરાય, કહ્યું તેવું કરવાનું છે. તીર્થંકર કલ્પ (આચાર) અલગ છે, તેમની યોગ્યતા ઉત્તમ છે.

**તીર્થંકરો ઘરમાં રહે ત્યાં પણ કર્મની નિર્જરા કરે છે.** ભગવાને ચારિત્ર મોહનીય બાંધેલું છે તે જ્ઞાનથી જોયું તેથી ૮૩ લાખ પૂર્વ સુધી દીક્ષાની વાત ન કરી. તીર્થંકરોને પૂર્વના ત્રીજા ભવથી ક્રમબદ્ધ પર્યાય નિયત હોય છે. જ્ઞાનદષ્ટિ જાગ્રત હોય છે. આથી મહાપુરુષોને શાતા અને અશાતા સમાન હોય છે. દુનિયાના ભોગોને પણ આત્માનો રોગ માનીને ભોગવે છે તેથી કર્મની નિંજરા થાય છે. આ જ ભગવાનની અલિપ્તતા છે જે પૂર્વના ત્રીજા ભવથી તો આવીજ જાય છે. માટે ભગવાનને ''વરપુંડરીક'' (શ્રેષ્ઠ કમળ) જેવા કહ્યા છે.

**'પુરસવરગંધહત્થીણં'**

ભગવાન શ્રેષ્ઠ ગંધહસ્તી જેવા છે. ગંધહસ્તીની ગંધથી જ ક્ષુદ્ર હાથીઓ ભાગી જાય છે. તેવી રીતે ભગવાનના અચિંત્ય પુણ્ય પ્રભાવરૂપી ગંધથી શત્રુઓનાં સૈન્ય-દુષ્કાળ, મરકી વગેરે સર્વ ઉપદ્રવ રૂપી હાથીઓ ભાગી જાય છે. ભગવાન જ્યાં જ્યાં વિચરે ત્યાં પૂર્વે થયેલા રોગો, વેર-વિરોધ શમી જાય છે. છ મહિના સુધી નવા ઉત્પન્ન થતા જ નથી. આ ભગવાનનો પ્રભાવ છે.

- જગતમાં જીવો સુખી છે તેમાં નિમિત્ત ભગવાન છે.
- મનની અસ્થિરતા એ મોહનું કારણ છે. તેનું નિવારણ પરમાત્માના અને સાધુના ગુણગાન કરવાથી થાય છે.
- પરપુદ્ગલને પોતાના માનનાર અધ્યાત્મદષ્ટિએ ચોર કહેવાય છે.

# વાચના - ૧૦

'નમુત્થુણં' સ્તોત્રમાં ભગવાનનાં વિશેષણો છે.

'લોગુત્તમાણં' તીર્થંકરો સકલ લોકમાં ઉત્તમ છે. અર્થાત્ ભવ્યજીવો રૂપ લોકમાં સમસ્ત કલ્યાણનું કારણભૂત તથાભવ્યત્વ ભગવાનમાં વિશિષ્ટ પ્રકારનું હોય છે. ભવ્યત્વ એટલે મોક્ષમાં જવાની યોગ્યતા તે તમામ ભવ્યજીવોમાં સમાન હોય છે. પરંતુ તથાભવ્યત્વ વિચિત્ર છે, એટલે કે વિવિધ પ્રકારનું છે. તેથી જ ધર્મબીજની સિદ્ધિ ભિન્ન ભિન્ન રીતે થાય છે. **ભગવાનના તથાભવ્યત્વની સિદ્ધિ જ જગતનું કલ્યાણ કરનાર છે અને તેથી જ તીર્થંકર લોકોમાં ઉત્તમ છે.**

**તીર્થંકરો અને તીર્થ અભેદ છે.** લાંબા કાળ સુધી લોકોને અમૃતનું ભોજન મળે માટે જ ભગવાન તીર્થની સ્થાપના કરે છે.

**'લોગ નાહાણં'**

આપણને જે કાંઈ ધર્મ કરવાના આલંબન રૂપ સાધનો-નિમિત્તો મળે છે તેને આપનાર તીર્થંકર જ છે. યોગ અને ક્ષેમના કરનાર છે માટે નાથ છે.

**પ્રાપ્ત ન હોય તેની પ્રાપ્તિ કરાવે તે 'યોગ' છે અને પ્રાપ્ત થયેલાનું રક્ષણ કરે તે 'ક્ષેમ' છે. ધર્મબીજાધાન અને અંકુર પોષણ દ્વારા યોગ કરે છે અને તેમાં આવતા ઉપદ્રવો વગેરેનો સમૂળો ઉચ્છેદ કરે છે તે ક્ષેમ છે.**

જે જીવોને ભગવાનનું શરણું છે. ભગવાનને સમર્પિત થાય છે તેનું ભગવાન રક્ષણ કરે છે. જે ભગવાનનું શરણું સ્વીકારે છે તેના ભગવાન નાથ બને છે. આમ ભગવાન આપણા નાથ બને છે અને આકુળતા-વ્યાકુળતા કાઢે છે, સમતા-

શાંતિ સમાધિ આપે છે. ભગવાનની વાણી પણ સમાધિ આપે છે. કષાયોને ટાળે છે. ભગવાનની વાણીથી ધર્મ-અધ્યાત્મની મહત્તા અને ભોગવિલાસની વિષમતા સમજાય છે. પ્રાથમિક ભૂમિકાએ વાણી શ્રવણથી.

'દુનિયામાં ધર્મ અજબ છે' એવું બીજ પહેલાં પડવું જોઇએ પછી ધર્મનું શ્રવણ સાંભળવાનું વિશેષ મન થાય. તેનું ચિંતન કરે, શુભ પરિણામ ઉત્પન્ન કરે. ધર્મ આરાધના, વૈયાવચ્ચ, સેવા કરવાનો મોકો મળે એટલે હરખઘેલો થઇ જાય અને વિચારે કે "નાના રહેવામાં મજા છે. નાના છીએ તો વૈયાવચ્ચ કરવાની મળે છે." બાહુબલીજીને પહેલેથી જ મોટા થવાની ઇચ્છા થઇ માટે કેવલજ્ઞાન ન થયું. માટે નાના બનવામાં જ મજા છે. બાહુબલીજી માન કષાયના કારણે જ ૧૨ મહિના જેટલો સમય સંસારમાં રહ્યા.

કષાય સંસાર વધારી આપે છે માટે કષાયને સાથ ન આપવો, તેનાથી સાવધ રહેવાનું છે.

મેઘકુમારને માન આવ્યું, "હું રાજાનો દીકરો છું. મારી કદર ન કરી, છેલ્લો સંથારો કરવાનો? બધાંના પગની ધૂળમાં આળોટવાનું?" આમ માન કષાયના કારણે આખી વિચારધારા બદલાઇ ગઇ, રાતના ઊંઘ ન આવી. આ તો એમનામાં યોગ્યતા હતી માટે વિચારે છે કે – ભગવાનને પૂછીને કાલે જઇશ' ભગવાન તો લોકના નાથ છે. સવારે પ્રભુ પાસે જતાં પ્રભુએ કહ્યું, "મેઘ મુનિ! **સાધુ ત્રણ ભુવનને પૂજનીય છે. તેની રજ માથે ચઢાવવી જોઇએ."** આ પ્રમાણે ઉપદેશ આપી પૂર્વભવમાં તિર્યંચ હોવા છતાં કેવી ઉત્કૃષ્ટ જીવદયા પાળી હતી તે જણાવી ભગવાને મેઘકુમારની વિચારધારા બદલી નાખી. મેઘકુમારનો કષાય શાંત થયો સમતા ભાવમાં સ્થિર થયા. આમ ભગવાન વચન-વાણી દ્વારા આપણા સમતાના પરિણામ ટકાવી રાખે છે.

ભગવાનના વચનમાં આપણને આદરભાવ હોય તો આપણને કલ્યાણકારી બને, પરિણામ શુદ્ધ બને... ઉપધાન પણ ભગવાનની આજ્ઞા પ્રધાનતાએ કરવાના છે. આજ્ઞાનું પાલન એ જ શાસન-ધર્મ છે. ઉપધાન તપમાં તમે આજે દેશવિરતિ

ધર્મનું પાલન કરી રહ્યા છો. **ઉપધાનમાં બારે વ્રતોનું પાલન થાય છે.** ઈર્યાસમિતિનું પાલન, વસ્ત્રપડિલેહણ, મુહપત્તિનો ઉપયોગ આ બધુ વ્રતોના પાલન માટે છે.

બ્રહ્મચર્યના રક્ષણ માટે શીલની નવ વાડો બતાવી છે. તે વાડમાં રહીએ તો જ રક્ષણ થાય. **સાધુ કે શ્રાવક પોતાની મર્યાદામાં રહે તો જ આપણું રક્ષણ છે.** ઉપયોગી ઉપકરણ કરતાં વધુ પરિગ્રહ રાખવાનો નહીં, મર્યાદામાં રહેવું, બોલવું, ચાલવું વગેરે પણ મર્યાદામાં કરવાનું છે. **બાહ્ય વસ્તુઓના સંયોગોમાં જેટલી વાર હસશો તેટલી વાર તેના કરતાં દશ ગણું રડવું પડશે. હાંસી મજાકમાં આરાધનાનો સમય ગુમાવીએ છીએ. વાતોના ગપાટામાં ઉપયોગ ન રહે કે ચાર વિકથા કરવાથી આપણું પુણ્ય રૂપી ધન લૂંટાય છે.**

**શ્રાવકનું બારમું વ્રત છે અતિથિ સંવિભાગ.**

**અતિથિ એટલે અણગાર.**

**સંવિભાગ એટલે સમ્યગ્ પ્રકારે દોષરહિત એની ભક્તિ કરવી.**

અણગારની નિર્દોષ ભક્તિ એ જ અતિથિ સંવિભાગ છે.

કષાયની વાત ચાલી રહી છે. **ક્રોધ એ મોહનીય કર્મ છે. કષાયમાં તેનો પહેલો નંબર છે,** માયા તો કપટી છે, સ્ત્રી જાતિ છે. ક્રોધ બધા ગુણોનો નાશ કરે છે. ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ ટકે જ નહીં. ક્રોધ એ તો દાવાનળ છે આત્મગુણોને બાળી ભસ્મ કરે. તેની ઉપર વાણીનો સંયમ એ પાણીનું કામ કરે છે. વાણીનો સંયમ લાવવા વચનનો વિનય કરતાં શીખવું જોઈએ. સામાને એવા શબ્દોમાં કહેવું જોઈએ કે તે કર્યા વિના રહે જ નહીં. શાંત પડ્યા વિના રહે નહી.

ક્રોધ કરવો જ પડે તેવું માનશો નહીં. પોતાના ગુસ્સાને છાવરવાની વાત છે. **ક્રોધ કરવાથી સામાના ભાવપ્રાણ જાય છે અને પોતાની ક્ષમા જાય છે. કદાચ ક્રોધ થઈ જાય તો પણ ક્રોધનો અનુબંધ ન રાખવો જોઈએ. બાકીના કષાયના અનુબંધને પણ કાઢવા જોઈએ. કષાયનો અનુબંધ મિથ્યાત્વ લાવે છે. કષાયના અનુબંધોથી સમ્યકત્વ ધન લૂંટાય છે.**

સમ્યકત્વ એ તો રત્ન છે. સમ્યકત્વ એ તો પૌદ્ગલિક ભાવોથી છોડાવે

છે.

મિથ્યાત્વભાવોના કારણે જ પૌદ્ગલિક પદાર્થોને મારા માન્યા છે. **તમોને જે કાંઇ મળ્યું છે તે પુણ્યકર્મથી જ મળ્યું છે. પુણ્ય દેવ ગુરુની કૃપા અને આરાધનાથી આવ્યું છે આથી જે કાંઇ મળ્યું છે તેમાં કાંઇ આપણું નથી. દેવ-ગુરૂનું જ છે. મારું મારું કહેતાં મરી જશો અને તારું તારું કહેતાં તરી જશો.**

પૌદ્ગલિક ભાવોને મારા માન્યા છે તે જ અજ્ઞાનતા છે. આ અજ્ઞાનતા જ હિત-અહિતનો વિવેક ભુલાવે છે. **આપણું હિત જેટલું આપણે ચાહતા નથી તેનાં કરતાં વધારે આપણું હિત દેવ-ગુરૂ ચાહે છે. કારણ કે તેમનું જીવન-નિર્વાણ બધું પરોપકાર માટે જ છે. માટે જ મંગલરૂપ છે.**

**જગતમાં પહેલાં 'અરિહંત મંગલં' છે. બાકીનાં બધાં મંગળ એમના દ્વારા છે. આપણા જીવનમાં ચિત્તની શાન્તિ જે મળે છે તે પણ તેમની દયાથી મળે છે.** તેમની કૃપા ઝીલીએ તો જ સ્વભાવ તરફ આગળ વધી શકીએ. સ્વભાવની રૂચિ હોય તો અભ્યાસ-ક્રિયા થઇ શકે, ધર્મના આ સેવનથી સ્વભાવ પ્રગટ થાય. આમ સ્વભાવ તરફ રુચિ તેનું નામ અભ્યાસ કહી શકાય. અભ્યાસ અર્થાત્ શુદ્ધક્રિયાની તમન્ના કેટલી છે? તેના આધારે સ્વભાવ દશાને જાણી શકાય.

મોક્ષ તરફ રુચિ તેનું નામ સ્વભાવ.

વિભાવ તરફની અરુચિ તેને વૈરાગ્ય કહે છે.

પુદ્ગલ તરફથી રુચિ તે વિભાવ છે.

ભગવાને મોક્ષ-આત્માનું સ્વરૂપ બતાવ્યું અને તેના ઉપાયો પણ બતાવ્યા છે. સ્વભાવનું સ્વરુપ કે આત્માનું સ્વરૂપ બંને એક જ છે. **ઉપધાન આત્માનું સ્વરૂપ સમજવા માટે છે. આત્મસ્વરૂપ સમજે તેને મોક્ષમાળ પહેરાવાય.** વિભાવદશાને તોડવા માટે ઉપધાન છે.

ઉપધાનના અંતે પહેરાવવામાં આવતી માળાને 'મુક્તિની વરમાળા' અર્થાત્ મોક્ષમાળા કહેવાય છે. ઉપધાનમાં ૪૭ (+૩૫+૨૮) દિવસની વિરતિમય જ્ઞાનાચારની આરાધનાથી શ્રદ્ધા, સંવેગભાવ થાય તેથી આપણો મોક્ષમાર્ગ ખુલ્લો

થાય, સરળ બને છે. પરંપરાએ મોક્ષ નક્કી કરનાર આ માળા છે. માટે તેને મોક્ષમાળા કહેવાય છે. ઉપધાન એ શ્રાવકની દીક્ષા છે. મોક્ષના યાત્રી બન્યા હવે તમારું જીવન ભગવાનની આજ્ઞાનું સારી હોય.... નિયમન હોય.

**ઉપધાનમાં સામાયિક અને નવકાર બંનેની આરાધના છે.**

**નવકારથી નમ્રતા આવે છે. સામાયિકથી સમતા આવે છે.**

નવકારથી ચિત્તની શુદ્ધિ થાય છે. સામાયિક સ્વરૂપમાં તન્મય બનાવે છે.

નવકાર બોધ આપે છે, સામાયિક તેનો અનુભવ કરાવે છે.

**ઉપધાનમાં નવકારને સમજવા આવ્યા છો.**

નવકારનાં રહસ્યો સામાયિક અને પૌષધમાં જ (વિરતિમાં જ) ખૂલે છે. કારણ કે સ્વભાવમાં મગ્ન થવાથી આનંદમય થવાય છે. વિભાવમાં માર પડે છે. વિભાવમાં અરૂચિ લાવવાની છે.

વિભાવમાં અરૂચિ લાવવા માટે નવકાર ગણવાનો હતો તે આજ સુધી ગણ્યો નથી. માટે જ મુક્તિ થઈ નથી. તો પણ પરંપરાએ તે જ નવકાર એક દિવસ મુક્તિ અપાવશે.

નવકાર ગણનારને બીજા ભવનો પણ ભય રાખવાની જરૂર નથી. નવકાર ગણનારને બધી શક્તિ મળી જાય છે. **નવકાર ગણવાથી પ્રીતિયોગ અને ભક્તિયોગનો સમાગમ થાય છે. સામાયિક દ્વારા વચનયોગ અને અસંગયોગનો સમાગમ થાય છે.**

દુનિયામાં દેખાય છે કે સરિતા સાગરમાં ભળી જાય છે. નવકાર ગણનારો પોતાના **આત્મારૂપી સરિતાને** મોક્ષરૂપી સાગરમાં ભેળવી દે છે. આપણે અરિહંત અને સિદ્ધરૂપી સાગરમાં ભળી જવાનું છે. **ચિત્તની સ્થિરતા તે અરિહંતના આગમનનું સૂચન છે.**

**ઘંટનાદ એ પ્રભુ દર્શનની નિશાની છે તેમ અનાહતનાદ એ પ્રભુ આગમનની નિશાની છે.** અનાહત નાદ એ કશું જ ટકરાયા કે અથડાયા વિના થતો અંદરનો દિવ્ય અવાજ છે. બહારનું જોવાનું જાણવાનું અને સાંભળવાની વૃત્તિઓ શાંત થાય છે, પૂર્ણ થાય છે ત્યાંથી અનાહતનાદનો પ્રારંભ થાય છે.

બહિર્ભાવ અર્થાત્ વિભાવનું વલણ ખસવાથી ચિત્તની ચંચળતા દૂર થાય છે. ચિત્તની સ્થિરતાને પ્રભાવે સ્વયંભૂ અંતર્નાદ પ્રગટ થાય છે. પરમ શાંતિ અને દિવ્ય શાંતિની અનુભૂતિ થાય છે. જેને અનાહત નાદ કહે છે. બે કાન બરાબર બંધ કરવાથી ગંભીર ધ્વનિ સંભળાય છે. તેવો અવાજ અનાહતની જાગૃતિમાં સ્વયંભૂ અનુભવાય છે. આ સ્વભાવ દશાનું ફળ છે.

વિભાવ તરફના આપણા વલણને અટકાવીને સ્વભાવમાં રહેવાનું છે. મોક્ષમાર્ગ તે સ્વભાવ દશા જ છે.

અરિહંત જગતના જીવોને મોક્ષમાર્ગરૂપી સ્વભાવ દશા બતાવે છે. તે મોક્ષમાર્ગ અરિહંતની વાણી-શાસ્ત્રથી સમજાય છે.

સર્વ શાસ્ત્રોનો સાર નવકાર છે. નવકાર સાથે આવીને માર્ગ કપાવે છે. શાસ્ત્ર મનને સ્થિર બનાવે છે. મંત્ર એનું રક્ષણ કરે છે.

મંત્ર મનનું રક્ષણ કરે છે. મંત્ર સ્વભાવનું રક્ષણ કરે છે.

નવ લાખ નવકાર ગણનાર નરક નિવારે છે, વિધિપૂર્વક એક લાખ નવકાર ગણનારને તીર્થંકર પદ આપે છે.

હમારી અરજી તમને બધાંને નવકાર ગણાવવાની છે તેને સ્વીકારવાની મરજી તો તમારે કરવી પડશે.

આ મંત્ર દ્વારા ભગવાન આપણું રક્ષણ કરે છે. મનનું વિભાવથી રક્ષણ કરે છે. એમને લોકના નાથ કહે છે. જેનામાં બીજ પડ્યું છે એનું ભગવાન રક્ષણ કરે છે. એવા જીવોના નાથ બને છે. નાથ-રાજા પાસે ગયા પછી કોઇ ભયભીત ન હોય તેમ નવકાર ગણનારને અરિહંત ભગવાનના શરણે જનારને નિર્ભયતા આવવી જોઇએ. નવકાર એ તો ચિંતામણિ અને કલ્પવૃક્ષથી પણ અધિક છે.

ભગવાનનું શરણું લીધું એટલે એ આપણું રક્ષણ કરનારા છે જ.

ભગવાનનું સ્મરણ-પૂજન-આજ્ઞાનું પાલન કરવાથી એ આપણને સનાથ કરે છે. આમ ભગવાનનું "લોગનાહાણં" લોકના નાથ એ વિશેષણ સુયોગ્ય છે.

# વાચના - ૧૧

નમુત્થુણં સ્તોત્રમાં ભગવાનને "લોકના નાથ" કહ્યા છે. જૈનદર્શનમાં ભગવાનને જગતના નાથ માની અપ્રવૃત્ત નથી માન્યા. જીવોના હિતનો સહજ ઉપકારરૂપ પ્રવૃત્તિ કરી રહ્યા છે. માટે નમુત્થુણંમાં 'લોગનહાણં' પછી 'લોગ હિયાણં' પદ મૂક્યું અર્થાત્ ભગવાન લોકનું હિત કરનારા છે.

**ભગવાન આ જીવનું હિત કેવી રીતે કરે ?**

જીવ સ્વયં પોતાનું હિત જાણે છે એ વાત માનીએ તે બરાબર નથી. આપણે કોઈપણ વસ્તુનું યથાસ્થિત સ્વરૂપ ન જાણવાથી આપણે આપણું તથા બીજા જીવોનું પણ અહિત જ કરી રહ્યા છીએ. તેવા સમયે ભગવાને આપણને જીવ અને જડનું યથાસ્થિત સ્વરૂપ બતાવ્યું. યથાર્થ દર્શન થવાથી થતા બોધને અનુરૂપ સમ્યગ્ પ્રવૃત્તિ-વર્તન કરે, પરિણામે ભાવી થનારા અનર્થો અટકી જાય. અને ઉત્તરોત્તર શુભફળને પેદા કરે. રોગમુક્તને સ્વાદિષ્ટ અને પથ્ય ખોરાક હિતકારી છે તેમ ભગવાનના આગમ-આદેશ હિતકારી છે. આજ્ઞા વિરૂદ્ધ તમામ પ્રવૃત્તિ પાપનો જ હેતુ છે.

મૂર્તિ જડ છે પણ મૂર્તિ એ ભગવાન છે તેનું સ્વરૂપ બતાવ્યું તેમાં આપણું હિત છે. જીવનું સ્વરૂપ બતાવ્યું તેમાં આપણું તથા સામેના જીવનું બંનેનું હિત રહેલું છે.

**સંસારમાં આપણે ચોંટેલા છીએ. સંસારે આપણને ચોંટાડ્યા નથી. સંસારમાં આપણે પુણ્ય કર્મને સારું માન્યું તે જ વિભાવ છે, ખરાબ છે.**

જે સ્વભાવમાં છે તેને કર્મ કાંઇ કરી શકતું નથી, આપણે આપણા સ્વભાવમાં રહીએ તો આપણા માટે કર્મ કોઇ ખરાબ નથી. પારકી વસ્તુને મારી માનીએ છીએ માટે જ માર ખાવો પડે છે.

**અવિરતિમાં રહેવાથી જ બીજાનું અહિત થાય છે. બીજાનું અહિત જ્યાં સુધી હશે ત્યાં સુધી આપણું હિત થવાનું નથી.**

વિરતિ ભાવમાં જ બીજા જીવોની વિરાધનાથી બચાય છે. બીજા જીવોનું હિત થાય છે. ઉપધાન એ વિરતિની ક્રિયા છે. આ ક્રિયાની અનુમોદના એવી કરો કે પાછું ભવોભવમાં આ દેવ ગુરૂ અને શાસન મળે, વિરતિ મળે.

**સકલ જીવોનું સકલ કલ્યાણ થવામાં નિમિત્ત અરિહંત ભગવાન છે. ભગવાનને સાથે રાખ્યા એટલે જ્યાં સુધી ભગવાન ન થઈએ ત્યાં સુધી એ આપણી સાથે જ રહેવાના, એમનું શાસન આપણને મળવાનું જ છે.**

એમને નમવાથી એ આપણને સ્વભાવમાં સ્થિર કરે છે. પરંતુ આની વચમાં દખલગીરી આપણો અહં કરે છે. તીર્થંકરને અંતરમાં લાવવા માટે શ્રુતજ્ઞાનરૂપી આપણો દરવાજો આપણે જ ખોલવાનો છે. અર્થાત્ અહંભાવને તોડવાનો છે. આ ભૂમિકાએ પરદોષ દૃષ્ટિના બદલે સ્વદોષ દૃષ્ટિ અને પરગુણ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આપણા હૃદયમાં જ્યારે ગુણાનુરાગ આવે છે ત્યારે સિદ્ધના ગુણોનું દર્શન થાય છે. ગુણાનુરાગ ન આવે ત્યાં સુધી સર્વ દોષ રહિત અને સર્વગુણસંપન્ન સિદ્ધના ગુણો પણ ન જોઈ શકાય.

અરિહંત જગતના ઈશ છે, સ્વામી છે. મિત્ર પણ છે. જેમ માતા અનેક રીતે આપણને ઉપકારી-ઉપયોગી બને છે તેવી જ રીતે ગુરૂ પણ ભ્રાતાનું-પિતાનું કામ કરે છે. જે રક્ષણ કરે તે પિતા કહેવાય.

પૂ.આ. સિદ્ધસેન દિવાકરસૂરિ મ. કહે છે-

**त्वमेव माता पिता नेता, देवो धर्म गुरू पराः ।**

**प्राणान् स्वर्गोऽपवर्गश्च, सत्त्वं तत्त्वं गति र्मतिः ।।**

ભગવાન આપ જ લોકના નાથ છો. માતા-પિતા શરીરને જન્મ આપે છે.

તમે ધર્મને જન્મ આપનારા છો. માતા છો, પિતા છો, નેતા છો, દેવ, ગુરૂ, પરમગુરૂ છો, ધર્મ પણ આપ છો. ધર્મ એ ભગવાનથી જુદો નથી મારા પ્રાણ ત્રાણ જીવન પણ આપ છો.

સાચો ભક્ત પરમાત્માનો વિરહ સહન કરી શકતો જ નથી. મારે સ્વર્ગ પણ આપ છો. મોક્ષ પણ આપ છો. પરાક્રમ, સત્ત્વ, બળ પણ આપ છો. તત્ત્વ પણ આપ છો, આપ જ મારી મતિ છો, મારી બુદ્ધિ પણ આપ જ છો.

મહાત્માઓનો જન્મ જગતમાં જે થાય છે તે જગતના ઉપકારો માટે થાય છે. કોઈપણ જીવને જે શુભ પરિણામ થાય છે તે લાવનાર જિનેશ્વર ભગવાન છે.

**જેને સ્વતંત્ર ધર્મ બતાવવો છે તે કેવલજ્ઞાન થયા સિવાય બતાવાય જ નહીં, આપણે તેમનું કહેલું કરવાનું છે.**

ભગવાન આપણને દર્શન આપે છે. ગુરૂ મહારાજ આપણને વાણી સંભળાવે છે. મેં દર્શન કર્યા એ વાત ભૂલી જવાની છે. કારણ કે મેં દર્શન કર્યા એ અહંભાવ છે. વાસ્તવિક તો પ્રભુની કરુણા વિના દર્શન થઇ શકે જ નહીં.

નવકાર ગણેલો સાર્થક ત્યારે જ થાય કે ભગવાનનો ઉપકાર ભુલાય નહીં, નમસ્કાર ભાવ નમસ્કાર પણ ત્યારે બને છે.

''નમો અરિહંતાણં'' બોલવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. પાપનો નાશ થાય છે. ઈષ્ટની પ્રાપ્તિ થાય છે. પાંચ પદોની પાછળ જે ચાર પદમાં મહિમા બતાવ્યો. **''મંગળ એટલે સ્વભાવ, પાપ એટલે વિભાવ''** પાપ એ અમંગળ છે. જેમનો સ્વભાવ પ્રગટ થયો છે વિભાવ નાશ પામ્યો છે તેને નમસ્કાર કરવાથી આપણે તેવા બનીએ છીએ. વિભાવમાંથી સ્વભાવમાં લઇ જનાર નવકાર છે.

**પરમેષ્ઠીઓને કરેલો નમસ્કાર એ વિભાવનો તિરસ્કાર છે અને સ્વભાવને નમસ્કાર છે.**

**અરિહંતમાં સર્વના સર્વ પાપ નાશ કરવાની શક્તિ છે. જાપ અને ધ્યાન**

**કરવા દ્વારા ધ્યાન કરનારો તેના જેવો બની જાય છે. તેમની શક્તિ તેનામાં (ધ્યાતામાં) આવે છે.**

સરિતા સાગરમાં ભળી જાય છે પછી તે સાગર બની જાય છે. તેમ સરિતારૂપી આપણા આત્માને નવકારરૂપી સાગરમાં ભેળવી દેવાનો છે.

અરિહંત એ મીઠા જળનો સાગર છે તેમાં આપણી ખારા પાણીની સરિતા ભળવાથી તે પણ મીઠી બની જાય છે. અરિહંત અને સિદ્ધરૂપી સાગરમાં આપણી સરિતા ભેળવી દેવાની છે. ''નમો'' રૂપી સરિતાને ભેળવી દેવાની છે. દેહને પાંખ નથી અને મનને આંખ નથી. છતાં મનને એવી તાલીમ આપો કે સમવસરણમાં જઇને પ્રભુ પાસે પહોંચી જઇએ અને પ્રભુને નિહાળીએ.

અચેતન એવા ચિંતામણિની ભક્તિ કરવાથી માણસ ઇચ્છિતને મેળવે છે. તો ભગવાન તો ચેતન છે. અચિંત્ય ચિંતામણિ છે. તેની ભક્તિથી જ બધું મળવાનું છે. માતા-પિતા તો લૌકિક આપ્તપુરુષ છે જ્યારે તીર્થંકર પરમાત્મા તો લોકોત્તર આપ્ત પુરુષ છે.

**જે પ્રભુના સુખમાં એકાકાર બને છે તે મોક્ષની પણ ઇચ્છા કરતા નથી.** વીતરાગીની શરણાગતિ તે રાગ છે તેથી સંસાર ઘટે છે. રાગીની સોબતથી રાગ વધે છે તેનાથી સંસાર વધે છે.

સીતા બારમો દેવલોક પામેલ, સીતેન્દ્ર થયા છતાં રામચન્દ્રજી ઉપરના રાગના કારણે રામચંદ્રજી જ્યારે ધ્યાનમાં ચઢે છે, ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે તે ત્યાં આવીને ઉપસર્ગ કરે છે. કરવાનું કારણ એ છે કે આ મોક્ષમાં જશે તો મારો *સંબંધ તૂટી જશે. આવા મહાપુરુષોને પણ રાગ નડે છે. માટે રાગ એ અગ્નિ છે* અને દ્વેષ એ ધુમાડો છે માટે જરા પણ તેનો વિશ્વાસ કરવા જેવો નથી. **રાગ અને દ્વેષ ભાવમાંથી ક્યારેય શાંતિ મળતી નથી. શાંતિ અને સમતા તો આત્મામાંથી નવકાર દ્વારા પ્રભુભક્તિ દ્વારા પ્રગટ થવાની છે.** સમય મળ્યો છે તેને જાપ ભક્તિ દ્વારા સાધી લેવાનો છે કેમ કે-સદ્ગતિની સ્થિતિ અને આયુષ્ય બહુ અલ્પ હોય છે. **''આપણે પછીથી મોક્ષે જઇશું એમ બોલનારાને એકવાર**

**નિગોદમાં જવાનું છે.'' માટે આવું બોલે છે.**

આજ્ઞા પ્રમાણે ઉપધાનમાં ક્રિયાઓ કરવી તે પ્રભુભક્તિ જ છે. રોજ બે હજાર નવકારનો જાપ, રોજ ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો છે. જાપ-કાઉસ્સગ્ગથી મનના વિકારો જાય છે. ચિત્તની ચંચળતા જાય છે. વચનગુપ્તિનું પાલન થાય છે.

કાયોત્સર્ગ એ મહાન ક્રિયા છે, એને ધ્યાન યોગ કહેવાય છે. **કાયોત્સર્ગ એટલે અરિહંતની સંપૂર્ણ શરણાગતિ છે.** આ ક્રિયા આધ્યાત્મિક જીવનમાં મહાન ઉપકારી છે - પોતાના પતિના કલંકને દૂર કરવા માટે મનોરમાએ લાંબો કાયોત્સર્ગ કર્યો હતો.

શરણ લેવાથી રક્ષણ મળે છે. 'શરણાગતવત્સલ' એ ભગવાનનું બિરૂદ છે. આપણી પાછળ રાગ-દ્વેષ મોહરૂપી શત્રુઓ પડેલા છે. તેનાથી બચવા માટે પ્રભુનું શરણું કરવાનું છે. જે ભગવાન ધર્મરૂપી વરસાદનો મેઘ વરસાવી રહેલા છે જે પુષ્કરાવર્ત મેઘ કરતાંય ઉત્તમ છે. પુષ્કરાવર્ત મેઘ એક વાર વરસે તો તેમાંથી એકવીશ વાર અનાજ પાકે. **કોઈપણ ધર્મ કોઈપણ કરે એમાં નિમિત્ત ભગવાન હોય જ છે.**

અરિહંતની આજ્ઞાનું પાલન કરનાર જ અરિહંતનું ધ્યાન કરી શકે છે. તેની વિરાધના કરવાથી સંસાર વધે છે.

સર્વ જીવોને મુક્તિ અને તેનાં સાધનો અરિહંત આપે છે. અરિહંત સર્વ જીવોને મિત્ર બનાવવાનું કહે છે. અરિહંતની આજ્ઞા છે કે ''કોઈ જીવ આપણો શત્રુ નથી. કોઈ ખૂન કરવા આવે તો પણ તેને મિત્ર બનાવો, તેનો દોષ ન કાઢશો. કર્મનો દોષ કાઢશો, આપણામાં રહેલા રાગ-દ્વેષનો દોષ કાઢશો.''

**તીર્થંકરને તીર્થંકર બનાવનાર જગતના જીવો છે. પૂર્વના ભવમાં જગતના સઘળા જીવોને શાસન રસિક બનાવવાની ભાવના કરી માટે અરિહંત થયા છે.**

**આપણને બીજાનો ઉપકાર જલદી સ્પર્શ કરતો નથી. અપકાર જલદી અસર કરે છે.**

કરેલાના ઉપકારોને આપણે જાણતા નથી, સમજતા પણ નથી તેથી ઉપકારી માની શકતા નથી. તમે અમારી દેશના-વ્યાખ્યાન સાંભળો છો તેમાં તમારો ઉપકાર પણ અમારે માનવો જોઇએ. તમે ન હોત તો અમે ચિંતન-મનન કરત જ નહીં.

પૂર્વના મહાપુરૂષો નિંદા કરનારને, ભૂલ કાઢનારને પણ ઉપકારી માનતા હતા. કેમ કે તે ન હોત તો આ આગમોનું વર્ણન વ્યવસ્થિત ઉપયોગપૂર્વક સાવધાન બનીને બોલવાનું થાત નહીં.

રસ્તામાં પડેલા કાંટા પણ ઇરિયાસમિતિ પાળવામાં ઉપયોગી બને છે માટે કાંટા પણ ઉપકારી છે.

ભગવાનની મૂર્તિ આપણને જે આહ્લાદ આપે છે તેમાં રહેલા પરમાણુઓનો પણ ઉપકાર માનવો જોઇએ. તે ઉપકાર માનવાથી તેમાં રહેલા જીવોનો પણ ઉપકાર મનાશે.

**દ્વેષ વૃત્તિ ટાળવાનો ઉપાય જ ઉપકાર ભાવ છે.** માટે કોઇનો અપકાર માનવો જ નહીં. સર્વત્ર ઉપકાર જ દેખવો.

મમતા અને દ્વેષરૂપી કાંટા આપણા સ્વભાવને વિપરીત બનાવે છે.

સામાયિક સકળ જીવોની એકતાને સિદ્ધ કરી બતાવે છે. પ્રત્યેક જીવ ઉપર પ્રેમ કરવો જોઇએ. દ્વેષ રખાય નહીં. એમ પ્રેક્ટિકલ બતાવે છે.

મૈત્રી પ્રમોદ આદિ ચાર પ્રકારની ભાવના કરવાથી મોહરાજા ઢીલો પડી જાય છે. આપણા મનમાં મોહ આવવાથી મન ડહોળાય છે અને સ્વાર્થભાવથી મૈત્રીભાવ તૂટે છે. ભગવાન દેશના દ્વારા આપણામાં સમતા પ્રગટ કરે છે. છ આવશ્યકમાં પ્રથમ સામાયિક છે. ખમાસમણ એ ગુરૂવંદન છે. લોગસ્સ એ ચઉવિસત્થો જિનવંદન છે. જે ક્ષમા અને મૈત્રી સ્રોતના વાહકો છે. ક્ષમા અને સમતા એક જ છે. સમતાવાન હોય તે જ ક્ષમા માંગી શકે છે. **ઇરિયાવહીમાં છ એ છ આવશ્યક છે. ઇરિયાવહી એ નાનું પ્રતિક્રમણ છે.**

**જૈન ધર્મનું એક નાનામાં નાનું અનુષ્ઠાન સર્વ અનુષ્ઠાનમય છે.**

પ્રતિક્રમણ સૂત્ર એ (ઇરિયાવહીમાં) સામાયિકનું ઉપાદાન છે. જગતના સર્વ જીવોને આપણા જેવા માનવા એ મૈત્રી છે અને એના જેવું = મૈત્રીને અનુરૂપ જ વર્તન સામાયિક છે. સર્વજીવોને જ્યારે સિદ્ધના (જેવા) સમાન માનીએ ત્યારે સંપૂર્ણ સામાયિક આવે છે.

ધવલ શેઠને જીવની હિંસાના પરિણામ અને મમ્મણ શેઠને સંપત્તિ પ્રત્યે મમત્વના પરિણામ નરકે લઇ જાય છે. બીજી બાજુ ચક્રવર્તીઓ તીર્થંકરના જીવો છ ખંડ સાધવા માટે ૬૦ હજાર વર્ષ સુધી લડાઇઓ કરે છે પણ તે સ્વરૂપ હિંસા હોવાથી તે જ ભવમાં મુક્તિએ જાય છે. **સ્વરૂપ હિંસા એનો અર્થ ''હિંસા દેખાય છે પણ મારવાની બુદ્ધિ ન હોય અંદર એના આત્માના હિતની જ ચિંતા હોય છે.'' સમાન પ્રવૃત્તિ દેખાતી હોય છતાં અજ્ઞાની ભોગમાં ફસાઇ જાય છે. જ્ઞાની ફસાતાં નથી તે સ્પષ્ટ દેખાય છે.**

''પરહિત ચિંતા મૈત્રી'' પર એટલે આપણા સિવાય બધા જ જીવોના હિતની ચિંતાં = વિચારણા કરવાની છે. તે માટે જગતના સર્વ જીવોને પોતાના પુત્ર તુલ્ય માનવાના છે. તમામ જીવો પ્રત્યે માતા જેવો ભાવ રાખવો. માતા હંમેશાં પોતાના પુત્રની હિતચિંતા કરે તેમ સર્વ જીવોના હિતની ચિંતા કરવાની છે. **રસ્તામાં એકેન્દ્રિય જીવો (પાણી, વનસ્પતિ) દેખાય તો એવો ભાવ કરવો કે ''આ જીવો વહેલામાં વહેલા પંચેંદ્રિયપણું પામીને મુક્તિ પામે.''**

**પોતાના નિમિત્તે જીવોની વિરાધના ન થાય તેની સતત જાગૃતિ હોય તે મુનિ. મુનિ પોતાના માટે મરવું કબૂલ કરે પણ આરંભ સમારંભ કબૂલ ન કરે.**

**તકલીફ-રોગ-ઉપદ્રવો આપણી ભૂલથી આવે છે અને એનું નિવારણ અરિહંત પ્રભુની ભક્તિથી થાય છે. એ વાત હજુ હૈયામાં બેસતી નથી. આ આપણી ભૂમિકાની ખામી છે. પણ ઉપદ્રવો કર્મોને હટાવવા જગતમાં દુર્લભમાં દુર્લભ આ શાસનની સાધના છે.** દેવ ગુરૂની કૃપાથી જ પાર પાડવાની છે. હૈયામાં મૈત્ર્યાદિ ભાવના હોય તો જ આ ભૂમિકા બની શકે. સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવવા માટે અને ટકાવવા માટે પ્રમોદાદિ ત્રણ રસ્તા છે.

(૧) ઉત્તમ જીવો આગળ વધે તેનો પ્રમોદ કરવો જોઇએ.

(૨) કર્માધીન કે ભારેકર્મી જીવો પ્રત્યે કરુણાભાવ હોવો જોઇએ. ચંડકૌશિક ઉપર કરુણાની દૃષ્ટિથી અમીની વૃષ્ટિ કરી હતી.

(૩) કહેલું ન માને તેવા પ્રત્યે મૌન રહેવું જોઇએ, તેના માટે માધ્યસ્થ રહેવું જોઇએ તે માધ્યસ્થ ભાવના.

પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણવું, જોવું અને તેને અનુરૂપ વર્તન કરવું એ જ સાચું વર્તન છે અને તે તીર્થંકરો જ કરી શકે છે. અજ્ઞાનતાના કારણે આપણે જીવ કે જડનું કોઇનું પણ યથાર્થ સ્વરૂપ જાણતા નથી જેથી કોઇને પણ યોગ્ય ન્યાય આપી શકતા નથી. એ ન્યાય અરિહંતો-કેવલીઓ આદિ આપી શકે. માટે જ એ શરણરૂપ છે. શરણ આપનારા બધા પદાર્થો નવકારમાં રહેલા છે.

આખા વિશ્વ ઉપર સામ્રાજ્ય સિદ્ધ ભગવાનનું છે. તેમની વતીનું જે કાર્ય છે તે અરિહંતો સંભાળે છે. તેમની ગેરહાજરીમાં આચાર્ય ભગવંતાદિ સંભાળે છે. શિવનગરમાં પ્લોટ નોંધાવવો હોય તો અહીં નોંધાય છે. દરેક વિવેકી આત્માએ પોતાનું નામ નોંધાવવું જોઇએ. સમ્યકત્વ તે નોંધણી છે અને અમારો ઓઘો એ શિવનગરનું પ્લેન છે. વહેલા મુક્તિમાં જવું હોય તો ટિકિટ નોંધાવી દો. રિઝર્વ કરાવી દો, ઓઘો લઇ પ્લેનમાં બેસી જાઓ. **જીવોની ઉપર વાત્સલ્યભાવ પહેલાં હોવો જોઇએ. વૈરાગ્ય ભાવ પછી જોઇએ.** અનાદિકાળથી અધર્મમાં છીએ.

અધર્મ એ અંધકારમય છે અને તેને પ્રકાશમય કરવો હોય તો ધર્મ લાવવો પડશે.

ચોરને અંધકાર ગમે છે. શાહુકારને પ્રકાશ ગમે છે.

આત્મહિત કરવાની ઇચ્છા થય તો જ પ્રકાશ ગમે છે એમ કહેવાય.

જેને અહિંસા ગમે છે તેને હિંસા કાઢવાનું મન થાય છે. હિંસા દોષ સ્વરૂપ સમજાય છે.

**ગુણો તો આપણામાં તાદાત્મ્ય ભાવથી રહેલા છે. જ્યારે દોષો સંયોગ સંબંધથી આવે છે.** તેને કાઢવા હોય તો નીકળી શકે છે. દોષો જાય એટલે

સ્વભાવનો ગુણોનો અવિર્ભાવ થાય છે. ભગવાનની ધર્મદેશના આપણા સ્વભાવને પ્રગટ કરવા માટે છે. **ભગવાન તમારી એકદમ નજીક છે. તેમને અંતરમાં જોતાં શીખો.** બાહ્ય સાધનોનાં સુખોમાં જ આપણી દૃષ્ટિ છે. તેને જ સાચું સુખ માની લીધું છે. પરંતુ ભગવાનની દેશના આપણને સમજાવે છે કે ''બાહ્ય સુખને મેળવવાની ઇચ્છા અને મળ્યા પછી આસક્તિપૂર્વક ભોગવવા એ મહાન દુઃખરૂપ છે.'' ભગવાનની આ વાત હજુ હૈયામાં જામતી નથી માટે આજ સુધી અનંતા તીર્થંકરો થઇ ગયા પણ આપણે એમને આપણા મોક્ષે જવામાં નિમિત્ત બનાવ્યા નહીં.

ભગવાનનાં દર્શન કરવા રોજ દહેરાસરે જઇએ શા માટે? હજુ લક્ષ્ય કેળવાયું નથી ખરેખર! બહારના દેવનાં દર્શન અંદરના દેવને પ્રગટ કરવા માટે છે. અંદર રહેલા પરમાત્માનું સાક્ષર રૂપ જોવું જોઇએ. માટે જ આરીસારૂપી જિનપ્રતિમાનું આલંબન લેવું પડશે. જિનઆગમ એ પણ આત્મદર્શનનું જ આલંબન છે.

આમ ભાવતીર્થંકરની ગેરહાજરીમાં સ્થાપના નિક્ષેપે ભગવાનની પ્રતિમા જગતના જીવોનું કલ્યાણ કરી રહી છે.

- કષાયોનો અનુબંધ મિથ્યાત્વ લાવે છે. સમ્યકત્વ ધન લૂંટે છે.
- અનાહતનાદ એ પ્રભુ આગમનની નિશાની છે.
- કાયોત્સર્ગ એટલે અરિહંતની સંપૂર્ણ શરણાગતિ.

## વાચના - ૧૨

નમુત્થુણં સૂત્રમાં પ્રથમ પદ **ણમો** આવે છે. **ણમો** શબ્દ નમુત્થુણમાં બધા જ પદો સામે જોડવાનો છે. **નમો એટલે નમવું, શરણે જવું. અરિહંતના શરણે જવું તે અહંભાવનું વિસર્જન અને અર્હંભાવનું સર્જન છે. આ ભૂમિકા જ ધર્મનો સાર છે.**

''ભગવાન તીર્થંકર દેવોએ ધર્મના સારરૂપ નવકાર બતાવ્યો છે. એના દ્વારા કૃતજ્ઞતા ગુણ આવે છે. નવકાર એ બીજાના ઉપકારને જાણવા માટે છે. પરોપકાર જાણ્યા પછી જ આપણો જન્મ, શરીર એની પુષ્ટિ, જ્ઞાનનો વિકાસ બધું જ બીજાની સહાયથી થાય છે તે સમજાય છે. આ પરોપકારના ઋણને ઉતારવા માટે જ નવકાર છે, **''ણમો અરિહંતાણં'' એ આકર (ખાણ) છે બાકીનાં બધાં પદોની ઉત્પત્તિ તેમાંથી થાય છે (થયેલ છે). બધાં જ પદો અત્યંત પ્રભાવક અને સામર્થ્યશાળી છે. દરિદ્રને ચિંતામણિ મળ્યાનો જે આનંદ થાય તેના કરતાં વધારે આનંદ આપણને નમસ્કાર મળ્યાનો થવો જોઈએ.**

**એક નયથી (અપેક્ષાથી) અરિહંતના ધ્યાનમાં રહેલો આત્મા તેટલો સમય અરિહંત બને છે.**

અરિહંતો પોતાનું હિત તો કરે જ છે પણ પ્રરૂપણાથી બીજાનું પણ હિત કરે છે.

આપણે આપણું હિત ન કરવું હોય તો પણ તે અરિહંત તો આપણું હિત કરે જ છે. માટે જ ''લોગ હિયાણં'' એ પરમાત્માનું વિશેષણ બતાવેલું છે. અરિહંતો

યથાર્થ પ્રરૂપણા કરે છે. જડ અને ચેતન તત્ત્વના યથાર્થ સ્વરૂપને જાણનારા છે.

વિષય-કષાયને છોડવા આજ સુધી અનંતા તીર્થંકરોએ આપણને કહ્યું પણ આપણે તે માન્યું નહીં. માટે જ દરિદ્રી દુઃખી થઇ ભટકતા ને ભટકતા રહ્યા છતાં એમણે આપણી ઉપર કરુણાથી કલ્યાણને માટે નવકાર બતાવ્યો છે, પણ આપણે નવકારના શરણે જતા નથી, પુદ્‌ગલનું શરણું જ ગમ્યા કરે છે.

ભગવાને રત્નદ્વીપ એટલે મોક્ષમાં જવાનો માર્ગ બતાવ્યો છે. પણ એ ઉપદેશ જગતને ગમતો નથી. ભગવાન આપણા પિતાતુલ્ય છે. એમનું કહેલું માનશું તો માન્યા બાદ અનંતુ સુખ પ્રગટ થશે. આપણને ગમે કે ન ગમે પરંતુ આપણો આત્મા કૂવો છે. તેમાં જ્ઞાન-ધ્યાન-ચારિત્રરૂપી પાણી ભરેલું છે. ગમે તેટલું કાઢશો તો પણ ખૂટશે નહીં આપણી શક્તિ અનંતી છે.

**આત્મામાં અમૃતરસ ભરેલો છે. જેના માથે ગુરૂ છે, જેને ઓળખાણ થઇ ગઇ છે તેઓ પેટ ભરી ભરીને અમૃતરસ પીએ છે.**

બ્રહ્મરંધ્રમાં આનંદનું સ્થાન છે. ત્યાં આનંદનો કૂવો છે. **આઠ પ્રદેશ ખુલ્લા છે તેને જોવાથી (ધ્યાન કરવાથી) આનંદ થાય છે.** આનંદનો અખૂટ ખજાનો છે કદી ખૂટતો નથી. એકાગ્રતાએ પરિણમેલું જ્ઞાન તે જ સાચું ધ્યાન છે. અરિહંતો વિશ્વના રાજા છે, સિદ્ધો મોક્ષના રાજા છે. સિદ્ધો જેટલો ઉપકાર કરશે તેટલો ઉપકાર કોઇ નહીં કરે. તેઓ કર્મને ચકચૂર બનાવવાનું કામ કરે છે. ધર્મનો માર્ગ અરિહંત બતાવે છે. તેનું ફળ સિદ્ધો છે. કર્મના ક્ષયમાં સિદ્ધોનું ધ્યાન ઉપયોગી છે.

**જો જગતમાં સિદ્ધો જ ન હોત તો આપણને સિદ્ધ થવાની ઇચ્છા જ ન થાત.** સિદ્ધ હતા તે સ્થાન હતું માટે જ અરિહંતોએ તે સ્થાન બતાવ્યું છે. એ સ્થાન (મોક્ષ) છે માટે તેને મેળવવાનું મન થાય છે તે મહાન ઉપકારી છે.

આપણે જે પાપ કરીએ છીએ તે બધું પાપ સિદ્ધાત્માઓ જુએ છે. કર્મક્ષયની ભૂમિ ઉપર આપણે કર્મ બાંધી રહ્યા છીએ આ સિદ્ધો જુએ છે. સિદ્ધોએ કર્મનો ક્ષય અહીં કર્યો છે માટે આ બધી ભૂમિ સિદ્ધોની કહેવાય છે. આ સિદ્ધોની ભૂમિ

છે માટે જ આપણને સર્વવિરતિ લેવાનું મન થાય છે. કર્મક્ષય કરવા કોઇ દેવતા અહીંથી આપણને લવણ સમુદ્ર કે અકર્મભૂમિમાં લઇ જાય તો પણ કદાચ આપણો મોક્ષ થઇ શકે પરંતુ આપણને અઢી દ્વીપની બહાર લઇ જાય તો ત્યાં કેવળજ્ઞાન થાય નહિ. આપણો મોક્ષ નહીં થાય કેમ કે ત્યાં ઉપર સિદ્ધો નથી. **અઢી દ્વીપમાં આપણા માથે (લોકાન્તે) સિદ્ધો રહેલા છે. માટે તેમનું ધ્યાન લોહચુંબકની માફક આપણને ખેંચાણ કરે છે. આપણો મોક્ષ તેથી જ થાય છે.** સિદ્ધોના ધ્યાન માટે લોગસ્સની છેલ્લી ગાથા ઉત્તમ છે.

સિદ્ધો ચંદ્રોની પૂર્ણિમા કરતાં અધિક નિર્મળ છે. સૂર્યોના તેજ કરતાં વધુ પ્રકાશ કરનાર છે. સ્વયંભૂરમણ સાગર જેવા ગંભીર છે. એવા હે સિદ્ધો! મને સિદ્ધિ આપો. 'નમો સિદ્ધાણં' નો જે આરાધક છે તે એમના જ્ઞાનમાં અંકિત થઇ જાય છે.

'મને નવકાર તો ભગવાને ગણાવ્યા છે. ભગવાન મને અહીં સુધી લાવ્યા છે,' એ ભાવ લાવવાનો છે. તેમાં ભક્તિ છે, નમ્રતા છે. હું અહીં સુધી આવ્યો એ માનવામાં અહંકાર થાય છે. 'હું અને મારું' નો અહંકાર સંસાર વધારે છે. **અહંકાર ઘટવાથી સમ્યગ્દર્શનની ભૂમિકા તૈયાર થાય છે.**

**સમ્યગ્ દર્શન જીવને થવાથી જીવનો સંસાર 'સાગર મટી ખાબોચિયું' બની જાય છે.**

અરિહંત એ મોક્ષરૂપી લક્ષ્મીનું ઘર છે. જ્યારે જ્યારે આ શાસન આપણને મળ્યું ત્યારે ત્યારે અરિહંત પ્રભુએ આપેલો ધર્મ આપણે લીધો જ નથી. અને ભગવાન બળાત્કારે કોઇને ધર્મ આપતા જ નથી. હા, ઇચ્છા થાય તે માટે પ્રભુ દેશના દ્વારા પ્રયત્ન કરે પણ મોક્ષની ઇચ્છા તો આપણે પેદા કરવાની છે. જેમ **દેહના આરોગ્યની પહેલી નિશાની ભૂખ છે તેમ ભાવધર્મ-આરોગ્યની નિશાની મોક્ષ પ્રાપ્તિની તમન્ના રૂપી ભૂખ હોવી જોઇએ.**

**જેને મોક્ષની ઇચ્છા થાય તેને ધર્મ કરવાની ઇચ્છા થાય જ.** જેમ મુસાફરી કરનાર વાહનનો ઝડપી ઉપયોગ કરે છે તેમ આપણે વહેલા મોક્ષમાં જવું હોય તો

ચારિત્રરૂપી વાહનમાં બેસવું જોઇએ. મોક્ષની તાલાવેલી લાગવી જોઇએ. તે તાલાવેલી નથી થતી કેમ કે આપણામાં ચારિત્ર મોહ રહેલો છે. તે જ આપણને અટકાવે છે, કષાયો જ નડે છે.

**કષાયોને તોડવાના છે. તે માટે ક્રોધની ઉપર ક્રોધ કરવો જોઇએ.** વિષય-કષાય ઉપર ક્રોધ કરવો જોઇએ. ક્રોધને કાઢવા ક્રોધ કરવો જોઇએ. વધારવા માટે નહીં.

લોભને કાઢવો હોય તો દાનનો લોભ કરવો જોઇએ. અભિમાનથી અભિમાનને તોડવો જોઇએ. દશાર્ણભદ્ર સામૈયું લઇને ભગવાનની સામે જાય છે પણ 'કોઇએ ન કર્યું હોય તેવું આ મારું સામૈયું' એવું અભિમાન થાય છે. ઇન્દ્રે તે અભિમાનને તોડવા તેનાથી અધિક સામૈયું કરી બતાવ્યું. દશાર્ણભદ્રને વૈરાગ્ય થયો અને દીક્ષા લીધી. છેવટે ઇન્દ્રને ઝુકાવે છે. આપણી પાસે બુદ્ધિ બળ બધું છે એનો ઉપયોગ કર્મ તોડવા માટે કરવો જોઇએ.

ભગવાનને જીવો ઉપર કરૂણા છે અને કર્મને તોડવામાં ક્રૂરતા છે. **ભગવાન આપણને ચાર પ્રકારે પવિત્ર બનાવે છે. મંદિરમાં દર્શનથી, વ્યાખ્યાનમાં શ્રવણથી, ઘરમાં જાપ અને સ્તોત્રથી પાવન કરે છે.**

જ્યારે થાક લાગે ત્યારે ભગવાન પાસે જવું, વિનંતી કરવી, એક હાથ ભગવાનના ખોળામાં, એક હાથ સંસારમાં રાખવો જોઇએ.

આપણે ત્યાં ચૈત્યવંદનમાં શાસનની સ્થાપનાકાળથી એક જ સૂત્રો હોય છે. તેમાં કોઇ ફેરફાર કરી શકતું નથી. એકેક સૂત્રના અનંત અર્થો છે. સિદ્ધર્ષિ ગણિ 'લલિતવિસ્તરા' ગ્રંથ વાંચ્યા પછી જ સ્થિર થયેલા. અરિહંત પરમાત્માને સમર્પિત થયેલા.

ઇન્દ્ર બાહ્ય સમૃદ્ધિમાં સૌથી ટોચે છે. એવા ઇન્દ્ર પણ ભગવાનની સ્તુતિ કરે છે. હજુ હમણાં જ જન્મ થયો છે. છતાં ઇન્દ્ર વંદન કરે છે. તો ભગવાનનું સ્વરૂપ કેવું હશે? આટલો પણ ઊંડાણથી વિચાર થાય તો પ્રભુ સામે ઝૂકી જવાય.

પરમોપકારની દૃષ્ટિએ સૌથી ટોચે અરિહંતો છે.

અરિહંતોને સિદ્ધો સાથે નજીકનો સંબંધ છે.

શ્રી મહાવીર ભગવાને દીક્ષા લીધા પછી ૩૦ વર્ષમાં નવ વ્યક્તિને પોતાના જેવા તીર્થંકર બનાવ્યા અને બીજા અનેકને મોક્ષનું સર્ટિફિકેટ આપ્યું છે.

**તીર્થંકર પરમાત્મા સિદ્ધને માને છે સાથે જગતના જીવોને સિદ્ધ સ્વરૂપ માની તેમના હિતનું આચરણ એમનાથી થાય છે.** આપણે જીવને જીવ અને અજીવને જડ માની આચરણ નથી કરી શકતા.

જીવને જીવ અને અજીવને અજીવ ન માનવાથી તેના સંબંધમાં કરેલી ક્રિયાનું પાપ તેનું ફળ આપણને જ મળવાનું છે. આ વાત જણાવી ભગવાન જગતના જીવોનું કલ્યાણ કરી રહ્યા છે.

- અરિહંતના ધ્યાનમાં રહેલો આત્મા તેટલો સમય અરિહંત બને છે.
- જેને મોક્ષની ઇચ્છા થાય તેને ધર્મની ઇચ્છા થાય જ.
- અરિહંતોના શરણે જવું એટલે... અહંભાવનું વિસર્જન અને અર્હંભાવનું સર્જન.
- અહંકાર ઘટવાથી સમ્યગ્દર્શનની ભૂમિકા તૈયાર થાય છે.
- કષાયોને તોડવા વ્યક્તિ ઉપર નહીં પણ; કષાયો ઉપર ક્રોધ કરવો જોઇએ.

## વાચના - ૧૩

નમુત્થુણં સૂત્રમાં 'લોગ હિયાણં' પછી 'લોગ પઈવાણં' વિશેષણ મૂક્યું છે.

લોગ પઈવાણં = ભગવાન સંજ્ઞી લોકમાં પ્રદીપ (દીપક) સમાન છે, કારણ કે આખા જગતના જીવોને સ્વરૂપનું જ્ઞાન દેશનાના માધ્યમે ભગવાને જ આપેલું છે. જેથી મિથ્યાત્વરૂપી અંધકાર દૂર કરીને યથાયોગ્ય જ્ઞેય પદાર્થો પ્રકાશિત કર્યા છે આથી જ... ભગવાન જગતમાં દીવા સમાન છે. સંજ્ઞી પંચેન્દ્રિય માટે પ્રદીપ સમાન છે. જેમ આંધળાને દીવો મળે તો પણ ઉપયોગી બને નહીં તેમ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ભગવંતે જણાવેલાં આ તત્ત્વોનો લાભ થાય નહીં. માટે જ લોકનો અર્થ અહીં ''સંજ્ઞી પંચેન્દ્રિય લોક'' કર્યો છે.

અરિહંત સિદ્ધ તથા ગુરૂ એ આપણા ઉપકારી છે. છતાં દેવ-ગુરૂ અહિતકારી લાગતા હોય તો સમજવું કે મોહનું આક્રમણ વધુ છે. દેવ-ગુરૂની આજ્ઞાનું પાલન કરવાથી મોહની શક્તિ ઘટે છે. શુભ પરિણામ માટે શુભ ક્રિયા-ભાવ પહેલાં જોઇએ તે માટે ચારનું શરણ સ્વીકારશો. ચારના શરણે જવાથી મોહનું કાંઇ ચાલશે નહીં. **નવકાર એ જ ચાર શરણાં છે.**

સિદ્ધો સંપૂર્ણ હિત કરે છે, કરૂણા રસ વરસાવે છે. સિદ્ધોનું સ્વરૂપ તો સિદ્ધ બનશું ત્યારે જ આવશે. અત્યારે તો ધ્યાનના માધ્યમે સિદ્ધસ્વરૂપી આત્માને જોવાનો છે.

ભગવાન ધ્યેય છે, હું ધ્યાતા છું. ધ્યાન ભગવાનનું કરવાનું છે અને કર્મ આપણાં ખપાવવાનાં છે. છેવટે ઘાતી કર્મોને ખપાવવા ક્ષપકશ્રેણી માંડે છે. અનંતા

સિદ્ધોના સ્વરૂપમાં પોતાની ચેતનાને ભેળવવાની છે. એ ક્ષપકશ્રેણીમાં ચઢેલા જીવને એટલી બધી શક્તિ પ્રગટ થાય છે કે તેની સાથે જગતના સર્વ જીવોનાં કર્મો જો તેનામાં આવી જાય તો બધાંનાં કર્મોને ખપાવી દે. પણ બીજાનાં કર્મો આપણામાં આવતાં નથી, આવી શકતાં પણ નથી.

જીવનું ઉપાદાન-યોગ્યતા થાય ત્યારે જ શ્રેણી મંડાય છે. ઉપાદાને પોતાને પોતાનાં કર્મો ખપાવવા તૈયાર થવું જોઈએ. સિદ્ધોમાં શક્તિ છે પણ આપણામાં ભાવ આવે ત્યારે તેમના ભાવનું સંક્રમણ થાય છે. સિદ્ધ અને તીર્થંકરોમાં જગતને તારવાનો ભાવ હોય છે.

પ્રભુએ જગતને તારવાનો પોતાનો આ ભાવ તેમણે ગણધરોમાં મૂક્યો. ગણધર ભગવંતોએ એ તારકભાવ આચાર્ય ભગવંતોમાં મૂક્યો. પ્રતિષ્ઠા કરનાર આચાર્યે પોતાનો ભાવ પ્રતિમામાં મૂકેલો છે. માટે જ પ્રતિમાને જોતાં જ ભાવ ઉત્પન્ન થાય છે. **સિદ્ધોના ધ્યાનમાં તન્મય બનવાથી એમનામાં કર્મોને ચકચૂર કરવાની જે શક્તિ છે તે આપણામાં સંક્રમણ થાય છે.** જેમ દીપકથી અજવાળું થાય છે અને આપણે કાંઈ કરી શકીએ છીએ તેમ બીજાના આલંબનથી જ આપણો વિકાસ થાય છે. આ વિકાસના પ્રભાવે અનાદિકાળથી **આત્માઓ મોક્ષે જઈ રહ્યા છે. કદાચ અંતર પડે** તો પણ છ મહિને એક જીવ મોક્ષમાં જાય છે. અઢીદ્વીપમાંથી જ મોક્ષે જવાય છે, કેમ કે અઢીદ્વીપની ઉપર જ સિદ્ધો છે ત્યાંથી તેમનું ખેંચાણ થાય છે. અઢી દ્વીપમાં જ મનુષ્યો છે. માટે તેને મનુષ્ય લોક પણ કહેવાય છે. અઢી દ્વીપની બહાર નંદીશ્વર દ્વીપની યાત્રાએ લબ્ધિધારી મુનિએ જવાય ખરું પણ ત્યાં મરણ કે જન્મ ન થાય.

ભગવાન કૃપાથી જ આપણો આધ્યાત્મિક વિકાસ થાય છે માટે પ્રભુ સામે રોજ ભાવના કરવાની છે - ''હે પ્રભુ! મને જે કાંઈ મળ્યું છે તે આપની કૃપાથી મળ્યું છે. અને હવે જે મલવાનું છે તે પણ આપની કૃપાથી મળવાનું છે. માટે આપ ઉદાસીન ન રહેશો.''

આપણને આજ સુધી મોક્ષની ઓળખાણ થઈ નથી. માટે જ આપણો મોક્ષ

થયો નથી. માયા વગેરે કરવા માટે શીખવું પડતું નથી. તેને માટે કોઇ કોલેજ નથી. પણ ધર્મમાં તો આલંબન લેવું પડે છે. નિમિત્ત વિના ઉપાદાન સુધરે નહીં. રાગ-દ્વેષ, મિથ્યાત્વ, અવિરતિ કષાય અનાદિ કાળથી સાથે જ છે. તેને કાઢવા માટે જ દેવ ગુરૂનું આલંબન લેવાનું છે. મિથ્યાત્વ અવિરતિ કષાયને પલટાવવા હોય તો દેવ-ગુરૂ ધર્મનું આલંબન લેવું જોઇએ.

ભગવાન લોકમાં પ્રદીપ જેવા છે. કેવળજ્ઞાન પામીને શ્રુતજ્ઞાનનો દીપક પ્રગટાવે છે. અપેક્ષાએ ભગવાન માત્ર પ્રદીપ જેવા જ નહીં પરંતુ 'લોગપજ્જો અગરાણં' ભગવાન સૂર્યના પ્રકાશ જેવા તેજસ્વી છે. અર્થાત્ પ્રદ્યોતકર એટલે વિશિષ્ટ પ્રકાશ કરનાર છે. દીવો માત્ર ઓરડાના અંધકારનો નાશ કરે છે જ્યારે સૂર્ય જગતના અંધકારનો નાશ કરે છે. તેમ ભગવાન લોકના સમસ્ત પદાર્થોને પ્રકાશવામાં સૂર્ય જેવા તેજસ્વી છે.

અહીં લોક શબ્દનો અર્થ ''ઉત્કૃષ્ટ મતિઃ'' ઉત્કૃષ્ટ બુદ્ધિવાળો ભવ્ય જીવ રૂપી લોક સમજવાનું છે. ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા ગણધર ભગવંતો હોય છે માટે ભગવાન સામાન્ય જીવો માટે પ્રદીપ સમાન છે. અને ગણધરો માટે સૂર્ય સમાન છે. કારણ કે ગણધરો વાણી ઝીલી શકે છે. **ગણધરોને જેવી શ્રદ્ધા ભગવાન ઉપર હોય છે તેવી શ્રદ્ધા બીજા કોઇને હોતી નથી.** ગણધર ભગવંતો પોતે દીક્ષા લીધા પછી પ્રદક્ષિણા દઇ ભગવાનને પૂછે છે. ભગવાન ઉપર શ્રદ્ધા છે. વિનય છે તેથી પ્રદક્ષિણા દે છે. ભગવાને ત્રિપદી આપી ત્યારે પણ પ્રદક્ષિણા દઇ પૂછે છે. भयवं ! किं तत्तं? ભગવાન તત્ત્વ શું છે? ભગવાને જવાબ આપ્યો. (૧) उपन्नेई वा જગતના તમામ પદાર્થો ઉત્પન્ન થાય છે. બીજી પ્રદક્ષિણા દઇ ગણધરો ફરી પૂછે છે भयवं! किं तत्तं? ભગવાન તત્ત્વ શું છે? ભગવાને કહ્યું (૨) विगमेइ वा પદાર્થો જેમ ઉત્પન્ન થાય છે તેમ નાશ પામે છે. ત્રીજી પ્રદક્ષિણા દઇ ફરી ત્રીજી વાર પૂછે છે भयवं! किं तत्तं? ત્યારે ભગવાન કહે છે (૩) धुवेइ वा પદાર્થો ધ્રુવપણે છે. સ્થિરપણે છે આ ત્રિપદી ઝીલીને ગણધર ભગવંતો અંતર્મુહૂર્તકાળમાં દ્વાદશાંગીની રચના કરે છે.

ઉત્પન્ન થવું, નાશ પામવું અને સ્થિર રહેવું એ ત્રિપદી થઇ. ત્રિપદી એ માતા છે. જગતમાં ચાર માતા છે.

૧. બાળકને જન્મ આપનારી માતા.

૨. અષ્ટ પ્રવચનમાતા એ સાધુતાને જન્મ આપનારી માતા.

૩. કરૂણા-મૈત્રી એ તીર્થંકરની માતા.

૪. ત્રિપદી એ દ્વાદશાંગીની માતા છે.

આમ જુદી જુદી અપેક્ષાથી વિચારવું તે નય છે.

મુખ્ય નય સાત છે અને વિસ્તારથી નય ૭૦૦ છે. નય એટલે અભિપ્રાય.

દુનિયાના બધા જ મતો આ સાત અને સાતસો નયમાં સમાઇ જાય છે. સાતસો નય એ સાત નયનો જ વિસ્તાર છે. આ બધા નય બે નયમાં પણ સમાઇ જાય છે. તે બે નય છે (૧) દ્રવ્યાર્થિક નય અને (૨) પર્યાયાર્થિક નય.

'ધુવેઇ વા' એ દ્રવ્યાર્થિક નય છે. 'ઉપન્નેઇ વા' - 'વિગમે·ઇવા' એ પર્યાયાર્થિકનય છે. જ્યાં પદાર્થ-દ્રવ્ય આવે ત્યાં ભાવ આવી જાય છે. જેમ દ્રવ્યની સાથે નામ અને આકાર આવી જ જાય છે. ભાવ છે એ પર્યાય છે. ગુણ અને પર્યાયનો પિંડ એ દ્રવ્ય છે. જેમ કે માટી.

શ્રુતજ્ઞાનનું મૂળ તીર્થંકરોના શ્રીમુખેથી પ્રસ્તુત થતી આ ત્રિપદી છે. આખા જગતને ઉપકારક થાય માટે દ્વાદશાંગી ગણધરોએ બનાવી છે.

ત્રિપદી કે ત્રિપદીનો અર્થ આમ તો સહેલો છે પરંતુ ભગવાન તીર્થંકર સિવાય અન્ય કોઇ આ ત્રિપદી સંભળાવે અથવા તો ગણધર સિવાય અન્ય કોઇ આ ત્રિપદીને સાંભળે તો ત્રિપદીમાંથી આટલો બોધ ન જ પામી શકે. **પ્રભુના શ્રી મુખેથી ત્રિપદી સાંભળી ગણધર ભગવંતો સર્વ અભિલાપ્ય ભાવોના પ્રકાશમય બની જાય છે અને દ્વાદશાંગીની રચના કરે છે.** આમાં મુખ્યત્વે તીર્થંકર નામકર્મ અને ગણધર નામકર્મનો વિપાકોદય પ્રધાન છે. આમ ભગવાન પ્રધાન વિશિષ્ટ પ્રકાશ કરનાર છે.

## વાચના - ૧૪

નમુત્થુણં સૂત્રમાં ભગવાનને 'અભયદયાણં' કહ્યા છે.

અભયદયાણં એટલે ભગવાન જગતના જીવોને અભય આપે છે.

અભય ક્યારે આવે?

ચિત્તના પરિણામની ચંચળતા જાય ત્યારે જ અભય આવે છે. (૧) **ચિત્તચંચલતા, (૨) ક્રિયા પર અણગમો અને (૩) થાક, એ ત્રણ દોષો જાય ત્યારે વાસ્તવિક પૂજા થાય છે.**

**આ દોષો પુરુષાર્થથી જતા જ નથી પણ ભગવાનની કૃપાથી જ જાય છે.** ભગવાનની કૃપાથી અભય બનાય છે. ભય એ મનનો રોગ છે. જેમ શરીરના આરોગ્યથી વ્યક્તિ જીવે છે તેમ મનનું આરોગ્ય પણ જરૂરી છે.

ભય હોય ત્યારે મન અસ્વસ્થ બની જાય છે. જ્યારે **ધર્મ એ ચિત્ત સ્વાસ્થ્ય તરફ ગતિ કરાવે છે.** ભગવાન ઇહલોક પરલોક આદિ સાતે ભય ટાળે છે. આ સાત ભય ઉપર વિજય મેળવવો હોય તો સંસારનો ભવનો ભય થવો જોઇએ. ભવનો ભય મટાડવો હોય તો લાંચ-રિશ્વતથી નહીં જાય. પણ ભગવાનની કૃપાથી જ મટવાનો છે.

ભગવાનની કૃપા કેવી રીતે મળે?

'આ મોહ રાજાની નાટક કંપની છે, તેમાં રહેવા જેવું નથી' એમ મોહરાજાનું નાટક સમજાઇ જાય તો વૈરાગ્ય આવશે, અને ભવના નાશક દેવ-ગુરૂ ઉપર બહુમાન જાગશે.

ભગવાન ઉપર જેમ જેમ ભક્તિ ભાવ જાગે તેમ તેમ ભય ટળતો જાય છે. **ભગવાન ઉપર બહુમાન એટલે ભવના ભયમાંથી ભગવાન જ મને બચાવશે તે ભાવ જોઈએ. અર્થાત્ વિષય-કષાય ઉપર નફરત આવવી જોઈએ. તો જ ભગવાન ઉપર બહુમાન જાગે.**

બહુમાન થવાથી ભગવાનની કૃપા ઝીલવા માટે યોગ્ય બનીશું, ભક્તિમાં આનંદ થશે. જેને ભવનો ભય નથી તેના માટે સાત ભય છે..

ભગવાનની ભક્તિ-ધર્મ કરે તેને કોઈ ભય હોતો નથી. ભગવાનની ભક્તિથી નિર્ભય બને છે.

મુનિ નિર્ભયજહાજ છે તેમાં બેસનારાને મુનિ પાર ઉતારે જ. તેમાં કોઈ શંકા છે જ નહીં. જ્યાં સુધી ભવસાગર ન ઊતરીયે ત્યાં સુધી આ મુનિનું જહાજ સાચવી રાખજો.

**ધર્મનો સ્વભાવ એવો છે કે એક માણસ ધર્મ કરે અને લાભ અનેકને મળે. જેમ કે ભગવાનશ્રી મહાવીરે પૂર્વના ત્રીજા ભવમાં જે ધર્મ કર્યો તેમાં તેમનું તો હિત થયું અને તેમના નિમિત્તે બીજા અનેકનું હિત થયું છે, થઈ રહ્યું છે અને ભવિષ્યમાં થવાનું છે. આમ દરેકની શુદ્ધ આચારણાથી ઓછેવત્તે અંશે પણ બીજાને લાભ થાય જ છે.**

ધર્મનો સ્વભાવ બધાને સુખી બનાવવાનો છે. આપણે દુઃખી છીએ તે આપણી ભૂલના કારણે દુઃખી છીએ. અહંભાવ ભૂલો કરાવે છે. માન કષાય આડો આવે છે. તેના કારણે દુઃખી છીએ. તેને ભૂલવા વિનય-નમ્રતા જોઈએ. વિનય એ ધર્મનું મૂળ છે. આ પાયાના ગુણો નમસ્કારની આરાધનાથી મળે છે. પ્રગટ થાય છે. આપણા જીવનમાં ધર્મરૂપી ઈમારત ચણવી હોય તો માન અભિમાનને પાયામાંથી ઉખેડી નષ્ટ કરવાના છે. નમ્રતાભાવ કેળવવાનો છે. નમ્રતા એટલે જેનો-જેનો ઉપકાર આપણા ઉપર છે તેનો સ્વીકાર કરવો. જ્યાં સુધી સાધક દશા હોય ત્યાં સુધી નમસ્કાર રહેવાનો. કારણ કે નમસ્કાર એ કારણ છે. સિદ્ધ અવસ્થા એ કાર્ય છે.

'મારા ઉપર પરમેષ્ઠીઓનો અનંત ઉપકાર છે તે માટે જ હું નમસ્કાર કરું છું.' આ ઉપકાર ભાવની વૃત્તિ = સમજ લાવવાની છે. નજીકના ઉપકારોને ઘૂંટવાથી તે સહજ બને છે. જેને માતા-પિતાના ઉપકાર દેખાય છે તેને જ દેવ-ગુરૂના ઉપકાર યાદ આવે છે. જેને માતાપિતા કે ગુરૂના ઉપકાર ન દેખાય તેને દેવના ઉપકારો ક્યાંથી દેખાવાના છે? ઉપકારીનો ઉપકાર તો માર્ગાનુસારીને પણ દેખાય છે.

કોઇએ ઉપકાર કર્યો તેને ઓળખવો તે કૃતજ્ઞતા ગુણ છે. કૃતજ્ઞતા અને પરોપકાર એક બીજા સાથે સંકળાયેલાં છે. પરમેષ્ઠીઓના ઉપકારનો બદલો વાળવો હોય તો જગતના જીવોને સુખી બનાવવાનો એમનો સંકલ્પ છે આપણે તે પૂરો કરવો જોઇએ. એટલે જીવોને સુખ આપવા પરોપકાર કરવો જોઇએ. પરોપકાર પણ અહંકાર માટે નહીં પણ ઋણ મુક્ત થવા માટે કરવાનો છે.

અભયદયાણં - એ ચિત્તની સ્વસ્થતા સૂચક સંપદા છે. ભગવાનનું સ્વરૂપ એવું બતાવે છે કે ભવ ઉપર વૈરાગ્ય આવે અને ભગવાન પ્રતિ બહુમાન થાય.

ભવ અને ભગવાન એ બેનું બહુમાન એક સાથે ન રહે. ભવ ઉપર નિર્વેદ થવો જોઇએ.

ભવ = સંસારમાં નજીક શું? શરીર, સંપત્તિ, સ્વજન એ ત્રણ નજીક રહેનારા છે.

એ ત્રણે કેવા છે?

- કાયા (શરીર) એ જ રોગનું ઘર છે.
- સંપત્તિ એ આપત્તિનું મૂળ છે. અને
- સ્વજન સાથેના સંબંધો વિયોગ કરનારા છે. આ ત્રણે દુઃખનાં કારણો છે.

જે શરીર ઉપર મમતા છે તે સ્થાયી નથી, એ શરીર તો ઊલટું રોગ અને મૃત્યુથી ઘેરાયેલું છે. જે શરીર ઉપર જગતના જીવોને પ્રેમ છે તે શરીર ઉપર ભગવાનની વાણી સાંભળનારને વૈરાગ્ય આવવો જોઇએ.

સંપત્તિ, એ તો આપત્તિનું મૂળ છે. સંપત્તિ વધે તેમ ટેન્શનનો, રોગ, કષાયો વધે છે. **આખું જગત જેની પાછળ ગાંડુ બની દોડી રહ્યું છે, તે ગાડરિયા પ્રવાહમાં પ્રભુને સમજનારો ન દોડે.**

જેટલા સ્વજનોના સમાગમો છે તે વિયોગના માટે જ છે. જેનો સંયોગ તેનો વિયોગ થવાનો જ છે. આ ભવ પૂરતા જ બધા સંબંધો છે. કાયા સંપત્તિ સ્વજન પોતાના નથી છતાં પોતાના માનવા તે દોષ છે પરંતુ પોતાનો દોષ પોતાને દેખાતો જ નથી. બીજાના દોષો તરત દેખાય છે.

બીજાના દોષો જોઇને હસવું ન જોઇએ. તેમની નિંદા કરવી નહીં. બીજાની નિંદાથી આપણો અહંકાર વધે છે. બીજાના દોષોની નિંદા કરનાર તે જ દોષો પોતાનામાં લાવવાનું કામ કરે છે. જ્યારે બીજાના ગુણોનું અનુમોદન કરનારાને પોતાના દિલમાં તે જ ગુણોનું પ્રગટીકરણ થાય છે.

બીજાના ગુણો અને પોતાના દોષો જોવાના છે. આત્મા અભય છે છતાં અત્યારે સતત ભયવાળો છે.

**પ્રશ્ન :** ભય આવે છે ક્યાંથી?

**ઉત્તર :** પહેલાં તે વિચારો કે ભય છે શાનો? આત્મા અનંત ગુણ અને પર્યાયવાળો છે. તેમાંથી એક પણ ગુણ ક્યાય જવાનો નથી. જેનો ભય છે તે વસ્તુ જવાની જ છે માટે ભય છે. પોતાના નથી અને ભેગા કર્યા છે તે તમામ પદાર્થોનો વિયોગ થવાનો છે. જન્મની સાથે મરણ પણ નિયત થયેલું છે. છેવટે ત્યારે તો બધું જ એક સાથે જવાનું જ છે. **પરપુદ્‌ગલમાં પોતાનાપણું માન્યું માટે જ ભય છે.** ભય ચિત્તને અસ્વસ્થ બનાવે છે. ભગવાનની ભક્તિ અને બહુમાનથી સ્વસ્થતા-પ્રસન્નતા આવે છે.

ભગવાનના બહુમાનથી ભવનો નિર્વેદ થાય છે. ભવનો નિર્વેદ થવાથી અભયગુણ પ્રગટ થાય છે. **અભય, લોખંડી ગુણ છે.** આ આત્માનો વિશિષ્ટ ગુણ કહેવાય છે. તેનાથી ધૈર્ય અને ધીરજ કેળવાય છે. અભય અનેક ગુણોને પ્રગટ કરે છે. **મોક્ષ સાધક ગુણોને સાધવાની ભૂમિકા આ ગુણમાં છે.** ભગવાન અભય છે

અને અભયને આપનારા છે. આથી તેમના બહુમાન સિવાય કે તેમની વાણીના બહુમાન સિવાય આ ગુણ કોઈનેય મળતો જ નથી. કારણ કે (૧) ભગવાન ઉત્કૃષ્ટ ગુણ સ્વરૂપવાળા છે. (૨) ભગવાનમાં અચિંત્ય શક્તિ રહેલી છે. (૩) ભગવાન સદાય અભય ભાવે રહેલા છે. (૪) તેમનું આખું જીવન પરોપકારમય હોય છે. પરોપકાર વિના કોઈ ગુણ શોભતો નથી. અશુદ્ધ આલંબન ટાળવા શુદ્ધ આલંબન લેવું જ પડશે. આ રાજમાર્ગ છે. ભગવાનના બહુમાન વગરનો જે વૈરાગ્ય તે મસાણીયા વૈરાગ્ય જેવો છે. વૈરાગ્ય નહીં થવાનું કારણ હજુ ભવભ્રમણ ગમે છે.

ભવ-ભ્રમણનું મૂળ કષાય છે. તે કષાય સંસારના મૂળિયાંને સીંચે છે. કષાય વિષયથી પેદા થાય છે. દુઃખોનું મૂળ વિષય છે. રામાયણ અને મહાભારતનું યુદ્ધ પણ વિષયના સુખોની આસક્તિ છે માટે થયું છે. કષાયનું મૂળ પણ વિષય છે. વિષય-કષાયની ગાંઠ અનાદિકાળથી છે તે તોડવાની છે.

સાધુઓ ભાવ નિર્ગ્રંથ છે. એમને વિષય-કષાયની ગાંઠ નથી. તેઓએ અંતરંગ શત્રુઓ ઉપર વિજય મેળવ્યો છે. આપણે તેનાથી ભરેલા છીએ. તે કાઢવા તેમનું શરણું લેવાનું છે.

અભ્યંતર ૧૪ ગ્રંથિમાં સૌથી મોટું મિથ્યાત્વ છે. તે ઉપરાંત ચાર કષાય, નવ નોકષાય, એમ કુલ ચૌદ ગાંઠો છે. તેને ભેદવાની છે. સંસાર સમુદ્રથી પાર ઊતરવા દેશવિરતિ એ નાનું જહાજ છે. સર્વ વિરતિ એ મોટું જહાજ છે. મોટું જહાજ મધ્ય દરિયામાં છે આપણને નાનું જહાજ ત્યાં પહોંચાડશે. દરિયામાં નાના જહાજમાં બેસનારે પણ ધ્યાન રાખવાનું છે કે હું (સંસારમાં) દરિયામાં છું. ચારેબાજુ પાણીમાં છું, તો પણ નાના જહાજરૂપ ઉપધાનમાં નિર્ભય છું. પણ ઘરમાં ગયા પછી શું? માટે ઉપધાન તપ કરનારે મોટા જહાજમાં બેસવાનું છે. મોટું જહાજ સર્વવિરતિનું છે, સર્વવિરતિના જહાજમાં બેસવાનું છે. **ઘરમાં જવા માટે ઉપધાન નથી.** ઉપધાનમાં વૈરાગ્યનો ઉપદેશ જોઈએ જ.

૪૭ દિવસ માટે દેશવિરતિ સામે આવી ગઈ છે. લક્ષ્મીજી ચાંલ્લો કરવા

આવી ગયાં છે. હવે એમને કાઢી મૂકવાં છે કે ચાંલ્લો કરાવવો છે? તે વિચાર કરશો. કદાચ સર્વવિરતિ ન લઇ શકાય તો દેશવિરતિમાં તો રહેવાનું જ. પૌષધ પાર્યા પછી પણ દેશવિરતિમાં ટકવાનું. બાર વ્રત લેવાથી શ્રાવક દેશવિરતિમાં ટકી રહે છે. સમ્યકત્વ સહિત બાર વ્રત સમજીને ઉચ્ચરવાના છે.

વીતરાગ અરિહંત સિવાય અન્ય દેવી-દેવતાને માનવા નહીં તેમાં સમ્યકત્વનું પાલન થાય છે.

૧. જાણી જોઇને નિરપરાધી ત્રસ જીવને મારવા નહીં.

૨. પાંચ પ્રકારના મોટાં જૂઠ બોલવાં નહીં.

૩. ત્રીજા વ્રતમાં કોઇ વસ્તુ ચોરવી નહીં, અનીતિનું ધન એ ગૃહસ્થ માટે પણ વિષ્ટાનો ઢગલો છે. તે લેવાનું મન કોને થાય? તમે જ્યારે મહાવ્રતધારી બનશો ત્યારે તમને નીતિનું ધન, સંપત્તિ, વૈભવરૂપી આ ઢગલો ઉકરડો લાગશે.

૪. શ્રાવકે જીવનભર બ્રહ્મચર્ય લેવું જોઇએ, તે ન લેવાય તો સ્વદારામાં સંતોષ માનવો જોઇએ. તેમાં પણ અમુક દિવસ બ્રહ્મચર્યનું પાલન કરે. બ્રહ્મ એટલે આત્મા, ચર એટલે ફરવું, રમણતા કરવી અર્થાત્ આત્મામાં જ જેને રમણતા કરવી હોય તેણે બ્રહ્મચર્ય પાળવું જોઇએ. પોતાને જ વિચારવું જોઇએ કે હું નર છું કે ખર?

જે વિષયમાં ન રમે તે નર અને વિષયમાં રમે તે ખર. ખર એટલે ગધેડો. જેને ગધેડા અને ભૂંડ બનવું હોય તે અબ્રહ્મમાં રમે.

૫. પાંચમા વ્રતમાં પરિગ્રહોનું પરિમાણ કરવાનું છે, ઇચ્છાઓનું નિર્વાણ કરવાનું છે. પોતાની પાસે જે છે એમાંથી ઓછું કરવાનું છે. નવું આવતું બંધ કરવાનું છે. રાખવું પડે તેના ઉપર પણ મૂર્છા ન કરવી.

શૂરવીરને મહાવ્રતો-વ્રતો સરસ લાગવાં જોઇએ. **આ આત્માએ ઘણાં દુઃખો અનિચ્છાએ સહન કરેલાં જ છે. હવે કર્મની નિર્જરા માટે સહન કરવાનું છે. આ લક્ષ્ય આવે તેમાં જ શાસન મળ્યાની સફળતા છે.** મહાવ્રતો ન લઇ શકાય તો શ્રાવકે અણુવ્રતો તો સ્વીકારવાં જ જોઇએ.

૬. છઠ્ઠાવ્રતમાં ગમનાગમન માટે દિશાઓનું પરિમાણ નક્કી કરવું, તેમાં દિશાઓનો સંક્ષેપ થાય છે.

૭. સાતમા વ્રતમાં ભોગોપભોગનું વિરમણ હોવાથી અનાદિકાળની બહેકાયેલી પૌદ્ગલિક વૃત્તિઓ કાબૂમાં આવે છે.

૮. આઠમા વ્રતમાં અનર્થદંડ એટલે કારણ વગર બિનજરૂરી હોવા છતાં જે આરંભ-સમારંભ થાય અને આત્મા દંડાય તેનાથી બચવાનું છે.

આ ત્રણ ગુણવ્રત છે. તેનાથી મૂળ વ્રતોનું રક્ષણ અને વૃદ્ધિ થાય છે.

૯. સંસારમાં રહેવા છતાં અલિપ્ત ભાવ કેળવવા માટે નવમા વ્રતે સામાયિક છે. આ વ્રત રાગ-દ્વેષભાવથી છૂટી સમભાવમાં રહેવાનું શીખવે છે.

૧૦. દશમા વ્રતમાં દેશાવગાસિક છે. તેમાં દિશાનું પરિમાણ થાય છે, દિશાઓનો સંક્ષેપ કરવો. તે નિયત ક્ષેત્ર બહારથી આવેલ વસ્તુનો વ્યવહાર ન કરવો તે શીખવે છે. તેનાથી વૃત્તિઓ શાંત બને છે.

૧૧. અગિયારમા વ્રતમાં પૌષધ કરવાનો છે. પૌષધથી આત્મા પુષ્ટ થાય છે. સંસારની પ્રવૃત્તિથી અલિપ્ત રહેવાનું આ વ્રત શીખવે છે.

૧૨. બારમું અતિથિ સંવિભાગ વ્રત છે, **અતિથિ = તિથિ સિવાય, અનિશ્ચિત, સંવિભાગ = મળેલા ભોગ્ય પદાર્થોના વિભાગનો ત્યાગ.**

અર્થાત્ નિશ્ચિત તિથિ (દિવસ-સમય) સિવાય આવે તે સાધુ વગેરે તેમને પડિલાભવા. મળેલા ભોગ્ય પદાર્થો પણ છોડવાના છે અને જે છે તે પણ બધા ભોગવવાના નથી તે આ બારમું વ્રત શીખવે છે.

આ રીતે બાર વ્રત વિધિપૂર્વક પાલન કરનારને સર્વવિરતિરૂપ વજદંડ મળે છે.

- સંસારનું મૂળ કષાય છે, કષાયનું મૂળ વિષય છે માટે વિષય-કષાયથી દૂર રહો.
- પર પુદ્ગલને પોતાનું માન્યું માટે જ ભય છે, ચિત્ત અસ્વસ્થ છે.

## વાચના - ૧૫

**जिण सासणस्स सारो, चउदस पुव्वाण जो समुद्धारो ।**

**जस्स मणे णमुक्कारो, संसारो तस्स किं कुणइ ।।**

પરમાત્મા મહાવીર પ્રભુના શાસનને શોભાવનારા જ્ઞાની ભગવંતોનો કોલ છે કે – જેના મનમાં નવકાર હોય, જેના મનમાં પરમેષ્ઠી હોય તેને સંસારનો ભય હોય જ નહીં.

નવકાર એ કેસરી સિંહ છે પછી તેને કોઇનો ભય હોય જ નહી. જૈન કુળમાં નાના બાળકથી માંડી શ્રેણી સુધી પહોંચે છતાં નવકારને મનમાં રાખે છે.

**દુઃખમય સંસારમાં નવકારના અર્થ જેના હૃદયમાં રહી જાય તેને ખારા પાણીનો દરિયો પણ મીઠા પાણીનો બની જાય છે.**

ઉપધાનમાં એટલા માટે જ પહેલો નવકાર આપવામાં આવે છે. સર્વ સૂત્રોમાં સર્વ ક્રિયામાં નવકાર વ્યાપક છે. નવકાર વિનય ગુણ સહિત છે. નવકાર વિનાના શાસ્ત્રની કિંમત શૂન્ય છે. અંતરમાં નવકાર વસ્યો એટલે પરમાત્માની આજ્ઞા વસી ગઇ છે એમ સમજવું. નવકાર આવે એટલે જીવો પ્રત્યે મૈત્રીભાવ આવે. જગતના જીવો મારા જેવા છે એટલું જ નહીં પણ દરેક જીવ સિદ્ધ ભગવાન જેવા છે એ ભાવ લાવવાનો છે. તેના માટે જ પરમેષ્ઠી ઉપર પ્રેમ કરવાનો છે અને વિષયો ઉપર વૈરાગ્ય કરવાનો છે.

**દ્વાદશાંગી નવકારમાં છે, તે પણ નવકારના પહેલા પદમાં છે.** નવકાર એ શ્રુતજ્ઞાન છે અને ''लोगो जत्थ पइटिठओ'' શ્રુતજ્ઞાનમાં લોક પ્રતિષ્ઠિત થયેલ છે.

અર્થાત્ નવકારમાં સમસ્ત (૧૪ રાજ પ્રમાણ) લોક પ્રતિષ્ઠિત થયેલું છે.

જે વીતરાગને રૂચે છે એ જ નવકાર ગણનારને રૂચવું જોઇએ. અરિહંત ભગવાનને સવિ જીવોને શાસનરસિક બનાવવા છે.

શાસન એટલે શું?

શાસન એટલે આત્મ સ્વભાવ.

અર્થાત્ ભગવાનની ભવ્યભાવના જગતના સર્વ જીવોને આત્મસ્વભાવના રસિક બનાવવાની છે.

આત્મ સ્વભાવના રસિક બનીએ તો ભગવાનના આશીર્વાદ મળે છે. આવા શ્રાવકને ત્રણ ભુવનનું રાજ્ય મળે તો યે તે આત્મ સ્વભાવની રસિકતા ન છોડે.

''मा भुवं चक्रर्वत्यपि'' એ કુમારપાળ રાજાની ભાવના હતી.

ઇન્દ્રે ભગવાનની પાસે માંગ્યું છે કે 'આપના ચરણોની ભક્તિના ફળમાં મને ભાવિમાં શ્રાવક કુળ મળજો.' ઇન્દ્ર મહારાજા જે માંગે છે તે આપણને મળી ગયું છે તેની આપણને કિંમત કેટલી? **નવકાર સમજાય તો જ આ જીવનની કિંમત સમજાય.**

તીર્થંકરો અનંતા થઇ ગયા પણ માર્ગ એક જ છે, નવકાર એક જ છે. નવકારમાં દેવ-ગુરૂ-ધર્મ છે. આ ત્રણમાંથી ગમે તે સ્વરૂપમાં સ્થિર થાય તો સર્વ જીવોના ગુણો દેખાય છે પણ આપણી દોષો જોવાની દૃષ્ટિ છે. પછી તેમાં વિકલ્પો આવે છે. આ દોષદૃષ્ટિને છોડવાની છે. **જેની ગુણદૃષ્ટિ ખીલેલી હોય તે કોઇના દોષ જુએ જ નહીં. ગુણદૃષ્ટિ ખૂલી જાય તો ''સર્વ જીવો આપણું હિત કરનારા જ છે. આપણું અહિત આપણા કારણે જ થાય છે''** એમ દેખાય છે.

**પ્રત્યેક જીવોનો સ્વભાવ બીજાને ઉપકાર કરવાનો જ છે.** અપકાર આપણા કારણે જ થાય છે.

**તીર્થંકરોએ જગતના સર્વ જીવોને પોતાના હિતમાં નિમિત્ત બનાવ્યા છે.**

**એ વાત સમજવા જેવી છે. સૂક્ષ્મ જીવો પણ ઉપકારમાં નિમિત્ત બન્યા છે.**

**જે જીવો સંબંધમાં આવતા નથી તેની ઉપર પણ શુભ ભાવનાથી ઉપકાર થાય છે.** નિગોદના જીવો ઉપર પણ જે શુભ ભાવ કર્યો, મૈત્રી કરી, આથી પુણ્ય બાંધ્યું તેમાં તે જીવો નિમિત્ત બન્યા તે અપેક્ષાએ પણ તે જીવો ઉપકારી છે. આવું ભગવાન પાસેથી જ્ઞાન મળે છે. ભગવાન આવી ઊંડી સમજ = દૃષ્ટિ આપે છે. માટે ભગવાનને 'ચક્ખુદયાણં' ચક્ષુ આપનાર કહ્યા છે.

અહીં ચક્ષુ એટલે આપણને બે આંખ મળી છે તે અર્થ ન લેતાં "ત્રીજા વિવેક-શ્રદ્ધારૂપી ચક્ષુ આપનાર ભગવાન છે એમ સમજવું. શ્રદ્ધા એટલે જીવાદિ તત્ત્વોની પ્રતીતિ સ્વરૂપ આત્માનો વિશિષ્ટ સ્વભાવ.

જેની જેવી ભાવના હોય છે તેને તેવી જ સિદ્ધિ મળે છે.

આપણને મનુષ્ય જન્મ મળ્યો છે તે કાચબાને થતા શરદ પૂર્ણિમાના દર્શન જેવો દુર્લભ છે. તેમાં દુર્લભ ચીજ વિરતિ છે. વિરતિનું ફળ શાશ્વત·મોક્ષ મળે છે. પરંતુ મોહરાજા તમને થોડા દેખીતા સુખમાં ફસાવી મહાન સુખની પ્રાપ્તિથી અટકાવે છે. સંસારમાં રહેનારને દુર્ગતિનો ભય પૂરેપૂરો છે. સંયમમાં જરાપણ ભય નથી. આનંદ આનંદ છે.

**અપ્રમત્ત દશામાં રહેલા મુનિઓને એવો આનંદ અને સુખનો અનુભવ અહીં થાય છે કે મોક્ષને પણ ભૂલી જાય છે.**

સંપત્તિ એ પારકી ચીજ છે એને પોતાની માની કે એ જ મોટું દુઃખ છે. પથ્થરની શિલા બાંધીને સમુદ્ર તરાય જ નહીં. પૌદ્ગલિક ભાવનો પથ્થર આપણે બાંધેલો છે. તેવા સમયે ભગવાન શાસનને જોવાની સાચી આંખ આપે છે.

અભય, ચક્ષુ, માર્ગ અને શરણ આપનાર ભગવાન છે.

ન્યાય અને આગમની ભાષામાં 'લલિતવિસ્તરા' ગ્રંથ સંપૂર્ણપણે લખાયેલો છે.

તેમાં જણાવે છે કે **મોક્ષમાર્ગમાં આગળ વધવું એનું જ નામ યોગ છે. ભગવાન સાથે સંબંધ જોડવો તેનું નામ યોગ છે.**

ભગવાન-ભગવાન બનાવવાની (બનવાની) કલા શીખવે છે. શિવનો માર્ગ બતાવે છે પરંતુ આપણી તૈયારી કેટલી?

સાધુને ખમાસમણા સાધુ બનવા માટે આપવાના છે. ભગવાન થવા માટે ભગવાનની પૂજા કરવાની છે. તે ભાવ ન હોય તો વંદન-પૂજા સંપૂર્ણ ફળ આપશે નહીં.

ભગવાન આપણને ભગવાન બનાવવામાં વાર લગાડતા નથી પણ આપણે બનવાની વાર કરીએ છીએ.

ભગવાનનો સંકલ્પ છે કે સકલ જગતના જીવોને શાસનની ઓળખાણ કરાવી દેવી. પરંતુ હજુ આપણને શાસનની ઓળખ થતી નથી. સંસારના ભાવોમાં જ જીવન પૂરું થાય છે. **સંસારનું = વિષયનું બહુમાન હૈયામાં ઘણું જ બેઠું છે તેથી ભગવાનનું બહુમાન થતું નથી.**

ભગવાન પ્રત્યે બહુમાન એટલે = સર્વ જીવો પ્રત્યે મૈત્રી, જીવોની મૈત્રી અભય અપાવે છે. પ્રભુ કહે છે કે - અભય આપવાથી અભય મળે છે. ચિત્ત સ્વસ્થ થાય છે અને ચિત્તની સ્વસ્થતા વિના ધર્મનો પ્રારંભ થતો નથી. **જીવમૈત્રી તે ધર્મનું પ્રથમ પગથિયું છે.**

અંતરમાં જીવ મૈત્રી આવશે એટલે કોઇ જીવ પ્રત્યે નફરત નહીં થાય પણ માન-સન્માન થશે.

**બધા દાનમાં શ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે.** ગમે તેટલા રૂપિયાનું દાન આપી તેને તિરસ્કારે તો તેને મન દાનની મહત્તા નથી. પૈસા ન આપે પણ સન્માન, બહુમાન આપે તો તેને મન ઘણો આનંદ થાય છે.

નમસ્કાર દ્વારા આપણે પાંચેય પરમેષ્ઠીનું બહુમાન કરીએ છીએ. આથી ઉત્કૃષ્ટ એવા મહાપુરુષોને સર્વોત્કૃષ્ટ એવો નમસ્કાર થાય છે. તેથી કર્મની સર્વોત્કૃષ્ટ નિર્જરા થાય છે.

આપણા નમસ્કારને ભાવનમસ્કાર બનાવવો છે તે માટે મનમાં સતત ભાવ રાખવાનો છે કે ''મારે મોક્ષ માટે અથવા લોકોત્તર કાર્ય સિદ્ધ કરવા માટે

આ નમસ્કાર કરવાનો છે.'' **કોઈપણ ક્રિયામાં મન જ્યારે ભળે ત્યારે તે ક્રિયાનું મહત્ત્વ વધે છે.**

જેની પાસેથી મોક્ષ મળવાનો છે એની પાસે બીજું માંગવું એ એનો અનાદર છે. આપણને મળેલો મનુષ્યનો દેહ એ ધર્મદેહ છે. એનો ઉપયોગ ધર્મમાં ન કરીએ તો આપણે દેહનો અનાદર કરીએ છીએ. આથી ધર્મદેહ જ કર્મદેહ બને છે.

સાધુનો દેહ એ ધર્મદેહ છે. મોક્ષનું સાધન છે.

ધર્મ-સાધના આ દેહ દ્વારા જ થઇ શકે તેમ છે. ઇન્દ્રનો દેહ મળે તો પણ આ કાર્ય સિદ્ધ થાય તેમ નથી. મનુષ્યના દેહમાં જ મોક્ષની સાધના અને સિદ્ધિ થઇ શકે છે.

છતાં આપણી જિંદગી ખાવા-પીવાની ચિંતામાં પૂરી થાય છે. પંખીને-કૂતરાંને પણ ખાવાપીવાની ચિંતા નથી તો આપણે તો આ ચિંતા કરવાની જ નથી. ખાવાનું પણ ચિંતા કરવાથી મળતું નથી પરંતુ પુણ્યથી મળે છે. છતાં જેટલી ચિંતા ખાવાની કરો છો તેટલી ચિંતા આત્માના ભોજનની કરવી જોઇએ.

પરંતુ હજુ આત્મા ઓળખાયો નથી. આત્માની શ્રદ્ધા જામતી નથી.

આંખ વિના જેમ પદાર્થ જોઇ શકાતો નથી તેમ શ્રદ્ધા વિના આત્માના પદાર્થોનું (દર્શન-પ્રતીતિ સ્વરૂપ) જ્ઞાન થતું નથી. જેને શ્રદ્ધારૂપી ચક્ષુ મળે તેને આત્મતત્ત્વનું દર્શન થાય છે. આત્મતત્ત્વનું દર્શન થતાં જીવનમાં ધર્મ આવે જ.

ભગવાન 'મગ્ગદયાણં' માર્ગના દેનારા કહેવાય છે. સાચો માર્ગ એ જ બતાવશે. માર્ગ એટલે ચિત્તનું વક્રતારહિત ગમન તે માર્ગ = સમ્યગ્ દર્શન, **સમ્યગ્ દર્શન પામેલા સમ્યગ્ દૃષ્ટિ જીવો સંસારમાં બેઠેલા હોય તો પણ સંબંધ સિદ્ધોની સાથે જોડાયેલ હોય છે. ભગવાન જ સિદ્ધોની સાથે સંબંધ જોડી આપે છે.**

બીજાની સાથે માયા તે પોતાના આત્માની સાથે જ ઠગાઇ કરવા જેવું છે. માયાવી ગમે તેટલી ક્રિયા કરે છતાં સફળ થતી નથી. તેમ માટે નમ્ર અને સરળ

બનવું જરૂરી છે. પછી ભગવાન માર્ગ જોડી આપે જ છે. **માર્ગ મળ્યા પછી અવશ્ય તત્ત્વ ચિંતન આવે જ છે. તત્ત્વ ચિંતન થવાથી ઉપસર્ગો પરિષહો સહન કરવામાં આનંદ આવે છે. અર્થાત્ એમ કહી શકાય કે સાધના માર્ગમાં ઉપસર્ગો અને પરિષહો સહન કરવાની શક્તિ પણ ભગવાન આપે છે.**

તત્ત્વ ચિંતનના અભાવમાં મોહના ઉદયથી રાગ-દ્વેષ રૂપી ચોરો તમારી પાસે ભીખ મંગાવે છે. ભગવાનની નજરમાં ચક્રવર્તી પણ ભિખારી છે. રસ્તામાં ભીખ માંગતો ભિખારી તે પેટ માટે માંગે છે. તમે બધા મોટા ભિખારી છો. ઘણું મળ્યું છે છતાં ભેગું કરવાની ભીખ છે. ભેગું કરીને મૂકી જવાનું ને! આ રીતે અનેક જન્મો પસાર થઇ ગયા છે. મારું માની ભેગું કર્યું. સંઘરી રાખ્યું છેવટે છોડવાનું.

મોહરાજાએ મારું મારું શીખવાડ્યું છે. "હું અને મારું" આ બધા મંત્રો મોહરાજાના છે. સંસાર એ કાળરૂપી કાદવ છે. તેમાં તમને મોહરાજાએ ફસાવ્યા છે. મોહ તે અંધકાર છે. આ અંધકારમાં આત્મા હોવા છતાં દેખાતો નથી. સદ્ગુરૂએ આત્માની ઓળખાણ કરાવી થોડી મોહબુદ્ધિ ઓછી કરાવી જ્ઞાનરૂપી દીવાનો પ્રકાશ કર્યો.

ગુરૂ આપણને સમ્યગ્ દર્શનરૂપી દવા આપે છે. આજે આપણે જ્ઞાનનો ઉપયોગ આપણે કરી શકતા નથી. કષાયો આવવાથી જે ગુણો ચાલ્યા ગયા હતા તે ગુરૂના પ્રભાવે પાછા આવે છે. સંયમરૂપી વજ્ર દંડ હાથમાં આવવાથી કષાયો ભાગવા માંડે છે.

મોહરાજા ભરવાડ છે, કર્મપ્રકૃતિ તે બકરા છે અને આત્મા એ સિંહ છે. આત્મા એ માત્ર સિંહગર્જના કરવાની જરૂર છે. ભરવાડ ને બકરાં બધું જ ભાગી જાય. સામાયિક દ્વારા આત્માને એ જ શિક્ષા આપવાની છે. એકાન્તમાં બેસીને આત્માને સમજાવવાનો છે. પોતાના સ્વરૂપનું ભાન કરાવવાનું છે. સ્વરૂપ દશા તરફ આપણી નજર જાય તો જ શૌર્ય પ્રગટ થાય અને ક્રિયાઓ ચેતનવંતી બને.

**મોક્ષ સુખની વાનગીનો અનુભવ સામાયિકમાં થાય છે.** પ્રતિક્રમણમાં

પાપની નિંદા ગર્હા થાય છે. પાપથી પાછા હટાય છે.

જેના હૈયામાં અરિહંતની આજ્ઞા વસી છે તેને સંસારમાં રહેવા છતાં સંસાર ખારો લાગે છે. નમો અરિહંતાણં એ પદમાં 'નમો અરિહંત-આણં' એમ પદચ્છેદ કરવાથી નમસ્કાર થાઓ અરિહંતની આજ્ઞાને, એ પણ અર્થ નીકળે છે. પાંચે પરમેષ્ઠીની આજ્ઞાને કરેલ નમસ્કાર-આદર એ સર્વમંગળ આપે છે અને પાપોનો નાશ કરે છે.

**મિત્ર એકબીજાની ભૂલ સુધારે છે. સર્વ જીવોની મૈત્રી અરિહંતની છે. અરિહંત સર્વ જીવોની ભૂલોને સુધારવાના સંકલ્પપૂર્વક પ્રયત્ન કરે છે. આ જ પ્રભુનું શાસન છે.**

**ભગવાન પહેલાં શાસનના અનુયાયી બન્યા પછી જ બધાને શાસનના અનુયાયી બનાવવાનો ભાવ કર્યો છે. શાસનના અનુયાયી બનવા જીવ મૈત્રી અને પુદ્ગલ વૈરાગ્ય સ્વરૂપ સમ્યકત્વ જોઈએ.**

સમ્યકત્વ ન આવે ત્યાં સુધી આપણું મરણ છે. સમ્યકત્વ આવ્યા પછી અમર છીએ. સમ્યકત્વ એ મરણનું પણ મારણ છે. આ સમ્યકત્વ ભગવાનની કૃપાથી આવે છે. માટે

ભગવાન જગતના ઈશ પણ છે અને મિત્ર પણ છે.

ઈશ એટલે આજ્ઞા દ્વારા પાલન (પોષણ) કરે છે. મિત્ર એટલે હિતની ચિંતા કરે, જડ અને ચેતન પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતા નથી. મનુષ્ય લોકમાં સૌથી મોટા ચક્રવર્તી અને દેવલોકમાં સૌથી મોટા ઈન્દ્રમહારાજા ગણાય છે તે પણ પ્રભુની આજ્ઞા પાળે છે.

**ભગવાને જગતના જડ અને જીવોના ભાવોને પોતાના જ્ઞાનમાં જે રીતે જોયા છે તે રીતે તેનું વર્તન થાય છે.**

દરેક જીવો પોતાના ઉપયોગ સ્વભાવને છોડતા નથી પરંતુ ઉપયોગ શામાં છે? હિતમાં કે અહિતમાં તે જ મહત્ત્વનું છે. જગતમાં કોઈનું પણ અહિત થાય છે તે અશ્રદ્ધાથી અને અજ્ઞાનથી થાય છે.

આજ્ઞાને સમજે અને શ્રદ્ધા હોય તો હિત થાય જ.

સિદ્ધોની આજ્ઞા શું છે?

જગતના સર્વ જીવો મારા સમાન છે. એ જગતના જીવોને પોતાની સમાન જુએ છે ત્યારે જ આપણું શુદ્ધ સ્વરૂપ તેમની કૃપાથી પ્રગટ થાય છે.

સ્થાવરકાયમાં પણ જીવ છે તે માત્ર પ્રભુ કહે છે આ સ્થાવર કાયના...

**જીવને જડ માને તે મિથ્યાદૃષ્ટિ છે.**

**જીવને જીવ માને તે સમ્યગ્દૃષ્ટિ છે.**

**જીવને શિવ માને તે પરમાત્મદૃષ્ટિ છે.**

છ કાયના જીવની વિરાધનાના પ્રસંગે હૈયામાં ભારોભાર દર્દ થવું જોઈએ. વિરતિ ધર્મમાં જીવોની વિરાધના ન થાય તેનો સતત ઉપયોગ રાખવાનો છે. **મુનિવેષ ધારણ કરીને જે છ જીવનિકાય ઉપર ઉપયોગ રાખતા નથી તેનાં પરિણામો નિર્ધ્વંસ થાય છે.** ચૌદ પૂર્વધરો પણ પોતાનો ઉપયોગ ભૂલી જાય છે તેથી નિગોદમાં જાય છે. આપણો ઉપયોગ જશે તો ક્યાં જઈશું? ઉપયોગ જાય તે પ્રમાદ જ છે.

**મુનિપણામાં જ્યાં પ્રમાદ કર્યો ત્યાં હિંસા લાગે છે. જીવ મરે કે ન મરે તો પણ પ્રમાદ થયો એટલે હિંસાનું પાપ લાગે જ છે.**

જીવને જે વસ્તુ પ્રિય હોય તેને કર્મસત્તા ત્યાં જ લઈ જાય છે. જેને ઊંઘ કે પ્રમાદ બહુ પ્રિય હોય તેને નિગોદમાં જ લઈ જાય છે. માટે ચૌદ પૂર્વધરો પણ પ્રમાદના કારણે નિગોદમાં ગયા છે. આથી દેવ-ગુરૂના આજ્ઞાપાલનમાં પ્રમાદ કરવો નહીં.

આચાર્ય ભગવંત આદિની આજ્ઞા શું છે?

આચાર્ય ભગવંતની આજ્ઞા છે - પંચાચારનું શુદ્ધ પાલન કરો.

ઉપાધ્યાય ભગવંતોની આજ્ઞા છે વિનય કરો. તે પદ વિનય શીખવાડે છે. પોતે પણ અધ્યયન કરે અને સાધુઓને અધ્યયન માટે પ્રેરણા કરે.

સાધુ ભગવંતોની આજ્ઞા સદાચારનું પાલન કરવાની અને શ્રુતજ્ઞાનના

અધ્યયનમાં પરસ્પર સહાય કરવાની છે. આમ પાંચે પરમેષ્ઠીની આજ્ઞાની આરાધનાથી મોહ ઘટે છે.

જેટલા અંશે મોહ ઘટે છે તેટલા અંશે ચિત્તની સરળતા આવે છે. અભયથી સ્વસ્થ બનેલું અને (ચક્ષુ-શ્રદ્ધા) ધર્મરૂચિવાળું ચિત્ત પણ જો વક્રતાવાળું હોય તો નિખાલસતાના અભાવે સાચી તત્ત્વરૂચિ-જિજ્ઞાસા પ્રગટી શકે નહીં. મોહનો ક્ષયોપશમ ન હોય તો ચિત્ત વ્યાઘાત થવાથી તત્ત્વદર્શન સ્વરૂપ સમ્યગ્ દર્શનાદિ ગુણો ન સંભવે. આથી ચિત્તની અવક્રતા-સરળતા જોઈએ. સદાય વાંકોચૂકો (વક્ર) ચાલતો સાપ સીધી પોલી નળીમાં તેની ગતિ સીધી-સરળ બને છે. તેમ સાનુબંધ મોહનો ક્ષયોપશમ થતાં સરળતાદિ ગુણોની પરંપરાએ સમ્યગ્ દર્શનાદિ મળે તો આ સમ્યગ્ દર્શનાદિ-માર્ગ પણ ભગવાન થકી જ મળે છે માટે જ ભગવાનને 'મગ્ગદયાણં' કહ્યા છે.

- કોઈપણ ક્રિયામાં જ્યારે મન ભળે ત્યારે તે ક્રિયાનું મહત્વ વધે છે.
- માયાવી ગમે તેટલી ક્રિયા કરે છતાં સફળ નથી થતી.
- પ્રત્યેક જીવનો સ્વભાવ બીજાને ઉપકાર કરવાનો છે. આપણો વિભાવ બીજાને અપકાર કરી રહ્યો છે.
- ગુણદષ્ટિ ખુલી હોય તેને કોઈના દોષો દેખાય નહીં.
- જીવ મૈત્રી તે ધર્મનું પ્રથમ પગથિયું છે.
- સમ્યકત્વ એ મરણનું મારણ છે.

# વાચના - ૧૬

પ્રથમ ઉપધાન નવકાર ભણવા માટે છે તેમાં પંચ પરમેષ્ઠીની શરણાગતિનો ભાવ છે. બીજા ઉપધાનમાં પ્રતિક્રમણ સૂત્ર-ઈરિયાવહી છે તેમાં દુષ્કૃતની નિંદા છે.

ત્રીજું ઉપધાન શક્રસ્તવ અધ્યયનનું છે વ્યવહારમાં તેને પાંત્રીસુ કહે છે. આ શક્રસ્તવમાં દ્રવ્ય અને ભાવ અરિહંતના સુકૃતની અનુમોદના છે. **સુકૃતની અનુમોદનાથી સ્વદુષ્કૃતની નિંદાના ભાવ પ્રગટ થાય છે. સ્વદુષ્કૃતની નિંદા-ગર્હા કરવાથી સંવરની વૃદ્ધિ થાય છે.** કરેલા દુષ્કૃતોનો પશ્ચાત્તાપ હોય તો જ નિંદા-ગર્હા થાય છે. પશ્ચાત્તાપપૂર્વકની સ્વનિંદા અને ગર્હાના પ્રભાવે દૃઢપ્રહારી આ ભવમાં કરેલાં ચારે પ્રકારનાં મહાપાપોમાંથી મુક્ત થાય છે. **સ્વનિંદા પરગુણ અનુમોદના ધર્મનું પ્રથમ પ્રવેશ દ્વાર છે.** દુનિયામાં ધર્મી કહેવરાવનારા અધિક છે. હું અધર્મી છું એમ સ્વીકારવા કોઇ તૈયાર જ નથી.

એકવાર-શ્રેણિક મહારાજાએ ધર્મી અને અધર્મીની પરીક્ષા કરી. શહેર બહાર ધોળો અને કાળો એમ બે તંબૂ કરાવ્યા અને ધર્મીએ ધોળા તંબૂમાં જવાનું અધર્મીએ કાળા તંબૂમાં જવાનું એમ ઢંઢેરો પીટી જાહેર કરાવ્યું. ધોળા તંબૂમાં બધા જ આવ્યા, કાળા તંબૂમાં બે જ આવ્યા. પોતાની જાતને હું અધર્મી છું એમ કોણ માને?' કાળા તંબૂમાં પણ જે બે આવ્યા તે શાહુકાર શ્રાવક-આરાધક હતા, દૃષ્ટિ જાગી ગઇ હતી. પોતાના નાનામાં નાના દોષની નિંદા કરતા હતા.

સ્વની નિંદા એ ગુણ છે, પરની નિંદા એ મોટામાં મોટું પાપ છે. એ સમજ

હજુ આવી નથી તેથી આપણને પરદોષ જોવાની ટેવ પડી છે.

**સૌથી મોટામાં મોટું પાપ મિથ્યાત્વ છે, જિનની આશાતના છે. જ્યાં દયા નથી, કરુણા નથી તે મોટામાં મોટું મિથ્યાત્વ છે.**

અરિહંતની આજ્ઞાનો ભંગ અગર પ્રરૂપણા માર્ગનો નાશ કે કુમાર્ગની પ્રરૂપણા એ બધાં નરક અને નિગોદનાં કારણો છે. જમાલીએ ભગવાનની આજ્ઞા અને રોહગુપ્તે ગુરૂની આજ્ઞા ન માની તેથી સંસાર વધાર્યો.

અનંત તીર્થંકરોની આજ્ઞા = દેશનાનો સાર એક જ છે કે નમસ્કાર ભાવ આવવો જોઇએ. **તીર્થંકરો અનંતા થઇ ગયા છે. તેમાં "હું કહું છું" તેમ ભગવાન કહેતા નથી, પણ 'પૂર્વના તીર્થંકરો કહી ગયા છે તેમ હું કહું છું' એમ જાહેર કરે છે. તેની પાછળ પોતાના અહં ભાવનું વિસર્જન દેખાય છે. પોતે અહંભાવરહિત કહે છે તેવું જાહેર કરે છે.** ભગવાન વારંવાર કહે છે કે તમને જે અવસર મળ્યો છે અતિ ઉત્કૃષ્ટ છે. આને ગુમાવશો નહી.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ ચારે આપણને વિશુદ્ધ મળ્યા છે. માટે સર્વવિરતિ રૂપ વજ્રદંડ વહેલામાં વહેલો લઇ લેવો જોઇએ. **સર્વવિરતિ પણ સમ્યગ્ દર્શનથી શુદ્ધ હોવી જોઇએ. "જગતના સર્વ જીવો મારા આત્માતુલ્ય છે. એ ભાવ જ સમ્યગ્દર્શન છે. જેવી રીતે આપણા આત્માને દુઃખથી બચાવવા અને સુખ મેળવવા વધારે મહેનત કરીએ છીએ તેવું બધાં માટે કરવું જોઇએ.**

**બધા જીવો મારા જેવા છે. એવું જ્ઞાન એ જ સમ્યગ્ જ્ઞાન છે.**

**બધા જીવો સાથે આત્મતુલ્ય પ્રવૃત્તિ એ જ સમ્યગ્ ચારિત્ર છે.**

નિશ્ચયથી આપણા આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ગુણો રહેલા છે. તેની ઉપર આવરણ આવેલું છે. તેને ખસેડી ગુણોને પ્રગટ કરવાના છે.

સિદ્ધ ભગવાન પોતાના જ્ઞાનમાં આપણને પૂર્ણપણે જોઇ રહ્યા છે. આપણે પૂર્ણતાને પ્રગટ કરવા માટે જ પુરુષાર્થ કરવાનો છે. **પુરુષાર્થ આપણો અને કૃપા ભગવાનની હોય તો ગુણો પ્રગટ થાય.**

ભગવાન આપણને કઇ રીતે ગુણો પ્રગટ કરાવે છે? તે સમજવાનું છે.

**ગુણોને પ્રગટ કરવા માટે ચિત્તની સ્થિરતા, સ્વસ્થતા જોઈએ તે ચિત્તસ્વસ્થતા ભગવાનની ભક્તિથી આપણને મળે છે.**

ભગવાનની પૂજા કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે. એમને નમસ્કાર કરવાથી આપણા અહં ભાવો શમી જાય છે. તેથી ચિત્ત સ્વસ્થ બને છે, શાંત બને છે અને કર્મનો ક્ષય થાય છે. **તેથી ભગવાનના નામનું સ્મરણ આપણે કર્યું અને પાપનો ક્ષય ભગવાને કર્યો એમ કહેવાય.**

ખાવાથી જેમ ભોજન ભૂખ મટાડે છે તેમ ભગવાનની ભક્તિથી કર્મનો મળ જાય છે. ચિત્ત નિર્મળ થાય છે. એટલે ભગવાન પોતે જ બધું કરે છે એમ માનવાનું છે. સંસારમાં બીજાનાં નામ લેવાથી કષાયો ઉત્પન્ન થાય છે. પરંતુ ભગવાનનું નામ લેવાથી કષાયો દૂર થાય છે, કેમ કે ભગવાને કષાયો-કર્મો દૂર કર્યાં છે. મોહરાજાને હરાવ્યો છે.

ભગવાન ઋષભદેવે દીક્ષા લીધા પછી ૧૦૦૦ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યા છે તીર્થંકર કલ્પ પ્રમાણે ઊભા-ઊભા કાઉસગ્ગ કરેલો છે. સ્વભાવ દશાનું ચિંતન કરે છે. પ્રભુ અપ્રમત્ત ભાવે છે. એક ક્ષણ પણ પ્રમાદ કર્યો નથી. પ્રભુને કોઈપણ ઉપર રાગ-સ્નેહ નથી. પુત્રને સ્નેહ ન હોય તો પણ માતાને સ્નેહ હોય છે જ. માટે જ મરૂદેવીમાતાએ રડી-રડીને આંખ ખોઇ નાખી હતી. તે ભગવાનને જોવાથી જ દેખતાં જઇ જાય છે. અને પુત્રે પણ ૧૦૦૦ વર્ષની મહેનતના અંતે પ્રાપ્ત કરેલું કેવળજ્ઞાન તરત જ માતાને આપી દે છે. માટે પુત્રએ સૌથી સારૂં કમાઈને પહેલું માતાને આપવું જોઈએ. વ્યવહાર નયથી આ આદર્શ પ્રભુ આપણને આપે છે. **માતા આપણને પરોપકાર શીખવાડે છે, પત્ની સ્વાર્થ શીખવાડે છે.** માતાના ઉપકાર કેટલા? તે વિચારો. ઉપકારીના ઉપકારોને યાદ કરવાના છે. **તમોને પહેલું ઉપધાન નવકારનું એટલા માટે કરાવવામાં આવે છે કે "નવકારના સ્મરણ જાપના અભ્યાસથી ઉપકારીના ઉપકારનું સ્મરણ થાય છે." ઉપકારીના ઉપકારનું સ્મરણ કરવું તે જ જૈન શાસનનો સાર છે.** નવકાર નમતાં શીખવાડે છે. નમસ્કારની પરિણતિ જીવનમાં આવવાથી વિષયોનો વિરાગ થાય છે.

નમસ્કારમાં ચેતનનું બહુમાન થાય છે. જડનો તિરસ્કાર થાય છે. જ્યારે આજે માણસ પૈસાનો પૂજારી છે. તેમાં ઉપકારીના ઉપકારને ભૂલતો જાય છે. પંચ પરમેષ્ઠીનો અનન્ય ઉપકાર છે. **જે પાંચ પરમેષ્ઠીને નમતો નથી એને પાંચ વિષયોને નમવું જ પડે છે, એની પાસે ભીખ માંગવી જ પડે છે.**

વિષયોનો રાગ ચિત્તને અસ્થિર બનાવે છે. તેનાથી લોભાદિ કષાયોની ઉત્પત્તિ થાય છે. કષાયોનું મૂળ જ વિષય છે.

**ભગવંતની ભક્તિ વિષયો ઉપર વૈરાગ્ય લાવે છે તેથી ચિત્તની સ્થિરતા થાય છે. જ્યાં સુધી ચિત્તની ચંચળતા હોય છે ત્યાં સુધી સમ્યગ્ જ્ઞાન આવતું જ નથી. ચિત્તની સ્થિરતા થવાથી વિવેકરૂપી આંખ આવે છે પછીથી માર્ગ દેખાય છે.**

જેમ દુકાન રોજ ખોલીએ છીએ તો જ ચાલે છે તેમ અત્યારે ઉપધાનમાં તમારી જે આરાધના ચાલે છે તેને સાનુબંધ ચાલુ રાખવાની છે. ઘેર જઈને મૂકી દેવાની નથી.

**એક તરફ શરીર છે, બીજી તરફ આત્મા છે. બેની ભાગીદારી પેઢી છે. હવે આપણે ચોવીસ કલાકમાંથી બેને કેટલા કેટલા કલાક આપવાના છે તે નક્કી કરો, ઓછામાં ઓછું અડધો-અડધ ટાઈમ તો આત્માને આપવો જ જોઈએ. આપણે હવે આત્માની પેઢી ખોલવાની છે અને હવે તેનો પક્ષ લેવાનો છે. પણ તેનો પક્ષ લેનાર કોઈ નીકળતું જ નથી. કારણ આપણને હજી આત્માની ઓળખાણ થઈ જ નથી. જેમ જડ સાથે સંબંધ અનાદિ કાળથી છે તેમ આત્મા પણ અનાદિ કાળથી છે. પણ લક્ષ્ય જાગ્યું નથી તેથી ચિત્તવૃત્તિ જડ તરફ જ દોડી રહી છે.**

ભક્તિ દ્વારા ભગવાન આપણી ચિત્તવૃત્તિ ઉન્માર્ગે ન જાય તેવા સાનુબંધ કરાવી આપે છે. જેના પ્રભાવે સંકલેશ પરિણામો દૂર થતાં તત્ત્વચિંતાના (તત્ત્વચિંતન) અધ્યવસાય પ્રગટે છે.

આ અધ્યવસાયો જ સંસારમાં શારીરિક અને માનસિક પ્રબળ દુઃખથી

પીડાતા જીવને આશ્વાસન રૂપ છે અર્થાત્ શરણ આપે છે. **તત્ત્વની ચિંતા એટલે આમાં તત્ત્વ શું છે? તે જાણવાની આતુરતા, જિજ્ઞાસા, તત્ત્વની ચિંતા થવાથી બધી પીડા ટળી જાય છે. દુઃખ આવે ત્યારે વિચાર કરે કે 'હે જીવ! આ કર્મ તારાં જ બાંધેલા છે અને તે તારે જ ભોગવવાનાં છે.' તેવું તત્ત્વચિંતન ભગવાનની ભક્તિ જ કરાવે છે. આ ભૂમિકા આવ્યા પછી કોઈ પ્રતિકૂળતા પણ પ્રતિકૂળતા લાગશે નહીં.**

નવકાર ગણનાર પાપની નિંદા કરે છે. ગુણની અનુમોદના કરે છે. સ્વદોષ નિંદા પરગુણ પ્રશંસાની ભૂમિકા નવકાર લાવી આપે છે. આપણે આપણા દોષોને ઢાંકી દઈએ છીએ અને બીજાના દોષોને ઉઘાડા પાડીએ છીએ. આ આપણી મોહજન્ય દશા જ છે.

**''બીજાના ગુણ કે પુણ્યકાર્યની અનુમોદના પ્રગટપણે કરવાની છે. અને પોતાના ગુણ કે પુણ્યકાર્યની અનુમોદના છૂપી રીતે કરવાની છે.''**

જીવનમાં આવો વિવેક જ્યાં સુધી નહીં આવે ત્યાં સુધી પાપ ચાલુ રહેવાનાં જ છે. તે પાપની પણ આ જન્મમાં નિંદા ગર્હા કરવાથી નિવારણ થાય છે. મોટામાં મોટા ડાકુને પણ પાપ કર્યા પછી ચિત્ત તો અસ્વસ્થ લાગે જ છે. પાપ કર્યા પછી થોડો ઘણો ડંખ તો રહે જ છે.

એક શેઠને સાધુ મહારાજનો યોગ થયો. વિનયપૂર્વક ઉપદેશ સાંભળે છે. અધ્યાત્મ જ્ઞાનની વાત ગળે ઊતરી. પોતાના અંતરમાં વાત સમજાઈ કે જેમ પાપ બાંધવાનાં ચાલુ જ છે અને તે (પાપનું) ફળ પણ અનેક ગણું થઈને ઉદયમાં આવવાનું છે. પાપોનો પશ્ચાત્તાપ થવો જોઈએ. નિંદા થવી જોઈએ. એક વાર શેઠને પરદેશ જવાનો પ્રસંગ ઊભો થાય છે. એટલે ઘરમાં બધા કુટુંબીજનોને ભેગા કરી વાત કરે છે અને પરદેશ જવામાં બે જાતના સાથ બતાવે છે. એક સાથ એવો છે કે તેની સાથે જવાથી તે નફો આપે તેમ નથી. માત્ર મહેનત મજૂરી કરાવે છે અને ક્યારેક ક્યારેક માર પણ ખાવો પડે છે.

બીજો સાથ એવો છે કે પોતાનો બધો ભાગ આપશે અને છેક સુધી

સાચવશે. તો કોનો સાથ લેવો? શેઠની આ વાત સાંભળી ઘરમાંથી બધાએ બીજા સાથની સાથે જવાની રજા આપી એટલે તે શેઠે ફોડ પાડી સ્પષ્ટતા કરી પહેલો સાથ એટલે તમે બધા સંસારી જનો અને બીજો સાથ એટલે પંચમહાવ્રતધારી મોક્ષ સાધક નિસ્વાર્થી ગુરૂ ભગવંતો, બીજા સાથનું જ શરણું કલ્યાણકારી છે એમ કહી શેઠ બીજા દિવસે મુનિ ભગવંત પાસે જાય છે અને દીક્ષા લે છે. શેઠની જ્ઞાન દશા જાગી ગઇ છે આથી આરાધના ઊંચી કરે છે, તેમને વિષયો પ્રત્યે વૈરાગ્ય થયો છે.

**વિષય એ અજગર છે કષાય એ સર્પ છે. તેને કાઢવા માટે નવકારમંત્ર છે. નવકાર એ મંત્ર પણ છે અને શાસ્ત્ર પણ છે.** નવકાર ઉપર નમસ્કાર નિર્યુક્તિ છે તે ભદ્રબાહુ સ્વામીએ રચેલી છે.

**ચૌદ પૂર્વધરો ચૌદ પૂર્વ કરતાં પણ નવકારની કિંમત અધિક ગણે છે. ચૌદપૂર્વ ભણવાથી આત્માની વિશુદ્ધિ થાય છે. એ જ કાર્ય નમસ્કાર મહામંત્ર દ્વારા પણ થાય છે.** જેને સ્વાધ્યાય ન આવડતો હોય તે રોજ ૨૦૦૦ નવકાર ગણે. જેમ ગણિતશાસ્ત્રમાં ૧નો અંક આગળ છે બીજા બધા અંકમાં તેની હાજરી હોય જ છે. બધા જ અંકો એકનો જ વિસ્તાર છે તેમ જે કોઇ ક્રિયા આગમ કે અનુષ્ઠાન છે તે નવકારનો જ વિસ્તાર છે.

નમસ્કારના જાપ અને ધ્યાનથી મોહનીય કર્મ ધોવાય છે. સદ્‌ગતિ થાય છે. **નમવાથી ઊંચામાં ઊંચું પુણ્ય નવકારનો આરાધક ઉત્પન્ન કરી શકે છે. કારણ કે 'નમો'માં શરણાગતિ છે. દુષ્કૃતની નિંદા છે. સુકૃતની અનુમોદના છે.** પોતે કરેલી ભૂલોનો પશ્ચાત્તાપ થાય અને બીજા ગુણો દેખાય તો તેના શરણે જવાનો ભાવ આવે. શરણ એટલે ઝૂકી જવું. ખોળામાં માથું મૂકી દેવું આ 'નમો'નો અર્થ છે. નવકાર દ્વારા થતી દુષ્કૃતની ગર્હા કર્મના અનુબંધને તોડે છે. નવકાર ગણતાં ગણતાં કર્મ હળવું પડે છે. તેથી નવકાર ગણનારને દુનિયાનાં પાપો ખરાબ લાગે છે. પાપ ખરાબ લાગે ત્યારે સમજવું કે નવકાર બરાબર ગણાય છે. **'સવ્વ પાવ પ્પણાસણો' એ દુષ્કૃતની ઉત્કૃષ્ટ ગર્હા છે, નિંદા છે.**

**'મંગલાણં ચ'માં ઉત્કૃષ્ટ સુકૃતની અનુમોદના થાય છે. કેમ કે વધારેમાં**

**વધારે સુકૃત પંચ પરમેષ્ઠી કરે છે. નવકારમાં તેમની અનુમોદના થાય છે.** અજિતનાથ ભગવાનના સમયમાં ઉત્કૃષ્ટ તીર્થંકર અને સાધુની સંખ્યા આ જગત ઉપર વિચરતી હતી.

૧૭૦ તીર્થંકર

૯ કરોડ કેવલી

૯૦ અબજ સાધુ–સાધ્વી ઉત્કૃષ્ટ કાલમાં હોય છે.

આ જગત ઉપર વધારેમાં વધારે સાધુ હોય તો ૯૦ અબજ હોય છે અને ઓછામાં ઓછા ૨૦ અબજ હોય છે. આ સાધુઓ રોજ આવશ્યક ક્રિયા કરતા હોય છે. તેના દ્વારા પોતાની આત્મશુદ્ધિ થાય છે તથા જગતનું કલ્યાણ થાય છે.

**આવશ્યક ક્રિયામાં જેટલી શુદ્ધિ વધારે તેટલો લાભ વધુ. દરેક સાધુ-સાધ્વીએ આવશ્યક નિર્યુક્તિ વાંચવી જ જોઈએ. તેનાથી તેના અર્થનો ખ્યાલ આવે છે અને ભાવક્રિયા થાય છે.**

જે પાપો કરોડો રત્નના ઢગલાનું દાન કરવાથી ન જાય તે પાપ આવશ્યક ક્રિયા કરવાથી જાય છે. આવશ્યક તે નવકારનું જ સ્વરૂપ છે. નવકારનો જ વિસ્તાર છે. આ નમસ્કાર ભાવનમસ્કાર કેમ બનાવવો તે આપણે સમજવાનું છે.

ભાવ નમસ્કાર બનાવવા માટે જ દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદના કરવાની છે.

- સ્વનિંદા, પરગુણ અનુમોદના એ ધર્મનું પ્રવેશદ્વાર છે.
- ચૌદપૂર્વધરો ચૌદપૂર્વ કરતાં પણ નવકારની કિંમત અધિક ગણે છે.
- ચિત્ત સ્વસ્થતા ભગવાનની ભક્તિથી મળે છે.
- આપણો પુરુષાર્થ અને ભગવાનની કૃપા હોય તો ગુણો પ્રગટ થાય.

# વાચના - ૧૭

અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય આત્માના ભાવ પ્રાણ છે, આત્માના ગુણ છે. આ ગુણો જ્ઞાનાવરણીય આદિ કર્મના આવરણથી ઢંકાયેલા છે. મોક્ષમાં આ ગુણો આવિર્ભાવે (ખુલ્લા) હોય છે. તે આત્મસંપત્તિ પ્રગટ કરવા કરુણાથી ભગવાન મોક્ષનો માર્ગ બતાવે છે, આ મોક્ષમાર્ગ દ્વારા જેનું ચિત્ત નિર્મલ હોય એને જ લાભ થાય છે. જ્યાં સુધી ક્લિષ્ટ કર્મ હોય ત્યાં સુધી સમ્યગ્ દર્શન પણ ન થાય. દુઃખ પાપથી આવે છે. પાપ ૧૮ પ્રકારના બતાવેલાં છે. સમ્યગ્દષ્ટિને ૧૭ પ્રકારનાં પાપ લાગે છે. અઢાર પાપસ્થાનકોમાંથી સમ્યગ્દષ્ટિને અઢારમું મિથ્યાત્વ મોહનીય પાપ હોતું નથી.

છાપામાં ખાવાની કોઇપણ ચીજ વપરાય નહીં. અશુચિ કાગળથી સાફ કરે તે આપણી અજ્ઞાનતા છે. બહેનો રજામાં બેસે ત્યારે તેઓએ પુસ્તકને અડાય જ નહીં, ભણાય જ નહીં. સ્કૂલ-કોલેજનાં પુસ્તકોને પણ અડાય-ભણાય નહીં. જ્ઞાન અને જ્ઞાનીનું જેટલું બહુમાન વધુ થાય તેટલાં જ્ઞાનાવરણીય કર્મ ખપે.

આપણી પાપપ્રવૃત્તિ ચાલુ છે પણ તેનું ફળ કેટલું ભોગવવું પડશે?

**આપણે બીજા જીવના ૧ પ્રાણનો ઘાત કરીએ છીએ તેનો બદલો ઓછામાં ઓછો દશ ગુણો તો ભોગવવો જ પડે છે. વધારેમાં વધારે અનંત ગણો બદલો ભોગવવો જ પડશે. આમ ભોગવી ભોગવીને કર્મ ક્યારે છૂટે? ખરેખર તો પાપની ગર્હા એ જ પાપને ખપાવવા માટે સમર્થ છે. જે કર્મની નિંદા નથી થઇ, ગર્હા નથી થઇ, તે કર્મની પરંપરા ચાલુ જ રહેવાની.**

પરધન જે લોકો દબાવીને બેસ છે તેને કામનો ઉન્માદ વધે છે.

**કર્મની આગળ તીર્થંકરનું પણ ચાલતું નથી. પહેલાં ચૂકવવા જ પડે છે પછી મુક્તિ થાય છે.** તમે બધા બેધડક થઇને પાપ કર્યે જ જાઓ છો. તમારે તેની સાથે ભાઇબંધી બહુ જ લાગે છે પણ વખતે તે હેરાન કર્યા વિના છોડશે નહી. કામના ઉન્માદ માટે દેશ છોડી પરદેશ ગયા છો. પૈસા માટે ચારે પ્રકારના કષાયોનું સેવન કરો છો તેમાં માત્ર પાપકર્મનો જ બંધ છે, દુઃખોને નિમંત્રણ છે. તેમાંથી બચાવનાર એક માત્ર ધર્મ છે. **ધર્મનું એક જ કાર્ય છે કે જીવોને દુઃખથી મુક્ત કરવા અને આત્મિક સુખને પમાડવો.**

જીવોની અવસ્થામાં ભેદ પાડનાર કર્મ અને ધર્મ છે. સિદ્ધો પૂર્ણ છે અને પૂર્ણ બનાવવા માટે જીવે છે. સિદ્ધ ભગવંતોને જીવ માત્ર શિવ લાગે છે. એ વચ્ચે કર્મની દીવાલને જોતા નથી. સિદ્ધોની આ વ્યાપક દૃષ્ટિ છે.

**આજે પણ સંઘમાં સિદ્ધોની આ વ્યાપક દૃષ્ટિ ચાલુ જ છે. માટે જ બધાને સાથે લઇને આરાધના કરવાની છે.** સમૂહ આરાધનાથી જીવ-જીવ પ્રત્યેની વિશાળતા વધે છે. જ્યારે આપણા હૃદયમાં વિશાળતા આવે છે ત્યારે ચિત્તની પ્રસન્નતા વધવાની છે. નવકાર ગણનારે ચારેના શરણે જવું જોઇએ. નવકાર તેમના સુકૃતની અનુમોદના કરાવે છે.

નવકાર સર્વ જીવો સાથે સજાતીય સંબંધ બંધાવે છે. સજાતીય સંબંધ એટલે સર્વજીવોને આત્મતુલ્ય માનવા.

નવકારથી જીવો સાથે સંબંધ બંધાવવાની ભૂમિકા તૈયાર થાય છે, સ્વદોષ દર્શનનો પ્રારંભ થાય છે, પાપને પાપ તરીકે સ્વીકારવાની બુદ્ધિ આવે છે. લક્ષ્મણા સાધ્વીએ પાપને પાપ તરીકે માન્યું નહીં અને નિંદા-ગર્હા કરી નહીં. તેથી પરિણામ કેવું ભયંકર આવ્યું? પાપની નિંદા પ્રતિક્રમણ સૂત્રમાં છે. એક એક જીવને શિવ માનવાની દૃષ્ટિ ઇરિયાવહી સૂત્રમાં રહેલી છે. જ્યાં ક્ષમારૂપી સૂર્ય આપણા આત્મામાં આવી જાય પછી આત્માનો વિકાસ થાય છે. પ્રતિક્રમણ સૂત્ર એ જયણા છે. જયણા એ જગની માતા છે. **ભગવાન માર્ગ અને શરણ**

**બંને આપનારાં છે. દુઃખની પરંપરા વખતે જે સંકલેશ થાય છે તેનું નિવારણ કરે છે.**

**જીવનમાં થયેલાં પાપોથી ગભરાવું નહીં પણ એનો પશ્ચાત્તાપ તો સાચો થવો જ જોઇએ. ફરીથી એ પાપ ન થાય તે માટે જ્ઞાનદશામાં રહેવું જરૂરી છે.**

**કલહ એ એવો દોષ છે કે જેમાં બધાં પાપો આવી જાય છે.**

**કજિયાને કરનારી વૃત્તિ પોતાના અનંત જન્મનાં કરેલાં પુણ્યને બાળીને રાખ કરી નાખે છે.**

બધાં પાપનું મૂળ કજિયો છે માટે બધા આરાધકો નિયમ લો કે કોઇને દુઃખ થાય તેવું વચન બોલીને કજિયો કરવામાં નિમિત્ત થવું નહી. વાતને થોડી જતી કરતાં શીખી જાવ તો મગજ શાંત થઇ જશે.

કમ ખાને સે શારીરિક સ્વાસ્થ્ય નથી બગડતું. ગમ ખાને સે આત્મિક સ્વાસ્થ્ય નથી બગડતું.

કલહનું મૂળ શું?

કલહનું મૂળ બીજાને અણગમતા, અપ્રિય કે જૂઠા આરોપ કરવા તે છે. તેનાથી જ કલહ ઉત્પન્ન થાય છે. કજિયાનું મૂળ પરની નિંદા છે. નિંદા કરવાથી પુણ્યરૂપી ધન હણાઇ જાય છે. નિંદા કરવાથી છેવટે તો આપણને જ નુકસાન છે કારણ કે **આપણે જેની નિંદા કરીએ તેનાં પાપકર્મો ખપે છે અને નિંદા કરનારનાં પાપો વધે છે.**

કોઇનો દોષ હોય તો તેને શુદ્ધબુદ્ધિથી આત્મીયભાવે એકાન્તમાં કહેવું અને તે આપણી સલાહ લેવા આવે તો મીઠી ભાષામાં કહેવું. **આમ પર નિંદા એ પાપ છે સ્વનિંદા એ ધર્મ છે.** કેમ કે પોતાના પાપની નિંદા કરવાથી ચિત્ત પ્રવૃત્તિ નિર્મળ થાય છે. બીજાની નિંદા કરવાથી ચિત્તવૃત્તિ મલિન થાય છે. સ્વઉપકાર કરવાથી જ પરોપકાર થાય છે. ઉપધાન પુણ્યની પુષ્ટિને વધારે છે.

દરેક બીજાને પોતાના જેવા જ બનાવવા પ્રયત્ન કરે છે. આપણે જે પામ્યા છીએ તે બીજાને પમાડવા પ્રયત્ન કરીએ તો જ આપણને મળેલો ગુણ વૈભવ ટકી

શકે છે. ભગવાને આપણા બધાને પોતાના જેવા જ બનાવવાની ભાવના ભાવી છે.

**તીર્થંકર ભગવંતોએ આત્મિક સુખનો જે આસ્વાદ બતાવ્યો છે તેની સામે જગતનું કોઈ તત્ત્વ આત્મિક સુખનો આંશિક આનંદ પણ આપી શકે તેમ નથી.**

બાહ્ય સુખમાં સુખ નથી પણ તેમાં સુખનો આભાસ કહેલો છે. આત્મિક સુખમાં કોઈ આરોપ નથી. તેની સરખામણી કોઈ સાથે થઈ શકે તેમ નથી. આપણે આત્મા છીએ. આત્માના સ્વભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર છે પણ આત્મપક્ષવાળા જીવોને જ એમાં આનંદ આવે છે.

ભગવાન આપણા પોતાના સ્વરૂપને બતાવે છે અને તેને મેળવવાના ઉપાયને પણ બતાવે છે. રત્નત્રયી આરાધના સ્વરૂપની પ્રાપ્તિ માટે છે. **વ્યવહાર રત્નત્રયી એ સાધન છે અને નિશ્ચય રત્નત્રયી એ સાધ્ય છે. સાધન અને સાધ્યનો વિવેક રાખવો પડશે. આ વિવેક આવી જાય તો મોક્ષમાર્ગ સરળ બની જાય.**

ભગવાન દરેક નય ધ્યાનમાં રાખીને વાણી આપે છે. સર્વજ્ઞના ગંભીર શાસનને જાણવા માટે પણ આપણે જ્ઞાની બનવું પડશે. અહંભાવ અને મોહદશા પીગળે તો જ્ઞાનીની ભૂમિકા આવે.

ભગવાન! ઉમાસ્વાતિજી મહારાજ! કહેતા હતા કે "હું તો અજ્ઞાની છું ભિખારી છું. મારી પહેલાંના મહાપુરૂષોના ગ્રંથોના દાણા વીણી-વીણીને હું આ ગ્રંથમાં ભેગા કરૂં છું." આ શબ્દોમાં તેમની લઘુતા-સરળતા છે. મોહની મંદતા છે.

**ભગવાનની કૃપા હતી માટે જ આપણને આ વાણી સાંભળવા મળી છે. આપણું પ્રકૃષ્ટ પુણ્ય હતું માટે જ આપણને આ વાણી સાંભળવા મળી છે એ વાત સાચી પણ એ પુણ્ય ભગવાનની કૃપાથી જ મળ્યું છે.**

સિદ્ધ પુરુષો પાસે એવું અંજન છે કે જેની આંખમાં આંજે તેને જ્યાં નિધાન હોય ત્યાં દેખાઈ જાય, તેમ ગુરૂઓ આપણી આંખમાં અંજન કરે છે અને તેનાથી આત્મામાં રહેલું પરમ નિધાન દેખાય છે. જ્ઞાનચક્ષુ ખૂલી જાય છે. પછી ભગવાન પાસે જ દેખાય છે.

બિચારા સંસારી જીવોને શ્રુતજ્ઞાન રૂપી આંખ નથી મળી માટે આંધળા બનીને એકની પાછળ બીજાની જેમ પૌદ્ગલિક ભાવોમાં આથડે છે. પૌદ્ગલિક રાગ તોડવાનો છે તે માટે પ્રભુનો અનુરાગ કેળવવાનો છે.

**નવકારમાં 'ણમો' પદ ભગવાન પ્રત્યે અનુરાગ બતાવે છે. નમ્યા વિના અનુરાગ થાય નહીં, અનુરાગ વિના અનુગ્રહ ઓળખાય નહીં.**

વારંવાર નમવાથી અનુરાગ કેળવાય છે. ભગવાન પ્રત્યે જેમ જેમ આપણો અનુરાગ વધે તેમ તેમ ભગવાનનો અનુગ્રહ વધે છે. **ભગવાનનો અનુગ્રહ થવાથી જીવો પ્રત્યે પ્રેમ-પ્રીત વધે છે. જીવને પ્રીત કરવાની ટેવ તો અનાદિકાળની છે પણ તે પ્રેમ સ્વજનો સાથે કરેલો છે. ભગવાનનો અનુગ્રહ થાય તો જ બધા જીવો સાથે પ્રેમ થાય.**

જેમ જેમ દેવ-ગુરુ-ધર્મ ઉપર અનુરાગ વધારો તેમ તેમ ભગવાનનો અનુગ્રહ વધવાનો જ છે. ભગવાન પૂર્ણ છે અને એમના પાંચ કલ્યાણકો પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે જ છે. મોક્ષકલ્યાણક થયા પછી સાદિ-અનંત કાળ સુધી તેમનો અનુગ્રહ ચાલુ જ રહે છે. ભગવાનના અનુગ્રહથી આપણો મોક્ષમાર્ગ સરળ બને છે.

મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં પહેલી ભૂમિકા ધૃતિ-ચિત્તની પ્રસન્નતા છે. તે ચિત્તપ્રસન્નતા અરિહંતો આપે છે.

**પ્રશ્ન** – ભગવાન ચિત્તની પ્રસન્નતા કેવી રીતે આપે?

**ઉત્તર** – આવેલા પ્રસંગો કે પરિસ્થિતિને આપણે કેવી રીતે મૂલવીએ છીએ તેની ઉપર આપણી પ્રસન્નતાનો આધાર છે. પ્રસંગને મૂલવવામાં વિવેક હોય તો પ્રસન્ન રહી શકાય. આ વિવેકરૂપી ચક્ષુજ્ઞાનના નિર્મળ ચક્ષુ ભગવાન આપે છે. માટે ભગવાનને 'ચક્ખુદયાણં' કહેવાય છે. જેની પાસે વિવેકરૂપી ચક્ષુ છે તે પહેલી આંખ છે, અને શ્રુતજ્ઞાનની નિશ્રામાં રહે તે તેની બીજી આંખ છે. જેની પાસે આ બે આંખ નથી તે ભૂલ કરવાનો જ છે. આ બે ચક્ષુ હોય તેને અશુભ કર્મની પરંપરા ઘટી જાય છે, અને શુભકર્મની પરંપરા વધતી જાય છે.

ચક્ખુદયાણં પછી ભગવાનનું વિશેષણ છે 'શરણદયાણં' અર્થાત્ ભગવાન આપણને શરણ આપે છે. તેનો અર્થ તત્ત્વ ચિંતન કરવાની શક્તિ આપે છે. રાગદ્વેષમાં ફસાય નહીં તેવું તત્ત્વ ચિંતન કરવાની શક્તિ આપે છે.

ભગવાન સેવ્ય છે આપણે સેવક છીએ.

ભગવાન ઉપાસ્ય છે આપણે ઉપાસક છીએ.

ઉપાસના ઉપાસ્ય બનવા માટે કરવાની છે. જો તે ઉપાસના ઉપાસકને ઉપાસ્ય ન બનાવે તો જાણવું કે ઉપાસનામાં ખામી છે.

**ઉપાસક અભેદ ઉપાસના કરે તે ઉપાસ્ય બનવા માટે છે. ભેદ ઉપાસના કર્યા વિના અભેદ ઉપાસના આવતી નથી. ગૃહસ્થને મુખ્યતાએ ભેદ ઉપાસના છે. સાધુને મુખ્યતાએ અભેદ ઉપાસના છે.**

ગૃહસ્થે અભેદ બનવા માટે ભેદ ઉપાસના કરવાની છે.

દ્રવ્ય સેવા વંદન નમન અર્ચન પૂજન દ્વારા વિકસતો ભક્તિ ગુણ તે ભેદ ઉપાસના છે, તેમાં પરમાત્મા સાથે અભેદ ભાવે મળવાની ઇચ્છા થવી જોઇએ. પરભાવ (પૌદ્‌ગલિકભાવ) તરફની ઇચ્છા ટળવી જોઇએ.

**ભગવાનના દ્રવ્ય ગુણ પર્યાય નિર્મળ છે તેનું ધ્યાન કરતાં કરતાં આપણા દ્રવ્ય ગુણ પર્યાય નિર્મળ થાય છે. આ ધ્યાન અભેદ ઉપાસના છે.**

**દ્રવ્યપૂજા તે ભેદ ઉપાસના છે ભાવપૂજા તે અભેદ ઉપાસના છે. અભેદ ઉપાસના પણ એક સદનુષ્ઠાન છે અને તે ભેદ ઉપાસનાનું ફળ છે.** ઉપાસના, આરાધનામાં વ્યવહારનું પાલન કરવાનું છે અને નિશ્ચયને અંદર ધ્યાનમાં રાખવાનો છે. નહીં તો આપણે માયકાંગલા બનીશું. નિશ્ચયને બહાર લાવવાની પરમ જરૂર છે.

અત્યારે એકલી ક્રિયા તો ગર્વ કરાવે છે. જીવનમાં જેને નિશ્ચયનો અનુભવ ન થયો હોય તે બહુ શિષ્યવાળો બને તો પણ જિનશાસનનો વૈરી છે.

**ચિત્ત વૃત્તિઓ નિર્મળ ન બને, સુકૃતની અનુમોદના ન આવે, દુષ્કૃતની નિંદા ન આવે, ત્યાં સુધી અભેદ ઉપાસના આવતી નથી.**

સુકૃતની અનુમોદના પુણ્યની પુષ્ટિ કરે છે.

દુષ્કૃતની નિંદા પાપનો નાશ કરે છે.

સુકૃતની અનુમોદના અને દુષ્કૃતની ગર્હા તત્ત્વ ચિંતનથી અર્થાત્ ભગવાનના શરણે જવાથી આવે છે આમ ભગવાન શરણદયાણં છે.

બધાં સુખોનું મૂળ મંગળ છે. તે મંગળ ભગવાન આપે છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પુણ્ય આપે છે. **ઊંચામાં ઊંચું દાન ભગવાન આપે છે. ભગવાન ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારનાં દાન આપે છે.**

**અરિહંતો પોતાની હયાતીમાં મોક્ષનો માર્ગ બતાવવામાં નિમિત્ત બની ઉપકાર કરે છે અને મોક્ષમાં ગયા પછી લક્ષ્ય જાગૃતિ માટે આલંબન આપીને અને અનંત કરુણા વરસાવી જીવોને મોક્ષનું દાન કરે છે. આમ સતત આપણી ઉપર ઉપકાર કરે છે.**

- જેની નિંદા કરીએ તેના પાપકર્મો ખપે છે અને નિંદા કરનારનાં પાપ વધે છે.
- પરનિંદા એ પાપ છે, સ્વનિંદા એ ધર્મ છે.
- ગુરુઓ આપણી આંખમાં અંજન કરે છે અને જ્ઞાનચક્ષુ ખુલી જાય છે.
- અભેદ ઉપાસના એ એક સદ્અનુષ્ઠાન છે અને તે ભેદ ઉપાસનાનું ફળ છે.
- અરિહંતો હયાતીમાં મોક્ષમાર્ગ બતાવે છે અને મોક્ષમાં ગયા પછી લક્ષ્ય જાગૃતિ માટે આલંબન આપી અનંત કરુણા વરસાવે છે.

# વાચના - ૧૮

નમુત્થુણં સૂત્રથી પરમાત્મતત્ત્વનો પરિચય થાય છે. બહુ ઊંડાણથી વિચારતાં લાગે કે – અરિહંતોના જીવો પરોપકાર કરવા માટે જ સર્જાયેલા છે. અરિહંત ભગવંતોનો જગતના જીવો ઉપર કેટલો બધો ઉપકાર છે? પરંતુ...

મહાપુરુષો સ્વમુખે પોતાની પ્રશંસા બોલે જ નહીં માટે જ નેમનાથ ભગવાને કૃષ્ણને પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના જળ છાંટવાનું બતાવ્યું. સાક્ષાત્ ભગવાન અને તેમની મૂર્તિમાં કોઇ ફરક નથી. **ચિત્તની પ્રસન્નતા પ્રગટ કરવા માટે મૂર્તિની મનોહરતા જોઇએ જ.**

**વ્યવહાર ભાષ્યમાં લખ્યું છે કે જિનપ્રતિમા અલંકાર સહિત હોય એને જોવાથી કર્મની મહાન નિર્જરા થાય છે.** આપણા જીવનમાં ગમે તેવી ગમગીની હોય, તો પણ જિનપ્રતિમાનાં દર્શનથી શાંતિ થાય છે. ભગવાનને અલંકારની જરૂર નથી પણ આપણે ભાવ લાવવા માટે અલંકારની જરૂર છે.

ભગવાનનો વાસ્તવિક પરિચય થાય તો ભગવાન પ્રત્યે અહોભાવ પ્રગટે. આવો પરિચય કરવા માટે જ નમુત્થુણં સૂત્ર છે. શરણદયાણં પછી બોહિદયાણં ભગવાનનું વિશેષણ છે.

બોધિ પણ ભગવાન આપે છે. માટે ભગવાનને 'બોહિદયાણં' કહેવાય છે. બોધિ એટલે 'જિનપ્રણીત' ધર્મ અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ. ભગવાનની વાણી અને તેના અર્થની ચિંતા, શ્રદ્ધા તેનું જ નામ તત્ત્વ છે. એનું ચિંતન કરવાથી શક્તિ મળે છે. વ્યવહારમાં પહેલાં સમ્યગ્ દર્શનની જરૂર પડે છે.

નિશ્ચયમાં પહેલાં સમ્યગ્ જ્ઞાન હોય છે પરંતુ તે ગ્રંથિભેદ પૂર્વકનું જ્ઞાન જોઇએ.

**બોધિ માટે તત્ત્વચિંતન જોઇએ તે શક્તિ ભગવાન આપે છે.**

**સંપૂર્ણ જ્ઞાનવાળો જ સંપૂર્ણ આત્માને જોઇ શકે છે.** આપણને અત્યારના જે કાંઇ બોધ છે તે બિંદુતુલ્ય છે. અને મેળવવાનું સાગરતુલ્ય છે.

વજસ્વામીનું દશપૂર્વનું જ્ઞાન તેમની પાસેથી કોઇ લઇ શક્યું નહીં અને આર્યરક્ષિતસૂરિએ આગંતુક બનીને એ જ્ઞાન મેળવ્યું તો પણ સાડાનવ પૂર્વ ભણીને ગુરૂને પૂછે છે - સાહેબ! હવે કેટલું બાકી છે?

સાહેબ કહે છે - ભણો. છેલ્લે કહ્યું કે - બિન્દુ લીધું છે, સાગર બાકી છે. આ વાત શ્રુતજ્ઞાનનો વિસ્તાર જણાવે છે. બિંદુ જેટલું શ્રુતજ્ઞાન પણ જો તત્ત્વચિંતનથી પરિણત બને તો કલ્યાણકારી બને છે.

ભગવાન આપણામાં તત્ત્વચિંતનનો સંકલ્પ પેદા કરે છે. તે આવવાથી રાગદ્વેષાદિ દોષો ઘટે છે. **ભગવાને કહેલી તત્ત્વની વાતો ભગવાન થઇએ ત્યાં સુધી યાદ રાખવાની છે. તેને વાગોળી જીવનમાં આત્મસાત કરવાની છે.** તત્ત્વચિંતનનો ભાવ એટલે તત્ત્વની જિજ્ઞાસા. તત્ત્વ જિજ્ઞાસાના પ્રભાવે આત્મામાં બુદ્ધિના-૮ ગુણોની પ્રાપ્તિ થાય છે.

**બુદ્ધિના આઠગુણ :**

૧. તત્ત્વશુશ્રૂષા-તત્ત્વ સાંભળવાની ઇચ્છા થવી. ગુરુ મહારાજનો સંયોગ મળતાં અંતરમાં વાણી સાંભળવાનો ભાવ થાય.

૨. શ્રવણ-તત્ત્વનો ઉપદેશ ધ્યાનપૂર્વક દત્તચિત્ત બનીને સાંભળે.

૩. ગ્રહણ - ગુરુ મહારાજ કે તત્ત્વ સમજાવનાર જે ભાવથી તત્ત્વના પદાર્થો કહે તે જ ભાવથી ગ્રહણ કરે. પરંતુ પોતાની ઇચ્છા પ્રમાણે આડાઅવળા અર્થમાં ન જાય.

૪. ધારણા-જે સાંભળ્યું છે, સમજ્યા છીએ તેને યાદ રાખવું, ભૂલી ન જવું.

૫. વિજ્ઞાન-મૂંઝવણ કે ડામાડોળ થયા બાદ નિશંકપણે ધારણ કરે તેનું જ

નામ વિજ્ઞાન.

૬. ઉહા-જીવ, અહિંસા, દયા વગેરે જાણ્યા પછી જ્યાં જ્યાં ચેષ્ટા-ચૈતન્ય હોય ત્યાં ત્યાં જીવ છે એમ શાસ્ત્રયુક્ત તર્ક કરવા.

૭. અપોહ-શાસ્ત્ર યુક્ત ન હોય તેનો નિષેધ કરવો અથવા વિપરીત દૃષ્ટિથી તર્ક કરવા જેમ કે-ચેતના નથી માટે જીવ નથી.

૮. તત્ત્વાભિનિવેષ-ઉહા અપોહથી તત્ત્વ નક્કી કરી તત્ત્વનો દૃઢતાપૂર્વક નિર્ણય.

ભગવાને કહેલા તત્ત્વને વિશિષ્ટ રીતે જાણવું તે પ્રતિજ્ઞા અર્થાત્ બુદ્ધિ તેના શુશ્રૂષાદિ ૮ ગુણો બહુ મહત્ત્વના છે. તે ગુણો પણ અસલી અને નકલી એમ બે પ્રકારે હોય છે.

**સાચી બુદ્ધિ ભગવાનના આદર અને બહુમાનથી આવે છે. અનંતી કાર્મણ વર્ગણાનો નાશ થાય ત્યારે આમાંનો એક ગુણ આવે છે.**

બનાવટી ગુણોથી ગુણો પ્રગટ થતા નથી. બહારની દુનિયાના ગુણો જ્યાં સુધી ગમે છે ત્યાં સુધી વાસ્તવિક આ ગુણો પ્રગટ નહીં થાય. **બુદ્ધિના આ આઠ ગુણો પ્રગટ કરવા માટે ભગવાનની ભક્તિ વધારવી જોઇએ.** ભગવાનની ભક્તિથી હૈયું કોમળ બને છે. સરળતા આવે છે તેથી સ્વાર્થ ભાવની તુચ્છ વૃત્તિઓ દૂર થાય છે. સર્વ જીવો પ્રત્યે અનુરાગ પ્રગટે છે, તાત્ત્વિક દૃષ્ટિ ખૂલે છે.

બીજા જીવોને આત્મતુલ્ય જોવું તે સમ્યગ્ દર્શન છે.

બીજા જીવોને આત્મતુલ્ય જાણવા તે સમ્યગ્ જ્ઞાન છે.

બીજા જીવોને સાથે આત્મતુલ્ય વર્તન કરવું તે સમ્યગ્ ચારિત્ર છે.

બાહ્યતપ એ અભ્યંતરતપ લાવવા માટે કરવાનો છે. બાહ્યતપથી કાયાને ક્લેશ આપવાનો છે. કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત એ અભ્યંતર તપ છે. દરેકે થઇ ગયેલાં પાપોની નિંદા કરવી જોઇએ અને ફરીથી પાપ ન થાય તેવા પ્રયત્ન રૂપે પ્રતિજ્ઞા લેવી જોઇએ.

પ્રથમ પાપનું પ્રાયશ્ચિત્ત કરવું જ જોઇએ પછી જ સુકૃત અનુમોદના કરવાની છે. પ્રાયશ્ચિત્તથી લાયકાત આવે છે. મેલાં કપડાં ઉપર રંગ ચઢે નહીં માટે પહેલાં પાપની નિંદા કરીને આત્માને નિર્મળ બનાવ્યો. હવે સુકૃતની અનુમોદના કરવાની છે.

જેમ જેમ ગુણીના ગુણોની અનુમોદના કરશું તેમ તેમ પુણ્યની પુષ્ટિ વધે છે. પુણ્યને વધારવા માટે પ્રભુના અનુગ્રહની જરૂર છે. **આપણી બુદ્ધિ બહુ ટૂંકી છે. તેથી સિદ્ધોનો ઉપકાર દેખાતો નથી. તેમની જે સિદ્ધતા તે કર્મના ક્ષયથી ઉત્પન્ન થઇ છે. આ સિદ્ધતા ગુણથી નિર્મળ કરૂણા સમસ્ત જગતના જીવ ઉપર વરસાવી રહ્યા છે.**

સિદ્ધોની પ્રતિમા જોવાથી સિદ્ધોનાં દર્શન થાય છે. જેમ આપણને અગવડવાળું એક મકાન છોડીને બીજા સારા મકાનમાં જવાનું મન થાય છે તેમ સિદ્ધો આપણને સંસારમાં બધી અગવડવાળી જગાઓ રહેલી છે તેમાંથી મુક્ત કરી સારા સ્થાનમાં લઇ જવાની ઇચ્છાવાળા છે.

બધા તપસ્વીઓ આજે અરિહંત અને સિદ્ધને દાન કરી રહ્યા છે તેમને જરૂર નથી છતાં આપો છો. તપ કરતી વખતે ભોગનો ત્યાગ થાય છે તે દાન છે. અરિહંત, સિદ્ધને થતા દાનથી પોતાને જ લાભ છે પોતાના જ નિર્મલ આત્મગુણોની પ્રાપ્તિ થાય છે.

**ભગવાનની પૂજા દ્વારા પૂજક પોતે જ પોતાની પૂજા કરે છે. તેમ વિનીત, શિષ્ય ગુરુનો વિનય કરી રહ્યા છે તે પોતાના આત્માનો વિનય કરી રહ્યા છે. જે વિનય નથી કરતા તે શિષ્યો પોતાનો જ અવિનય કરે છે.**

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને કાંઇ જ જોઇતું નથી. તે પોતે પોતપોતાના આચારમાં જ લીન છે. તમે જે તેમને દાન કરી રહ્યા છો તે તમારા આત્માને જ દાન કરી રહ્યા છો.

**જ્યાં આપણો આત્મા છે ત્યાં પ્રદેશે પ્રદેશે સિદ્ધતા રહેલી છે. આપણી નજર તેમની (સિદ્ધોની) સિદ્ધતા ઉપર રહેલી છે અને તેમની નજર આપણી**

**સિદ્ધતા ઉપર રહેલી છે.**

લોચની પ્રક્રિયા એક મહાન પ્રક્રિયા છે. માટે ભગવાન દીક્ષા વખતે બહારથી વાળનો લોચ કરે છે. અંદરથી કર્મનો લોચ કરે છે. લોચ કરવાથી અંદરનો બ્રહ્મરંધ્ર પ્રગટ થાય છે. વાળ ચૂંટતાં જે ઝણઝણાટી થાય છે. તેનાથી આત્મશક્તિનો ઉઘાડ થાય છે. આ લોચની પ્રક્રિયા અનાદિકાળથી ચાલે છે અનંતકાળ સુધી રહેવાની છે.

**સિદ્ધ ભગવાનની સતત કરુણાદૃષ્ટિ આપણી ઉપર છે. સિદ્ધોનો ઉપકાર અરિહંતો પણ માને છે અને ગ્રહણ કરે છે.**

**જે ગુણની અનુમોદના થઇ છે તે ગુણ આવવનો જ છે અને જે પાપની આલોચના નથી થઇ તે પાપ આવવાનું જ તે નક્કી છે. જે અવગુણની નિંદા કરશો તે અવગુણ આપણામાં આવવાનો જ અને જે ગુણની અનુમોદના કરશું તે ગુણ આપણામાં આવવાનો જ.**

ભગવાનને બે હાથ જોડી અંતરના ભાવથી પ્રાર્થના કરવાની છે.

''यावन् नाप्नोमि पदवीं परां त्वदनुभावजाम्, तावन्मयि शरणत्वं मा मुञ्च शरणं श्रिते''

હે ભગવાન્ ! હું જ્યાં સુધી આપના જેવો ન બનું ત્યાં સુધી હું આપનું શરણ સ્વીકારું છું. મને શરણું આપવા કૃપા કરશો.

આપણને ભગવાન મળ્યા, ભગવાનની વાણી પણ અનેકવાર મળી છતાં આપણે આજ સુધી ભગવાનની વાણી ભાવપૂર્વક સાંભળી નથી, સાંભળી તો શ્રદ્ધા નથી કરી, શ્રદ્ધા કરી તો આચરણ કર્યું નહીં, માટે જ આપણી મુક્તિ થઇ નથી. પરમાત્માનો અને પરમાત્માની વાણીનો સ્વભાવ છે આપણને મુક્તિ અપાવવાનો. પાણી ચંદન વગેરે કોઇ પોતાનો સ્વભાવ બદલતું જ નથી પરંતુ આપણે આપણો સ્વભાવ બદલ્યો છે. વિભાદવશામાં ગળાડૂબ બન્યા છીએ. આપણું ઉપાદાન જ ગુમાવી દીધું છે. આથી આપણે આપણો સ્વભાવ જે વિભાવ દશા થઇ ગયો છે તે બદલાવાનો છે.

**દેવ ગુરૂ ધર્મ આપણા ઉપાદાનને સુધારવામાં નિમિત્ત બને પણ ઉપાદાન તો પોતે જ સુધારવું પડશે.** અનંતા આત્માઓએ ભગવાનની વાણી સાંભળી ઉપાદાન શુદ્ધ કરી મુક્તિ મેળવી છે. આપણે એમની વાણી મળવા છતાં સાંભળી નથી. **આંખ આડા કાન** કર્યા તો પણ ભગવાને આપણી ઉપર દ્વેષ નથી કર્યો આ ભગવાનની કરુણા છે. જીવો પર પરમ કરુણાથી ભગવાને મોક્ષમાર્ગ બતાવ્યો છે.

જ્યાં સુધી તીર્થ છે ત્યાં સુધી મોક્ષમાર્ગ રહેવાનો છે.

અત્યારે શાસન મળ્યું છે તો એક સંકલ્પ કરો કે સંસાર સાગર તરીને મોક્ષમાં જવાનું છે. અરિહંતો દેશના દ્વારા જ આપણી મોક્ષની ઇચ્છા પ્રગટ કરાવે છે અને ઇચ્છા હોય તો તે ઇચ્છા પ્રબળ કરાવે છે. નિગોદમાં રહેલા સૂક્ષ્મ જીવને પણ જીવ તરીકે ઓળખાવનાર કોઇ હોય તો તે અરિહંતો જ છે. આવા અરિહંતો જ ધર્મ બતાવી શકે બીજા નહીં છતાં અન્ય દર્શનમાં પણ જે કાંઇ બિંદુતુલ્ય ધર્મ છે તે અહીંથી જ ગયેલો છે. અરિહંત પરમાત્માનો જ આંશિક ધર્મ છે. **અન્ય દર્શનમાં રહેલાને સાચા દેવ ગુરૂની ઓળખાણ નથી પણ ચારી સંજીવની ન્યાયથી એક દિવસ સાચા દેવ-ગુરૂ મળી જશે.**

સમ્યગ્ દર્શનની પૂર્વભૂમિકાના ગુણો પણ ભગવાન આપે છે. રાગ અને દ્વેષના કલેશ વખતે પણ ભગવાનના તત્ત્વનું ચિંતન કરે તો ક્લેશો સમાઇ જાય છે. તેવી ભગવાનના તત્ત્વજ્ઞાનમાં શક્તિ છે. તેનાથી વિષયનું વિષ ટળી જાય છે. આ ચિંતન કરવાની શક્તિ પણ ભગવાન આપે છે.

બુદ્ધિના આઠ ગુણો જેનામાં આવે છે તેને જ તત્ત્વચિંતન કરવાની ઇચ્છા થાય. આપણો જ્ઞાયક સ્વભાવ જ છે કે "આત્માએ આત્માને જાણવો જોઇએ." તે આજ સુધી મિથ્યાત્વ મોહનીયના કારણે પોતાને પોતે જાણ્યો જ નથી. આપણી જાણકારી માત્ર પુદ્ગલોના વિષયોમાં જ છે.

વિષયાંધ બનેલા આપણે જે જોવાનું છે તે જોતા જ નથી. તેનો ઉપયોગ બીજે કર્યો છે તેમાં તત્ત્વ પ્રકાશ થવાને બદલે મિથ્યાત્વ મોહનું સામ્રાજ્ય રહે છે. તત્ત્વ જ્ઞાનનો પ્રકાશ તો વિષય તૃષ્ણાને શાંત કરનાર છે. આવું જ્ઞાન ચઢતા ક્રમથી ત્રણ

પ્રકારનું છે.

૧. શ્રુતજ્ઞાન,

૨. ચિંતાજ્ઞાન,

૩. ભાવનાજ્ઞાન.

**૧. શ્રુતજ્ઞાન** – શબ્દાર્થ કે વાક્યાર્થનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન જે કોઠીમાં પડેલા બીજ જેવું છે. ગુરુ મહારાજની ભક્તિ-વિનય દ્વારા મોહનો ક્ષયોપશમ થવાથી આ જ્ઞાન આવે છે.

**૨. ચિંતાજ્ઞાન** – ચિંતન, મનન, તર્ક-વિતર્કપૂર્વકનું જે જ્ઞાન તે ચિંતા જ્ઞાન અર્થાત્ મહાવ્યાક્યાર્થનું જ્ઞાન. જે જ્ઞાન પૂર્વાપર વાક્યાર્થો સાથેનો પ્રસ્તુત સંગત બોધ કરાવે છે તે મહાવાક્યાર્થ કહેવાય છે. આ જ્ઞાન જળમાં પડેલા બિંદુની જેમ વિસ્તાર પામનારું છે.

**૩. ભાવના જ્ઞાન** – ઐદંપર્યાય અર્થને પ્રગટ કરનારું આ જ્ઞાન છે. જે સમગ્ર શાસ્ત્રગ્રંથના ભાવને = રહસ્યને પકડીને અર્થ કરે છે. બુદ્ધિના આઠ ગુણો ઊંચામાં ઊંચા પ્રગટ થાય ત્યારે આ જ્ઞાન થાય છે.

આ ત્રણ જ્ઞાનમાં શ્રુતજ્ઞાન જળ સમાન, ચિંતાજ્ઞાન ક્ષીર દૂધ સમાન અને ભાવના જ્ઞાન તે અમૃત સમાન કહ્યું છે. ત્રણે જ્ઞાન તૃષ્ણા દાહને ઉત્તરોત્તર વધુ ને વધુ શાંત કરનાર છે. મોહ શાંત થાય છે. પરિણામે તાત્ત્વિક પરિણત જ્ઞાન બને છે.

શાસ્ત્રના નામે પોતાના અહંભાવને પોષવાની વૃત્તિ તે મોહનો ઉદય છે. તે જ્ઞાન નહીં પણ જ્ઞાનાભાસ કે અજ્ઞાન સ્વરૂપ છે.

ભગવાનની પૂજા, સ્તુતિ, ભક્તિ કરનારનું શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે અને હોય તો વધે છે. શ્રુતજ્ઞાનને ચોર કાંઇ કરી શકતો નથી. તે જ્ઞાન ચિંતા જ્ઞાન બની છેવટે ભાવના જ્ઞાનમાં પરિણમે છે. **ભાવના જ્ઞાન આવેલું કદી ચાલ્યું જતું નથી. ભાવના જ્ઞાનથી વિષયની તૃષ્ણા મટી જાય છે. 'સંસારનું સુખ વિષમિશ્રિત છે' તેનું ભાન થાય છે. તત્ત્વચિંતન કરતાં કરતાં બોધિ આવે છે. જીવને ભવમાં**

**ભમતાં ભમતાં વૈરાગ્ય આવે તે યથાપ્રવૃત્તિ કરણ છે.**

સૌરાષ્ટ્રનું પેરિસ મોરબી કહેવાય. પાણીનું પૂર આવ્યું તેમાં તેની સ્થિતિ કેવી થઇ ગઇ? કર્મ શું કરશે તે કલ્પી શકાય નહીં. જેણે ધર્મનું શરણું કર્યું તેનું ધર્મે રક્ષણ કર્યું. વિષય અને કષાય તે જગતનું પૂર છે. તે આપણને તાણીને ક્યાં લઇ જશે? માટે ધર્મરૂપી જહાજમાં બેસી જાઓ, તે જહાજ છેક કિનારે પહોંચાડશે. માર્ગમાં રક્ષણ કરશે. ભગવાન શરણ આપીને બોધિ આપે છે. માટે જ 'બોહિદયાણં' એ પ્રભુનું વિશેષણ છે.

- ભગવાને કહેલી તત્વની વાતો ભગવાન થઇએ ત્યાં સુધી યાદ રાખવાની છે, આત્મસાત્ કરવાની છે.
- જે ગુણની અનુમોદના કરી તે ગુણ આવવાનો જ છે, જે પાપની આલોચના ન કરી તે પાપ આવવાનું જ છે.
- શાસ્ત્રના નામે પોતાના અહંભાવને પોષવાની વૃત્તિ તે મોહનો ઉદય છે.
- જેમ જેમ ગુણીના ગુણોની અનુમોદના કરશું તેમ તેમ પુણ્યની પુષ્ટિ વધે છે.
- સાચી બુદ્ધિ ભગવાનના આદર અને બહુમાનથી આવે છે.

# વાચના - ૧૯

નમત્થુણં સૂત્રમાં 'બોહિદયાણં' પ્રભુનું વિશેષણ છે.

**બોધિ એટલે? જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ. જે યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણ અને રાગદ્વેષ ભાવની અનાદિ દુર્ભેદ ગ્રંથિનો ભેદ થવાથી પ્રગટ થતો પરિણામ તે બોધિ. આ પરિણામ પ્રગટ થવાથી પુદ્‌ગલ સાથેનો રાગભાવ તૂટે છે. છેવટે દેહ અને આત્મા પણ ભિન્ન ભાસે છે.**

'મારો આત્મા દેહથી ભિન્ન છે' તે શબ્દજ્ઞાન છે. પરંતુ દેહ સાથેનું ભેદજ્ઞાન અને પરમાત્મા સાથે અભેદ જ્ઞાન હોવું જોઈએ. **દેહાધ્યાસ છૂટી જવો જોઈએ. તેના માટે ધ્યાનાભ્યાસ જોઈશે. જીવનું જ્યાં અહિત છે ત્યાં તેને ગમે છે. જ્યાં તેનું હિત છે ત્યાં ગમતું નથી. આ વિપરીત પરિસ્થિતિને ઓળખવાની છે.**

**દેહની સાથે જ અભેદ ભાવ છે તે ભાવને ત્યાંથી (ખસેડીને) તોડીને પરમાત્માની સાથે અભેદભાવ જોડવાનો છે. પરમાત્મા સાથેનો અભેદભાવ જ આપણા આત્માને ઓળખાવશે અને મોક્ષ અપાવશે.**

બધાને મોક્ષ ગમે છે પરંતુ તેના ઉપાયો ગમતા નથી. સંયમમાં પણ શુદ્ધિ ગમે કે અનુકૂળતા ગમે?

**અનુકૂળતા અને સંયમને વિરોધ છે. અનુકૂળતા અને તપને વિરોધ છે. પ્રતિકૂળતામાં જ અંતરનો આનંદ થવો જોઈએ એ જ સંયમ છે. સંયમ આરાધનામાં વિઘ્નો તો આવશે જ પરંતુ વિઘ્નના જય કર્યા વિના કાર્યની સિદ્ધિ નહીં થાય. પૌદ્‌ગલિક મોહદશા જ વિઘ્નોમાં આપણને ટકવા ન દે. સમાધિ ન**

**રહે, બોધિ તો ઘણી દૂર છે.**

**વજ્રસ્વામી જેવા ચૌદપૂર્વધરપણ ભગવાન પાસે 'બોધિ' માંગે છે તો આપણી તો શી વાત?**

જીવને જીવ રૂપે નહીં ઓળખાવનારી શક્તિ (મોહ) તમે વધારો છો. મોહ આપણને આસક્ત બનાવીને જ ફસાવે છે. અનંતશક્તિનો માલિક આત્મા કે જે રાજાનો પણ રાજા છે તેની ઓળખાણ થતી જ નથી.

આજે મોહની પ્રબળતાના (કારણે) પ્રભાવે અનાત્મવાદ વધતો જાય છે. તેવાં જ નિમિત્તો આપણને ગમે છે. **ન સાંભળવાલાયક સાંભળવાથી અને ન વાંચવાલાયક વાંચવાથી બુદ્ધિમાં ભ્રમ પેદા થાય છે. તેથી સજાગ રહેવાની ખૂબ જરૂર છે.**

ગુરૂ પ્રત્યેનો સમર્પણ ભાવ હોય તો તેમાં રહેલું હિત-અહિત ગુરૂ ઓળખાવે છે. ભગવાનની શરણાગતિ સ્વીકારનાર જ પોતાના દોષો જોઇ શકે છે. આપણને પારકા દોષ જોવાની જ ટેવ પડી ગઇ છે માટે સુકૃતની અનુમોદના થતી નથી.

**ચિત્તની નિર્મળતા ન હોય ત્યાં સુધી ભગવાનની પ્રતિમામાં એને ભગવાન દેખાતા નથી. 'અરિહંત' એ શબ્દ છે ધ્વનિ છે. તેનાથી અનંતા આત્મા તરી ગયા છે.**

**અનાહત નાદ એ પણ અરિહંત છે નવપદ છે. વર્ણ માતૃકાના ધ્યાનથી પ્રગટેલો ભાવ-નાદ એ પણ અરિહંત છે. લબ્ધિધરોને ચારિત્રનો ધ્વનિ એ પણ અરિહંત છે. અનાહતનાદ ધ્યાન દશામાં પ્રગટ થાય છે. ભગવાનના ધ્યાને લીન બનેલા ધ્યાતાને પ્રગટ થાય છે. નાદ પ્રગટ થાય એટલે નમસ્કારએ ભાવ નમસ્કાર બને છે. ભાવ નમસ્કારમાં પ્રગટ થયેલો સાધક સર્વ પાપોનો નાશ કરી શકે છે.**

આચાર્ય ભગવંતના આચારની અનુમોદના કરતાં કરતાં એ ગુણ આપણામાં પ્રગટ થાય છે. તેનાથી સદાચારી બનાય છે. **જ્ઞાનીને નમસ્કાર એ જ્ઞાનને લાવવાની શ્રેષ્ઠ કળા છે.**

નવકાર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આપશે. એનાથી અંતરમાં સમભાવ સમતા પેદા થશે. સામાયિકની રૂચિ થશે. સામાયિકની રૂચિ એ સમ્યગ્ ચારિત્ર આપશે.

**જગતના જીવો સાથેની સમતા એ સાચું સામાયિક કહેવાય છે.**

પરમાત્મા સાથે મારા આત્માની એકતા છે એ સમ્યગ્ સામાયિક કહેવાય છે. **જગતના જીવો સાથે એકત્વ ભાવ પ્રગટે છે ત્યારે જ પરમાત્મા સાથે એકતા થઇ શકે છે.**

આચાર્ય ભગવાનની ભક્તિથી આપણને ચારિત્ર મળે છે, આ જ સાચું સામાયિક ચારિત્ર છે. આત્મામાં સામાયિક આવે એટલે મોક્ષમાર્ગ સરળ બને છે.

ઋષભદેવ ભગવાનની સાથે ૧૦૦૦ મુનિઓ મોક્ષે ગયા. તેમણે જે શાસન સ્થાપ્યું તેમાં દશ કોડાકોડી પલ્યોપમે એક સાગરોપમ એવા ૫૦ લાખ કરોડ સાગરોપમ સુધી અસંખ્યાતા મોક્ષે ગયા.

ભગવાને બતાવેલો ધર્મ મોક્ષ આપે જ. અધર્મ સેવીએ તો સંસાર વધે જ. મોક્ષની ચાર અવસ્થા છે. (૧) માર્ગાનુસારી, (૨) સમ્યકત્વ, (૩) દેશવિરતિ, (૪) સર્વવિરતિ.

હૈયામાં નવકાર વસ્યો એટલે ભગવાન વસ્યા. હૈયામાં આચાર્ય ઉપાધ્યાય સાધુ વસ્યા એટલે એ સાધુ જ બને.

આચાર્ય ભગવંતની ભક્તિથી આચાર-સદાચાર શુદ્ધિ થાય.

ઉપાધ્યાય ભગવંતની ભક્તિથી જ્ઞાનની શુદ્ધિ થાય, જે પણ જ્ઞાન હોય તે આત્મલક્ષી જ્ઞાન બને.

સાધુ ભગવંતની ભક્તિથી સહિષ્ણુભાવની શુદ્ધિ થાય. સંસારમાં સ્વાર્થ ભાવથી ઘણું સહન કરાય છે. તેના બદલે મોક્ષલક્ષી સહન કરવાની વૃત્તિ કેળવાય.

અનાદિકાળથી મોહનું શાસન જામેલું છે તે ઢીલું પડે તો આ શુદ્ધિ સરળ બને.

ભગવાન આપણને નિર્મળ મોક્ષ આપવા માંગે છે. ચિત્તની સ્વસ્થતા આપવા

માંગે છે. પરંતુ આપણો મોહોદય સ્વીકારવા તૈયાર નથી. અંતરમાં મોહનું શાસન જાગી ગયું છે માટે.

દરેક આરાધના કરતાં શાસનને સામે રાખવું જોઇએ, પોતાની નહીં પણ શાસનની જ પ્રભાવના થવી જોઇએ. જાતને નમ્ર બનાવવી જોઇએ. અહંભાવ જાય તો નમ્રતા આવે.

માન-સન્માનથી અહંકાર વધે છે અને તે આત્માની શુદ્ધિમાં બાધક બને છે. તેથી અહંભાવથી દૂર રહી આત્માની વિશુદ્ધિ થોડી-થોડી પણ કરવી જોઇએ.

સાધનાનું પ્રારંભિક મહાન ફળ ચિત્તની પ્રસન્નતા છે. આજ્ઞા પ્રમાણેની સાધના ગમે તેવા પ્રસંગોમાં પણ પ્રસન્નતા ટકાવી રાખે છે. કોઇપણ સાધનામાં આપણો હેતુ કર્મની નિર્જરાનો હોવો જોઇએ.

જ્યાં ચિત્તની પ્રસન્નતા હોય છે ત્યાં ભગવાન પ્રત્યે ભગવાનનાં વચન પ્રત્યે અહોભાવ હોય છે. આપણે આત્માને શુદ્ધ બનાવવો હોય તો જેઓ શુદ્ધ બનેલા છે તેમની ભક્તિ કરવી જોઇએ. પોતાની જાતને અશુદ્ધ માને તો શુદ્ધની ભક્તિ થઇ શકે માટે પહેલાં વ્યવહારથી હું અશુદ્ધ છું, મારે શુદ્ધ બનવું છે એમ માનવું જોઇએ. વર્તમાનમાં અશુદ્ધ છું તેનો પણ સ્વીકાર થવો જ જોઇએ. આ ભૂમિકા આવે ત્યારે ભક્તિમાં પ્રાણ પુરાય, નામ સ્મરણ દ્વારા પણ ભક્તિ થાય છે. ભગવાનનું નામ પણ તારક બને છે.

લોગસ્સ, ચઉવિસત્થો અને નામસ્તવ એ ત્રણે નામ લોગસ્સસૂત્રનાં જ છે. લોગસ્સમાં ભગવાનના નામથી સ્તવના કરી છે. તેના દ્વારા નામસ્મરણની મહત્તા પ્રગટ કરી છે. **નામના જાપ વિના પરબ્રહ્મમાં પહોંચાય નહીં.** આમાં ભગવાનનાં નામ જ છે.

**જે શક્તિ ભક્તિમાં છે તે શક્તિ તેમના નામમાં પણ છે. ભગવાને નામ આપ્યું એટલે સર્વસ્વ આપ્યું છે.**

આવશ્યક નિર્યુક્તિમાં ભદ્રબાહુ સ્વામીએ સૂત્રોનાં રહસ્યો ખોલીને બતાવ્યાં છે. સમતા ભાવ મેળવવા માટે ભગવાનની ભક્તિ કરવાની છે.

ભગવાનની પ્રસન્નતા અને પરોપકારવૃત્તિ જ આપણું કલ્યાણ કરે છે. ભગવાનની ભક્તિમાં એક જ ભાવ રાખવાનો છે – ''હે ભગવાન્! આપની ભક્તિ કરીને બીજું કાંઇ જ જોઇતું જ નથી માત્ર આરોગ્ય, બોધિ અને સમાધિ આપો.''

આ સૂત્રો ગણધરોએ બનાવેલાં છે. ભદ્રબાહુ સ્વામીએ અને હરિભદ્રસૂરિ મહારાજે તેનો મર્મ સમજાવ્યો છે. ગણધર ભગવંતના બનાવેલાં આ સૂત્રો મોહનું ઝેર ઉતારવા માટે મંત્ર-મહામંત્ર સમાન છે. માધ્યમ ગુરૂ અને ભગવાન છે.

**ગુરૂ અને ભગવાનને મોટા બનાવ્યા વિના મોહ ટળતો જ નથી. દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના થતી જ નથી.**

આપણા દ્વારા થયેલાં પાપોની નિંદા અને બીજાનાં સુકૃતની અનુમોદના કરો. આપણું સુકૃત અલ્પ છે અને આપણા સુકૃતની અનુમોદનાથી તો ક્યારેય માન કષાય પોષાય તેથી અરિહંત સિદ્ધ આદિના સુકૃતની અનુમોદના કરો. અરિહંત શાસનની સ્થાપના કરે છે સિદ્ધ મુક્તિમાર્ગના આદર્શ છે લક્ષ્ય આપે છે. આચાર્ય સંઘને સંભાળે છે. ઉપાધ્યાય સાધુ સમુદાયને સંભાળે છે. સ્વાધ્યાયમાં રત હોય છે. સૂત્રના સ્વાધ્યાયથી વિનય ગુણ આવે છે. સાધુ મોક્ષમાર્ગની આરાધના કરે છે. તેમને મોક્ષનું જ લક્ષ્ય રહ્યું છે. આમ પંચ પરમેષ્ઠી સાધક માટે પુષ્ટ આલંબન છે. **પુષ્ટ આલંબનોથી આત્મા પુષ્ટ બને છે.** પછી તે પુષ્ટ બનેલો આત્મા કર્મનો કચરો કાઢે છે પણ તે ભગવાનના આલંબનથી જ થાય છે. પુષ્ટ આલંબન માટે નામસ્તવ સ્વરૂપ લોગસ્સ સૂત્ર છે. તે સૂત્રની છેલ્લી ગાથામાં ભગવાનનો અનુગ્રહ સ્પષ્ટ જણાય છે.

''ચંદેસુ નિમ્મલયરા''માં સમ્યગ્ દર્શનની નિર્મળતા છે.

''આઇચ્ચેસુ અહિયં''માં સમ્યગ્ જ્ઞાનની નિર્મળતા છે.

''સાગરવર ગંભીરા''માં સમ્યગ્ ચારિત્રની નિર્મળતા છે.

તીર્થંકરની હાજરી માત્રથી આપણા ઉપર અનુગ્રહ થઇ રહ્યો છે. તીર્થંકર પરમાત્મા વાણીના માધ્યમથી જીવોને સિદ્ધત્વ પ્રાપ્ત કરાવે છે.

જ્યારે સંસારના કાયદા કાનૂનો જ એવા છે કે જીવોને તે ફસાવે છે. એનો

ઉચ્છેદ કરવા માટે આત્મ વિશુદ્ધિ છે. આત્મ વિશુદ્ધિ પરમાત્માના શાસનથી થાય છે. પરમાત્મા અને મારા આત્માનું સ્વરૂપ એક જ છે તે ભાન થાય એટલે શાસન પામ્યા કહેવાઇએ માટે અમુક ભૂમિકાએ 'સોડહં' ધ્યાન આવે છે.

જ્યારે આપણો 'સોડહં' શુદ્ધ થાય ત્યારે જ 'સ' અને 'હું' શુદ્ધ થાય.

'સ' એટલે તે. તે એટલે પરમાત્મા,

ડહં એટલે હું. હું એટલે આત્મા.

'તે' પરમાત્મા સ્વરૂપ જ હું છું. એ ભાવ આવે ત્યારે જ શુદ્ધ આત્મકલ્યાણ પ્રગટે છે.

અરિહંત સિદ્ધના ધ્યાનથી આપણું શુદ્ધ આત્મ-દ્રવ્ય પ્રગટે છે.

અરિહંત સિદ્ધનું ધ્યાન એ આપણા આત્માનું જ ધ્યાન છે. **જિનનું નામ, જિનનું બિંબ, જિનનું રૂપ આપણી પાસે છે તો જિન આપણી પાસે જ છે.** જગતમાં બેનાં રાજ્યો ચાલે છે. (૧) મોહનું રાજ્ય, (૨) જિનનું રાજ્ય. આપણે અનાદિથી છીએ, કર્મ પણ અનાદિથી છે. તેમ શાસન પણ અનાદિથી છે.

મોહ અનાદિ કાળથી જીવને કર્મ બંધાવી પોતાની પાસે રાખવા ઇચ્છે છે. તેમ જિન પણ અનાદિ કાળથી જીવને કર્મક્ષય કરાવી પોતાની પાસે બોલાવવા ઇચ્છે છે.

પહેલાં 'સોડહં'નું ધ્યાન નહીં પણ અરિહંત પરમાત્માનું ધ્યાન કરવું પડે. પરમાત્મા ઓળખાય તો આત્મા ઓળખાય. પરમાત્મા અને આપણો આત્મા એક જ જાતિના છે તેવું ભાન થાય, પછી સ્વજીતય એવા પરમાત્માને જોઇને પણ આપણને તેવું સ્વરૂપ પ્રગટાવવાનું મન થવું જોઇએ. તે મન થતું નથી. ભાવ પેદા કરવા માટે જ નમુત્થુણં જેવાં સૂત્રો રોજ બોલવાનાં છે. ચિંતવવાનાં છે. 'નમુત્થુણં' જિનેશ્વર દેવની ઓળખાણ કરાવે છે. છ આવશ્યકની આરાધના છે, તે મોક્ષ માર્ગની આરાધના છે. પરમાત્મા-આત્માની ઓળખ થાય તો છ આવશ્યકમાં ભાવ આવે. **છ આવશ્યકની આરાધના જીવનમાં અપ્રમત્ત ભાવે ચાલુ હોય તો સમજવું કે આપણે મોક્ષમાર્ગમાં આગળ વધી રહ્યા છીએ.** આવશ્યક હૈયાને સ્પર્શ્યું હોય

તો અંતરમાં ભાવ થાય. ''ભલું થાઓ! આ જિનેશ્વર દેવનું, સદ્ગુરૂનું કે આ છ આવશ્યકનું સ્મરણ બે ટંક ફરજિયાત કર્યું નહીંતર કેવી દશા હોત આપણી?''

છ આવશ્યકમાં પ્રતિક્રમણ પછી કાઉસગ્ગ આવે. આત્મશુદ્ધિ કર્યા પછી કાઉસગ્ગમાં સ્થિર થવાય છે. કાઉસગ્ગમાં ધ્યાન થાય છે. કાઉસ્સગ એ સમાધિરૂપ છે. તેમાં સમાધિને સ્થાન છે. કાઉસગ્ગમાં મન-વચન-કાયાના યોગોની પ્રવૃત્તિ બંધ થાય છે. એની નિવૃત્તિ થાય છે અને તેમાં જે પ્રવૃત્તિ છે તો તે ભગવાનના ગુણોના ચિંતનની પ્રવૃત્તિ છે.

જેમ જેમ જીવોના પરિણામોની શુદ્ધિ વધતી જાય છે તેમ તેમ નિર્જરા વધતી જાય છે. જેમ જ્ઞાન વધે છે તેમ નિર્જરા પણ વધે છે. પણ તે જ્ઞાન મગજમાં (ના) ભારરૂપે નહીં પણ આત્મ પરિણત થયેલું હોવું જોઇએ. બોધિ યુક્ત હોવું જોઇએ. **બોધિ પ્રગટ થાય, એટલે શુદ્ધ ધર્મ સહજ બને છે.** પ્રભુનું વિશેષણ છે, 'ધમ્મદયાણં' એ અધિકાર આગળ વિચારશું.

- ચિત્તની નિર્મળતા ન હોય ત્યાં સુધી ભગવાનની પ્રતિમામાં ભગવાન દેખાતા નથી.
- જગતના જીવો સાથે એકત્વ ભાવ પ્રગટે ત્યારે જ પરમાત્મા સાથે એકતા થઇ શકે.
- ગુરુ અને ભગવાનને મોટા બનાવ્યા વિના મોહ ટળતો જ નથી.
- જગતના જીવો સાથે સમતા ભાવ તે સાચું સામાયિક કહેવાય છે.
- છ આવશ્યકની આરાધના અપ્રમત્ત ભાવે થતી હોય તો સમજવું કે આપણે મોક્ષમાર્ગમાં આગળ વધી રહ્યા છીએ.

# વાચના - ૨૦

નમુત્થુણં સૂત્રોમાં પ્રભુનાં સ્વરૂપ વિશેષણો છે. ભગવાન સત્યનું ભાન કરાવે છે તે બોહિદયાણં અને સત્ય મેળવવાના ઉપાય પણ ભગવાન બતાવે છે તેથી ''ધમ્મ દયાણં'' વિશેષણ મૂક્યું છે.

'ધમ્મદયાણં' એટલે ભગવાન ધર્મ આપે છે. ધર્મ બે પ્રકારના. સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ. **અહીં ધર્મ એટલે 'ચારિત્ર' સમજવું.**

ચારિત્રની પ્રાપ્તિ ભગવાન દ્વારા જ થાય છે.

મોક્ષની પ્રાપ્તિ ભગવાન દ્વારા જ થાય છે.

બોધિ સમાધિની પ્રાપ્તિ ભગવાન દ્વારા જ થાય છે.

**પ્રશ્ન** - ભગવાન ચારિત્ર શી રીતે આપે?

**ઉત્તર** - ભગવાનના અનુગ્રહ વિના આ ધર્મ પ્રાપ્ત થતો નથી. **ધર્મ પ્રાપ્તિમાં નિમિત્તાદિ અનેક કારણો હોવા છતાં ભગવાનનો અનુગ્રહ અચિંત્ય સામર્થ્યવાન હોવાથી તે જ મુખ્ય ગણાય છે.** ભગવાનની નજીક જવાથી ભગવાન પ્રત્યે બહુમાન થાય અને તેમાંથી સદ્દેશના સાંભળવાની યોગ્યતા પ્રગટે છે. આવી વૈરાગ્યમય દેશના સાંભળવાથી પરિણામ આવે. આમ કારણમાં કાર્યનો ઉપચાર કરતાં ભગવાન ચારિત્ર ધર્મના દાતા છે.

''ધમ્મ દેસયાણં'' ભગવાન ધર્મ દેશના સાંભળવાની યોગ્યતા આપે છે અને દેશના સંભળાવે છે. તમારે દેશના સાંભળવી છે? - તો સાંભળો!

૧. આ સંસાર આગથી બળતા ઘરના અંદરના વચલા ભાગ જેવો મહાભયંકર છે.

૨. ચારગતિ રૂપ સંસાર વિવિધ વેદનામય છે.

કેવી રીતે?

માનસિક વ્યથા, શારીરિક દુઃખ, તેમ જ કુટુંબ આદિ જન્ય, પીડારૂપ, આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ તાપત્રિપુટી, ગર્ભાવાસ, જન્મ, જરા, મરણાદિ વિધવિધ વેદનાનું નિવાસ સ્થાન આ સંસાર છે.

૩. આ ભવોદધિમાં શાણા-ડાહ્યા માણસ કે વિચારક વિદ્વાન માણસોએ એક પળ પણ પ્રમાદ (મોહમદ મસ્તી, વિષયરસ મસ્તી, ધર્મ સુસ્તી, ધર્મ પ્રાપ્તિથી અટકવું, મંદ પડી જવું એ રૂપ પ્રમાદ) કરવા વાજબી નથી. કારણ કે લવ-લેશ, નાની ભૂલ રૂપ અલ્પ પ્રમાદનાં પરિણામો ઘણાં માઠાં-ભૂંડા આવે છે. વળી આ દેવ દુર્લભ મનુષ્ય ભવનું ભવ્ય જીવન ફરી ફરીને મળવું મહામુશ્કેલ છે.

૪. વળી આ મહામોંઘું મહામૂલું માનવ જીવન અતિ દુર્લભ છે. તેમાં મુખ્યત્વે પરલોકનું-સદ્ગતિનું ભાથું બાંધી લેવું, સાધન સાધી લેવું જોઇએ. એ જ મહત્વનું કે અગત્યનું કલ્યાણકારી કર્તવ્ય છે.

૫. આ રંગ-રંગીલી દુનિયામાં આપણને ફસાવા માટે કંચન અને કામિની છે. જે જે મોહક કામભોગો ભોગવવામાં આવે છે તે ભોગવતી વખતે મીઠા મધુરા સ્વાદિષ્ટ કે પ્યારા લાગે છે. પણ તે તમામ આકર્ષક અને લોભાવનારા વિષય વિલાસો પરિણામે તો ઘણા કટુક-દારૂણ છે. અર્થાત્ કરૂણ અંજામ સર્જક થઇ પડે છે.

૬. જે જે ઇષ્ટ મનોવલ્લભ, રળિયામણા અત્યંત પ્રિય સંયોગો-સમાગમો છે તે તે સર્વનો આખરે અવશ્ય સંપૂર્ણ વિયોગ-વિરહ કે વિનાશ નિયત છે.

૭. આ વિરાટ વિનાશી વિશ્વમાં આયુષ્ય ખતમ કે સમાપ્ત થઇ જવાનો ભય-ધાસ્તી નિરંતર અંતરમાં રહે છે. પણ તે જીવન ક્યારે અસ્ત થશે? પ્રાણપંખેરું ક્યારે પરલોક પધારશે? તે જાણી શકાતું નથી. (મનુષ્યનું આયુષ્ય કયા સમયે

ખલાસ થશે કે આ ભવનો ખેલ ક્યારે ખતમ થશે? તે ચોક્કસ રીતે જણાતું નથી) પરંતુ શરીર જરૂર પડવાનું છે. કાયાની પ્રવૃત્તિ પતનશીલ છે. તે તો ચોક્કસ જ છે. આથી આ મરણભય માથે ઝઝૂમતો ઊભો છે. આવી પરિસ્થિતિ હોવાથી આ સંસાર દાવાનળને શમાવવા માટે ભગીરથ પુરુષાર્થ કરવો નિતાંત આવશ્યક છે અને તેને માટે જરૂરી સઘળી તજવીજ (વ્યવસ્થા) કરવી.

૮. વળી ભવની કારમી આગને ઓલવવામાં સિદ્ધાંત (આગમ-શાસ્ત્રીય જ્ઞાન)ની વિશિષ્ટ કોટિની વાસના પ્રધાન સારગર્ભિત શ્રુતધર્મરૂપી મેઘ (વરસાદ) એજ મુખ્ય પરમ કારણ છે. અહીં સિદ્ધાંત વાસના પ્રધાન એટલે... આગમની શ્રદ્ધાના સંસ્કારથી વાસિત. આ ભૂમિકા મોક્ષના ક્ષયોપશમથી આવે છે.

૯. એટલા માટે સિદ્ધાંતની વાચનાની વેગવંતી જરૂર હોવાથી સિદ્ધાંતનો સ્વીકાર કરવો અને એ સિદ્ધાંતની અને સિદ્ધાંતના જાણકાર ગીતાર્થ મહાપુરુષોની રૂડી રીતે વૈયાવચ્ચ સેવા-ભક્તિ ઉપાસના કરે.

૧૦. કાયા એ કાચો કુંભ છે એ હકીકત છે. શરીરને કાચા કુંભની ઉપમા શાસ્ત્રમાં ઘણી જગાએ આપી છે. કાચા કુંભને પાણી લાગે કે ટકોરો લાગે કે બીજા કોઇ પણ પ્રકારનો આઘાત લાગે તો તે સ્હેજે તૂટી જાય છે તેમ શરીરની પણ તેવી જ સ્થિતિ છે માટે આ કાયાને કાચા કુંભ સાથે સરખાવી છે અર્થાત્ શરીર કાચાકુંભ જેવું છે.

૧૧. આ સંસારને મુંડમાળા અને ઘડાની સાથે સરખાવ્યો છે. અર્થાત્ તેના જેવો છે. (મુંડ = મસ્તક એની માળા તે મુંડમાળા અર્થાત્ મસ્તકે-ગળામાં પહેરવાની પુષ્પમાળા) આ પુષ્પમાળા વધુ કિંમતી હોવા છતાં સાંજ પડે કરમાઇ જાય છે, છતાં માણસ શોક કરતો નથી જ્યારે આલુકા-પાણીની ઘડી માળા કરતાં ઓછી કિંમતી હોવા છતાં ઘણો સમય ચાલશે તેવી બુદ્ધિ-સમજના કારણે તે ઘડી ફૂટી જાય તો માણસ શોક કરે છે. આમ અપેક્ષા જ માણસને દુઃખી કરે છે. આથી અસાર સંસાર કહ્યો છે તે ભાવના વારંવાર ભાવ્યા કરવી. જે વસ્તુ સર્વદા રહેવાની નથી, જે વસ્તુઓ અસત્ છે તેની કોઇપણ પ્રકારની અપેક્ષા રાખવી નહીં અથવા

નિશ્ચયથી અસલની (ખોટાની અધર્મી અન્યાયની અફળ કે મિથ્યા, પરમાત્માથી જુદી વસ્તુ)ની અપેક્ષા છોડી દેવી.

૧૨. જે જે આજ્ઞા કે ફરમાન સિદ્ધાંતમાં કરેલાં હોય તેને પ્રધાનપણે અનુસરવામાં વળગી રહેવામાં તૈયાર વફાદાર રહો. અર્થાત્ જિનશાસન પ્રધાન જીવન બનાવો.

૧૩. જિનેશ્વરના જયવંતા જગત જયકારી શાસનમાં બરોબર એકાગ્રતા પ્રણિધાન રાખવું.

**૧૪. સાધુઓની સેવા વડે (પ્રાસુક આહાર, વસ્ત્ર, પાત્રના દાનથી) દાન, શીલ, તપ ભાવનાદિ ધર્મના શરીરને પુષ્ટ બનાવો.**

૧૫. જૈન શાસનને કોઈપણ પ્રકારની અજાણતાં પણ અવહેલના ન લાગે કે તેની નિંદા આદિ ન થાય તે માટે પણ ખાસ સંભાળ રાખો. ચાંપતી તકેદારી રાખો. હીલના થતી હોય તો અટકાવવી જોઈએ.

૧૬. શાસ્ત્રમાં બતાવેલ વિધિ પ્રમાણે જે જીવ પ્રવૃત્તિ=ક્રિયા કરે છે તે ઉપર જણાવેલી બાબતો મેળવી શકે છે. અથવા પોતે શાસ્ત્રવિધિ ન જાણી શકે તો યોગ્ય ગુરૂની વિધિથી ધર્મ માટે પ્રવૃત્ત થયેલ ચારિત્ર ધર્મને કે ઉપરની બાબતોને (વિધિ પ્રવૃત્ત) આત્મસંપાદન (પ્રાપ્ત) કરી શકે છે. તેથી સર્વ બાબતમાં શાસ્ત્ર વિહિત વિધિ અનુસારે પ્રવૃત્તિ ક્રિયા કરો.

૧૭. આગમ અનુસારે પોતાના આત્માની સ્થિતિને ઓળખીને આજ સુધી નહીં મેળવેલ સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રના મોક્ષમાર્ગ રૂપ યોગોને મેળવવા ઉજમાળ બનો.

૧૮. પ્રમાદ માટે ખાસ સંભાળ રાખવી. એ પ્રમાદ થવાનો પ્રસંગ આવે તે પહેલાં બહુ સંભાળ રાખીને તેની સામેના ઉપાયો પ્રથમથી યોજી રાખવા. પોતાની ભૂલ (વિસ્રોતસિકા) પ્રત્યે ખ્યાલ અવશ્ય રાખવો.

૧૯. કાદવમાં પડીને પગ ધોવા તેના કરતાં કાદવથી દૂર રહેવું સારું. તેમ પાપ કરીને પાપ ધોવાં, તેના કરતાં ભૂલ ન થાય તેનું ધ્યાન રાખવું. જેમ ભય નથી

આવ્યો તે પહેલાં શરણાદિ શોધાય છે તેમ પાપો નથી થયાં તે પહેલાં પાપ આદિનાં કારણો શોધો અને તેનાથી દૂર રહો.

૨૦. આગમથી આત્મભાવને અને પોતાના ગુણ પર્યાયને જાણો અથવા અરાગી અદ્વેષી આદિ લક્ષણ નિરૂપક એવા આગમ બળથી રાગાદિ બળરૂપ આત્મ પરિણામને અર્થાત્ વિભાવભાવ અને સ્વભાવભાવને જાણીને હંસવત્ વિવેક વાપરી સ્વભાવભાવના પ્રાદુર્ભાવમાં ખંતપૂર્વક પૂર્ણ પ્રયત્ન કરો.

૨૧. આ પ્રમાણે જે પ્રાણી પ્રવૃત્તિ કે વર્તન કરે છે તેના તે આત્માના સોપક્રમ કર્મનો ક્ષય થાય છે અને નિરૂપક્રમ કર્મના અનુબંધનો નાશ થાય છે, વિચ્છેદ થાય છે.

આ પ્રમાણે વિશિષ્ટ ફળજનક ધર્મની દેશના ભગવંત આપે છે. આવા ધર્મદેશક અરિહંત પરમાત્માને લાખ-લાખ વંદન છે.

- ધર્મ પ્રાપ્તિના અનેક કારણોમાં ભગવાનનો અનુગ્રહ જ મુખ્ય ગણાય છે.
- પાપો નથી થયા તે પહેલાં તેના કારણો શોધો અને તેનાથી દૂર રહો.
- આગમ અનુસારે પોતાના આત્માની સ્થિતિને ઓળખો.
- વિભાવ ભાવ અને સ્વભાવ ભાવને જાણી હંસની જેમ વિવેક બુદ્ધિ વાપરો.
- પાપ કરીને પાપ ધોવા તેના કરતાં પાપથી દૂર રહેવું સારું.

## વાચના - ૨૧

નમત્થુણં સૂત્રમાં ભગવાનને "ધમ્મ નાયગાણં" વિશેષણ છે.

"ધમ્મ નાયગાણં" એટલે ભગવાન ધર્મના નાયક છે.

ભગવાન ધર્મના દેશક છે તેમ ધર્મના નાયક પણ છે. ધર્મ એટલે પૂર્વકથિત ભાવરૂપ ચારિત્ર ધર્મ જ ગણવાનો છે. તે ચારિત્ર રૂપ ધર્મના ધણી અર્થાત્ સ્વામી-માલિક અરિહંતો છે. કારણ કે સ્વામિત્વભાવનાં ચાર લક્ષણો અરિહંત ભગવંતમાં છે. આ ચાર મૂળ લક્ષણોમાં (સ્વામિત્વભાવના હેતુઓમાં) એક એકના ચાર હેતુઓ એમ કુલ સોળ હેતુઓ થાય છે.

**૧. ધર્મ વશીકરણ ભાવ** - ભગવાન ધર્મના નાયક છે તેનું પ્રથમ કારણ ધર્મવશીકરણ ભાવ છે. જે વસ્તુ ઉપર પોતાની માલિકી છે તે પોતાના કાબૂમાં ન હોય તો કોઇ મતલબ નથી. ભગવાને ધર્મને આત્મસાત્ કરવા રૂપે વશ કર્યો છે. ધર્મવશીકરણ ભાવના ચાર પ્રતિહેતુઓ છે.

(અ) વિધિ સંપાદન-ભગવાન દ્વારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વિધિપૂર્વક ધર્મ પ્રાપ્ત કરાયો છે.

(આ) નિરતિચાર પાલન-ચારિત્ર ધર્મનો સ્વીકાર કરીને અતિચાર-દોષરહિત પાલન કર્યું છે.

(ઇ) યથોચિતદાન - જે વસ્તુ પોતાને વશ હોય તે જ બીજાને આપી શકાય. ભગવાન જગતના જીવોને યોગ્યતા મુજબ ચારિત્ર ધર્મનું દાન કરે છે.

(ઈ) અપેક્ષા અભાવ-ભગવાન જે કાંઇ ધર્મદાન કરી રહ્યા છે તેમાં તેમને

કોઇની આજ્ઞા-રજાની અપેક્ષા નથી હોતી, પોતે જ તીર્થ પ્રવર્તક છે તેથી કોઇ શાસ્ત્ર વચનનું પણ આલંબન નથી. આમ ધર્મવશીકરણના માલિકીના ચારે હેતુઓ પ્રભુમાં છે.

**૨. ઉત્તમ ધર્મની પ્રાપ્તિ** – ભગવાન ધર્મના નાયક છે તેનું બીજું કારણ જે ધર્મ મળ્યો છે તે ઉત્તમ છે. વસ્તુ મળી હોય અને તેની માલિકી હોય છતાં જો તે ઉત્તમ ન હોય તો યથાર્થ ઉપયોગ કે લાભ થઇ શકે નહી. ઉત્તમ ધર્મની પ્રાપ્તિને જણાવનારાં ચાર કારણ છે.

**(અ) પ્રધાન ક્ષાયિક ધર્મની પ્રાપ્તિ** – આત્મસ્વભાવ રૂપી ધર્મમાં બાધક રૂપ સર્વ કર્મનો નાશ-ક્ષય થવાથી સંપૂર્ણ અને અનંત કાલીન ધર્મની પ્રાપ્તિ થઇ છે. બીજા કેવલીઓને પણ ક્ષાયિક ધર્મની પ્રાપ્તિ થાય. પરંતુ તે ભગવદ્વાણીના આલંબને થાય. ભગવાનને કોઇનું આલંબન નથી માટે ક્ષાયિક ભાવને પ્રધાન વિશેષણ છે.

**(આ) પરાર્થસંપાદન** – ભગવાન જગતના સર્વ જીવોનું હિત કરનાર છે. ક્ષાયિક ભાવના ચારિત્રના પ્રભાવે સહજભાવે જીવોને પાપનિવૃત્તિ અને ધર્મપ્રવૃત્તિમાં જોડે છે. નિઃસ્વાર્થ વાત્સલ્યભાવના વચનોથી જીવો હિત માર્ગે જોડાય છે.

**(ઇ) હીનમાં પણ પ્રવૃત્તિ** – ભગવાન દેવ અને મનુષ્યોને તો ધર્મ સંભળાવે છે. પરંતુ સમવસરણમાં અબુધ એવા પશુ પંખીને પણ સમજાય તેવી ભાષા પ્રભુની હોય છે. એકેન્દ્રિયમાં પણ સૂક્ષ્મ નિગોદના જીવોની પણ માનસિક વિરાધનાથી અટકવાની વાત પ્રભુ જણાવે છે. આવા હીન = નાના જીવોની ચિંતા પણ પ્રભુ કરે છે.

**(ઈ) તથાભવ્યત્વના યોગ** – ભગવાનનું તથાભવ્યત્વ જ એવું ઉત્તમ છે કે જાતિરત્નની જેમ બધા જીવોથી જુદા પડે છે. આ આત્મા જ્યાં પણ જાય ત્યાં ઉત્તમ જાતિમાં જ જન્મ લે. વળી છેલ્લા ભવે ક્ષાયિકભાવમાં સ્વયંસંબુદ્ધ બને આવું પ્રધાન તથાભવ્યત્વ છે.

**૩. ધર્મફળનો પરિભોગ** – ભગવાન ધર્મના નાયક છે. તેનું ત્રીજું કારણ છે

ધર્મ ફળનો પરિભોગ. ભગવાન ધર્મફળના ઉત્કૃષ્ટ ફલના ભોક્તા છે. જે નીચેનાં ચાર કારણોથી સમજાય છે.

**(અ) નિરૂપમરૂપ** – ભગવાનનું રૂપ જીવોના સર્વશ્રેષ્ઠ રૂપો કરતાં અનંત ગણું છે. અસંખ્ય દેવો અને ઇન્દ્રોનું રૂપ-સૌંદર્ય ભેગું કરાય તો પણ ભગવાનના અંગૂઠા પ્રમાણ રૂપ ન બની શકે. તેવા દિવ્ય રૂપના ભોક્તા પ્રભુ છે.

**(આ) પ્રાતિહાર્યનો યોગ** – ભગવાને અશોકવૃક્ષાદિ અષ્ટ પ્રાતિહાર્યની પ્રાપ્તિ છે જે શોભાકારી પ્રાતિહારની જેમ સદાય સેવામાં રહે છે અને તે પ્રાતિહાર્ય બીજા કોઇને ન હોય.

**(ઇ) ઉદાર ઋદ્ધિના ભોક્તા** – ઉદાર એટલે મોટી-વિશિષ્ટ ઋદ્ધિના ભોક્તા ભગવાન છે. સમવસરણ, નવ સુવર્ણ કમળ, જઘન્યથી કરોડ દેવો સદાય સેવામાં હાજર, આવી અનેક પ્રકારની ઋદ્ધિ ભગવાન ભોગવતા હોય છે.

**(ઈ) આધિપત્ય ભાવ**- વિશિષ્ટ ઋદ્ધિ ઉપર પ્રભુનું આધિપત્ય છે. નવ કમળ પ્રાતિહાર્ય, સમવસરણ વગેરે દેવો રચતા હોવા છતાં દેવો સ્વતંત્ર નથી કે... તે વસ્તુઓ પોતાના માટે બનાવે.

**૪. ધર્મ વિઘાતની અનુત્પત્તિ** – ભગવાન ધર્મનાયક હોવાનું ચોથું કારણ ભગવાનને ધર્મફળમાં કોઇ વિઘાત આવતો નથી. તેનાં ચાર કારણો એ છે કે...

**(અ) અવંધ્ય પુણ્યબીજ** – ભગવાન અવંધ્ય પુણ્ય બીજવાળા છે. અવંધ્ય તેને કહેવાય કે જે અવશ્ય ફળ આપે જ અને તે પુણ્ય પણ ભગવાનના સ્પર્શનથી પુષ્ટ બને છે. અર્થાત્ રસાળભૂમિની જેમ ભગવાનના આત્મામાં વિશિષ્ટ યોગ્યતા છે તેના સ્પર્શનથી પુણ્યબીજ સુદઢ પુષ્ટ બને છે.

**(આ) અધિક પુણ્યનો અભાવ** – ફળનો વિઘાત ન કરનાર બીજું કારણ- ભગવાનને ધર્મફળ આપનારું જે પુણ્ય છે તેનાથી અધિક તો કોઇ પુણ્ય નથી.

**(ઇ) પાપકર્મનો ક્ષય** – ભગવાને ઘાતક પાપકર્મનો સંપૂર્ણપણે ક્ષય કરી દીધો છે. તેમનું પાપ મૂળથી બાળી નાખ્યું છે. આમ ધર્મફળનો વિઘાત કરનાર કોઇ તત્ત્વ નથી.

(ઈ) **અહેતુક વિઘાતનો અસંભવ** - ભગવાનને મળેલ ધર્મફળનો ક્યારેય વિઘાત (નાશ) થઇ શકતો નથી. કારણ કે હવે ભગવાનને ફળનો વિઘાત થવા માટે કોઇ જ હેતુ નથી... નિષ્કારણ ધર્મફળનો નાશ થવો તે અસંભવ છે.

આમ ચારિત્રરૂપ ધર્મના સ્વામી-નાયક અરિહંતો જ છે. ચાર મૂળ હેતુ અને તેના ૧૬ પ્રતિહેતુઓ માત્ર અરિહંત પરમાત્મામાં જ હોય છે. તેથી ભગવાન ધર્મના નાયક કહેવાય છે.

પાંચે ઇન્દ્રિયો સાગરની જેમ દુષ્કર છે. ક્યારેય તેની તૃપ્તિ થવાની જ નથી. ઇન્દ્રિયના વિષયો ભોગવતાં સારા લાગે છે. પરિણામ ભયંકર છે કેમ કે વિષયોના વિષફળ કિંપાકવૃક્ષના ફળ જેવાં છે. કિંપાક ફળ દેખાવે સુંદર, સ્વાદમાં મધુર લાગે પરંતુ વિષમય હોવાથી પરિણામ મૃત્યુ લાવે. પાંચે ઇન્દ્રિયોના વિષયો આવા છે.

માણસના વિષયોની આ વિષમતા સમજ્યા પછી પણ તેમાં જ મધુરતા માને છે. આ જ અજ્ઞાનતા છે, મોહોદય છે. શરીરમાં વિષ હોય તો કડવો લીમડો પણ મીઠો લાગે છે. આ જીભની વિકૃતિ છે. મોહોદયની વિભાવ દશાના કારણે પૌદ્ગલિક સુખામોં જ રમણતા થાય છે. આ આત્માની વિભાવ દશા છે તે વિભાવને સ્વભાવમાં લાવવાનો છે. આપણા સ્વભાવને આત્મરમણતા કરાવવા માટે વિરતિપણું જરૂરી છે. આ સમજણપૂર્વકનું પરિણત જ્ઞાન હોય તો વિરતિ આવે. જ્ઞાનરૂપી જળથી કર્મરૂપી મેલ દૂર કરી શકાય છે. તે માટે હંમેશાં આત્મસ્વરૂપની ભાવના ભાવવી. હે ચેતન! તું આત્મા છે. શરીર એ તારું નથી પણ પુદ્ગલોથી બનેલ શરીર છે. અક્ષય અકલંક સ્વરૂપ તારું છે. આવી ભાવના ભાવવી તે શુદ્ધ નયની ભાવના છે.

**જ્ઞાનમાં વિવેક અને પ્રવૃત્તિમાં વિનય આવે તો ભાવના-ભક્તિ પ્રબળ બને. વાસ્તવિક રીતે તો...**

જ્યાં વિનય છે ત્યાં ભગવાનની ભક્તિ છે.

જ્યાં વિનય છે ત્યાં કર્મોનું વિલયન છે.

જ્યાં વિનય છે ત્યાં સર્વ ગુણોનું આગમન થાય છે.

વિદ્યા વિનયથી શોભે છે. સાધુ વિનયથી શોભે છે. ધર્મનું મૂળ વિનય છે. વિનયનું ચરમ ફળ મોક્ષ છે. **જેમ જેમ વિનય આવે તેમ તેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થાય છે. સૌથી વધુ વિનય જૈન સાધુમાં હોય છે.** વિનયથી અનેક ગુણો પ્રગટે છે. વિનય શુદ્ધ ધર્મમાં સાધક બને છે.

શુદ્ધ ધર્મની સંપત્તિ પ્રાપ્ત કરવા માટે કર્મનો ક્ષય કરવો પડશે. પ્રથમ દર્શન મોહનીય ઉપર તરાપ મારવી પડશે. તેથી સમ્યગ્દર્શન=આત્મહિતકરદષ્ટિ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવા માટે દર્શન મોહનીય કર્મની સાથે અનંતાનુબંધીની ચોકડીને સોગઠી મારવી પડશે.

શુદ્ધ ધર્મ પાળવામાં અવિનય અંતરાયભૂત બને છે.

જેમ જેમ વિનય વધે તેમ તેમ કર્મનો ક્ષય થાય.

જેમ જેમ કર્મનો ક્ષય થાય તેમ તેમ ધર્મ વધે અને સમાધિની પ્રાપ્તિ થાય.

**સમાધિ એ આત્મ રમણતા છે. સમાધિ એ જ શુદ્ધ ધર્મ છે.**

**બીજાને અસમાધિમાં નિમિત્ત બન્યા તો પોતાની જ સમાધિને દીવાસળી ચાંપી એમ સમજવું. બીજાને સમાધિ આપ્યા વિના સમાધિ મળે જ નહીં. આ સનાતન સિદ્ધાંત છે.** સમાધિથી અનાસક્ત ભાવ કેળવાય છે, વિષયોની આસક્તિ તૂટે છે.

વિષયોનું સેવન એ વિષભોજન છે.

ધર્મનું સેવન એ અમૃત ભોજન છે.

ધર્મ સેવનમાં પણ...

**જ્ઞાન-દર્શન એ પ્રવાહીને સ્થાને છે.**

ચારિત્ર એ પકવાન્નને સ્થાને છે.

પેટ તો પકવાન્નથી ભરાય પ્રવાહીથી નહીં, પ્રવાહીથી તો થોડી શાંતિ વળે.

વિષયોની ભૂખ ચારિત્રરૂપી પકવાન્નથી શમે છે. સમ્યગ્ દર્શનથી પરિણતિ બદલાય છે, સમ્યગ્ ચારિત્રથી પ્રવૃત્તિ બદલાય છે. કર્મબંધનની વૃત્તિ અને પ્રવૃત્તિ હવે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના પ્રભાવે કર્મ નિર્જરા તરફ વળે છે. આ ભૂમિકા

એ દરેક શુભ કે અશુભ નિમિત્તો નિર્જરા જ કરાવે છે.

'આસવા સો પરિસવા' જે જે કર્મ બંધનનાં સ્થાન છે તે તે કર્મ તોડવાનાં સ્થાન છે. જ્ઞાનીને કર્મ તોડવાનાં સાધનો બને છે. અજ્ઞાનીને કર્મ બાંધવાના સાધનો બને છે. ભૂમિકા બદલવાથી પરિણામ બદલાય છે.

**તત્ત્વદષ્ટિવાળા સજ્જનોને સ્ત્રી સુખ સંસાર આદિ વૈરાગ્ય માટે બને છે.**

**અતત્ત્વદષ્ટિવાળા દુર્જનોને સ્ત્રી સુખ સંસાર આદિ રાગ માટે બને છે.**

**તત્ત્વદષ્ટિવાળા મનશુદ્ધિ વિચારશુદ્ધિ આહારશુદ્ધિથી રહે છે.**

જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ આત્મદષ્ટિ ખૂલે અને કર્મ નિર્જરા વધે.

અરિહંતોના ગુણો ગણધર કે કેવલજ્ઞાની પણ ગાઇ શકે નહીં, જાણી શકે છે પણ બોલવા માટે શબ્દોની અને સમયની મર્યાદા છે. અરિહંતના અનંત અનંત ગુણો છે. વસ્તુના પર્યાય પણ અનંત છે. **પર્યાયથી સર્વ પદાર્થોનો (દ્રવ્યોનો) જીવો સાથે અનંતવાર સંબંધ થયેલ છે. માટે જ શાસ્ત્રમાં લખ્યું છે કે જે એકને જાણે તે સર્વને જાણે. જે સર્વને જાણે તે એકને જાણે.**

ત્રિપદીમાં ધુવેઇવા, એટલે દ્રવ્ય. અને ઉપન્નેઇવા, વિગમેઇ વા એટલે પર્યાય સમજવું. આ ત્રિપદી એ દ્વાદશાંગીની માતૃકાપદી છે.

ત્રિપદી દ્વારા ગણધર ભગવંતોએ ગૂંથેલી દ્વાદશાંગીમાં જ જગત-સંસાર અને આત્માનું સંપૂર્ણ અને સાચું સ્વરૂપ જણાવાયેલું છે. તેની બહાર કશું જ નથી. શાસનની આ જ મહત્તા છે.

અન્ય દર્શનોમાં પણ જે સાચી વાતો દેખાય છે તે ''હે પ્રભુ! તારા શાસ્ત્રમાંથી ઊડેલા છાંટાઓ છે.'' એમ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજ કહે છે. શાસનની સત્ય વાતો સમજાય તો સ્વાર્થ ભાવના ટળે. સ્વાર્થના સંબંધો આત્મિક ભાવોમાં ફેરવાય અને જીવમાત્ર પ્રત્યે મૈત્રી બંધાય. સર્વ જીવોમાં મારાપણાનો ભાવ આવે. **સર્વ જીવો ઉપરની મમતા એ મમતા નથી પણ સમતા છે.** મમતા ટળ્યા વિના અર્થાત્ સર્વવ્યાપક બન્યા વિના સમતા નહીં આવે. મમતાથી ભવભ્રમણ ચાલે છે. આપણી ગમે તેટલી ઇચ્છા હોય પણ - ત્રણ સકારની મમતાનો નાશ કરવાની

ઇચ્છા પૂર્ણ કરવા માટે ઉત્પન્ન થયા છીએ.

ત્રણ સકાર એટલે સંસાર, શરીર અને સંપત્તિ. આ ત્રણે વિયોગના સ્વભાવવાળા છે, જેમ કે....

૧. સંસાર-સ્વજનો આદિ પણ એક દિવસ વિયોગમાં પરિણમશે.

૨. શરીર - આ પણ પુદ્ગલોની સહાયથી બનેલ હોવાથી સડન-પડન-વિનાશ તેનો સ્વભાવ છે.

૩. સંપત્તિ-લક્ષ્મી પણ એક દિવસ ચાલી જવાની છે.

આ ત્રણે નિશ્ચિત વિયોગવાળા જ છે કદાચ જીવનભર ટકી જાય તો છેવટે મૃત્યુ સમયે આપણે જ તેને છોડવા પડશે... એમ પણ વિયોગ તો થશે જ. આ સમજણ = જ્ઞાન આવે તો મમતા-મોહદશા ઓછી થાય.

ધર્મરૂપી શરીર પુષ્ટ બનાવવું હોય તો સાધુ સેવા એ અનુપમ અનુષ્ઠાન છે. ઉપધાન એટલે સાધુનો સાચો સમાગમ કરવાની શ્રેષ્ઠ તક. કારણ કે જેનો સમાગમ કે સત્સંગ કરવો હોય તેના જેવા થઇને કરીએ તો તે સમાગમ શ્રેષ્ઠ કહેવાય અને શીઘ્ર ફળદાયી બને તદ્રૂપ બની સમાગમ થાય તો સેવાનો ભાવ-ઉલ્લાસ પ્રગટે તેથી ધર્મ મજબૂત બને.

જ્ઞાનની માત્રા જેટલી વધારે તેટલો મોહનો સંતાપ ઘટશે.

જ્ઞાનની માત્રા જેટલી વધારે તેટલી ચિત્તની સ્થિરતા વધશે.

ચિત્તની શુદ્ધિ વિના સ્થિરતા આવશે નહીં.

**ચારિત્ર એ ચિત્તની સ્થિરતા છે. ચિત્તની સ્થિરતા એ આત્માનુભૂતિ છે. ધર્મધ્યાનની ધારણા કરવાથી મોહરૂપી ફોજનું-સેનાનું વિદારણ થાય તો અનુભૂતિ થઇ શકે.**

- જ્ઞાનમાં વિવેક અને પ્રવૃત્તિમાં વિનય આવે તો ભાવના ભક્તિ પ્રબળ બને.
- સમાધિએ આત્મ રમણતા છે, શુદ્ધ ધર્મ છે.
- ચારિત્ર એ ચિત્તની સ્થિરતા છે, ચિત્તની સ્થિરતા એ આત્માનુભૂતિ છે.

# વાચના - ૨૨

અનંતતારક પરમાત્માના શાસનમાં કર્મ નિર્જરાના શ્રેષ્ઠ સાધન તરીકે ધર્મધ્યાન જણાવ્યું છે.

ધર્મધ્યાન બે પ્રકારે છે (૧) સાલંબન ધર્મધ્યાન, (૨) નિરાલંબન ધર્મધ્યાન.

**સાલંબન ધ્યાન એ ધર્મધ્યાન છે. નિરાલંબન ધ્યાન એ શુકલ ધ્યાન છે. ધ્યાનથી ચિત્તની સ્થિરતા થાય છે. જ્યારે ચિત્તની સ્થિરતા થાય ત્યારે મોહનું મરણ થાય છે.** જ્યારે ચિત્તની અસ્થિરતા થાય ત્યારે મોહની આગેકૂચ થાય છે. સંસારમાં ભટકવું એ અભિમાનનું ફળ છે. **તીર્થંકરાદિ પદની પ્રાપ્તિ એ વિનયનું ફળ છે.** વિનય આવે એટલે દેવગુરુની આજ્ઞા પ્રત્યે આદરભાવ થાય.

તીર્થંકર-ગુરૂની આજ્ઞાનો ભંગ કરવાથી ભાવપ્રાણનો નાશ થાય છે.

કમાંડર, ફોજદાર આદિની આજ્ઞાનો ભંગ કરવાથી દ્રવ્યપ્રાણનો નાશ થાય છે.

જેને સંયમની સુંદર સાધના કરીને આત્માને ભવપાર ઉતારવો હોય તેને વિનય જરૂરી છે, વિનય અવશ્ય કરણીય છે. પ્રભુનું શાસન-આગમ સર્વ પ્રથમ વિનય શીખવાડે છે **વિનયથી આગમનું રહસ્ય સમજાય છે. જિનાગમના અભ્યાસ વિના સંયમની સાધના દુર્લભ છે, દુષ્કર છે. શ્રુતના ગ્રહણ વિનાનું સંયમ આંખ વિનાના દેહ સમાન છે, જ્યાં ત્યાં ઠોકર ખાવી પડે છે.** આપણે જે પદાર્થ નથી દેખ્યા તે પદાર્થ શાસ્ત્ર બતાવે છે. શાસ્ત્રરૂપી દીપકથી અજ્ઞાનનું તિમિર નાશ પામે છે. આ વિષમ કાળમાં તરવા માટે જિનાગમ અને જિનપ્રતિમા આલંબન

છે. માટે જ તે બન્ને પ્રત્યે અત્યંત બહુમાન હોવું જોઇએ. જિનાગમ અને જિન પ્રતિમા પ્રત્યે બહુમાન આદર ભાવ વગરનો ધર્મ એટલે પ્રાણ વિનાનું હાડપિંજર રહ્યું. આવી આરાધનાઓ નિષ્પ્રાણ બની જાય છે. ધ્યાન કરવા માટે આલંબન ભૂત એવા અરિહંતનો નિષેધ કરનારા ક્યાં જશે?

આગમને નહીં સમજવાથી આ સ્થિતિ આવે છે માટે જ આગમ ગુરૂ ચરણે બેસી સમજવાના છે. ગુરૂ દ્વારા ગ્રહણ અને આસેવન શિક્ષા મળે છે. આગમના ઐદંપર્યાય અર્થો મળે છે. તેનાથી આત્માભિમુખ થવાય છે, મોહ મંદ પડે છે. **તેથી જ સાધુ માટે ગુરુકુલવાસ અનિવાર્ય છે. ગૃહસ્થ માટે સાધુ સમાગમ અનિવાર્ય છે.**

શ્રુતજ્ઞાન ભણવાથી અનંતહિત થાય છે. અનંતહિત એટલે મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોક્ષ મેળવવાની કલા પ્રાપ્ત થાય છે. ગુરૂની કૃપા અને બહુમાનથી આ બધું શક્ય બને છે. **ગુરૂ પ્રત્યે અત્યંત આદર ભાવ જાગવો જોઇએ. ગુરુ છદ્મસ્થ છે. ઓછા વત્તા ગુણો હોઈ શકે પરંતુ તેમના પ્રત્યેનો આદર ભાવ જ આપણા માટે તારક બને છે.** ગુરુ મ. પ્રત્યે બહુમાન-આદર ભાવ ન હોય તો તે ગુરૂ મહારાજનું અપમાન જ કહેવાય.

ગુરૂનું અપમાન કરવાથી ચોમેરથી અપમાન થાય છે. **ગુરૂનું અપમાન કરનારા હડકાયા કૂતરા જેવા છે. જ્યાં જાય ત્યાંથી તિરસ્કાર પામે. તેમ અવિનય કરનાર શિષ્ય પણ તિરસ્કાર પાત્ર બને છે એમ શાસ્ત્ર અને અનુભવીઓનું કહેવું છે.**

જે બુદ્ધિમાન શિષ્ય હોય છે તેને સ્વયં સ્ફુરણા થાય છે. ઇંગિત આકારનો જાણકાર હોય છે અને ગુરૂનો મન-વચન-કાયથી વિનય કરે છે. જ્યારે અવિનીત શિષ્ય કહેવા છતાંય વિનય કરતો નથી. અવિનીતને જ્ઞાનાદિ ગુણોની હાનિ થાય છે, નાશ થાય છે. વિનીતને જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે, સર્જન થાય છે. વિનયનું ફલ જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયનમાં આ બધી વાતો વિસ્તારથી કરી છે.

જેણે વિનય ધર્મને જાણ્યો નથી તે ગુરૂની આજ્ઞાનું પાલન પૂર્ણ કરતો નથી,

જેના જીવનમાં વિનય ગુણ નથી તે માણસ નર નથી કહેવાતો. દાઢી મૂછથી જ તે નર છે પણ સાચો નર નથી. ખર (ગધેડો-પશુ) સમાન છે.

**જેના જીવનમાં સમ્યગ્ દર્શન ઝળહળતું હોય તે પ્રભુનો-ગુરૂનો અવિનય કરે જ નહીં. તે વિનયમાં ઓતપ્રોત જ હોય છે. વિનયની કુશળતાથી જગતના જીવો તો એક ભવમાં જ મુક્તિ પામે છે.**

આવો વિશિષ્ટ વિનય કરનાર શિષ્યને વિનીત કહેવાય છે અર્થાત્ સૂત્ર અર્થને આપનાર આચાર્ય ભ., ઉપાધ્યાય ભ. અથવા રત્નાધિક એટલે ચારિત્રમાં પોતાનાથી મોટા હોય તેની પૂજ્ય ભાવે સેવા ભક્તિથી વૈયાવચ્ચ કરનારને વિનીત કહેવાય છે. આચાર્ય ભગવંત ગીતાર્થાદિ સર્વજ્ઞના પુત્ર સમાન છે. તેમના પ્રભાવથી વિનીત આખા જગતમાં પૂજ્ય બને છે. **વિનીતને ગુરૂની સર્વ સંપત્તિ વરે છે.** વિનય પંચાચારના પાલન માટે કરવાનો છે. જેવું આચાર્ય પંચાચારનું પાલન કરે છે તેવું આચરણ કરવા માટે વિનીતે વિનય કરવાનો. વિનયથી જ આચાર પરિપક્વ બને છે.

ગુરૂની આજ્ઞા મુજબ કરવાથી તેમની ભક્તિ થાય છે.

ગુરૂની આજ્ઞા મુજબ ન કરવાથી તેમની આશાતના થાય છે.

જ્ઞાનાદિ સમૃદ્ધિને જોઇને જ પોતાને નમાવે તે વિનીત કહેવાય.

લઘુતામાં પ્રભુતા છે. પ્રભુતા પામવામાં લઘુતા કારણ છે.

પૂજ્ય બનવા માટે સરળ ઉપાય એક જ કે પૂજ્યની પૂજના કરવી.

સાચી સાધુતા પ્રગટાવવા માટે વિનયાદિ ગુણો કારણ છે. જેમ આચાર્ય, ઉપાધ્યાય, રત્નાધિકનો વિનય કરવાનો છે તેમ ચારિત્રનો પણ વિનય કરવાનો છે. ચારિત્રનો વિનય કેવી રીતે થાય? અનેક પ્રકારે થાય **તેમાં સાધુએ ૪૨ દોષ રહિત શુદ્ધ ગોચરી વહોરવી એ ચારિત્રનો વિનય છે.**

શરીરને ભોજન આપવું જોઇએ, ભોજન એક ટંક જ આપવાનું છે, બે ત્રણ ટંક ન આપવું. જે યૌવનવયમાં હોય તેણે તો ખાસ નિરસ ભોજન કરવું જોઇએ. આયંબિલ તપ કરવો.

શરીર એ ધ્યાન સ્વાધ્યાય આદિમાં સાધનભૂત છે માટે તેને ટકાવવા પૂરતું જ ભોજન આપવું. પણ રસના (જીભ) પોષાય તેમ ન આપવું (કરવું), રસના પોષાય તેમાં મોહનું પોષણ છે.

મોહની જેટલી નિર્મળતા થાય તેટલી સંસારની ન્યૂનતા થાય.

મોહની જેટલી ઉત્કટતા વધે તેટલી સંસારની દીર્ઘતા વધે.

અભવ્ય જીવને વ્યવહારથી દેખીતી રીતે અનેકવાર મોહ મંદ પડે છે પણ તેને મોક્ષમાં જવાની ઇચ્છા થાય જ નહિ. **અભવ્ય જીવ પ્રવૃત્તિ શુદ્ધિ સુધી જઇ શકે. આશય શુદ્ધિ ક્યારેય ન થાય.**

૧. આસન્નભવ્ય - આવા જીવ હોય તેને જિનેશ્વરની વાણી મીઠી લાગે. જલદી મોક્ષે જનાર હોય તેને વાણી મીઠી લાગે. આ તેના ઉપાદાનની શુદ્ધિ છે.

૨. ભવ્ય - આવા જે જીવો હોય તેને હું ક્યારે મોક્ષમાં જઇશ? મારો મોક્ષ થશે કે નહિ તે વિચાર આવી શકે છે.

૩. અંભવ્ય - મારો મોક્ષ થશે કે નહિ એનો વિચાર જ ન આવે.

અભવ્યને આચારશુદ્ધિ જોતાં દેખીતી રીતે મોહ મંદ પડેલો જણાય પરંતુ તાત્ત્વિક મોહ દશા મંદ પડતી નથી... ભવ્ય આત્માઓને તાત્ત્વિક મોહ મંદ થતાં આસન્ન ભવી બને છે. **મોહનું સાચું સ્વરૂપ શ્રુત = વાણીની શ્રદ્ધાથી સમજાય છે.**

શ્રુત એ માર્ગદર્શક છે. ચારિત્ર એ માર્ગમાં ચલાવનાર છે.

નવકાર એ માર્ગદર્શક છે. સામાયિક એ આત્મ પરિણતિ અને જીવનચર્યાની એકતા કરાવનાર છે.

આપણે શું કરવું છે? શું બનવું છે? તે જ વિચારતા નથી. બે આજ્ઞા આપણી સામે છે જિન આજ્ઞા અને મોહરાજાની આજ્ઞા. આપણને કઇ ગમે?

જગતનો નિયમ છે કે...

આપણે જેની આજ્ઞા પાળીએ છીએ તેવા બનીએ.

**જિનેશ્વરની આજ્ઞા માનો તો જિનદાસ અને તેનું પરિણામ મોક્ષ.**

**પત્નીની આજ્ઞા માનો તો કામિનીના દાસ – તેનું પરિણામ સાતમી નરક.**

**લક્ષ્મીની આજ્ઞા માનો તો લક્ષ્મીદાસ – તેનું પરિણામ સાતમી નરક.**

જિનદાસ બનો તો મોક્ષ.

કામિનીદાસ બનો તો નરક (બ્રહ્મદત્ત ચક્રવર્તી)

લક્ષ્મીદાસ બનો તો નરક (મમ્મણ શેઠ)

સંયમના આરાધકને જિનદાસ કહેવાય. **સાચા આરાધકને આરાધના કેટલી થઇ તેના કરતાં વિરાધનાથી કેટલા બચ્યા તેમાં ધ્યાન વધુ હોય.**

વિરાધના બે પ્રકારની છે.

(૧) સંયમ વિરાધના – સંયમયોગોમાં દોષ લાગવો તે.

(૨) પ્રવચન વિરાધના – શાસનની અપભ્રાજના-નિંદા થવી.

સંયમની વિરાધના કરતાં પ્રવચનની વિરાધના ન થાય તેની કાળજી વધારે રાખવી.

દા.ત. એક સાધુ બહાર નિહારભૂમિ જાય, ત્યાં જગ્યા ન મળે કારણ કે એક બાજુ લીલોતરી છે અને બીજી બાજુ રસ્તો છે. તો ક્યાં બેસવું? જો ગીતાર્થ પુરૂષ હોય તો લીલોતરીમાં બેસે પણ રસ્તામાં ન બેસે કારણ પોતે જાણે છે કે લીલોતરી પર બેસીશ તો સંયમની વિરાધના થશે પણ રસ્તામાં બેસીશ તો પ્રવચનની વિરાધના થાય. એટલે કે રસ્તામાં ચાલનાર બધાય જૈનધર્મની નિંદા કરતા થાય. બસ આ સાધુઓ આવા છે જ્યાં ત્યાં બેસી જાય છે વગેરે બોલી શાસનની નિંદા કરે. આ રીતે આપણી દરેક પ્રવૃત્તિમાં શાસનની નિંદામાં આપણે નિમિત્ત ન બનીએ તે ધ્યાન રાખવું અન્યથા તીવ્ર મોહનીયકર્મ બંધાય, શાસન દુર્લભ બને.

ઘાતી કર્મો આત્માના મૂળ ગુણોનો નાશ કરે છે. અઘાતી કર્મો આત્માના મૂળ ગુણોનો નાશ ન કરે. ઘાતી કર્મોમાં પણ રાજા મોહનીય કર્મ છે. મોહનીય કર્મ હટે તો આઠે કર્મ જાય. તેથી મોહનીયને હટાવવા પ્રયત્ન કરવો જોઇએ. મોહનીય કર્મને હટાવવા વિચારોની ધારા બદલવી જોઇએ. પુદ્ગલ રમણતાના બદલે આત્મરમણતા કેળવવી જોઇએ.

**વિચારોની ધારા અંતર્મુખી બનતાં કર્મસત્તા નબળી પડે છે.** કારણ કે કર્મસત્તા કરતાં ધર્મસત્તા બળવાન છે. કર્મસત્તા ધર્મને અનુસરે છે. આપણે ધર્મથી વિમુખ બન્યા તો કર્મસત્તાને આધીન બનવું પડશે.

**ઘાતીકર્મો મનમાં હુમલો કરે, અઘાતી કર્મો શરીર પર હુમલો કરે.** અધર્મ એ ગુનો છે. અપરાધ છે. ધર્મ એ શ્રેષ્ઠકાર્ય છે. બંધાયેલાં કર્મ શિથિલ થાય, નવાં બંધાતાં કર્મ નિકાચિત ન બને તે માટે ધર્મ આરાધના છે. આરાધના માટષ આત્માની યોગ્યતા પકાવવી પડે છે.

યોગ્યતા એટલે શું?

યોગ્યતા એટલે તથાભવ્યત્વ - તથાભવ્યત્વના પરિપાક માટે ત્રણ સાધનો બતાવ્યાં છે - (૧) ચતુઃશરણ ગમન, (૨) દુષ્કૃતની નિંદા અને (૩) સુકૃતની અનુમોદના.

ચારના શરણ સ્વીકારવાથી, દુષ્કૃતની નિંદા કરવાથી અને સુકૃતની અનુમોદના કરવાથી કર્મો સોપક્રમવાળાં બને છે. જે કર્મો બંધાય તે સોપક્રમવાળાં બંધાય.

સોપક્રમ એટલે શું?

ઉપક્રમ સહિત હોય તેને સોપક્રમ કહેવાય. ઉપક્રમ એટલે કર્મો નિકાચિત ન થાય અને અનુબંધવાળાં ન બને અર્થાત્ નિમિત્ત મળતાં જેમાં ફેરફાર થવાની શક્યતા હોય તેવાં કર્મોને સોપક્રમ કહેવાય છે.

ભગવાનની ભક્તિથી સમર્પણભાવ આવતાં કર્મો ઢીલાં પડે, સોપક્રમી બને.

**ભગવાનનું નામ, મૂર્તિ, આગમ એ તીર્થરૂપ છે. ભગવાન સ્વરૂપ જ છે.**

જેને ભગવાન ગમે તેને સંસાર ન ગમે, એટલે તે વિષયો આદિ ભગવાન પાસે ન માગે. જેને સંસાર ગમે તેને ભગવાન ન ગમે. એટલે ભગવાનની પાસે બોધિ-સમાધિ આદિ ન માંગે. જેને સંસાર જેલ જેવો લાગે તેને જલદી છૂટવાની ઇચ્છા થાય.

જેને સંસાર જેલ રૂપ ન લાગે તેને સંસારમાં ભટકવાની ભાવના થાય.

**સંસારમાં રહેવું એટલે કર્મસત્તાએ આપેલી જેલને ભોગવવી.**

સંસાર કેદથી છૂટવા માટે જ પ્રભુએ ત્યાગધર્મ, વ્રત, પચ્ચક્ખાણ બતાવ્યા છે.

આપણે પ્રતિજ્ઞામાં જેટલા દોષો લગાડીએ તેટલા પ્રમાણમાં આપણે આપણા આત્માને ઠગીએ છીએ. છતી શક્તિએ વ્રતોમાં દોષ લગાડીએ તો બીજા ભવમાં આપણને ધર્મ ન મળે, એટલે ધર્મથી પણ આત્માને વંચિત રાખીએ છીએ. આથી પ્રતિજ્ઞામાં દોષ ન લાગે તેની ચીવટ રાખવાની છે. પૂર્વના મહાપુરુષો ક્યાંય દોષ લાગવા ન દે, કારણ કે દોષ એ છિદ્ર છે.

દોષો આવવાથી સંયમમાં મલિનતા થાય છે.

ગુણો આવવાથી સંયમમાં નિર્મળતા થાય છે.

એક જીવ પ્રત્યેનો પણ દ્વેષ થાય તો વિશુદ્ધ ધ્યાનમાં એકાગ્રતા-નિશ્ચલતા ન આવવા દે.

દ્વેષ અને દોષને કેવી રીતે ઓછા કરવા?

દોષાદિને દૂર કરવા માટે જિનવાણી સર્વશ્રેષ્ઠ સાધન છે.

જેમ જેમ આપણે જિનવાણીનું શ્રવણ કરીએ તેમ તેમ જ્ઞાનપ્રકાશનું અજવાળું થાય છે અને દોષો ઘટે છે અને શુદ્ધિના પ્રભાવે દુઃખ ઘટે છે.

જેટલો સાંસારિક સુખમાં રાગ કરીએ તેટલું દુઃખ વધે છે. સાંસારિક સુખ આરોપિત છે, તેમાં સુખ નથી પણ સુખનો આરોપ કર્યો છે. સંયમનું સુખ અનારોપિત છે. તેમાં સુખનો આરોપ નથી. જ્યાં રાગ છે ત્યાં દ્વેષ છે - રાગ એ મીઠું વિષ છે, દ્વેષ એ કાંટાને સ્થાને છે. એક અપેક્ષાએ દ્વેષ કરતાં રાગ ખરાબ છે. કારણ દ્વેષ કાંટા સમાન છે તે હજુ ચીપિયાથી કાઢી શકાય છે, પણ રાગ તો એમ કહે કે 'હું કરું છું તેમાં શું ખરાબ છે? બહુ સારું છે.'

આ રાગ બહુ ફાલ્યોફૂલ્યો છે.

**આ રાગને તોડવા માટે અનિત્યાદિ બાર ભાવના છે અને દ્વેષને તોડવા માટે મૈત્ર્યાદિ ચાર ભાવના છે. આ ભાવનાઓ નિત્ય ભાવતાં સંતોષાદિ ગુણો વિકસે છે. ધીમે ધીમે આત્મગુણોનો વિકાસ થાય છે.**

જેણે જીવનમાં સંતોષને પ્રધાન બનાવ્યો છે તે મુનિ પરિગ્રહથી રહિત થાય છે. એટલે મૂર્છા આસક્તિ કોઇ પણ ચીજોમાં તેમનાં મનમાં હોતી નથી. કામળી વાપરે તો પણ એની અંદર જરાયે મૂર્છા નહિ. આવા સંતોષી મુનિઓનાં શાસ્ત્રોમાં પણ વખાણ કર્યા છે.

લોકોમાં એવા પણ જાદુગર હોય છે કે જે લોખંડના કાંટાની શય્યા પર સૂઇ જાય છે. આ સહન કરવા પાછળનું કારણ માત્ર અર્થની પ્રાપ્તિ થાય છે. પણ જો તેને કઠોર શબ્દો કહો તો તે સહન નહિ કરી શકે.

**વચનરૂપી કાંટા સહન કરનાર પૂજ્ય બને છે. આ પણ એક પ્રકારનો વિનય છે. જેનું નામ વાગ્ વિનય-વાણીનો વિનય છે.**

એ વચનથી કોઇને કઠોર શબ્દો કહેવાં એટલે સામા માણસને બાણ મારવાતુલ્ય છે.

સમતાના પરિણામ લાવવા બહુ દુર્લભ છે.

ક્રોધાદિ પરિણામ લાવવા ખૂબ સુલભ છે. કારણ અનંત કાળથી તેનો જ પક્ષપાત કરીએ છીએ.

- જિન આગમના અભ્યાસ વિના સંયમની સાધના દુર્લભ છે.
- ચિત્તની સ્થિરતા એ મોહનું મારણ છે.
- અભવ્ય જીવ પ્રવૃત્તિ શુદ્ધિ સુધી જઇ શકે આશય શુદ્ધિ ક્યારેય ન થાય.
- મોહનું સાચું સ્વરૂપ પ્રભુ વાણીથી સમજાય છે.
- સંસારમાં રહેવું એટલે કર્મસત્તાએ આપેલી જેલ ભોગવવી.

# વાચના - ૨૩

**પરમતારક પ્રભુના શાસનમાં પ્રભુની અનુપસ્થિતિમાં પ્રભુના સ્થાને ગુરૂ છે.**

પ્રભુની આજ્ઞા અનુસાર ગુરૂ અનુશાસન કરે, શિખામણ આપે ત્યારે શિષ્ય સાંભળવાની ઇચ્છા રાખે. હિતશિક્ષા કોને સંભળાવાય? ઇચ્છા રાખે તેને, સાંભળે આ ઇચ્છાયોગ છે. ઇચ્છા વગર સંભળાવવમાં નીંદ જ આવે, અથવા અવિપરીતંપણે ગ્રહણ કરે.

સમાધિના ચાર પ્રકાર - ૧. વિનય સમાધિ, ૨. શ્રુત સમાધિ, ૩. તપ સમાધિ, ૪. આચાર સમાધિ. દરેક સમાધિના ચાર-ચાર પ્રકાર છે - (૧) આલોકની કોઇપણ અભિલાષા વિના તપ કરવો, (૨) પરલોકના બાહ્ય સુખ માટે પણ તપ ન કરવો, (૩) કીર્તિની ઇચ્છા વિના તપ કરવો, (૪) આલોક-પરલોકની કીર્તિની ઇચ્છા વિના જે તપ કરે છે તે ત જ તપસ્વી કહેવાય છે. તે જ સાચી કર્મનિર્જરા કરી શકે છે.

**આ લોકમાં જે ગુરૂની સેવા કરે છે તે જિનાગમમાં નિપુણ બને છે.** આઠે કર્મ ખપાવીને સિદ્ધગતિને પામે છે. આ વિનયનું ફળ છે.

**ગુરૂ ભગવંતનાં સુવાક્યો સાંભળીને શુદ્ધ આચાર પાળનાર વિનયવંત શિષ્ય આલોક પરલોકમાં પૂજ્યતાને પામે છે.**

વિનય એટલે?

વિનીયતે = અપનીયતે અષ્ટપ્રકારાણિ કર્માણિ યેન - જેના દ્વારા આઠ

પ્રકારનાં કર્મ દૂર કરાય તે વિનય કહેવાય.

સમાધિ એટલે? સમાધાનમ્-સમાધિ

સમાધાન શબ્દમાં સમ્+આધાન શબ્દો છે.

સમ્ = સમ્યગ્ પ્રકારે

આધાન = ધારણ કરવું અર્થાત્

સમ્યક્ પ્રકારે આત્માની શુદ્ધિ પરિણતિને ધારણ કરે તે સમાધિ. આત્માનું હિત-સ્વાસ્થ્ય એ સમાધિ કહેવાય છે. વિનય દ્વારા આત્માની શુદ્ધ પરિણતિ પ્રાપ્ત થાય તેને વિનય સમાધિ કહેવાય.

બાળકોને રમકડાંથી રમાડે તેમ આપણા આત્માને આચાર પાલન વડે નિયમાદિમાં જોડે, અભિયુક્ત કરે, તત્પર બનાવે.

આ વિનય-સમાધિ જ ઉપાદેય છે. આત્માને આનંદ આપે તે જિતેન્દ્રિય હોય. પોથી પંડિત નહીં, ઇન્દ્રિયો એ ભાવશત્રુ છે. ઇન્દ્રિયો એ અભ્યંતર શત્રુ છે.

**પ્રશ્ન** – શ્રુતજ્ઞાન ભણવાની પાછળ આશય શું હોવો જોઇએ?

**ઉત્તર** – શ્રુતજ્ઞાન ભણતાં આશય એવો ન હોવો જોઇએ કે હું ભણીશ તો વિદ્વાન બનીશ. વાચના આપી શકીશ. દુનિયામાં મારી કીર્તિ પ્રસરશે કે મારા ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવ પોષાશે, આવી કોઇ અપેક્ષા નહીં રાખવી પણ હું જે શ્રુત ભણું છું તે તો મારો ગુણ છે માટે ભણું છું. શ્રુતજ્ઞાન ચિત્તની ચંચળતા દૂર કરનાર છે માટે ભણવાનું છે. શ્રુતજ્ઞાન ભણવાથી જગતના સમસ્ત ભાવોને પ્રકાશનાર શ્રી તીર્થંકર દેવ તથા સૂત્ર રચના કરનાર ગણધર ભગવંતો પૂર્વાચાર્યાદિના મોહનીયકર્મનો તીવ્ર ક્ષયોપશમ કરનાર ભાવો સાથે આપણા આત્માની સ્પર્શના થાય છે, તેના કારણે આપણું મોહનીય કર્મ શિથિલ થાય છે. શ્રુતજ્ઞાનથી આત્મા કેવા પ્રકારનો છે તે જણાય. આ વસ્તુ સત્ કે અસત્ છે તે જણાય. દ્રવ્ય-ગુણ પર્યાયની સમજણ આવે છે.

શ્રુતજ્ઞાનથી આત્મા અને શરીરનું ભેદજ્ઞાન થાય છે.

શ્રુતજ્ઞાનથી આત્મા અને જીવનું અભેદજ્ઞાન થાય છે.

આત્માના અજ્ઞાનથી સંસારનું પરિભ્રમણ ચાલુ છે.

શ્રુતજ્ઞાન ભણવાથી સંસારનું પરિભ્રમણ અટકી જાય છે.

**જ્યાં અહં છે ત્યાં દુઃખ છે, જ્યાં સર્વ છે ત્યાં સુખ છે.** કોઇપણ અધ્યયનનું ફળ આત્મામાં (સ્વભાવમાં) સ્થિત થવું તે છે.

પોતે સ્વભાવમાં સ્થિત બની ગયા હોય પછી બીજાને પણ તે સ્થિર કરી શકે છે. **શ્રુતજ્ઞાનને સ્થિર બનાવવું જોઇએ, જેમ પોતાનું નામ, ક્યારે પણ ઊંઘમાં ય ભુલાય નહિ તેવી રીતે શ્રુતજ્ઞાનને સ્થિર બનાવો. શ્રુતજ્ઞાનના સ્વાધ્યાયાદિના પ્રભાવે આત્માની શુદ્ધ પરિણતિ પ્રગટે તે શ્રુતસમાધિ છે.**

**પ્રશ્ન** – તપ કરવામાં આશય શું હોવો જોઇએ?

જવાબ – તપનું ફળ એ કર્મનિર્જરા છે. તપ એ ઇચ્છાને રોકવા માટે કરવો.

**ઇચ્છારોધ તપ-ઇચ્છારહિત કરેલો તપ તેનું ફળ આપ્યા વિના રહેતો નથી.**

દા.ત. ઉપવાસ કરીએ પણ સવારે નવકારશી મળે, દૂધ-ઘી મળશે. સારી સારી વસ્તુઓ મળશે બધાં મને તપસ્વી કહેશે, માનપાન આપશે, આવી અપેક્ષા રાખી તપ ન કરવો. પણ કર્મની નિર્જરાની ઇચ્છાથી તપ કરવો.

**તપમાં એવી શક્તિ છે જે ગાઢ કર્મો બંધાયાં હોય તેને નિરનુબંધ બનાવે છે. અને નવાં કર્મો બંધાતાં નથી.** નિષ્કામ રીતે તપ કરનાર તપસ્વી જ કર્મનો ભુક્કો કરી શકે છે. તેથી આત્માની નિર્મલ પરિણતિ પ્રાપ્ત થાય તે તપ સમાધિ છે.

**પ્રશ્ન** – શાશ્વત મંત્ર જાપથી શું લાભ થાય?

જવાબ – મંત્ર દ્વારા ભગવાનની સાથે મંત્રણા થાય છે.

મંત્ર દ્વારા ગુરૂભગવંત સાથે સંબંધ થાય છે.

મંત્રના અક્ષરો આપણા મનની શુદ્ધિ કરે છે.

**મંત્રનો જાપ ક્યાં સુધી કરવાનો? જ્યાં સુધી અંદરથી ધ્વનિ, અનાહતનાદ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી મંત્ર જાપ કરવાનો. મંત્રના અક્ષરો પ્રાણની શુદ્ધિ કરે છે. મંત્રનો જે અર્થ છે તે આપણા આત્મા અને દેવ ગુરૂની સાથે સંબંધ કરાવે છે.**

**મંત્ર દ્વારા ભગવાનની સાથે વાતચીત થાય છે. ભગવાન આપણને શું કહે છે તે સાંભળવું હોય તો પરા-પશ્યંતિ વાણીમાં જવું પડશે.**

તે ભૂમિકા મંત્રજાપથી આવે છે.

જ્ઞાન એ અમૃત જળ સમાન છે.

દર્શન એ પ્રવચન સમાન છે.

ચારિત્ર એ પરમાનંદ ભોજન સમાન છે.

મંત્ર દ્વારા ભગવાન સાથે સંબંધ થાય છે. મંત્ર દ્વારા આપણા આત્મા સાથે સંબંધ થાય છે. **સાધના દ્વારા દેહાધ્યાસને બદલે દેવાધ્યાસ સિદ્ધ કરવાનો છે.** તે ત્યારે સિદ્ધ થયો કહેવાય કે જ્યારે એક એક કાર્યમાં પરમાત્મા આગળ આવે.

વિષયોના ભિખારી સ્ત્રીના દાસ બને છે. **જ્યાં સુધી જીવન જીવવામાં બીજાની અપેક્ષા છે ત્યાં સુધી સુખ નહિ મળે.**

ભગવાન સર્વગુણ સંપન્નને જ પોતાનું પદ આપે તેમ નહિ પણ ભગવાન હીનગુણ સંપન્નને પણ યોગ્ય બનાવી પોતાનું પદ આપે છે. આપણે ગુણી પુરુષને જોઈએ તો તેની સાથે વાતચીત કરીએ. સેવા કરીયે. જ્યારે હીનગુણવાળા હોય તેની આપણે ઉપેક્ષા કરીએ છીએ. જ્યારે ભગવાન હીનગુણીને પણ તારવા ઇચ્છે છે.

સામાયિકમાં સંસાર સુખોની વાતો કેમ ન થાય?

સામાયિકમાં સંસારાદિની વાતો કરવી એટલે અમરતી (મિષ્ટાન્ન)નું ભોજન હોય તે છોડીને વિષ્ટાનું ભોજન કરવા જેવું છે.

સંસારના વિષયો, સુખો, પુદ્ગલો અનંતા કાળથી ભોગવતા આવ્યા છીએ. તે પુદ્ગલો એકના એક છે પણ તેનું રૂપાંતર થઈને દૂધ, ઘી, ધાન્ય, રૂપે આવે છે. દા.ત. તમે વાપરો પછી સ્થંડિલ જાઓ પછી તે વિષ્ટામાંથી ખાતર બને, તેમાંથી ધાન્ય પેદા થાય તે ધાન ગાય ખાય તેમાંથી દૂધ ઘી થાય તે તમે વાપરો આમ આ ચક્ર ચાલ્યા કરે છે. આમ આ રીતે જીવે અનંતીવાર આવા પુદ્ગલો ભોગવ્યા છે. આમ ગાડી બંગલો સંપત્તિ વૈભવના પણ પુદ્ગલો અનંતીવાર ભોગવ્યા છે. છતાં

હજુ તૃષ્ણા શાંત થઇ નથી.

દાનાદિ દેવામાં અંતરાય કરનારને લોભ સંજ્ઞા છે.

શુભભાવમાં અંતરાય કરનાર અશુભ ભાવ છે.

શીલ પાળવામાં અંતરાય કરનાર મૈથુન સંજ્ઞા છે.

તપ કરવામાં અંતરાય કરનાર શરીરની આસક્તિ છે.

ઇન્દ્રિયોને વિષયોથી તૃપ્તિ ક્યારે પણ થવાની નથી માટે ભગવાન ઉપદેશ આપે છે.

હે જીવ! તું વિષયોની ભૂખ ભાંગવાની ટેવ છોડી દે અને ધર્મનું આચરણ કર.

એક જીવ એક પુદ્ગલ અનંતીવાર ભોગવે છે. આવા અનંતા પુદ્ગલો ભોગવ્યા છતાં હજુ શાંતિ થતી નથી, સમાધિ મળતી નથી.

તો મોક્ષ તે ક્યાંથી મળશે?

મોક્ષની પ્રાપ્તિ સમાધિથી થાય છે.

સમાધિની પ્રાપ્તિ વિનયાદિથી થાય છે.

**ધ્યાતા ધ્યાન, ધ્યેયની એકતા એ જ સમાધિ છે. સમાપત્તિ અને સમાધિ એક જ છે.**

સમાધિ શબ્દ નિશ્ચયવાચી છે. વિનયાદિ શબ્દ વ્યવહારવાચી છે. જેને સમાધિની આકાંક્ષા હોય તે વિનય કરે.

દુનિયાની બાહ્ય વસ્તુઓ ઉપાધિ પેદા કરાવનાર છે. ઉપાધિને દૂર કર્યા વિના સમાધિ નહીં જ મળે. વિનય સમાધિમાં બોધિ છે. **બોધિવાળાને જ શ્રુતજ્ઞાન અપાય. અન્યથા શ્રુતજ્ઞાન અપાય નહિ. ચાર સમાધિ તે અનાહતને સ્થાને છે.** શ્રુતજ્ઞાનનો અધિકારી વિનીત છે, **અવિનયથી શ્રુતજ્ઞાન ક્યારેય મળે નહીં.** પાપ એ જ દુઃખ છે. જે જેવી રીતે પાપ કરે તેને તેવી રીતે વેદના થાય. વેદન–દુઃખ–પાપને દૂર કરવા વિનય છે.

ધ્યાતા જ્યારે ધ્યાન દ્વારા ધ્યેયમાં પરિણમે ત્યારે જ વિનય સમાધિ આવે છે.

**અનાહત નાદ એ જ વિનય સમાધિનું સૂચક છે.**

**સિદ્ધચક્રનો આરાધક જ્યારે અર્હંનું ધ્યાન કરે ત્યારે જ્યાં સુધી એમ લાગે કે હું અર્હંનું ધ્યાન કરી રહ્યો છું ત્યાં સુધી અનાહત પ્રગટે નહી. જ્યારે શબ્દનો વિલય થઇ જાય ત્યારે જ અનાહત નાદ પ્રગટે એટલે અનાહત એ જ વિનય સમાધિરૂપ છે.**

વિનય સમાધિ-પહેલાં વલયમાં અર્હમ્ છે. તેના ધ્યાનથી અનાહતનાદ પેદા થાય છે. શ્રુત સમાધિ-બીજા વલયમાં અષ્ટવર્ગ છે.

**ચારિત્ર એટલે છ જીવ નિકાય જીવો પ્રત્યે માતા કરતાં પણ અધિક વાત્સલ્યપૂર્ણ વર્તન કરવું. ચારિત્રવાન સાધુ જ છ જીવનિકાયની માતા છે.**

**છ જીવનિકાય જીવો પ્રત્યે આત્મતુલ્ય વર્તન રાખવાથી જ ભાવચારિત્ર આવે છે.**

ભાવચારિત્ર તો દૂર રહ્યું પણ દ્રવ્ય ચારિત્ર લીધું છે, તેનાથી પણ પીછે હઠ કરી રહ્યા છીએ. અહીં શ્રાવકના જીવન કરતાં વધારે વિશેષ કોટિનું જીવન જીવવું જોઇએ.

**બીજા જીવોને સંયમના ભાવ પેદા કરાવવા હોય તો જીવનમાં આપણે ચારિત્રવાન બનવું જોઇએ.**

આ જીવનમાં ભાવચારિત્રના પરિણામ ન આવે તો પછી કયા ભવમાં આવશે? ભાવચારિત્ર ભગવાનની ભક્તિ-આજ્ઞાપાલન દ્વારા મળશે. ભગવાનને આપવાનું વ્યસન છે. જે માંગો તે મળે. માંગ્યા વિના તો મા યે ન પીરસે. માંગવું તો જોઇએ. ઘણા માંગે કે હું વ્યાખ્યાન વાચસ્પતિ બનું તો તેને તેટલું જ મળે. ગૃહસ્થ ભગવાન પાસે ધન-સંપત્તિ વૈભવ વગેરે માંગે, મળી પણ જાય પછી શું?

ખરેખર! ભગવાન પાસે ભાવચારિત્રની જ માંગણી કરવી જોઇએ.

**ભાવચારિત્ર એટલે આત્મામાં રમણતા.**

**નિશ્ચય ચારિત્ર એટલે નિજગુણ સ્થિરતા.**

હે ભગવાન! ચારિત્ર દ્વારા 'वत्थु सहावो धम्मो' એ સિદ્ધાંત અનુસાર આત્માના સ્વભાવમાં મારી રમણતા થાય એવું આપો. **વાક્યના શબ્દો એ જ હોય**

**પણ એના પર અનુપ્રેક્ષા કરવાથી અનેક પ્રકારના ભાવો ઉત્પન્ન થાય છે.**

**મંત્ર સાધના-ધ્યાનનો આ અનુપ્રેક્ષા ફળ છે.**

**કાયોત્સર્ગનું વાસ્તવિક ફળ અનુપ્રેક્ષાથી જ મળે છે.**

**અનુપ્રેક્ષા ન કરીએ તો કાયોત્સર્ગ અધૂરો રહે છે.**

ઉપયોગ બીજે હોય અને શ્રદ્ધા મેધા-ધૃતિ ન હોય પણ અનુપ્રેક્ષામાં ઉપયોગ હોય જ. જે રીતે અર્થને જાણ્યા પછી એ પ્રમાણે જ જીવનમાં ઉતારવું જોઈએ જેમ ઈર્યાસમિતિ એટલે ૩ ।। હાથપૂર્વક નીચે દૃષ્ટિ રાખી ચાલવું એ પ્રમાણે જ જીવનમાં ઉપયોગ રાખવો.

શ્રુતજ્ઞાન એ સ્વ પર ઉભયને લાભદાયક છે. **જેટલો ઉપકાર વાણીથી થઈ શકે તેટલો ઉપકાર બીજાથી ન થાય.**

જિનવાણી એ અમૃત સમાન છે. જિનવાણીનું જે પાન કરે તે અમર બની જાય છે. ભગવાન પોતે મોક્ષ સુખ પામ્યા અને તોય જીવોને મોક્ષસુખ પમાડવા શાસન મૂકતા ગયા. જ્ઞાન દર્શન ચારિત્ર એ ત્રણે ભગવાનને આધીન છે. ભગવાનના ધ્યાનીને બધું મળે. **ભગવાનની ભક્તિ વિના સમ્યગ્ દર્શન જ આવે નહિ તો ચારિત્રની તો વાત જ ક્યાં?**

ભગવાનના જે ભક્ત બને તેને જ્ઞાનીનું જ્ઞાન મળે.

ભગવાનના જે ભક્ત ન બને તેને કર્મનો માર મળે.

ભગત ભગવાનને એવી પ્રાર્થના કરે કે - "હે ભગવાન્ ! હું તારો દાસ છું. તારી આજ્ઞાનું પાલન કર્યું છે તેથી હે કરુણાનિધિ ! મારી એક અભિલાષા છે. તું તો પૂર્ણ છે હું અપૂર્ણ છું. મને ખબર છે કે તું તો ત્રણ ભુવનનો સ્વામી છે એટલે જ માગું તે મને મળશે જ એવો વિશ્વાસ છે.

હે ભગવાન્! મને સમ્યગ્ દર્શન પૂર્વક ભાવ ચારિત્ર આપો જેથી સમાધિ-મોક્ષ મળે.

સિદ્ધસેન દિવાકરસૂરિ પણ કહેતા હતા કે હે ભગવાન મને કાંઈ તારા પ્રભાવથી મળતું હોય તો તારા ચરણોની સેવા મળજો. **ચરણની સેવા એટલે "વત્થુ સહાવો ધમ્મો".**

# વાચના - ૨૪

આચાર્ય મહારાજના અભ્યુત્થાન સત્કાર સન્માન કરવાથી તેઓ આપણને શ્રુત-હિતોપદેશ આપે. શિષ્ય વંદન નમસ્કાર દ્વારા ભેટણું આપે ત્યારે આચાર્ય બદલામાં જ્ઞાનની અદ્‌ભુત ભેટ આપે.

સંતાનની ચિંતા કરવા બાબતે જગતમાં માત-પિતા પ્રસિદ્ધ છે. દુનિયામાં કન્યાને જન્મથી ભણાવે ગણાવે ઉંમરલાયક થતાં ઉત્તમ કુળમાં યોગ્ય સ્થાન અપાવે. તેવી રીતે આચાર્ય શિષ્યને શ્રુત અર્થના જાણકાર પોતાના જેવા તૈયાર કરાવે. એને મોટામાં મોટા આચાર્યપદે સ્થાપે. આચાર્યની સેવા કરનાર, તપસ્વી, જિતેન્દ્રિય, સત્યવચન બોલનાર હોય છે.

શુશ્રૂષા-સાંભળવાની ઇચ્છા ગુરૂભક્ત, બહુમાન, દક્ષતા, દાક્ષિણ્ય, સ્થિર, ઉત્તમ કુળ, ઉદ્યમ, લજ્જા વગેરે ગુણો હોય છે.

ભગવાનની વાણી-સૂત્ર ગુરૂમુખે સાંભળવા મળે છે તે પુણ્યનો ઉદય છે. સાંભળ્યા પછી શંકાનું સમાધાન કરવા પૂછો. સાંભળ્યા પછી જિજ્ઞાસાથી પૂછવું તે પ્રતિપૃચ્છા કહેવાય. પ્રતિપૃચ્છા ન થાય તો સમજવું કે પૂરું ભણ્યા નથી. સમજ્યા નથી, અથવા જ્ઞાનનું અભિમાન છે. આપણે સર્વજ્ઞના પુત્ર નથી કે એકવાર ભણ્યા પછી પૂછવાની જરૂર જ નહીં, આવો ફાંકો રાખવો નહીં.

ગુરૂ કહે છે એ આપણા હિત માટે કહે છે એને મંત્ર સ્વરૂપ માનવું. શ્રવણ પૃચ્છા-પ્રતિપૃચ્છા વગેરે સાવધાનીપૂર્વક કરે, તે વખતે આડાં-અવળાં કૌતુક ન રાખે. બુદ્ધિના આઠ ગુણ યાદ કરે અને તેની છેલ્લી ભૂમિકા હમણાં સાંભળવા

માટે ૨ કલાક મળે. પરંતુ સાંભળ્યા પછી વિચારવા માટે કેટલો સમય? કશું જ નહિ. એના માટે ફુરસદ રાખી નથી. અનુપ્રેક્ષાનું મહત્ત્વ હજુ સમજ્યા નથી. **અનુપ્રેક્ષાથી જ્ઞાન પરિણત બને છે. અનુપ્રેક્ષાથી ભાવસંયમ=સમાધિ આવે છે.**

લોઢાના ચણા ચાવવા બહુ મુશ્કેલ છે. સંયમ એ લોઢાના ચણા ચાવવા જેવું છે. સંયમ એટલે આત્મરમણતા, સંયમ એટલે સમાધિ, સમતા. તેનું મૂળ વિનય છે.

સમતા એ આપણો ધર્મ છે, મમતા એ આપણો ધર્મ નથી.

જ્યાં વિનય છે ત્યાં મોક્ષ છે, જ્યાં અવિનય છે ત્યાં સંસાર છે.

વિનય એ આપણી જીત છે અવિનય એ આપણી હાર છે.

**અત્યાર સુધી મુક્તિનું સુખ આપણને નથી મળ્યું અને સંસારમાં ભમી રહ્યા છીએ, એનું મુખ્ય કારણ અવિનય છે.**

**અવિધિ, અતિચાર, અપરાધ એ બધાં અવિનયનાં પર્યાયવાચી નામો છે.** સામાયિકના પરિણામમાં રહેવાથી આત્મા પુષ્ટ બને છે.

અવિનીત બનવાથી ચારે તરફથી હડધૂત થઇએ છીએ. જ્યારે વિનીત બનવાથી બધાંને પૂજનીય બનીએ છીએ. છતાં આજે કલયુગની અસર છે. દિવસે દિવસે બુદ્ધિ ઘટતી જાય છે. વિચારધારા બદલાતી જાય છે. આજે કોલેજોના ભણેલા હોવાથી ગૃહસ્થપણામાં સ્વચ્છંદવાદ વધતો જાય છે. કોઇને કહી શકાતું નથી. **સંયમજીવનમાં પણ ગુરુના કંટ્રોલમાં રહેવું જોઇએ. કોઇના કંટ્રોલમાં ન રહીએ તો સંયમ પળે નહિ.** બધા સ્વતંત્ર બને તો હાડકાંના સમૂહ જેવું બને. જે કોઇ કામ જ ન આવે. વિનય મર્યાદાના અભાવમાં જ આવું બનતું હોય છે.

વિનય એક ગુણ દૃઢ બને તો અનેક ગુણોને ખેંચી લાવે છે. વિનયથી ગુરૂ સમર્પણ ભાવ આપે છે, સ્વચ્છંદવાદ તૂટે છે. વિનયથી ગુણાનુરાગ પ્રગટે. જ્ઞાન દર્શન ચારિત્ર તપાદિમાં આપણાથી અધિક ગુણવાન દેખી ઇર્ષ્યા અસૂયા ન થાય. આપણે રોજ નવકારશી કરતાં હોઇએ અને બીજા કોઇ તપ કરતા હોય તો કહે 'વાહ! તમે તો મોટા તપસ્વી છો.' એમ અસૂયા ન કરવી. નિંદા ન કરવી. નિંદા

કરાવનાર ચાર કષાયો છે. મૂળમાં કોઇ ને કોઇ કષાય હોય છે. કષાય સંસાર વધારે છે, પરિણતિને દૂષિત કરે છે. તેથી બચવા માટે જ વિવિધ સાધના યોગો બતાવ્યા છે.

દુનિયાના બધા યોગોનો ચાર પ્રકારની સમાધિમાં પ્રવેશ થાય છે.

| **અન્ય દર્શન** | **જૈન દર્શન** |
|---|---|
| ભક્તિયોગ | વિનય સમાધિ |
| કર્મ યોગ | તપ-આચાર સમાધિ |
| જ્ઞાનયોગ | શ્રુત સમાધિ |

આત્મ તત્ત્વને માનનારા જગતના સર્વ દર્શનોમાં ઓછે વત્તે અંશે શાસન યોગોનો સ્વીકાર છે જ.

ભક્તિયોગ એ વિનય સમાધિ રૂપ છે.

જેના જીવનમાં વિનય છે તેના જીવનમાં સમાધિ છે. **ઉપધાન તપમાં આંશિક રીતે ચારે ચાર સમાધિ સમાયેલી છે.**

નવકારનો જાપ - એ વિનય સમાધિ.

ઇરિયાવહિયા - પૌષધ તેની ક્રિયાઓ એ આચાર સમાધિ.

પુક્ખરવરદી સૂત્ર - વાચના વગેરે શ્રુત સમાધિ.

ઉપવાસ, નિવી, આયંબિલ વગેરે તપ સમાધિ.

આમ ચારે સમાધિની પ્રાથમિક સાધના ઉપધાનમાં થાય છે.

**બીજાનો વિનય કર્યા વગર સમાધિ સિદ્ધ થાય નહીં.** જ્યારે જીવનમાં ચાર સમાધિ આવે ત્યારે જીવન દેદીપ્યમાન બની જાય છે. પ્રકાશમય થઇ જાય છે. સમાધિ માટે જ આરાધના કરવાની છે. અત્યારે આરાધના કરવાની તક છે મનુષ્યભવ મળ્યો છે તેને સાધી લેવાનો છે.

ધર્મ કરવા માટે મનુષ્ય જીવનમાં જેટલી ઉત્તમ સામગ્રી મળી છે તેટલી બીજે ક્યાંય નહીં મળે. **મનુષ્ય જન્મ એટલે ધર્મ આરાધના કરવા માટેનો જ જન્મ છે.** આવો જન્મ પૌદ્ગલિક ભોગસુખમાં કે ઇન્દ્રિયોને પોષવામાં પૂરો ના થઇ જાય.

ઇન્દ્રિયો ક્યારેય સંતુષ્ટ નહીં થાય. સાગરમાં ગમે તેટલી નદીઓ ઠલવાય તો પણ સાગર સંતોષ પામતો નથી. તેવી રીતે આ ઇન્દ્રિયો ક્યારે પણ સંતોષી બનશે નહિ.

એક એક જીવે અનંતીવાર પુદ્ગલ રાશિઓ ખાધી છે. છતાં પણ ઇન્દ્રિયો તૃપ્ત થઇ નથી. માટે સંતોષ કરો. સંતોષી જ મહાસુખી છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા સમજવા માટે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ભણો. વાંચો, ચિંતન કરો. કર્તા ઉપાધ્યાય પૂ. યશોવિજયજી મહારાજ છે. તેના ઉપર પણ અન્ય દર્શનના પંડિતોએ સંસ્કૃત ટીકાઓ રચી છે. ગુજરાતી ભાષા છે છતાં ભલભલા અર્થ નથી કરી શકતા માટે સંસ્કૃત ઉપરથી બેસાડી શકાય છે. દ્રવ્ય ગુણ પર્યાયના પદાર્થો જાણવાથી આત્મામાં રમણતા થાય છે.

ભક્તિ હોય ત્યાં સમર્પણ હોય, નમ્રતા હોય, અહં ભાવનું વિસર્જન હોય. અને અંતરમાં લઘુતા ભાવ હોય.

મહોપાધ્યાય શ્રી વિનયવિજયજીએ પરમાત્માના અનુગ્રહથી અને ગુરૂકૃપાથી, ભક્તિના બળથી જ્ઞાનાવરણીય કર્મનો વિશેષ ક્ષયોપશમ પ્રાપ્ત કર્યો હતો. તેનાથી જ્ઞાનનો અમૂલ્ય ખજાનો આપણા માટે તૈયાર કર્યો. પોતે આટલા વિદ્વાન હોવા છતાં મારા ગુરૂનું આપેલું જ્ઞાન છે તેને હું યાદ કરીને નોંધું છું. એમ જણાવે છે. આ તેમની નમ્રતા છે, વિનય છે, ગુરૂભક્તિ છે. તેઓએ શાંતસુધારસ નામનો ગ્રંથ બનાવ્યો તેમાં મહત્ત્વની વાત જણાવી છે.

જેમ મીઠા વિનાનું ભોજન ફિક્કું લાગે છે તેમ ભાવના વિનાનો ધર્મ પણ તદ્દન ફિક્કો લાગે છે. આરાધનાની અંદર ભાવના ભળે તો આરાધક ભાવ પેદા કરે છે. ભાવના ક્યારે આવે? મોહનીય કર્મ ઘટે ત્યારે જ ભાવના શુદ્ધ આવે છે.

**સાધુઓની જ્યારે અંતિમ સ્થિતિ નજીકનો સમય હોય ત્યારે આ શાંતસુધારસ ગ્રંથ સંભળાવવાની ભલામણ કરવામાં આવે છે.** જેમ પાણી ગમે તેવી ગંદી ચીજને પવિત્ર કરે છે તેમ ભગવાનની વાણીમાં એવી શક્તિ છે કે તે ગંદા આત્માને પણ પવિત્ર કરે છે.

જેટલું તીર્થ અને તીર્થંકરનું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ ભગવાનની વાણીનું

છે. કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રસૂરિજી મ. ભગવાન પાસે કહેતા હતા કે આ કલિકાલમાં મને તારો ધર્મ મળ્યો છે, તારી વાણી મને મળી છે તે પણ મારે માટે અચ્છેરા જેવું છે. કલયુગમાં પણ વાણીના બહાને પ્રભુ મળ્યા છે તેવો ભાવ હેમચંદ્રસૂરિ મ. નો છે. જેમ ધર્મ અને ધર્મી જ્ઞાન અને જ્ઞાની અભેદ છે. તેમ ભગવાન અને ભગવાનની વાણી પણ અભેદ છે, એક જ છે.

આચાર ક્રિયાના વિધિ વિધાનની ઉપેક્ષા કરવી એટલે તે એના કહેનારા તીર્થંકરની ઉપેક્ષા થાય છે. છતી શક્તિએ ઉપેક્ષા કરે તો મોહનીય કર્મ બંધાય. કારણસર લાચારીથી વિધિમાં ખામી આવે તે વાત જુદી છે. પરંતુ ઉપેક્ષામાં તો ક્રિયા ન થવાનો કે અશુદ્ધ થવાનો બળાપો નથી. સંમતિ કે અનુમોદના છે.

**પાપ જેટલું ભયાનક નથી તેના કરતાં વધારે ભયાનક 'પાપની અનુમોદના કરવી' તે છે.** થઇ ગયેલાં પાપની અનુમોદના નહીં પણ પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત કરવાનું છે.

દશ પ્રકારનાં પ્રાયશ્ચિત બતાવ્યાં છે. તેમાં ગુરૂ પાસેથી પાપની આલોચના એ પણ એક પ્રાયશ્ચિત છે.

શાસ્ત્રકારોએ ક્રિયા એક સીડી છે તેમ કહેલું છે. મોહને તોડવાનું સાધન છે. કર્મની લઘુતા થાય ત્યારે જ ધર્મ શબ્દ યથાર્થ બને છે.

- ધ્યાતા ધ્યાન ધ્યેયની એકતા એ જ સમાધિ છે.
- મનુષ્ય જન્મ એટલે... ધર્મ આરાધના કરવા માટેનો જ જન્મ.
- બીજાનો વિનય કર્યા વગર સમાધિ સિદ્ધ થાય નહીં.
- ભગવાનના જે ભક્ત ન બને તેને કર્મનો માર મળે.

# વિભાગ - ૨

## વાચના-બિંદુ

નમસ્કાર મહામંત્ર આરાધક, સર્વધર્મશાસ્ત્રજ્ઞ, આગમ વિશારદ પૂજ્યપાદ પંન્યાસ ગુરુદેવશ્રી અભયસાગરજી મ. એ સંવત...... માં વેજલપુર (ગોધરા)માં ઉપધાન તપ સમયે વિશાળ સંખ્યામાં શ્રમણ-શ્રમણી ભગવંતોની ઉપસ્થિતિને અનુલક્ષી અનેક આગમગ્રંથો - આચારગ્રંથોની વાચના આપેલી.

જેમાં શ્રી આચારાંગ સૂત્ર (અધ્યયન બીજું) શ્રી નંદીસૂત્ર સંપૂર્ણ, શ્રી આવશ્યક સૂત્ર, શ્રી પિંડનિર્યુક્તિ, યતિદિનચર્યા વગેરે ગ્રન્થોમાં આવતા પદાર્થોની શાસ્ત્રીય વાચના પદ્ધતિ પ્રમાણે છણાવટ કરેલી. તે સમયે ઘણાં પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોએ તેની નોંધ કરેલી... છતાં વર્તમાનકાળે તે ઉપલબ્ધ થઇ શકતી નથી. માત્ર સંયમૈકલક્ષિણી પૂ.સા. શ્રી સુલસાશ્રીજી મ. (બેન મ.) દ્વારા પાટણથી એક નોટ મળી છે જેમાં તેમને પોતાની જાણકારી માટે કેટલીક છૂટી-છવાઇ ટૂંકી નોંધો કરેલી હતી.

તે વાચના નોંધો જોતાં લાગ્યું કે "સાગર કે સરોવર નહીં તો બિંદુ પણ પાણી જ છે તે પણ તેટલું જ મહત્ત્વનું છે" તે ન્યાયે અન્ય વાચના નોંધ ન મળતાં આ વાચના બિંદુઓ વ્યવસ્થિત કરી અત્રે પ્રસ્તુત કર્યા છે. જે અનેક જ્ઞાનપિપાસુ અને ખપી આરાધકોને ઉપયોગી બનશે.

- સંપાદક

# વાચના બિંદુ

પૂ.આ. ભદ્રબાહુસ્વામિએ ઓઘનિર્યુક્તિ ગ્રંથની સંકલના કરી છે. જેમાં સાધુની સામાચારીનું વર્ણન આવે છે.

**સામાચારી એટલે શું?**

સામાચારી શબ્દમાં सम् + आ + चर् ધાતુ છે. સમ્યગ્= ઉત્સાહપૂર્વક.

आ = મર્યાદા પ્રભુ-ગુણની આજ્ઞાની મર્યાદાપૂર્વક

चर् = ફરવું, પ્રવૃત્તિ કરવી તે સામાચારી છે. બીજી રીતે વિચારીએ તો શિષ્ટ પુરુષોની આચરણાને સામાચારી કહેવાય છે. શિષ્ટ પુરુષોની આચરણામાં ભિન્નતા દેખાય તો તેમાં વ્યામોહ ન કરવો. કારણ કે શિષ્ટ પુરુષોની આચરણા આત્મલક્ષી અને કર્મનિર્જરાલક્ષી જ હોય છે.

સાધુ જીવનની સામાચારી પૂર્વે દૃષ્ટિવાદમાં હતી અને ૨૦ વર્ષનો દીક્ષા પર્યાય થાય ત્યારે સામાચારી ભણવા મળતી. તેને ભદ્રબાહુસૂરિ મ. એ ઉધૃતકરી ટુંકાવીને અહીં લાવ્યા અને ઓઘનિર્યુક્તિ ગ્રંથ બનાવ્યો આને ઉપક્રમ કહેવાય.

**ઉપક્રમ એટલે** નજીક લાવવું. ઓઘનિર્યુક્તિ ગ્રંથની સામાચારી દીક્ષાના પ્રથમ દિવસથી ભણાય છે. આમ દૃષ્ટિવાદની સામાચારી ૨૦ વર્ષે ભણાતી, છેદસૂત્રમાં રહેલી સામાચારી પાંચ વર્ષે ભણાતી. ઉત્તરાધ્યયનસૂત્રમાં આવતી સામાચારી દીક્ષાના ત્રીજા વર્ષે જોગ થયા પછી વાચના મળતી તેનો ઉપક્રમ કરી દીક્ષાના પ્રથમ દિવસથી ભણી શકાય છે, ઓઘનિર્યુક્તિ એ સામાચારીનો સાકાર ગ્રંથ છે.

આ ઓઘ નિર્યુક્તિ સામાચારીમાં દશવિધ સામાચારી આવે છે. તેનું **બલ અને વીર્યથી સામાચારીનું પાલન કરવાનું છે.** અહીં બલ એટલે કાયબળ અને વીર્ય એટલે મનની શક્તિ, આ બંન્નેથી સામાચારી પાલવાની છે.

અનાદિકાલિન પૌદ્ગલિક વાસનાની આજ્ઞા કે સત્તા ન સ્વીકારવી તે મોટી દશવિધ સામાચારીનું પાલન છે. જેનાથી નાના સાધુ પણ યોગ્ય સંસ્કારી બની આત્મહિત કરી શકે.

દશવિધ સામાચારીના પાલન દ્વારા મોહનીય કર્મનો હ્રાસ કરવો તે જ આ ગ્રંથનો નિષ્કર્ષ છે. પદ સામાચારી, ઇચ્ચામિચ્છાદિક સામાચારી, દશવિધ ચક્રવાલ એ સામાચારીના અનેક ભેદો છે.

છેદસૂત્રમાં પદ સામાચારી જણાવી છે. **શાસ્ત્રમાં ૨ પદ છે.** (પદ એટલે સ્થાન=માર્ગ છે)

(૧) ઉત્સર્ગમાર્ગ (૨) અપવાદ માર્ગ

છેદસૂત્રમાં જણાવેલ આ બંન્ને માર્ગથી સંયમ જીવન પળાય છે. ઉત્સર્ગ માર્ગને ટકાવનાર અપવાદ માર્ગ છે. અપવાદ એટલે મર્યાદા લોપ કે છૂટ નથી, પરંતુ અપવાદ માર્ગ એ પણ આજ્ઞા છે. તેમાં અવિધિ થઇ હોય તેની આલોચના લેવાની છે. અપવાદનું યથાયોગ્ય પાલન ન કર્યું હોય કે ઉત્સર્ગમાર્ગની રૂચિ અલ્પ પણ ઓછી થઇ હોય તેની આલોચના લેવાય છે.

ઇચ્છા=બળાત્કાર સિવાય, પોતાના હૃદયની પ્રેરણાથી જે કરે તે ઇચ્છાકાર્ય.

નાના કે મોટા સાધુને કાર્ય કરવા માટે હૃદયથી રૂચિ ઉત્પન્ન થાય તે રીતે કાર્ય કરવા સૂચન કરવું તે ઇચ્છાકાર સામાચારી કહેવાય. મોટાઓ નાના સાધુઓને જે કાર્ય કરાવે તેમાં નમ્રતાનો ભાવ હોય, ઓર્ડર ના કરે.

વિર્યોલ્લાસથી કરાતી પ્રાર્થના તે ઇચ્છા સામાચારી છે. સામુદાયિક કાર્યમાં પોતાની શક્તિથી કર્મનિર્જરાના ધ્યેયે જે કાર્ય કરાતા હોય તેને પ્રથમ સાધુને નિવેદન કરી પછી ગુર્વાજ્ઞા મેળવવા જાય.

ઇચ્છા એટલે?

શિષ્યને ગુરુની ઇચ્છા એ પોતાની ઇચ્છા હોય. ગુરુએ પોતાની ઇચ્છા શાસનને સમર્પણ કરેલી છે. પોતાના મનનો ઉપયોગ માત્ર કાર્ય કરવામાં જોડે બાકી શીતાદિ છે, ખુલ્લા શરીરે કાઉસગ્ગ કેમ કરું? એવું ન વિચારે, તેમને આરાધનાના સંસ્કારોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી ઇચ્છા હોય પણ મન કે મોહની પ્રધાનતા ન હોય આથી શિષ્ય પણ તેમની જ ઇચ્છાને અનુસરે.

**અન્ય લોકોમાં ઇચ્છા અર્થ સમર્પણમાં આવે છે.**

ઇચ્છા પછી મિચ્છા સામાચારી આવે છે. 'મિચ્છા' એટલે મિચ્છામિ દુક્કડં દેવું નાના-મોટા સાધુ પ્રત્યે કે કોઇપણ જીવ પ્રત્યે કલુષિતાનું નિમિત્ત બન્યા હોઇએ કે સામાચારી વિગેરેમાં નાની નાની વિરાધનાઓ થઇ હો તો તુરત જ મિચ્છામિ દુક્કડં કહેવું.

**પ્રશ્ન** – ''મિચ્છા મિ દુક્કડં'' કહેવાથી પાપ કેવી રીતે ચાલ્યું જાય? અને મિચ્છા મિ દુક્કડં રોજ કરવું છતાંય તે પાપ ચાલુ રાખવું તે (નિયડી) (નિકૃતિ) = માયામૃષાવાદ ન કહેવાય?

**ઉત્તર** – આ બાબતમાં ઉપાધ્યાય યશોવિજયજી મ. જે ખુલાસો કર્યો છે કે 'જે ભાવે પાપ કર્યું હોય તે ભાવે પુનઃ પુનઃ ન કરવું' તેવા પ્રકારનો ભાવશુદ્ધ હોવાથી રોજ એનું એ દેખાતું દ્રવ્ય પાપ હોવા છતાં મિચ્છા મિ દુક્કડં દેવાય છે.' પ્રાયશ્ચિત્ત ભાવ પાપ માટે લેવાય છે. એકનું એક પાપ દરરોજ કરવાનું છતાં પ્રતિદિન પ્રતિક્રમણ શા માટે? દિન પ્રતિદિન તેનો (પાપનો) રસ ઓછો થાય. પરિણતિમાં કન્ટ્રોલ આવે તે માટે પ્રતિદિન પ્રતિક્રમણ છે. બધી ક્રિયાઓ ભાવ પરિણામને કોમળ કરવા માટે છે.

**'મિચ્છા મિ દુક્કડં''નો નિર્યુક્તિ અર્થ રહસ્યપૂર્ણ છે.**

**મિ**–મિ એટલે = મૃદુતા માર્દવતાનો મ લીધો છે. જેમાં મૃદુ એટલે કાયાથી નમ્ર અને માર્દવતા એટલે ભાવની પ્રધાનતા છે. (તા. – તલ પ્રત્યય ભાવ અર્થને પ્રગટ કરે છે.)

**ચ્છા** – એટલે રોકવું, ઢાંકવું નહિ પણ અસંયમના દોષોને રોકવા.

**મિ** - (મિ) પ્રાકૃતમાં (મેરા કહેવાય છે. તેનો અર્થ મર્યાદા થાય છે. ચારિત્રની મર્યાદામાં રહી...

**દુ** - દુગંછા - શરીરની અને ભાવની નમ્રતાપૂર્વક અસંયમ રૂપી આત્માની દુગંછા કરવાની છે. વિવેકહીન કર્તવ્યોથી - વિકારોના વશાથી થયેલ દુષ્કૃત બનેલા આત્માની નિંદા કરવાની છે.

ક - (कृतं) કડં-પ્રાકૃત છે. કરેલા પાપનો સ્વીકાર (મંજૂર)

ડં - ડેવેમિ (પ્રાકૃતમાં) - ઓળંગવું એવો અર્થ થાય. આત્માના અસંયમનાં સ્થાનોથી ઓળંગવું અર્થાત્ ખરાબ પાપોને હું દૂર કરું છું. પાપોના વાતાવરણથી દૂર રહેવું તે ભાવ છે.

**અર્થાત્ ''શરીર અને ભાવની નમ્રતાપૂર્વક અસંયમના દોષોને રોકીને આત્માની દુગંછા કરવાપૂર્વક કરેલાં પાપોનો સ્વીકાર કરી ખરાબ પાપ પ્રવૃત્તિથી પાછો ફરું છું.'' એ મિચ્છા મિ દુક્કડંનો અર્થ છે.**

ઇચ્છા - મિચ્છા પછી ત્રીજી સામાચારી છે તહકાર.

તહકાર = તથાકાર, તહત્તિ તેને પ્રતિશ્રવણાપણ કહેવાય છે.

**પ્રતિશ્રવણા એટલે શું?**

મૂલગુણ ઉત્તરગુણથી વ્યાપ્ત-પંચાચારના જ્ઞાન સહિત જે ગીતાર્થ ગુરુ કહે તે તહત્તિ કરવી. તેમાં તર્ક ન કરે, પોતાની બુદ્ધિ-ડાહપણ ન ઉમેરે, પ્રતિશ્રવણા એટલે શ્રવણને તહત્તિ કરે, વાચનાનો સ્વીકાર કરે તે.

દશવિધ ચક્રવાલ સામાચારી રૂપ વીતરાગ શાસનની ઘડિયાળ છે. તેનો નાનો કાંટો જિનાજ્ઞા છે અને મોટો કાંટો ઉપયોગપૂર્વકની પ્રવૃત્તિ છે. આજ્ઞાનું ઉપયોગપૂર્વક પાલન કરવું તે સાધુનું કર્તવ્ય છે.

કર્તવ્યમાં જોડાયેલો સાધુ જ વિચારી શકે છે કે હાલમાં મારે કયું કાર્ય કરવાનું છે? બાકીના કાર્યનો નિષેધ કરે તે માટે ''નિસીહી'' છે. નિસીહી એટલે નિષેધ, પાપનો નિષેધ કરવા નિસીહી છે. પાપ એટલે જિનાજ્ઞાનો કે ગુર્વાજ્ઞાનો લોપ. આજ્ઞાનું પાલન એ પુણ્ય છે, નિર્જરા છે. આજ્ઞા એ જ વીતરાગ શાસનનું બંધારણ

છે. સાધુએ ગુર્વાજ્ઞામાં રહેવાનું છે.

ગુર્વાજ્ઞાએ દર્શન કરવા જાય તે સાધુને નિસીહી શા માટે બોલવાની?

કારણ કે સાધુ એક જ કાર્ય સ્વાધ્યાય કે ભક્તિમાં હતો. તેમાંથી ગુર્વાજ્ઞાએ દર્શન કરવા આવ્યા તો સ્વાધ્યાય આદિ કલ્યાણકારી હોવા છતાં હવે દર્શન એ એક જ ધ્યેય છે. બાકીનાં બધાં શુભ કાર્યો પણ ગૌણ છે. આજ્ઞાનું પાલન એ કર્તવ્ય છે. ઉપાશ્રયમાં આવ્યા બાદ જે નિસીહી બોલાય તે પ્રભુ ભક્તિ વગેરેનો નિષેધ કરવા માટે છે. હવે ગોચરી-પાણી દ્વારા વૈયાવચ્ચમાં આજ્ઞા એ જોડાવવું છે. પ્રભુની આજ્ઞા અને મર્યાદામાં ચાલવું તે ધર્મ છે અને તેથી વિરુદ્ધ ચાલવું તે અધર્મ છે.

મકાનમાં રાત્રે સંથારા પોરિસિ આદિમાં નિસીહી શબ્દ બોલાય છે. તે પણ નિષેધ નિષેધવાચી શબ્દ જ છે. જ્ઞાની ભગવંતોએ દિવસ સંબંધી જે જે આજ્ઞાઓ ફરમાવી છે તે તે કાર્યોથી પણ રાત્રે નિવૃત્ત થવાનું છે. સંથારા પોરસીમાં બોલાતો નિસીહી શબ્દ તે ભાવ સ્પષ્ટ કરાવે છે. દિવસે ગોચરી સ્થંડીલ આદિથી આવીને બારણે નિસીહી બોલાય છે. તેમાં કાયાસંબંધી ફરવાદિનું હતું, તેથી વિરામ પામી સ્વાધ્યાય આદિમાં રહે તે નિસીહી એમ અર્થ લેવો.

જેમ દેરાસર-ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં નિસીહી શબ્દ બોલાય છે તેમ દેરાસર ઉપાશ્રયમાંથી બહાર નીકળતાં આવસ્સહી બોલે છે. આવશ્યક કાર્ય માટે બહાર જવું છું તે ભાવ છે.

આવશ્યક કાર્ય કયું? રત્નત્રયીની વૃદ્ધિ અને શુદ્ધિના કાર્ય માટે ગુર્વાજ્ઞાથી સાધુ બહાર જાય... તેમાં પણ જેટલા કાર્ય માટે ગુરુ મ.ની આજ્ઞા મળી છે. તે જ કાર્ય આવશ્યક કહેવાય તે સિવાય બીજું કાંઇ માટે નિસીહી ચાલુ જ રહે છે. આમ આવસ્સહી બોલતાં હૈયામાં નિસીહી પદનો ભાવ તો હોય ઉભયધા પરસ્પર નિમિત્ત છે.

કાર્ય શરૂ કર્યા પહેલાં પૂછવાનું તે પૃચ્છા સામાચારી અને કાર્ય શરૂ થયે ફેર પૂછવાનું તે પ્રતિપૃચ્છા સામાચરી છે.

છેદગ્રંથોમાં પૂછવાના પ્રકારો જણાવ્યા છે, તેમાં આપૃછના, પ્રતિપૃછના સામાચારી આવે છે.

આપૃછના સામાચારીમાં મર્યાદિત વિવેકપૂર્વક કાર્ય માટે પૂછવું તે પૃછના સામાચારી છે. મર્યાદામાં પુછાયેલ પ્રશ્નોના જવાબમાં ઉચિત ન જણાતું હોય તો જવાબ ન પણ આપે છતાં પુનઃ પુનઃ પૂછતાં છેવટે ત્રીજી વાર ગુરુ મહારાજ યોગ્ય રીતે જવાબ આપે. ત્રીજી વાર જવાબ ન આપે તો ગુરુને પ્રાયશ્ચિત આવે.

પ્રતિપૃચ્છા સામાચારી – બીજીવાર પૂછવું તે પ્રતિપૃચ્છા કહેવાય, અથવા બીજો અર્થ વિચારીએ તો

પહેલાં ગુરુમહારાજે જે આજ્ઞા આપી હોય પછી જ્યારે કાર્ય કરવામાં આવે તે પૂર્વે ફરી પૂછે તે પ્રતિપૃચ્છા. સમર્પણભાવ જાગ્રત રાખવા માટે આ સામાચારી છે.

**પ્રશ્ન** – ઉપસંપદા એટલે શું?

**ઉત્તર** – ઉપ = પાસે, નજીક.

સંપદા = પ્રાપ્ત કરવું, સંપત્તિ, રત્નત્રયી

વિશિષ્ટ ગુરુ–સાધુ પાસેથી જ્ઞાન–દર્શન–ચારિત્ર મેળવવું તે ઉપસંપદા અર્થાત્ આપણી અનાદિકાલીન વાસનાના ઘરમાંથી નીકળી રત્નત્રયીમાં જવાય તે ઉપસંપદા.

૧) વર્તના–પૂર્વે મેળવેલ અર્થમાં ત્રુટીને મેળવવી તે અથવા પહેલાં ભણેલું અસ્થિર હોય, શંકા હોય તે વર્તના

૨) સંધાન–વચ્ચે તૂટી ગયેલ હોય તે

૩) ગ્રહણ–નવું ભણવું તે ગ્રહણ.

ગીતાર્થ ગુરુ હોય તે ભગવંતના સિદ્ધાન્ત–આગમને તર્કથી સમજાવે અને સાથે આગમથી જણાવે. બુદ્ધિવાનની સામે ઉપપત્તિ મૂકવી અને જે શ્રદ્ધાવાળો દઢ હોય તેની સામે આગમ મૂકવું. આ પ્રમાણે યોગ્ય પ્રમાણે સિદ્ધાન્તો રજૂ કરે તેને ગીતાર્થ કહેવાય. તર્કવાદી બુદ્ધિવાદીને તર્કથી દલીલથી સમજાવી પછી વીતરાગ પ્રભુનાં શાસ્ત્રો જણાવવાં.

સંમતિ તર્કની ૧૬૮ ગાથા ઉપર અભયદેવસૂરિ મહારાજે સત્તરસો શ્લોકો પ્રમાણ ટીકા બનાવી છે. પૂ.આ. અભયદેવસૂરિ મહારાજ નવાંગી ટીકાકારવાળા નહીં પણ બીજા છે. પૂ.આ. અભયદેવસૂરિ મ. નામે પાંચ આચાર્ય થયા છે. તર્ક શાસ્ત્રની રક્ષા કરે છે અને કુતર્ક શાસ્ત્રનો નાશકારી છે. શ્રદ્ધાના સ્તંભને તર્કના સબલથી સ્થિર બનાવે છે.

કુતર્ક એટલે વિતંડાવાદ-કુયુક્તિઓ લડાવે છે.

તર્ક એટલે સમજવાની દૃષ્ટિ-જેમાં જિજ્ઞાસાઓ હોય છે.

**દોષિત આહાર અનીતિના પૈસા જેવો.**

હરાહર એ શાસ્ત્રીય પરિભાષાનો શબ્દ છે. હરાહર એટલે ભિક્ષા પ્રસ્તાવ. ગૃહસ્થને અનીતિનો પૈસો અને સાધુને આધાકર્મી આદિ દોષિત આહાર પચે નહીં. ઉપાધ્યાય યશોવિજયજી મ.સા. એ શ્રાવકોને અન્યાય-અનીતિનો પૈસો કમાવવાની-ભોગવવાની કે વાપરવાની ના જણાવી છે. તેનું કારણ અનીતિના-અન્યાયના ધનથી ગૃહસ્થની ઉન્નતિ ખતમ થાય છે. તેમ સાધુ માટે આધાકર્મી આદિ દોષિત આહાર વાપરવાની ના જણાવી છે તેનાથી જીવન ઉન્નતિરોધક બને છે. મનશુદ્ધ રાખવા માટે આહાર-વિહાર-નિહારની શુદ્ધિ રાખવી જોઈએ. જ્ઞાન સ્વાધ્યાયનું બળ વધે તે પ્રશસ્ત કહેવાય અને વાસનાનું બળ વધે તે અપ્રશસ્ત કહેવાય. આધાકર્મી આદિ દોષિત આહારથી અધ્યવસાયો દૂષિત થાય છે. વિષય વાસનાનું જોર વધે છે.

**ધર્મલાભ :-** ગૃહસ્થના ઘરે પ્રવેશ કરતાં સાધુ દ્વારા ધર્મલાભ બોલવામાં આવે છે તે ગૃહસ્થની જાણ માટે કે જાગૃતિ માટે ધર્મલાભ બોલે છે તે વાત વ્યવહારું છે. પરંતુ વાસ્તવિક રીતે તો પોતાને ધર્મમાં નિર્જરાનો લાભ મળે એ ધ્યેય જાગ્રત રાખવા માટે ઘરમાં પ્રવેશ સમયે સામાન્યથી બોલાય છે. બાકી મુખ્યતાએ ગૃહસ્થના ઘરમાંથી નીકળતાં ધર્મલાભ બોલાય છે તે મળેલ કે ન મળેલ પદાર્થોમાં સાધુને એકાન્તે ધર્મનો લાભ છે. શુદ્ધ આહાર આદિ મળેલ પદાર્થો દ્વારા સંયમવૃદ્ધિ અને ન મળેલ પદાર્થો દ્વારા તપોવૃદ્ધિરૂપ ધર્મનો લાભ તો સાધુને છે જ. તેથી સાધુ ધર્મલાભ બોલે. ''ઇચ્છારોધે સંવરી'' તેવો તપ તો સાધુ ગોચરી જાય અને શુદ્ધ આહાર ન મળે તો હોય છે.

# યતિદિનચર્યા - વાચના બિંદુ

● ભિક્ષુ શબ્દનો અર્થ

ભિ - એટલે ભેદવું

ક્ષુ - ક્ષુધા વેદનીય કર્મ. વેદનીય કર્મના ઉપલક્ષણથી આઠે કર્મ લેવાનાં છે. અર્થાત્ જે કર્મને તોડે તે ભિક્ષુ. આ નિર્યુક્તિ અર્થ છે.

● સામાચારી બે પ્રકારે છે - (૧) પ્રતિબદ્ધ સામાચારી અને
(૨) અપ્રતિબદ્ધ સામાચારી.

પ્રતિબદ્ધ સામાચારી એટલે નિશ્ચિત વિધિનું પાલન કરવું.

અપ્રતિબદ્ધ સામાચારી એટલે અનુકૂળતાએ કરાતી આરાધના.

● સંયમમાં ઉદ્યમવંત રહેવું તે વાક્યમાં...

ઉદ્યમ એટલે શું?

ઉદ્યમ શબ્દમાં ઉદ્+યમ્ ધાતુ છે.

ઉદ્ = ઉપર, ઉલ્લાસ

યમ્ = એ મન વાચક છે, મનના કંટ્રોલ અર્થમાં છે. અર્થાત્ માનસિક તત્પરતા એ ઉદ્યમ છે, ઉદ્યમ એટલે શારીરિક શ્રમ એ અર્થ નહીં પરંતુ માનસિક વીર્યોલ્લાસ એ અર્થ લેવાનો છે.

● સ્વાધ્યાય એટલે શું?

સ્વાધ્યાય શબ્દમાં સ્વ + अधि + आय છે.

સ્વ - એટલે આત્મા

અધિ = અંદર

આય = લાભ.

અર્થાત્ બહિર્ભાવમાંથી આત્માની અંદર લઇ જઇ આત્મગુણોનો લાભ કરાવે તે સ્વાધ્યાય. ટૂંકમાં હૃદયમાં વિચારોનું ઉત્થાન કરે તે સ્વાધ્યાય.

- **ધર્મકથા, વિકથા એટલે શું?**

ધર્મકથા = ધર્મ + કથા. ધર્મ એટલે આત્માનો સ્વભાવ, આત્માના સ્વભાવ તરફ લઇ જનારી કથા તે ધર્મકથા.

વિકથા = વિ+કથા = વિવેક વિનાની વાત તે વિકથા.

- **પ્રશ્ન** – વાયુકાયનું શરીર ઔદારિક આઠ સ્પર્શ પુદ્ગલોનું છે. જ્યારે ભાષાના ૪ (ચાર) સ્પર્શી પુદ્ગલો છે તો કેવી રીતે હિંસા થાય?

**ઉત્તર** – ભાષા જ્યારે બોલાય છે ત્યારે ૪ (ચાર) સ્પર્શી પુદ્ગલોની છે. પરંતુ તે મુખમાંથી બહાર નીકળે છે કે તરત ૮ સ્પર્શી થાય છે તેથી વિરાધના થાય છે.

- **યોગ એટલે** ચારિત્ર, સંયમ અનુકૂળ ક્રિયાનું પાલન કરવું. અર્થાત્ સંયમ મર્યાદાનું યથાસ્થિત પાલન તે યોગ, આ ઐદંપર્યાય સમજાય તો ક્રિયાયોગ શુદ્ધ બને. કેમ કે વસ્તુનું મહત્ત્વ સમજ્યા પછી કિંમત આપવી કઠિન ન પડે.

સાચી સમજણ ઐદંપર્યાયથી જ આવે છે.

અર્થ ચાર રીતે થાય છે. (૧) શબ્દાર્થથી (૨) વાક્યાર્થથી (૩) મહાવાક્યાર્થથી (૪) ઐદંપર્યાયાર્થથી.

પ્રભુના શાસનમાં શબ્દાર્થ આદિ ત્રણ કરતાં ઐદંપર્યાય અર્થ જ મહત્ત્વનો છે. ઐદંપર્યાય અર્થ એટલે રહસ્ય.

ઐદંપર્યાય અર્થ ક્યારે સમજાય?

મોહનીય કર્મના ક્ષયોપશમથી જ આ અર્થ સમજાય છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી શબ્દાર્થ આદિને જાણનાર તો મળી જાય. પરંતુ ઐદંપર્યાયાર્થ તો ગૂઢ છે. તે તો મોહનીયના ક્ષયોપશમથી જ થાય.

**કાલગ્રહણ એટલે શું?**

કાલને ગ્રહણ કરવો એટલે કાલને કંઇ પકડાય નહીં પરંતુ સ્વાધ્યાયનો સમય નક્કી કરવો. આસજ્જ આસજ્જ નિસીહી બોલતા બે સાધુ બહાર નીકળે ને આકાશમાં તારા જુએ. તારાની સ્થિતિ ઉપરથી સ્વાધ્યાય યોગ્ય સમય નક્કી કરે તે પછી સ્વાધ્યાય કરે. જ્યારે ઊઠ્યા ત્યારે સ્વાધ્યાય ન કરાય પણ ચોથા પ્રહરે સ્વાધ્યાય કરે, તે પહેલાં ધર્મ જાગરિકા ચિંતન કરે.

● આગમ બે પ્રકારનાં છે.

કાલિક આગમ અને ઉત્કાલિક આગમ.

જે આગમ ભણવા કાલગ્રહણ લેવા પડે તે કાલિક આગમ અને જે આગમ ભણવા કાલગ્રહણ ન લેવા પડે તે ઉત્કાલિક આગમ. કાલિક આગમ અમુક ટાઇમે જ ભણાય દિવસ અને રાત્રિના ૧લા અને ૪થા જ પ્રહરમાં ભણાય તે કાલિકસૂત્ર અર્થાત્ ૮ પ્રહરમાંથી ૪ પ્રહર જ કાલિક આગમ ભણાય છે માટે જ એક દિવસમાં વધુમાં વધુ ૪ કાલગ્રહણ લેવાય છે. કાલિક આગમ કાલગ્રહણની વિધિ કરીને જ ભણાય અને ઉત્કાલિક આગમ કાળવેળા છોડીને (ચાર સંધ્યા સિવાય) ગમે ત્યારે ભણાય છે. ઉત્કાલિક શ્રુતમાં પ્રહરના કાલનું બંધારણ નથી.

આગમ વ્યવહાર-શ્રુત વ્યવહાર, ધારણા વ્યવહાર, આજ્ઞા વ્યવહાર અને જીત વ્યવહાર એ પાંચ પ્રકારના વ્યવહાર છે. તેમાં જીત વ્યવહાર અત્યારે માન્ય છે.

● ઇરિયાવહી એ ઇત્વરી પ્રતિક્રમણ છે અને કરેમિભંતે એ યાવત્કથિત પ્રતિક્રમણ છે. પંચાચારની શુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવાનું છે. પ્રતિક્રમણ ગુરુ મ.ની નિશ્રામાં કરવાનું છે. માંડવગઢના પેથડશાહને નિયમ હતો કે અઢી ગાઉ સુધી ચારેબાજુ જ્યાં સાધુ હોય ત્યાં જઇને તેમની નિશ્રામાં દેવસીય પ્રતિક્રમણ કરવું અને ૫ ગાઉ સુધીમાં ગુરુ મ. હોય તો ત્યાં જઇ પક્ખિ પ્રતિક્રમણ કરે. માંડવગઢ નગરીનો ઘેરાવો ૩૨ માઇલનો હતો. તેમાં ૭૦૦ દેરાસર - ૭૦૦ ઉપાશ્રય અને ૭ લાખ જૈનો હતા આવી નગરીમાં સાધુ ન હોય તેવું બને નહીં.

● **વાંદણા બે શા માટે?**

બે વાંદણા પૈકી પહેલા વાંદણામાં વિનય કરી રાતનું પાપ આલોચવા માટે ગુરુ મ. પાસે આવતાં પ્રથમ સુખશાતા પૂછે છે, પહેલાં વાંદણા તે વિનય માટે છે પછી જે કાર્ય માટે આવેલા છે તે કાર્યના નિવેદનની રજા માટે બીજા વાંદણા છે. અહીં (રાઇ પ્રતિક્રમણમાં) પહેલું વંદન સુખશાતા પૃચ્છાદિ વિનયાર્થે છે. પછી બીજું વંદન રાત્રિક આલોચનારૂપ કાર્યના નિવેદનની રજા માટે છે.

● **કાઉસગ્ગ શા માટે કરવાનો?**

કાઉસગ્ગ એ આત્માની શુદ્ધિ માટે છે.

મન-વચન ને કાયાની પક્કડથી આત્મા સ્થિર થાય છે. અન્નત્થ સૂત્રમાં 'કાયં' વિશેષ્ય છે. અને 'અપ્પાણં' એ વિશેષણ છે. બન્ને દ્વિતીયા વિભક્તિમાં છે. દેહ સ્વરૂપી આત્મભાવને વોસિરાવવાનો છે.

આત્મા ત્રણ પ્રકારે છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા.

તેમાં જે બહિરાત્મા છે તે બહિરાત્માને છોડવાનો છે. બહિરાત્મામાં મુખ્ય પાંચ ઇન્દ્રિયો અને મન આદિ છે. તે ઇન્દ્રિય નોઇન્દ્રિય સ્વરૂપ બહિરાત્માનો ત્યાગ કરું છું એ અર્થ લેવાનો છે. મન-વચન અને કાયા એ ત્રણે વશ કરવાથી આત્મા વશ થાય છે.

આત્માની શુદ્ધિનું કારણ કાઉસગ્ગ છે. કાઉસગ્ગ બે પ્રકારે છે.

(૧) ચેષ્ટારૂપ કાઉસગ્ગ ને (૨) અભિભવ કાઉસગ્ગ.

**(૧) ચેષ્ટારૂપ કાઉસગ્ગ** – એટલે મનની પરાધીનતા આદિને વીતરાગની આજ્ઞામાં જોડવી. કોઇપણ પદના નિમિત્તમાં જઇ સ્થિર બને તે કાઉસગ્ગ પહેલાં હતો.

**(૨) અભિભવ કાઉસગ્ગ** – પ્રતિક્રમણ આરાધના વગેરેમાં લોગસ્સ-નવકાર આદિ ગણી જે કાઉસગ્ગ થાય છે તે કાઉસગ્ગ અભિભવ કાઉસગ્ગ છે.

**પ્રત્યાખ્યાન એટલે શું?**

પ્રત્યાખ્યાન-શબ્દમાં પ્રતિ+આ+ખ્યા ધાતુ છે.

પ્રતિ એટલે સામે અથવા પાછા ફરવું. આ = મર્યાદા, ખ્યાન = કહેવું. જ્ઞાની ભગવંતની સામે જઇને મર્યાદિત કહેવું. અથવા

જ્ઞાની ભગવંતોને મર્યાદાપૂર્વક નિવેદન કરી પાપકર્મ = આરંભ સમારંભથી પાછા ફરવું. તે પ્રત્યાખ્યાન અર્થાત્ પાપ કર્મથી પાછા ફરવું તે પ્રત્યાખાન.

પચ્ચક્ખાણ ૨ પ્રકારનાં છે. (૧) મૂલગુણ પચ્ચક્ખાણ (૨) ઉત્તર ગુણ પચ્ચક્ખાણ.

મૂલગુણ-પચ્ચક્ખાણ એટલે મૂલગુણ વિરુદ્ધ જે દુર્ગુણ છે તેના પચ્ચક્ખાણ. બધાં પાપોનું મૂળ કોણ? પાપોનું મૂળ તો મિથ્યાત્વ છે. પરંતુ તે ગૌણમાં રહી બધાં પાપોના મૂળ પ્રેરક પ્રાણાતિપાતાદિ મહત્ત્વનાં પાંચ પાપો છે. તેનાં પચ્ચક્ખાણ તે મૂળગુણ પચ્ચક્ખાણ કહેવાય. બાકીનાં પાપોનાં પચ્ચક્ખાણ તે ઉત્તરગુણ પચ્ચક્ખાણ છે. તેમાં નવકારશી આદિ બધાં પચ્ચક્ખાણ આવી જાય છે.

**મૂળગુણ પચ્ચક્ખાણ અને ઉત્તરગુણ પચ્ચક્ખાણ બન્નેમાં તફાવત શો?** મૂળગુણ પચ્ચક્ખાણમાં જરાપણ ભાંગો ન ચાલે. મૂળગુણના પચ્ચક્ખાણમાં દેનાર અને લેનાર બન્ને પચ્ચક્ખાણમાં વિરતિવંત વિરતિવાળા હોવા જોઇએ.

**ઉત્તરગુણ એટલે?**

ઉત્તર = પછી. કોની પછી? પહેલાં વિરતિ (મૂળગુણ) પછી ઉત્તરગુણ = નવકારશી આદિનાં પચ્ચક્ખાણ, જેના દ્વારા હૈયામાં જાગૃતિ રાખે કે ''સંસારના બંધનમાંથી છૂટવા પ્રયત્નશીલ ક્યારે બનીશ?'' આવી ભાવનાથી ઉત્તરગુણ પચ્ચક્ખાણ કરે.

**આયંબિલ એટલે શું?**

આયંબિલ તે અપભ્રંશ શબ્દ છે. મૂલ શબ્દ તો આચામામ્લ છે. આચામામ્લ = આચમ + આમ્લ.

આચમન એટલે ચાંગળું પાણી કરે. તેની જેમ વાપરવાનું આચામ્યતે આમ્લે યત્ર તત્ આચામામ્લ. જેમાં ખટાશ આવે તે. **સાધુ માટે આ અર્થ છે.** પહેલાં સાધુઓ પાણીના સ્થાને છાશની આસ વાપરતા હતા તેમાં જરા ખટાશ રહે તેમાં

ભાત વગેરે નાખી વાપરે તે આયંબિલ. તેવાં આયંબિલ ધન્નાજી વગેરે કરતા. તે સમયે ૨૧ પ્રકારનાં પાણી વપરાતાં હતાં. તેમાં છાસની આસ પાણી તરીકે વપરાતી. અત્યારે જિતકલ્પમાં માત્ર ઉકાળેલું પાણી નિયત થયું ત્યારથી આસનો ઉપયોગ બંધ થયો છે. છતાં ક્યારેક યોગાદિવહનમાં વપરાય છે તે અપવાદ છે.

**તપ-ઉપવાસ કે અઠ્ઠમ?**

ઉપવાસ એ તપમાં આગળ જવા માટેનો અભ્યાસ છે. તપ તો અઠ્ઠમથી ગણાય. મન, વચન, કાયાની શુદ્ધિ દ્વારા અઠ્ઠમથી આગળનો તપ કરવાનો છે. મન-વચનાદિને વશ રાખવા માટે પૂર્વ ભૂમિકામાં ઉપવાસ કહ્યો છે. સામાન્ય રીતે ઉપવાસને તપ કહ્યો છે તે આગમિક વ્યવહાર ભાષાથી કહ્યો છે. યોગાદીના વ્યવહારથી આયંબીલ તપ ગણાય છે પરંતુ વાસ્તવિક તો અઠ્ઠમથી જ તપ ગણાય. તપથી દેવ આકર્ષિત થાય. અઠ્ઠમથી શરીર દેવ અધિષ્ઠિત બને છે. બન્ને વાત સાપેક્ષ ભાવે વિચારવી.

**પારણું એટલે શું?**

સંસ્કૃતમાં શક્ ધાતુ છે. પ્રાકૃતમાં તેને આદેશ પાર્ થાય છે. તેના ઉપરથી પારણું શબ્દ બન્યો છે. નવા તપ કરવાની શક્તિ મેળવવી તે 'પારણું' છે. પારણું એ તો આદર્શ અરીસો છે.

ઇન્દ્રિયોનો વિજય થયો કે કેમ તેની પરીક્ષા પારણામાં થાય છે. માટે જ જિનશાસનમાં તપ કરતાં પારણાની મહત્તા વધારે છે.

**ઉપધાન તપની વિધિનું રહસ્ય**

ઉપધાનમાં ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ કેમ?

કાઉસગ્ગ કરવાથી અનંતી કર્મ નિર્જરા થાય છે.

કાઉસગ્ગ શબ્દમાં કાય+ઉત્સર્ગ છે.

''કાય'' એટલે શરીર પરનું મમત્વ તેનો

''ઉત્સર્ગ'' એટલે ત્યાગ.

આત્મા અને કાયા ભિન્ન છે. કાયા એ તો પુદ્ગલ છે. તેથી કાયાની માયા

છોડવાની છે તે માટે કાઉસગ્ગ છે.

કર્મના સંસ્કારો શેમાંથી ઊભા થાય? યોગથી - મન, વચન ને કાયાથી કર્મના સંસ્કારો જાગે. મન, વચન, કાય વિચારોની શુદ્ધિ એ જ ઉપધાનના 'માળ'ની યોગ્યતા છે.

**'માળ' એટલે શું?**

માળ એટલે મુક્તિનું સર્ટિફિકેટ. ગુરુ મહારાજ મહોરછાપ આપે છે. મહાનિશીથ સૂત્રમાં 'માળ' માટેનો વિસ્તારથી અધિકાર જણાવ્યો છે. ઉપધાન એ જૈનેતર કુળથી આવેલા આત્મા માટે પણ આ વિધિ હતી. યોગ્યતા જણાય તેને સમવસરણમાં (નાણમાં) વીતરાગની સાક્ષીએ ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞાની ક્રિયાઓ કરાવે. ઉપધાન તપની આરાધના કરનાર આત્મા-પોતાનાં તરણતારણહાર પ્રભુ માટે અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી બહુમાનથી લઇને આવે અને ગુરુ મહારાજના માનાર્થે કાંબળ-કપડાદિ લાવી હાજર થાય, પ્રભુની પૂજા કરી-ધૂપાદિ કરી ભાવના ભાવે ત્યાં નાણની વિધિપૂર્વક ગુરુમહારાજ વાસચૂર્ણ નાખે.

**'નિત્થારગ પારગાહોહ' કહે,**

**'નિત્થારગ-પારગ' એટલે શું?**

નિ+સ્તૃ+પારક શબ્દ છે.

નિ = નિશ્ચય

સ્તૃ (ધાતુ) = તરવું, તરવા અર્થમાં આ ધાતુ છે.

પારક = પાર કરનારો થો.

''તું જે ધર્મની આરાધના કરે છે તેનાથી તું સંસારરૂપી સમુદ્ર તરીને પાર પામ'' એમ ગુરુ મ. આશીર્વાદ આપે પછી ગુરુ અચિત પુષ્પમાળ પ્રભુના કંઠેથી લઇ તપારાધકને મસ્તકેથી ગળામાં માળા પહેરાવે.

પછી તે માળા તરત કાઢી ઉચિત સ્થળે મૂકે. આવી પૂર્વ પ્રણાલિકા હતી. આથી અષ્ટપ્રકારી દ્રવ્યપૂજાનો સામાન લાવવાની વિધિ છે. આ બધી વિધિઓ ઘટતી ગઇ આથી જીતકલ્પાનુસારે હવે રેશમાદિની માળા રહી. પહેલાં પુષ્પની

માળા હતી. આથી, તે સંબંધી દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય છે. = માળામાં દેવદ્રવ્ય કાયમી રહે છે.

રાગની તીવ્રતા ન હોય અને અપ્રીતિનું કારણ ન હોય તે સૂક્ષ્મ રીતે પ્રશાન્ત કહેવાય છે.

**ઇરિયાવહીના ઇરિયા શબ્દમાં**

ઇર્ ધાતુ ગતિ પ્રેરણા અર્થે છે. - મનનું જે ગમન કરવું, પ્રેરણા થવી તેનું નામ પણ ઇર્યા-પથી છે, જે ઇર્યા - કાયિક આદિ થાય છે તે પ્રવૃત્તિ રૂપ છે. મન દ્વારા થતી જે ગમનાગમન પ્રવૃત્તિ તે પણ આ ઇરિયાવહીના ઇરિયા શબ્દમાં આવી જાય છે.

- **પુણ્યના બે પ્રકાર છે.**

પુણ્ય બાંધવાના પ્રકારમાં નવકાર મંત્રના પ્રભાવે જે સમૃદ્ધિ વગેરે પુણ્ય કીધું છે, તે દ્રવ્ય પુણ્યના આધારે જણાવેલ છે. તે ભાવપુણ્યની વ્યાખ્યા નથી.

પુણ્યના બે પ્રકાર છે. (૧) પુષ્ટિ પુણ્ય (૨) શુદ્ધિ પુણ્ય.

(૧) પુષ્ટિ પુણ્ય તે દ્રવ્ય પુણ્ય છે. પૌદ્ગલિક પુણ્ય છે. તેનાથી ધન સંપત્તિ વૈભવ ઇજ્જત વગેરે મળે છે.

(૨) શુદ્ધિ પુણ્ય તે ભાવ પુણ્ય છે. તેનું ફળ નિર્જરા છે. આત્મા પરની મોહનીય કર્મની મલિનતા દૂર થવાથી આત્મશક્તિનો વિકાસ થાય તે ભાવ પુણ્ય છે.

અકામ નિર્જરાથી આત્મા ઉપરની મલિનતા ઘટે છે. તે કારણે એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિયમાં એમ આગળ વધતો આવે છે. જેમ જેમ તુંબડી પરનો માટીનો મેલ-થર દૂર થાય છે તેમ તેમ ઉપર આવે છે તે રીતે આત્માનો વિકાસ થાય છે.

- **આગાર એટલે શું?**

પચ્ચક્ખાણ, કાઉસગ્ગ વગેરેમાં આગારો આવે છે.

આગાર એટલે 'છૂટ' એ અર્થ અહીં લેવાનો નથી પણ 'જયણા' અર્થ લેવાનો છે અથવા સંસ્કૃતમાં આક્રિયતે-યેન ઇતિ આગારઃ જેના વડે મર્યાદાથી

પચ્ચક્ખાણ ટકાવાય તે યતના એ આગાર કહેવાય.

અન્નત્થ = સિવાય, વિના અન્નત્થ સૂત્રમાં બધા આગાર છે. એટલે છીંક બગાસુ વગેરે કુદરતી રીતે આવે તો કાઉસગ્ગ ભાંગે નહીં પણ તે છીંક વગેરેની ઉદીરણા તો ન જ કરાય. ''અગણી-પણિંદિ છિંદણ'' એ સૂત્રમાં બતાવ્યું છે. એટલે તેઉકાયની ઉજ્જેહી એ વધુ દોષ છે. મહાનિશીથ સૂત્ર નામના આગમમાં અપ્કાય, તેઉકાય અને ચોથા વ્રતમાં વધુ ભાર મૂક્યો છે. ઉજેહીના પ્રસંગમાં ચાલુ કાઉસ્સગ્ગમાં જગ્યા બદલવી પડે તો કાઉસગ્ગ અખંડ રહે છે.

- **લોગસ્સ બોલવાની રીત**

લોગસ્સ સૂત્રની પહેલી ગાથા અનુષ્ટુપ છંદમાં છે. બાકીની છ ગાથા આર્યા છંદમાં છે. આર્યા છંદ બોલવાની પદ્ધતિ રીત - આ પ્રમાણે છે.

દરેક ગાથામાં ચાર ચરણ પદ હોય છે. તેમાં

પહેલું પદ - હંસગતિમાં બોલવાનું

બીજું પદ - ગજગતિમાં

ત્રીજું પદ - સર્પગતિમાં

ચોથું પદ - સિંહગતિમાં બોલવાનું

સૂત્ર બોલતાં હીણક્ખરં અચક્ખરં ઘોસહીણં વગેરે દોષોથી બચવું જોઇએ.

હીણક્ખરં એટલે ઓછા અક્ષર બોલવા.

અચક્ખરં એટલે વધારે કે ડબલ અક્ષર બોલવા.

ઘોષહીણં એટલે ઉચ્ચાર પદ્ધતિની ખામી

આવા બધા દોષો ટાળીને સૂત્રો બોલવાં જોઇએ.

ચઉક્કસાય એ ગ-તમ છંદ છે. એની ઉચ્ચાર પદ્ધતિ પણ જુદી હોય છે.

નમુત્થુણં સૂત્રમાં અભયદયાણં આદિ પદ પૂર્વપદ પ્રધાન છે. માટે અભય આદિ લંબાવવું દયાણં ટૂંકું બોલવું

બહુપડિપુન્ના એટલે લગભગ પોરિસિ પૂર્ણ થઇ છે. બહુ શબ્દ લગભગ = અચોક્કસ માટે વપરાય છે.

**ચરવલાનો અર્થ શો?**

પંચાશકમાં ચરવલો શબ્દ છે.

'ચરવલઉ' પ્રાકૃત શબ્દ છે. સંસ્કૃતમાં 'ચારૂવલક' શબ્દ છે.

ચારૂ એટલે સુંદર.

વલક એટલે વળવું.

ચારૂ, સારું - જેના વડે ગૃહસ્થ ૧૨ પ્રકારની અવિરતિથી આરંભ-સમારંભથી પાછા વળે તે ચરવલો. ચરવળાની દાંડીના જમણા પગના અંગૂઠે સ્પર્શ રાખી વંદન પડિલેહણમાં બેસે.

બાકી અંગથી અળગો ન કરે. અળગો કરે તો નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત આપ્યું છે. યજ્ઞોપવિત બ્રાહ્મણોના જીવ જાય ત્યાં સુધી જનોઇ શરીરથી બહાર ન કઢાય. તેમ દીક્ષા દિનથી ઓઘો હાથમાં અપાય છે. ત્યારથી દૂર ન કરાય. વિરતિવંત ગૃહસ્થ ચરવળો દૂર ન કરે. સારી રીતે આત્માની વૃત્તિઓને પાછી વળાય છે. તે ચરવળો કહેવાય છે.

**નમુત્થુણં અને શક્રસ્તવ**

નમુત્થુણં વગેરે સૂત્રો માંટે ઉપધાન કરવા પડે. ઉપધાન થાય ત્યારે સૂત્રો ભણવાની આજ્ઞા છે. પૂ. ઉપાધ્યાય ધર્મસાગરજી મ.સા. એ પ્રવચન પરીક્ષામાં ઉપધાન કર્યા વિના સૂત્રો ન ભણાય એ માટે ઘણો વિસ્તાર બતાવ્યો છે. મહાનિશીથ સૂત્રમાં પણ ઉપધાન કર્યા પછી ગૃહસ્થે યોગ્ય સૂત્ર ભણવાનો અધિકાર વિસ્તારથી બતાવ્યો છે.

**પ્રશ્ન** - નમુત્થુણં ઉપધાન કર્યા વિના ન બોલાય એવું હોય તો ઇન્દ્રમહારાજા ઉપધાન કરતા નથી તો તેઓ નમુત્થુણં કેમ બોલે છે?

**ઉત્તર** - ઇન્દ્રમહારાજા જે બોલે છે તે નમુત્થુણં નહીં પણ ''શક્રસ્તવ'' છે. નમુત્થુણં ગણધરોએ રચેલું છે જ્યારે શક્રસ્તવ તે ગણધર ગૂંફિત નહીં પણ શાશ્વત છે. દેવલોકની ધર્મસભામાં રહેલા રત્નના શાશ્વત પુસ્તકોમાં દેવોએ ક્યારે શું કરવું તે અધિકાર છે. તેમાં તીર્થંકર પ્રભુના કલ્યાણક સમયે ઇન્દ્ર મહારાજાના આચારરૂપ

શક્રસ્તવ બોલવાનું વિધાન છે. ઇન્દ્ર મહારાજા બોલે છે તે શાશ્વત શક્રસ્તવમાં અને આપણા નમુત્થુણંમાં કેટલાંક પદોમાં ફરક આવે છે. ઇન્દ્ર મહારાજા દ્વારા બોલાતું શાશ્વત શક્રસ્તવ મુખ્યતાએ પુણ્યબંધ કરાવે જ્યારે ગણધરકૃત નમુત્થુણં મુખ્યતાએ કર્મનિર્જરા કરાવે છે. આપણા નમુત્થુણંનું નામ શક્રસ્તવ નહીં પણ પ્રણિપાત દંડક છે. ઇન્દ્ર મહારાજા બોલે છે તે નમુત્થુણં નહીં પણ શક્રસ્તવ છે. માટે ઉપધાન વિના ઇન્દ્ર મહારાજા બોલે છે.

**વર્ધમાન સ્તુતિ એટલે?**

આવશ્યક નિર્યુક્તિ અને આવશ્યક ચૂર્ણિમાં નમોસ્તુ, વિશાલલોચન અને સંસારદાવાને વર્ધમાનસ્તુતિ કહી છે. જેમાં પ્રથમ ગાથામાં શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ છે. બીજી ગાથામાં ૨૪ જિનની સ્તુતિ છે અને ત્રીજી ગાથામાં જિન આગમની સ્તુતિ છે.

વર્ધમાન એટલે.... અક્ષરોથી પદોથી અને બોલવાની ઘાટીથી વધે તે વર્ધમાન સ્તુતિ છે.

પહેલી ગાથા મંદ સ્વરે બોલવાની.

બીજી ગાથા મધ્યમ સ્વરે બોલવાની અને

ત્રીજી ગાથા ઉદાત્ત સ્વરે બોલવાની છે.

આમ વધતા સ્વરે બોલવાની છે માટે વર્ધમાન સ્તુતિ કહેવાય છે.

**લઘુશાંતિમાં નમઃ શબ્દનો અર્થ શું?**

નમઃ નો અર્થ વંદે કે નમસ્કાર કરવો એ ભાષા શાસ્ત્રનું વ્યાકરણ જ્ઞાન છે. મંત્રશાસ્ત્રનું વ્યાકરણ અલગ છે. આથી આગમ કે મંત્રસ્તોત્રોના પદાર્થોને માત્ર વ્યાકરણથી ન ઉકેલાય, એ તો... મોહનીયના ક્ષયોપશમથી ઉકેલાય. ગુરુચરણે સેવાદિ કરીને નિર્મલ ક્ષયોપશમ થાય તેનાથી આગમમંત્ર વગેરેની ગૂંચ ઉકેલે અન્યથા ગરબડ કરે. સંયમ શુદ્ધિકારક શાસન પ્રભાવક માનદેવસૂરિ મ. એ રાજસ્થાન-નાડલાઇમાં સંઘશાંતિ માટે લઘુશાંતિ બનાવી તેની ભુવનતિલક સૂરિ મહારાજની બનાવેલી ટીકા છે. તેમાં સ્પષ્ટ જણાવાયું છે કે ૐ, હ્રીં, ક્લીં, નમઃ,

શ્રીં વગેરે બીજાક્ષરો છે. બીજ એટલે શક્તિનો સંગ્રહ-ભંડાર.

ૐ - પરમેષ્ઠી બીજ છે.

હ્રીં - ૨૪ તીર્થંકર બીજ છે.

ક્લીં - કામરાજ બીજ છે.

બ્લૂં - સરસ્વતી બીજ છે.

શ્રીં - લક્ષ્મી બીજ છે.

નમઃ - સંબંધ બીજ છે.

શાંતિમાં નમસ્તે, નમઃ વગેરે પદો આવે છે તેનો અર્થ નમસ્કાર નહીં પણ ઉપાસક ઉપાસ્ય સાથેનો સંબંધ એ અર્થમાં છે. ઉપાસ્યનો શક્તિસ્રોત મેળવવા આ નમઃ બીજ મંત્ર છે. એનો અર્થ સંસ્કૃત વ્યાકરણથી ન ઉકેલાય. મંત્રશાસ્ત્રનું વ્યાકરણ સમજાય તો જ તેનો અર્થ સમજાય. અન્યથા અર્થની ગરબડ કરે.

**સંથારો અને શય્યામાં તફાવત શો?**

સંથારો ૨ ।। (અઢી) હાથનો હોય અને શય્યા ૩ ।। હાથની હોય છે ગ્લાનાદિ કારણે ૩ ।। હાથની ભૂમિ હોય. સંથારો બધા સાધુ માટે છે અને શય્યા વડીલ-નવદીક્ષિત-ગ્લાન રાજકુમાર આદિ તપસ્વી વૃદ્ધ (સાઠ વર્ષ ઉપરના) આટલાને શય્યાની છૂટ છે.

**સાધુની ૭ માંડલીમાં શયનમાંડલી એટલે?**

શયન એટલે સંથારો અલગ દૂર કરવો તે શયનમાંડલી.

જ્યાં સુધી નવદીક્ષિત પોરિસીનો મર્મ બરાબર સમજે નહીં ત્યાં સુધી દૂર સંથારે અર્થાત્ સંથારો દૂર કરે. કેમ કે તેના સ્પર્શથી પરિણામની ચઢતી ધારા બંધ થાય.

**ઉપધિ સંદિસાહુ એટલે?**

ગુરુ મહારાજની સામે ઉપધિ પડિલેહણ કરવાની જે આજ્ઞા માંગવાની છે તે આજ્ઞા માંગુ? એમ ગુરુ મ. પ્રત્યે વિનય દર્શાવવા વિનંતી રૂપ આ આદેશ છે. ''આપ આજ્ઞા આપો કે જેથી ઉપધિ પડિલેહણની આજ્ઞા માટે હું આદેશ માંગું.''

તે રીતે 'બહુવેલ સંદિસાહું'માં પણ બહુવાર કરવાનો આદેશ માંગવા માટે રજા લેવાય છે. ગૃહસ્થોને સામાયિક-બેસણ અને સજ્ઝાય સંદિસાહુ એ ત્રણ આદેશ તે તે ક્રિયાની આજ્ઞા માંગવા માટે પ્રથમ અનુજ્ઞાનો આદેશ માંગવાનો છે.

**ઉત્તરાસંગ એટલે?**

ઉત્તરાસંગ શબ્દમાં ઉત્તર + આ + સંગ છે.

ઉત્તર બાજુ એટલે નાભિ ઉપરનું અંગ, કારણ કે - નાભિ નીચેનું અંગ તે પૂર્વ અંગ કલ્પ્યું તેથી ઉપરનું અંગ તે ઉત્તર અંગ કહેવાય.

તેને આસંગ એટલે વળગીને રહેવું.

નાભિથી ઉપરના ભાગે વળગી રહે તે ઉત્તરાસંગ. ઉત્તરાસંગ એ જનોઇનું પ્રતીક છે. ભરત મહારાજાએ જે જનોઇ આપી હતી તે અન્ય દૃષ્ટિઓએ-અન્ય ધર્મીઓએ ગ્રહણ કરી માટે મિથ્યાદૃષ્ટિના ગ્રહણ બાદ આપણે કંઇ જ ન કરાય. તેથી જનોઇના બદલે ઉત્તરાસંગ-ખેસનો ઉપયોગ કરવાનો છે. આજે તેનો ઉપયોગ ઘટતો જાય છે. અધ્યાત્મિક અને યૌગિક દૃષ્ટિએ તેનું ઘણું મહત્વ છે.

**વસતિ પવેઉં એટલે શું?**

પવેઉં શબ્દમાં વિદ્ ધાતુનું પ્રેરક છે. જણાવવાના અર્થમાં છે. વસતિ સંબંધની જાણકારી નિવેદન કરું એમ આદેશ માંગી વસતિની સ્થિતિ જણાવવા વસતિ શુદ્ધ છે તેમ જણાવે.

**પ્રશ્ન** - હરિજન દેરાસર ન આવી શકે?

**ઉત્તર** - હરિજન - ગંદકી ઉપાડે એટલે તેમને દેરાસર ન અવાય તેમ નહીં અને જન્મથી જ ગંદગી ન ઉપાડી હોય તેવા હરિજનોને દેરાસર અવાય તેમ પણ નહીં. જેમ જે વાતાવરણમાં રહીએ તે વાતાવરણના પરમાણુઓ અસર કરે. આપણા પરમાણુ બહાર જાય. દરેક આત્માના વિચારો બહાર ફેંકાય તેમાં જેની જેટલી ગ્રાહકતા તેટલા પરમાણુઓ ગ્રહણ થાય.

ઉચ્ચ-નીચ ગોત્રના પરમાણુઓ ઉદયમાં હોય, ઉચ્ચ-ગોત્રવાળાને ઉચ્ચ ગોત્રનો ઉદય પ્રારંભથી જ હોય છે. કદાચ ઉચ્ચ ગોત્રવાળાનાં કાર્યો હલકાં હોય

તો ત્યારે તેના પુદ્ગલો બગડે છે. પણ પ્રથમના મૂળ પુદ્ગલો સારા છે. નીચ ગોત્રવાળા પરમાણુ પ્રથમથી જ ખરાબ છે. તેને નીચ ગોત્રનો પ્રબળ ઉદય પ્રથમથી જ ચાલુ છે તે મુખ્ય કારણથી તેઓને દેરાસરાદિમાં ન અવાય. જો તેને જૈન ધર્મ સ્વીકારી દેરાસર આવવા માટે આગ્રહ હોય તો જુદું દેરાસર બંધાવી અપાય. પ્રાચીન કાળમાં સિદ્ધાચલના ૭૦૦ સંઘ માતંગ (હરિજન)ના નીકળ્યા છે. પરંતુ તેઓએ તળેટી સુધીની જ યાત્રા કરી છે. પ્રભુની આજ્ઞા સ્વીકારે પછી તે મર્યાદા છોડે નહીં. નાત જાત એ પણ સાઈન્ટિફિક છે. બે હાથ બે પગ બે આંખમાંથી સતત પરમાણુ નીકળતા હોય છે. હિપ્નોટીઝમ કરે છે તેમાં હાથ દ્વારા તેમ બોલ્યા સિવાય પણ પરમાણુઓના ભાવોની અસર થાય છે.

**પ્રતિક્રમણ ભણાવવાનો આદેશ કેમ માંગવાનો?**

કારણ કે પ્રતિક્રમણ તો ગુરુ મહારાજને ભણાવવાનું હોય છે. તેઓ બોલે તેનું બળ આપણને મળે પણ તેનો લાભ આપણને મળે એટલે આદેશ માંગવાનો હોય છે. ગુંરુ મહારાજ પાસે જ પ્રતિક્રમણ કરવાનું કારણ એ છે કે પ્રતિક્રમણમાં ગુરુ નિશ્રાએ આલોચના કરી આત્માની શુદ્ધિ કરવાની છે એટલે.

મહાવીરદેવ પરમાત્માના અગિયાર ગણધરોમાં પણ ૧૧ એ ગણધરોના સાધુ ભગવંતોની માંડલી જુદી હતી. આગમો જુદા હતા. રચના જુદી હોવાથી પ્રતિક્રમણ માંડલી જુદી થાય.

નવકાર મહામંત્રમાં પહેલાં પાંચ પદોની શ્રદ્ધા ભવિ-અભવિ બન્નેને હોય છે, પણ છેલ્લાં ચાર પદોની શ્રદ્ધાવાળો નિયમા ભવી જ હોય. છેલ્લાં ચાર પદો ઘણાં જ મહત્વનાં છે. નવકાર મહામંત્ર એ સૈદ્ધાન્તિક છે. કરેમિ ભંતે એ પ્રેક્ટિકલ છે. શાસન રથનાં આ બે પૈડાં છે. શાશ્વત છે. ૬૮ અક્ષર શાશ્વતા છે. ચાર પદો, પ્રક્ષેપ નથી. મૂળ છે.

**શ્રમણોપાસક એટલે?**

શ્રમણ+ઉપ+અસ્ ધાતુ છે.

ઉપ=પાસે.

અસ્ ધાતુ રહેવા અર્થમાં છે.

જ્ઞાની ભગવંતના વચન પાસે અથવા શ્રમણભગવંતોની નજીક રહેનાર આત્મા તે શ્રમણોપાસક (શ્રાવક) કહેવાય. તુંગિયાનગરીના ગીતાર્થ શ્રાવકોને આ વિશેષણ ઘટી ાકે.

**પરિષહ એટલે શું?**

પરિ+ષહ્ ધાતુ છે.

પરિ એટલે ચારે બાજુથી.

ષહ્ - એટલે સહન કરવું.

ચારે બાજુથી સહન કરવું.

અર્થાત્ મન-વચન-કાયાથી બધે સહન થાય છે. પરંતુ મન-વચન-કાયા સાથે કર્મનિર્જરાના ઉપયોગથી જે સહન કરવાનું થાય તે પરિષહ કહેવાય. યોગથી ઘણા ભવો સહન કર્યું પરંતુ ઉપયોગથી જે સહન થાય તેની અપૂર્વ નિર્જરા થાય. તેમાં મન-વચન-કાયા સાથે આત્માનો ઉપયોગ હોય. આત્મની જાગૃતિ પૂર્વક સહન કરે તે પરિષહ કહેવાય. ક્ષુધા વેદનીયના ઉદયથી ભૂખ લાગે એટલે વેદના થાય. ત્યારે કર્મનિર્જરાના હેતુથી ધ્યાન સ્વાધ્યાપ-કાઉસગ્ગ વગેરે કરે તે ક્ષુધા પરિષહ જીત્યો કહેવાય.

**પ્રાસુક એટલે શું?**

प्रगता: निर्गता असव: यस्मात् । અર્થાત્

પ્રાસુક એટલે જેમાંથી જીવ ગયા છે તે 'પ્રાસુક-નિર્જીવ' આ અર્થ સામાન્ય છે.

પ્ર = પ્રકર્ષણ (વિશેષ રીતે) ખેંચવું, ચઢવું.

(અસુ) અસવઃ એટલે ભાવ પ્રાણ.

જેનાથી ભાવ પ્રાણ પ્રકર્ષે વધે એ પ્રાસુક. પ્રકર્ષ એટલે સંયમસ્થાને ચઢે તે, અપકર્ષ એટલે સંયમ સ્થાને હીનતા આવે તે.

प्रकर्षेण असव: जावन्ति તે પ્રાઃસુક, જેનાથી સંયમ યોગોની વૃદ્ધિ થાય (શરીર

નહીં) તે પ્રાસુક.

**નિત્થારપારગાહોહ એટલે શું?**

નિસ્તારક... પારક... હોહ એમ ત્રણ શબ્દો છે.

નિસ્તારક એટલે નિશ્ચયે કરીને તારક છે વીતરાગ શાસન. તે શાસન દ્વારા સંસારને પાર પામનાર થાવ. અર્થાત્ 'સંસાર સમુદ્રનો પાર પામનારા બનો' આ આશીર્વાદ ગુરુ ભગવંતોથી મળે.

- **જયણા**

પ્રતિલેખનમાં જયણા એ મૂળ છે. જયણાનું મહત્ત્વ છે. જયણાનો મૂળ શબ્દ 'યતના' છે. યતના શબ્દમાં યત્ ધાતુ છે. યત્ એટલે યત્ન (પ્રયત્ન). અનાદિ કાળના સંસ્કારમાંથી છૂટવા આત્માએ જયણામાં યત્ન કરવાનો છે.

પ્રભુ આજ્ઞામય જીવનથી જ મારો મોક્ષ સરળ બનશે તેવી શ્રદ્ધાપૂર્વક જયણામાં પ્રયત્નશીલ રહે.

**શ્રદ્ધા એટલે શું?**

શ્રદ્ધા શબ્દમાં શ્રદ્+ધા ધાતુ છે.

શ્રદ્ = શ્રેય = કલ્યાણકારી છે. ધા = સ્થાપન કરવું.

શ્રદ્ = ધાનમ્ અર્થાત્ કલ્યાણકારી પરમાત્માની આજ્ઞામાં આત્માને સ્થાપન કરવો તે શ્રદ્ધા.

'ધા' ધાતુનું અપભ્રંશમાં દહુ થાય છે. તેથી મુહપત્તિના બોલમાં સદ્દહુ બોલ બોલાય છે.

અક્ષ = ઈન્દ્રિયને જીતનારને અક્ષોટક પ્રસ્ફોટક પડિલેહણ કરવું.

એક સધે સબ સધે તે ન્યાયે મોહનીયથી પાતળા પડેલા કર્મ હોય ત્યારે વેદનીયનું જોર ન ચાલે. વેદનીય કર્મના ઉદય સમયે મોહનું જોર હોય તો હાયવોય કરી દવા કરે અને મોહને ઉદય ન હોય તો ઉપવાસ કરે આગમ ગ્રંથોમાં પણ

આયંકે - ઉપસગ્ગે પદથી રોગ ઉપદ્રવમાં ઉપવાસ કરવાનો છે.

ઉપવાસ-સ્વઘર છે.

આયંબિલ એ મિત્ર ઘર છે.

નિવિ એ દુશ્મન ઘર છે.

**યોગ અને ઉપયોગ**

મન, વચન, કાયા ત્રણ યોગ છે.

યોગ હોય ત્યાં શુભ કે અશુભ ઉપયોગ હોય જ. ઉપયોગમાં જ ધર્મ છે એમ નહીં પણ શાસનની આજ્ઞાનુસાર ઉપયોગ તે ધર્મ છે. સ્વચ્છંદ ભાવને રોકવા ''छंदं निरोहेण उवेइ मोक्खं'' પદમાં સ્વચ્છંદભાવ = મિથ્યાત્વ, અવિરતિ કષાયની મુક્તિબાદ યોગનો મોક્ષ થાય છે. યોગોથી સર્વાંશે મુક્તિ તે મોક્ષ.

- **દ્રવ્યક્રિયા ત્રણ પ્રકારની છે.**

બધી જ સામાચારી આપણા ભાવની વિશુદ્ધિ માટે છે. આ લક્ષ્ય સતત જાગૃત રાખવું. જેથી આપણી સામાચારી પાલન = ક્રિયા ભાવક્રિયા થશે. દ્રવ્યક્રિયા ત્રણ પ્રકારો છે.

(૧) દ્રવ્યક્રિયા - જેમાં ભગવાનની આજ્ઞા ન હોય પરંતુ સ્વચ્છંદ ભાવે ક્રિયા કરે તે દ્રવ્યક્રિયા. અર્થાત્ તેમાં શૂન્યતા છે ગમે તેટલી ક્રિયા કરવામાં આવે છતાં તેનું પરિણામ મળવાનું જ નથી તે અપ્રધાન દ્રવ્ય ક્રિયા.

(૨) અનુપયોગ દ્રવ્ય ક્રિયા = જે ક્રિયામાં આજ્ઞાનો અનુપયોગ હોય તે દ્રવ્યક્રિયા,

(૩) દ્રવ્યક્રિયા - આજ્ઞાનો ઉપયોગ પણ હોય છતાં સ્થિરત્વ વગેરે શક્તિ વિકાસના અભાવે દ્રવ્યક્રિયા થાય પણ તે ક્રિયા પરંપરાએ તે ભાવક્રિયાનું કારણ બને જ.

અભવિ સર્વાંશે નિર્જરાને ન માને. દેશથી પાપ ચાલ્યું જાય છે તેમ માને અને પુણ્યને ઉપાદેય માને.

જે કાળે જે ક્રિયા કરવાની હોય તે ક્રિયા કૃષિવલની જેમ તે જ ટાઇમે કરવી, અનુપયોગે થતાં પડિલેહણ દ્વારા છકાયની વિરાધના થાય. ભગવતીજી સૂત્રમાં ૩જા ઉદ્દેશામાં પ્રમત્તને વિરાધક અને અપ્રમત્તને અવિરાધક આત્મા કહેલા છે.

કારણ-શક્ય પ્રયત્ને હિંસા ટાળવાના ઉપયોગની ન્યૂનતા છે. નુકસાન થવાના સંભવને પણ નુકસાન જ કહેવાય તેથી પ્રમત્ત ભાવ તે જ વિરાધના છે.

**વિહાર એટલે ?**

વિહાર શબ્દમાં વિ + હૃ ધાતુ છે.

વિ - વિશેષ

હૃ - હરણ કરવું, દૂર કરવું.

વિશેષ કરીને કર્મને દૂર કરવાના આશયથી સંયમ મર્યાદામાં ચાલવું તે વિહાર.

વિહાર કરનાર સાધુ ૨ પ્રકારના

(૧) અવસન્ન વિહારી (૨) ઉદ્યત વિહારી

**(૧) અવસન્ન વિહારી.** અવસન્ન એટલે પ્રમાદી. મોક્ષમાર્ગમાં જતાં વારંવાર થાકી ગયેલો, ઢીલો, શ્રાન્ત એ સર્વથી અવસન્ન = મર્યાદા પ્રમાણે ન વર્તે, ચોમાસા સિવાય પીઠ ફલકાદિ વાપરે, સ્થાપનાદિ દોષવાળું ગ્રહણ કરે, આવશ્યક ક્રિયામાં ઢીલો થાય તે સર્વથી અવસન્ન.

પર્વ તિથિ તપ ન કરે, ઉપાશ્રયમાં પેસતાં નિસરતાં આવસ્સિહિ નિસીહી ન બોલે તે દેશ અવસન્ન કહેવાય.

વાચનાદિથી અવસન્નવિહારી પણ વિશુદ્ધ ચારિત્રોપદેશક અને ઉદ્યત વિહારી બની શકે.

**(૨) ઉદ્યત વિહારી**

ઉદ્યત્ શબ્દમાં ઉત્ + યત છે અર્થાત્ આજ્ઞાપાલનમાં - પ્રયત્નશીલ.

ઉદ્યત વિહારીના બે ભેદ (૧) સંવિજ્ઞ પાક્ષિક, (૨) અસંવિજ્ઞપાક્ષિક.

સાધુ-ભમરા, ગાય, પક્ષી વગેરેની જેમ અપ્રતિબદ્ધ-અનિયત હોય છે. સાધુ ગ્રામાનુગામ વિહાર કરે તેથી દર્શન શુદ્ધિ કરે છે, કરાવે છે. અર્થમાં કુશળતા આવે સ્વયં પરીક્ષક બને છે અને દ્રવ્ય ક્ષેત્રાદિ જાણે.

જ્ઞાની ભગવંતની આજ્ઞા મુજબ વિહાર ન કરે તો જ્ઞાનવૃદ્ધિ ન થાય. સમ્યગ્

દર્શન નિર્મળ ન થાય. વિહાર અભાવે સાધુને નુકસાન છે તે ઉપકાર ન કરી શકે, ઉપરથી લઘુત્વ અને પ્રતિબંધ પામે.

૧૨ વર્ષ સૂત્ર અભ્યાસ કરે, બાર વર્ષ અર્થ અભ્યાસ કરે અને ૧૨ વર્ષ દેશ-દર્શન કર્યા પછી આચાર્ય પદવી આપવાનું શાસ્ત્રમાં છે. શ્રી મતિસાગરજી મ. જે યતિદિનચર્યાના ટીકાકાર છે. તેમને વિહાર માટે તૈયાર થયેલા સાધુને શું કરવું? તે બતાવ્યું છે. સારા શુકન જોઇ ભગવાન સ્થાપનાચાર્ય હાથમાં લઇ પ્રથમ ગીતાર્થ નીકળે. સારુ મુહૂર્ત-શુકન મળે તો પછી આચાર્ય વિગેરે નિકળે. મુહૂર્ત એ ભાવિને સૂચવનારા છે તેથી મુનિ પોતે સારા-ખોટા શુકનને માને છે. કોઇ અશુભનો ઉદય થવાનો છે તેથી ભાવની પ્રબળતા દેવ-ગુરુ ધર્મનું શરણ વધુ સ્વીકારે જેથી મોહનીયની જાળમાંથી બચી શકાય.

**શું આયુષ્ય ઘટે છે?**

**પ્રશ્ન** - આયુ ઘટતુ નથી તો બાળક આદિ એક્સિડંટ વગેરેમાં શી રીતે મરે છે?

**ઉત્તર** - અહીં આયુષ્ય ઘટતું નથી એટલે આટલા વર્ષ જીવવું જ એમ નહિ પણ આયુકર્મના પુદ્ગલનો સ્ટોક પૂરેપૂરો ભોગવાય, તેમાં ઘટાડો ન થાય પરંતુ અમુક પ્રકારના કારણે તે બધા પુદ્ગલો ઓછા સમયમાં એકી સાથે ભોગવાઇ જાય છે. તેને આયુષ્યનો ઉપક્રમ કહેવાય છે.

શાસ્ત્રકારોએ બે પ્રકારનું આયુષ્ય કહ્યું છે;

(૧) દ્રવ્ય આયુષ્ય એટલે કર્મના પુદ્ગલોનો સ્ટોક

(૨) કાળ આયુષ્ય એટલે ક્રમસર પુદ્ગલ ભોગવતાં લાગતો સમય.

તેમાં દ્રવ્ય આયુષ્ય પૂરું ભોગવાય, ઓછું ન થાય. પરંતુ ઓછા સમયમાં બધા પુદ્ગલો ભોગવાઇ જાય એટલે કાળ આયુષ્ય ઓછું થયું એમ કહેવાય.

જેમ કે હાથની રેખા કરતાં ઓછું આયુષ્ય થાય ત્યારે દ્રવ્ય આયુષ્ય એકી સાથે ભોગવાઇ જાય છે. સાત પ્રકારે આયુષ્ય ઓછું થાય છે. (૧) અંતરના ઉગ્ર-તીવ્ર રાગ-દ્વેષ પરિણામ (૨) બાહ્ય નિમિત્તો, (૩) વધુ આહાર, (૪) વધુ માર્મિક ભયસ્થાન, (૫) આઘાત, (૬) સર્પાદિ દંશ, (૭) શ્વાસ રુંધાય આ બધા કારણોથી

દ્રવ્ય-પુદ્ગલ આયુષ્યનો ઉપક્રમ થઇ શકે છે.

**ઉપક્રમ એટલે શું?**

ઉપ = નજીક. ક્રમ = લાવવું.

જેનાથી નજીક લેવાય તે ઉપક્રમ એટલે અહીં આયુષ્ય ઘટે તેવા નિમિત્તોને ઉપક્રમ કહેવાય. અર્થાત્ પાસે લાવીને ઝડપથી આયુષ્ય કર્મ ભોગવવું તે ઉપક્રમ.

ઉપક્રમના બે ભેદ. (૧) સોપક્રમ (૨) નિરૂપક્રમ.




સોપક્રમ - ઉપસર્ગાદિ બાહ્યનિમિતોનો ઉપક્રમ લાગે તે સોપક્રમ.

એમાં સોપક્રમના બે ભેદ. (૧) અપવર્તનીય (૨) અનપવર્તનીય.

(૧) અપવર્તનીય - બાહ્યં નિમિત્તો મળતાં આયુષ્ય કર્મ એક સાથે ભોગવાઇ જાય. તેમાં કાળ આયુષ્યમાં ઘટાડો થાય તે.

(૨) અનપવર્તનીય - મરણાંત કષ્ટો-નિમિત્તો આવે છતાં સંપૂર્ણ આયુષ્ય ભોગવાય. ફેરફાર ન થાય તે. તેમાં યુગલિયા જીવો નિરૂપક્રમી આયુષ્યવાળા છે તેમને અપવર્તન ન બને. ચરમ શરીરી હોય તેમના પણ આયુષ્યનું અપવર્તન ન થાય.

અર્થાત્ જે આયુષ્ય કોઈપણ કારણે (ઉપક્રમ લાગવાથી) અપવર્તન થાય એટલે કે આયુષ્યમાં ઘટાડો થાય તે અપવર્તનીય આયુષ્ય, અને જેમાં ઘટાડો ન થાય તે અનપવર્તનીય આયુષ્ય.

ખંધકસૂરીના ૫૦૦ સાધુ ઘાણીમાં પિલાણા તેમનું સોપક્રમ આયુષ્ય ખરું? તેમને ઉપક્રમ લાગ્યો પણ આયુષ્ય ઘટ્યુ નહીં. કારણ ચરમ શરીરીને આયુષ્ય ઘટે

નહીં. કેમ કે તેમનું આયુષ્ય અનપવર્તનીય હોય છે. વ્યવહારથી ઘાણીનું નિમિત્ત દેખાય છે. પરંતુ તે બધાનું આયુષ્ય તે સમયે સંપૂર્ણ ભોગવાઇને પૂર્ણ થયું છે. કેવલી બની મોક્ષે ગયા છે.

શ્રી ઋષભદેવ ભગવાન તેમના નવ્વાણું પુત્રો અને ભરતના આઠ પુત્રો આ બધાનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું. છતાં તે બધા સાથે જ મોક્ષે ગયા. તેમાં બધા ચરમ શરીરી હોવાથી તેમનું આયુષ્ય ઓછું તો ન થાય. તો કેવી રીતે બધા સાથે મોક્ષે ગયા? એ આશ્ચર્ય છે.

● **વ્યાખ્યાન એટલે શું?**

વ્યાખ્યાન શબ્દમાં वि + आ + ख्या ધાતુ છે.

वि – વિશેષ કરી, બાલજીવો આદિના ઉદ્દેશે વિશેષ કરી

आ – મર્યાદા, સૂત્રની મર્યાદાપૂર્વક

ख्या – કહેવું, જે કહેવાય તે વ્યાખ્યાન કહેવાય.

અધિકારી સાધુ જ વ્યાખ્યાન કરી શકે. નિશીથસૂત્ર (આચારાંગ) સૂત્રની પાંચમી ચૂલિકા) જેનું નામ આચાર પ્રકલ્પ છે. તેના ૨૦ ઉદ્દેશા છે. ત્યાં સુધીના જેને જોગ કરેલા હોય અને ત્યાં સુધીના આગમો ભણેલા હોય તે વ્યાખ્યાન આપી શકે. સાધુઓમાં પણ બધા સાધુ વ્યાખ્યાનના અધિકારી નથી, તો સાધ્વીજી વ્યાખ્યાનના અધિકારી કેવી રીતે થઇ શકે? નિશીથ સૂત્રના જોગ ન કરી શકે તો વ્યાખ્યાન કેવી રીતે કરે? હા, ઉપદેશ આપી શકે.

સામાન્ય હિતશિક્ષા તે ઉપદેશ કહેવાય, તે ઉપદેશ આપી શકે.

● **ઉપદેશ એટલે?**

ઉપદેશ શબ્દમાં ઉપ+દિશ્ ધાતુ છે

ઉપ = સમીપે

દેશ (દિશ્) = દેખાડવું

અર્થાત્ આત્માને સામે રાખીને વૈરાગ્યાદિ માટે કહે તે ઉપદેશ કહેવાય. આત્માને કેન્દ્રમાં રાખી વૈરાગ્યમય ઉપદેશ સાધુ-સાધ્વી આપી શકે પરંતુ વ્યાખ્યાન

તો અધિકારી સાધુ જ આપી શકે.

આગમ વ્યવહારી શ્રુતજ્ઞાનીઓ યોગ્યતાએ સર્વ કરી શકે જ્યારે જીતકલ વ્યવહારી સાંધુ-સાધ્વી એક જ મર્યાદાએ ચાલે. પોતે આચાર મર્યાદામાં કડક રહે. પૂર્વના શ્રુતધરોનું આલંબન ન લહે. પરંતુ જીતકલ્પે ચાલે. માટે હાલ જીકલ્પ આચારે સાધ્વી વ્યાખ્યાન ન આપે, ઉપદેશ આપે. પ્રસંગે પણ માંગલિક સામાન્યે કરે. બહેનોને પણ આત્મહિતક વૈરાગ્યમય ઉપદેશ આપે.

**ઓઘનિર્યુક્તિ** - બૃહત્ કલ્પસૂત્ર આદિમાં સોળ પ્રકારે સાધર્મિક જણાવ્યા છે. તેમાં પ્રવચનથી શ્રાવક-શ્રાવિકાઓને પણ સાધર્મિક કહેવાય છે.

વડીલ સાધુને રત્નાધિક કેમ કહેવાય છે?•

રત્ન, સુખ-શાંતિ-સમૃદ્ધિ માટે છે. પરંતુ જગતમાં ધન સંપત્તિરૂપી દ્રવ્યથી શાંતિ શાશ્વતી નથી અર્થાત્ આત્યંતિક (સર્વથા) = એકાન્તે શાંતિ નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી ભાવરત્નરૂપી દ્રવ્યથી એકાન્તિક અને આત્યંતિક શાંતિ થાય છે. **રત્ન ત્રિવેણી મળ્યા પછી શાંતિ ક્યારેય જાય નહીં. અરતિ થાય નહીં. ભાવરત્નથી અધિક હોય તેને રત્નાધિક કહેવાય.**

● **જમાલીના ભવ** - જમાલીના પંદર ભવમાં (૫ દેવના, ૫ તિર્યંચના, ૫ મનુષ્યના ભવો છે) હાલ તે આભિયોગિક દેવ-હલકી જાતિમાં છે. તે કીલ્બીષીયા દેવ જેવા હોય છે. તેને દેવ-મનુષ્યના ભવમાં પણ ઘણી યતના ભોગવવાની છે.

● પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનું પાલન હોય, પંચાચાર પાળતી હોય, કદાચ નવકારશી કરનાર હોય (ભાવથી ન હોય) તો તે નવકારશીથી આત્મા નારકીનું દુઃખ તોડે, (ગૃહસ્થની નવકારશીની વાત નથી.)

**પ્રભુના ચરણની પૂજા પ્રથમ છે. તેમાંય ચરણનો અંગૂઠો પ્રથમ કેમ?**

શુભ અને અશુભ બન્ને પ્રકારનાં નામકર્મ એક જ શરીરમાં હોય છે. નાભિની ઉપરનાં અંગો શુભ નામકર્મના ઉદયે છે અને નાભિથી નીચેનાં અંગો અશુભ નામકર્મના ઉદયે છે. ચરણ-અંગૂઠો એ અશુભ નામકર્મના ઉદયથી મળે છે. તે અશુભને પ્રભુએ શુભ બનાવ્યા છે.

**પ્રભુએ અશુભ (અંગોને) શુભ કેવી રીતે બનાવ્યાં?**

જે દુનિયાના વ્યવહારે પણ અશુભ ગણાય તેને પણ પ્રભુએ પોતાની આત્મશક્તિથી... ''સવિ જીવ કરું શાસન રસી'' આદિ ભાવનાથી વાસિત બની પૂજ્ય બનાવ્યા. આથી પ્રભુ સર્વાંગે પૂજનિક બન્યા. દુર્જનને વશ કરે તે વધુ ઉત્તમ કહેવાય. તે ન્યાયે લોક વ્યવહારમાં અશુભ ચરણ અંગૂઠાને પણ શુભમાં પરિણમાવ્યો તેથી પ્રભુને પ્રથમ પગે અંગૂઠે પૂજા કરે છે. પછી બીજા અંગે પૂજા થાય છે.

**મુગુટ-આંગી વિગેરે દાગીના બજારમાંથી લાવી સીધા પ્રભુને ચઢાવાય?**

સોના, ચાંદી, રત્ન વગેરેનો મુગટાદિ બનાવ્યા પછી શ્રાવક તેનો વરઘોડો ચઢાવે મુગટ આદિ આભૂષણોના ૧૮ અભિષેક કરે, વર્ધમાન વિદ્યાથી વાસક્ષેપ કરાવે પછી ભગવાનને ચડાવે. બજારમાંથી કારીગર પાસેથી લાવી સીધા ભગવાનને ચઢાવે નહીં. તથા ભગવાનને ચડાવાતાં પવિત્ર થયેલા મુગટ વગેરે આભૂષણોને બહુમાન સાથે ઊંચે મૂકે તેને નીચે ન મુકાય.

**ચૈત્ય કેટલા પ્રકારના?**

ચૈત્ય પાંચ પ્રકારનાં છે. (૧) મંગલ ચૈત્ય (૨) ભક્તિ ચૈત્ય (૩) નિશ્રાકૃત ચૈત્ય (૪) સાધર્મિક ચૈત્ય (૫) સિદ્ધાયતન ચૈત્ય.

**(૧) મંગલ ચૈત્ય** - ભગવાનની મંગલમૂર્તિ ઘરની બારસાખમાં ચિતરાવે કે કોતરાવે, ઘડાવે તે મંગલ ચૈત્ય છે. વિવિધ તીર્થકલ્પ નામના ગ્રંથમાં પૂ. જિનપ્રભસૂરિ મ. એ મથુરાના પ્રબંધમાં જણાવેલ છે. મંગલ ચૈત્યના પ્રભાવે ઘરમાં અશુભ તત્ત્વો કે ઉપદ્રવો આવતા નથી. માનસિક સમતુલા જળવાય છે.

**(૨) ભક્તિ ચૈત્ય** - ગૃહસ્થ ભગવાનની આરાધના-ભક્તિ અર્થે પોતાના ઘરે દેરાસર બનાવે તે.

**(૩) નિશ્રાકૃત ચૈત્ય** - અમુક ગચ્છને આશ્રયી ચૈત્ય હોય તે નિશ્રાકૃત ચૈત્ય-તેમાં દર્શન-પૂજા ભક્તિ બધા જ ગચ્છવાળા કરી શકે પરંતુ પ્રતિષ્ઠા વગેરે તે જ ગચ્છવાળા કરાવી શકે. અનિશ્રાકૃત ચૈત્ય - તે કહેવાય કે જે દેરાસર કોઇ નિશ્ચિત ગચ્છ આશ્રયી ન હોય. સર્વ ગચ્છ આશ્રયી હોય.

**(૪) સાધર્મિક ચૈત્ય** – એટલે વિતરાગ શાસનની વિશિષ્ટ આરાધના કરનાર આત્માની પ્રતિમાદિ સ્થાપવા રૂપ ચૈત્ય કરે તે સાધર્મિક ચૈત્ય.

**(૫) સિદ્ધાયતન ચૈત્ય** – શાશ્વત પ્રતિમાનાં ચૈત્યો તે સિદ્ધાયતન. આ શબ્દના (કર્મધારય અને ષષ્ઠી તત્પુરુષ સમાસથી) બે અર્થ થાય.

(१) सिद्धं यद् तद् आयतनञ्च = સિદ્ધાયતન = સિદ્ધ (શાશ્વત) એવાં જિનાલયો એવો અર્થ થયો. અર્થાત્ શાશ્વત જિનાલયો, આ કર્મધારય સમાસથી અર્થ થયો.

(२) सिद्धस्य आयतनं – સિદ્ધનું મંદિર આ ષષ્ઠી તત્પુરુષ સમાસથી અર્થ થયો.

અહીં પહેલો અર્થ લેવાનો, સિદ્ધનું મંદિર એ અર્થ નહીં લેવાનો કારણ કે સિદ્ધનું મંદિર હોય નહીં, પુંડરીકસ્વામી સિદ્ધ છે પુંડરીક સ્વામીનું મંદિર સિદ્ધાચલની ભાવના સાથે સંયુક્ત છે અન્ય સ્થાને એકલું પુંડરીકસ્વામીનું મંદિર ન હોઇ શકે.

સિદ્ધોનું મંદિર હોય નહીં, પૂજા થાય નહીં. સિદ્ધોનું જુદું સ્થાન હોય નહીં. નવપદજીમાં સિદ્ધપદ છે તે સ્પેશ્યલ સિદ્ધની પૂજા નથી પરંતુ અરિહંત ભગવાનની આજ્ઞા મુજબ તેમની ઇમ્પ્રેશન તેમની અસર આજ્ઞા પાળવાથી સિદ્ધપદ મળે તે માટે સિદ્ધપદની પૂજા છે. પરમાત્માના થિયોરિટિકલ સિદ્ધાન્તને પ્રેક્ટિકલ રૂપે સાધુ પોતાના જીવનમાં મૂકે છે માટે સાધુ પૂજનિક છે. આપણને અનંતર ઉપદેશક સાધુ છે. તો પછી...

**પહેલાં સિદ્ધપદ કે સાધુપદ વગેરે કેમ ન મૂક્યું?**

શ્રી જિનભદ્રગણીએ એનો ખુલાસો કર્યો છે કે આ ગુણાનુવાદ છે ગુણની પૂજા છે, કોઇ વ્યક્તિવાદ નથી. નીચેના દરેક પદમાં અરિહંત પદની અનુવૃત્તિ ચાલે છે. ''અરિહંતાણં સિદ્ધાણં નમઃ'' અરિહંતની આજ્ઞા મુજબ જેણે કર્મક્ષય કર્યો છે તે સિદ્ધને નમસ્કાર છે. અરિહંતાણં સાહૂણં નમઃ અરિહંતની આજ્ઞા મુજબ સંયમ સાધના કરે છે તે સાધુને નમસ્કાર છે. એટલે દરેક જગ્યાએ અરિહંતોની આજ્ઞા અને શાસનની જ મહત્તા છે. ગર્ભિત રીતે પૂજન અરિહંતનું જ

છે. સિદ્ધચક્રમાં વ્યક્તિગત કોઇને લીધા નથી. ગુણોથી યુક્ત લીધા છે. વિકાસક્રમે લીધા છે અર્થાત્ ક્ષાયિકભાવે અને ક્ષયોપશમભાવે જે વિકાસ થયો છે તે પ્રમાણે આ વ્યવસ્થા છે. ગુણોના સમૂહરૂપે આચાર્યદિ લીધા છે. સિદ્ધાયતન એટલે શાશ્વત ચૈત્યો. શાશ્વત ચૈત્યો દેવલોક તીર્થલોક વગેરે સ્થાને છે.

છ કાયના સમારંભમાંથી ગૃહસ્થોને વિરતિમાં લાવવા માટે જે સ્થાન તે મંદિર.

મંદિરો અરિહંત પરમાત્માનાં જ હોય. સિદ્ધોનાં, આચાર્યોનાં, ગુરુઓનાં ન હોય. ગુરુનાં સ્તૂપો બનાવાય. પાદુકા હોય પણ પૂજનિક મૂર્તિઓ ન હોય. પૂજા ન કરાય. વંદનીય બને. ગૌતમસ્વામી આદિ ગણધરોની બે રીતે (બે આકારવાળી) મૂર્તિ હોય. (૧) પ્રવચનમુદ્રા અને (૨) પર્યાંકાસને.

પુંડરિક ગણધર ગૌતમસ્વામી વગેરેની સાધુ અવસ્થાએ પ્રતિમા હોય તો ગુરુવંદન કરવાનું અને સિદ્ધ અવસ્થાએ = પદ્માસને પ્રતિમા હોય ત્યારે ચૈત્યવંદન કરવાનું. પહેલાં દેશી રાજ્યોમાં ૩૧ તોપોની સલામ અમુકને, ૨૨ તોપોની સલામ અમુકને, ૧૧ તોપોની સલામ અમુકને હોય છે. બધાને સરખી સલામ ન હોય તેમ તીર્થંકર પરમાત્માને જ નવાંગી પૂજા થાય. બધાને ન થાય. શાસનદેવોનું સાધર્મિક રીતે નમન, તિલક પૂજા કરાય પણ નવાંગી તિલક ન કરાય.

**લાભ એટલે શું?**

સાધુ સાધ્વી સવારે પ્રતિક્રમણ પડીલેહણા અને સજ્ઝાય કરી ગુરુ મ. પાસે આદેશ માંગે તેમાં ગુરુ મ. લાભ કહે... તો સાધુને શાનો લાભ?

રત્નત્રયીની આરાધનાની પ્રાપ્તિ તેનો લાભ પામે. એમ ગુરુ મ. 'લાભ' કહે છે. ગોચરીનો લાભ પામો એમ નથી કહેતા. પણ હા, ગોચરી એ ચારિત્રનું અંગ છે. તેથી ગૌણ ભાવે આવી જાય, ગોચરીનો લાભ પણ રત્નત્રયીની-ચારિત્રની શુદ્ધિ કરાવે આથી તેવો અર્થ થાય કે ''બેંતાલીશ દોષ રહિત ગોચરીનો લાભ થાય.'' ગોચરી વહોરી લાવ્યા પછી ગોચરીનો અધિકાર ગુરુ મ. નો છે.

સાધુ ગોચરી લેવા નીકળે ત્યારે ગૌતમસ્વામી ભ. નું નામ લઇને નીકળે એવું કેમ?

ગૌતમસ્વામીને અનંત લબ્ધિ પૈકી એક લબ્ધિ-અક્ષીણ મહાનસી લબ્ધિ હતી.

અક્ષીણ એટલે નાશ ન પામે તેવું.

મહાનસ્ - એટલે રસોડું તેની લબ્ધિ એટલે મિષ્ટાન્નપાન પ્રાપ્તિ.

આવી લબ્ધિ જેમાં અખંડ વર્તે છે તેવા ગૌતમસ્વામી પોતાનો અંગૂઠો પાત્રમાં રાખે તો ખૂટે નહીં. અહીં (ગૌતમસ્વામી અષ્ટકમાં) ''મિષ્ટાન્નપાન''માં મિષ્ટ એટલે શરીરને જીભને પુષ્ટ કરે તેવું એ અર્થ નથી પણ મિષ્ટ એટલે ચારિત્રને પુષ્ટ કરે તેવો નિર્દોષ-૪૨ દોષરહિત આહાર પાણી વસ્ત્ર ગૌતમસ્વામીના નામસ્મરણથી મળે તે અર્થ છે. સાધુને ભિક્ષાવૃત્તિ હોય છે જ્યારે ઉંછવૃત્તિ અને કાપોતવૃત્તિ સંન્યાસીઓને હોય છે.

ઉંછ એટલે ખળામાં જે દાણા પડ્યા હોય તે સંન્યાસી આદિ એ દાણા વીણી લઇ જાય અને તેનાથી વૃત્તિ પોષે.

કાપોતવૃત્તિ-કબૂતરની જેમ ધૂળમાં પડેલા દાણા વીણીને વૃત્તિને પોષે આ રીતે અન્ય ધર્મીના ભેદ છે.

જૈન સાધુને ભિક્ષાવૃત્તિ-ગોચરી વૃત્તિ હોય છે.

**નયદ્વાર :**

નય એટલે શું?

ની ધાતુ ઉપરથી નય શબ્દ બન્યો છે.

ની = લઇ જવું. શું લઇ જવું? કોઇપણ પદાર્થમાં અનેક જાતના ગુણધર્મો છે, તે પદાર્થને જ્ઞાનના વિષયમાં કેવી રીતે લઇ જવા? તે સમજવા માટે નયવાદ છે.

ટૂંકી બુદ્ધિમાં પદાર્થનું વિશાલ જ્ઞાન સમાય તે માટે નયસ્વરૂપ સમજવું જરૂરી છે. પદાર્થને બુદ્ધિમાં ઉતારવા તેના એકાદ સ્વરૂપની વિચારણા તે નય કહેવાય. પિતામાં અનેક ધર્મો છે. પિતામાં પુત્રધર્મ, મિત્રધર્મ, મામાધર્મ આદિ અનેક ધર્મો રહેલા છે. પણ જ્યારે જે સંબંધના આધારે જે ધર્મની વિવક્ષા કરવાની હોય ત્યારે

તે જ ધર્મની વિવક્ષા મુખ્ય ગણાય છે. બીજા ધર્મો ગૌણ થાય જેમ કે, વ્યક્તિ એક જ હોવા છતાં ભાણાની અપેક્ષાએ મામા છે, પિતાની અપેક્ષાએ પુત્ર છે. અપેક્ષિત ગુણધર્મ સિવાયના તમામ ધર્મો ગૌણભાવે હોય છે, તેમ જે પદાર્થને મુખ્ય જણાવવો હોય તે મુખ્ય રહે બાકી ગૌણમાં રહે. નયવાદને સ્વીકારવાનું અંતરંગ કારણ એ છે કે પોતાની સમજણમાં અન્ય પદાર્થો કે ધર્મોના ભાવો ગૌણ રાખી જે પદાર્થના જે વિષયનું = ભાવનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેને મુખ્યભાવે સ્વીકારે. આમ નયવાદી અધ્યાત્મ યોગમાં સાપેક્ષ ભાવો વિચારતો હોવાથી પરિણામે સમાધિ પ્રાપ્ત થાય છે.

નય એ વિચારવાનો વિષય છે, સ્યાદ્‌વાદ એ બોલવાનો વિષય છે. બોલતી વખતે પદાર્થનું એક સાથે એક જ સ્વરૂપે બોલાય છે કારણ કે બોલાતા શબ્દો ક્રમસર આવે છે. સ્યાદ્‌વાદ એટલે પદાર્થના તમામ ધર્મોને સામે રાખીને વિવેચન એક દૃષ્ટિએ કરે. વસ્તુના અનેક ધર્મને ધ્યાનમાં રાખી વિવેચન કરે તે સમ્યગ્‌દૃષ્ટિ. વિપરીત અર્થાત્ એકાદ ધર્મને પકડી માને-વિવેચન કરે તે મિથ્યાદૃષ્ટિ.

નય ખૂબ મહત્ત્વના છે. નયના ઘણા ભેદ થાય છે તેમાં સ્થૂલદૃષ્ટિએ મૂળ ૭ ભેદની વિવક્ષા છે. તેમાં પ્રથમ નૈગમનય છે.

**નૈગમ એટલે શું?**

નૈક = ન એક = અનેક, ઘણા

ગમ એટલે જ્ઞાન જાણવું, અર્થાત્ = પદાર્થોને અનેક સ્વરૂપે જાણવા અથવા અનેક સ્વરૂપે રહેલા પદાર્થોમાં એક સામાન્ય સ્વરૂપે સંગ્રહ તે નૈગમ નય છે. વિવક્ષા સામાન્ય અને વિશેષ એમ બે રીતે થાય છે. સામાન્ય તે વ્યાપક ધર્મ છે વિશેષ તે વિભાગ પાડે છે. વિશેષમાં તે તે પદાર્થો આવે સામાન્યમાં પેટાભેદ વ્યાપક ધર્મ = સર્વવ્યાપક - જેમ માણસત્વ એ વ્યાપક ધર્મ છે, જ્યારે વિશેષ ધર્મમાં શ્રીમાળી પોરવાડ-આદિ મનુષ્યત્વ સર્વવ્યાપક છે, તેમાં વિશેષ વાણિયા-વાણિયામાં પણ વિશેષ શ્રીમાળી-પોરવાડ આદિ. વિશેષમાં જે આવે તે મહાવ્યાપક દૃષ્ટિએ સામાન્ય બને. વિવક્ષાએ-મનુષ્યપણું-વાણિયાપણું, પોરવાડપણું ત્રણે ધર્મ

વિવક્ષાએ યોગ્ય છે, કોઈનો ઈન્કાર ન થાય. આ રીતે નૈગમનય મહાસત્તાએ વ્યાપક છે જેમ મનુષ્યત્વ લીધું તો તે મનુષ્યભાવ બધામાં વ્યાપક બને છે. દ્રવ્ય-ગુણ-કર્મ બધામાં સત્ પણું છે. પદાર્થનું હોવાપણું તે સત્ (ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય) ત્રણે જેમાં હોય તે સત્ કહેવાય. આ ત્રણે ધર્મ ઘટે તેને સત્ કહેવાય છે. વાછરડાને શીંગડાં નથી ને ગધેડાને શીંગડાં નથી આમ બંનેમાં શીંગડાં નથી તો પણ બંને નકારમાં ફર્ક છે. વાછરડામાં ઉત્પાત કાલાનુસારે શીંગડાં નથી, પરંતુ સત્તા સ્વરૂપે છે અને ગધેડાને સત્તા રૂપે શીંગડાં નથી, તેમ નકાર બન્ને ભાવે છે. એકમાં ભાવિ કાળે શીંગડાં છે. વર્તમાન કાળે પ્રત્યક્ષ નથી પણ સત્તાએ તો છે. ત્યારે બીજા નકારમાં તો સત્તામાં જ નથી.

અનેક પ્રકારના ભાંગા દ્વારા વસ્તુને જાણે તે નૈગમનય. દાખલા તરીકે ''કોઇ કહે, તમે ક્યાં રહો છો?'' તો તિર્ચ્છાલોકમાં. તિર્ચ્છાલોકમાં ક્યાં? તો જંબુદ્વીપમાં, તેમાં પણ ક્યાં? તો જયપુર. આમ બધા જવાબોને સ્વીકારે તે નૈગમનય.

જગતના પદાર્થોમાં મુખ્ય બે ગુણધર્મો છે : સામાન્ય અને વિશેષ. તે પૈકી સામાન્યને જાણે તે સંગ્રહ. વિશેષ માને તે વ્યવહાર. જગતના પદાર્થોને આખી જાતિ સ્વરૂપ ૧-૧ જ ગ્રહણ કરે તે સંગ્રહનય. જગતના તમામ પદાર્થને સમગ્ર એક જાતિ સ્વરૂપે ગ્રહણ કરનાર વેદાન્તિક મત છે, તે સંગ્રહ નયથી ઉત્પન્ન થયો છે. તે મત સંગ્રહ નયને પ્રધાન કરી સામાન્ય વિશેષ એક જ છે એમ માને છે. ''બ્રહ્મ સ્વરૂપ જગત છે, બીજી કોઇ વ્યક્તિ નથી.'' આમ સંગ્રહ નય પદાર્થની જાતિ જ ગ્રહણ કરે છે.

નૈગમનય = સામાન્ય વિશેષ બંન્નેને માને છે.

વ્યવહારનય = વિશેષ ધર્મને માને છે.

સંગ્રહનય = ધર્મને માને છે.

ઋજુસૂત્રનય = વર્તમાનકાળે જે હાજર હોય તેને માને. પ્રત્યક્ષ હોય તેને માને અર્થાત્ પોતાને આધીન હોય એ ઋજુસૂત્રનય છે.

બૌદ્ધો, નૈયાયિકો વગેરે ઋજુસૂત્રનયના મતે છે.

દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાએ નય બે પ્રકારના છે.

(૧) દ્રવ્યાર્થિકનય, (૨) પર્યાયાર્થિકનય.

દ્રવ્યાર્થિકનય = દ્રવ્યને મુખ્ય રાખે.

પર્યાયાર્થિકનય = પર્યાયને મુખ્ય રાખે.

બીજી રીતે વિચારીએ તો....

નયના મુખ્ય બે ભેદ છે; નિશ્ચય નય અને વ્યવહાર નય.

નિશ્ચય નય લક્ષ્યમાં રાખવાનો ને વ્યવહાર નય પ્રવૃત્તિમાં રાખવાનો છે. પદાર્થ-વસ્તુનું બાહ્ય સ્વરૂપ વ્યવહાર નય દેખાડે છે અને અંતરંગ સ્વરૂપ નિશ્ચય નય દેખાડે છે. બન્નેના અને સમન્વયથી વસ્તુનું તત્ત્વ પરખાય છે, જેમ એક આંખ બંધ કરવાથી બીજી એક આંખે વસ્તુ દેખાય છે પરંતુ વિપર્યાસ જેવું દેખાય છે. જ્યારે બંને આંખનાં સમકિરણોથી વસ્તુ યથાવસ્થિત દેખાય છે. તેમ નિશ્ચય નય અને વ્યવહાર નય બંનેના સમીકરણથી વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાય છે.

**વ્યવહાર એટલે શું?**

વ્યવહાર શબ્દથી આપણે અમલમાં મૂકીએ તે વ્યવહાર અહીં નથી લેવાનો, એટલે કે શુદ્ધ-શિષ્ટાચાર રૂપ વ્યવહાર તે સામાન્ય વ્યવહાર છે. અહીં તો વ્યવહાર નયની વાત છે. નિશ્ચયદષ્ટિને ધ્યાનમાં રાખી વર્તમાનમાં આવશ્યક એકાદ અપેક્ષિત ગુણને સ્વીકારે તે વ્યવહાર નય, એટલે આંશિક ગુણધર્મનો મુખ્યતાએ સ્વીકાર. વ્યવહારમાં નિશ્ચય ભાવ ન હોય તો તે વ્યવહાર નય ન કહેવાય.

વ્યવહાર નય સાથે નિશ્ચય નય હોય પણ મુખ્યતાએ બંને સાથે ન હોય, એકની પ્રધાનતા હોય ત્યારે બીજા નયની ગૌણતા હોય.

**પ્રશ્ન** – પ્રભુના શાસનમાં વ્યવહારની મહત્તા કે નિશ્ચયની મહત્તા?

**ઉત્તર** – શાસનમાં બંનેની મહત્તા છે. છતાં આચાયધર્મની દૃષ્ટિએ વ્યવહારની મહત્તા વધી જાય છે ઉપદેશપદમાં પૂ. હરિભદ્રસૂરિ મ. જણાવે છે કે જેટલી પ્રવૃત્તિ સારી હોય તે બધી જ સારી જ કહેવાય એનો કાંઇ નિશ્ચય નહિ પરંતુ જે પ્રવૃત્તિ દ્વારા કુશળ અનુબંધ પડે તેજ સાચું છે. જે આ દૃષ્ટાંતથી સમજાશે.

વિતભયનગરીના ઉદયન રાજર્ષિને પ્રતિબોધ કરવા વૈશાખ-જેઠમાસમાં ૧૫૦૦ ગાઉનો વિહાર કરી પ્રભુ મગધમાંથી ગયા ત્યારે રસ્તામાં આવતા તલ અને પાણી તડકાના અભાવથી અચિત્ત છે તે પ્રભુ જાણતા હોવા છતાં ભૂખ અને તરસના સમયે તેનો ઉપયોગ કરવાની પ્રભુએ સાધુઓને આજ્ઞા ન આપી. વ્યવહાર નય ન બગડે તે માટે જ રજા ન આપી. વ્યવહાર એ મુખ્ય છે. શાસન વ્યવહારથી ચાલે છે. છદ્મસ્થની શાસ્ત્રશુદ્ધ દૃષ્ટિ-પ્રવૃત્તિ તે વ્યવહાર, તલપાણી અચિત્ત છે તેવું પ્રભુ કેવલજ્ઞાનથી જાણે છે પરંતુ છદ્મસ્થ ન જાણી શકે... તેથી વ્યવહાર બગડે. કેવલીની દૃષ્ટિએ તલ અને પાણી અચિત્ત હોવા છતાં નિશ્ચયને ગૌણ કરી વ્યવહારને મુખ્ય-આગળ કરાય છે.

એક નયના સ્વરૂપની વાત સમજાવતાં બીજા નયોને ગૌણભાવે પણ સામે રાખવા જોઇએ. કોઇ નય મુખ્ય ભાવે હોય તો કોઇ નય ગૌણ ભાવે હોય છે. આગમમાં જે વાતનું પ્રતિપાદન ચાલતું હોય તેને લક્ષમાં રાખી સાંભળનારને એક પક્ષથી બીજા પક્ષનો વિરોધાભાસ ન થાય તે ધ્યાનમાં રાખવું. દા.ત. એક જ્ઞાનનો વિષય ચાલતો હોય તો જ્ઞાનના પ્રતિપાદન સાથે ક્રિયાનો લોપ ન થાય તેને ધ્યાનમાં રાખીને ગીતાર્થ વ્યાખ્યા કરે.

**'નય' વાક્યમાં એકાંગી વ્યાખ્યાનું સ્વરૂપ હોય છે, ભગવાનના શાસનમાં સર્વાંગી વ્યાખ્યા હોય છે.** ભગવાનના શાસનમાં વિશેષ સામાન્ય બંનેનો પરસ્પર સમાવેશ કરે. સામાન્યમાં વિશેષનો ઇન્કાર નહિ, વિશેષમાં સામાન્યનો ઇન્કાર નહીં. સામાન્ય વિશેષ તાદાત્મ્ય સંબંધવાળું છે, છતાં નૈયાયિકો-કેટલાક લોકો અત્યન્ત ભેદ માને છે. તેથી જ ભિન્ન ભિન્ન દર્શનો ઉભા થયાં છે. નય તે સમાધિ માટે છે, સમાધાન માટે છે અર્થાત્

નય એટલે વસ્તુના અનંત ગુણધર્મોમાંથી એકાદ સ્વરૂપ-ગુણધર્મની વિચારણા તે નય. જૈનશાસનમાં સઘળી વસ્તુનો વિવિધ દૃષ્ટિએ સમાવેશ કર્યો છે. ભિન્ન ભિન્ન વસ્તુની અનેક દૃષ્ટિએ વિચારણા કરી છે. તેમાં પણ જ્યારે કોઇપણ વસ્તુ કહેવામાં આવે તો કોઇપણ એકાદ નયની મુખ્યતાને અનુલક્ષીને કહેવાય. બીજા

નયોને ગૌણભાવે સ્વીકારે.

**ચાર અનુયોગ અને આગમ**

અનુયોગ શબ્દમાં અનુ + યોગ (યુજ ધાતુ) છે

ગુરુ ગમથી (મોહના ક્ષયોપશમથી) અર્થની જે પરિપાટી ચાલતી હોય તેમાં મન, વચન, કાયા પ્રવર્તાવવા તે અનુયોગ છે.

જિન શાસનમાં ચાર અનુયોગ છે.

(૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) ચરણકરણાનુયોગ (૪) કથાનુયોગ.

ભગવાનની વાણી (દરેક આગમ) ચાર અનુયોગવાળી બતાવેલી હતી, દરેક આગમમાં ચાર-ચાર અનુયોગ થતા હતા. ત્યારે નયોનો એમાં સંબંધ હતો પણ પડતા કાળને સામે રાખી પૂ. આર્યરક્ષિત મ. એ આગમોની ચાર અનુયોગમાં વહેંચણી કરી. જ્ઞાન-આગમને અનુયોગથી પૃથક્ કર્યું. અર્થાત્ ૪ અનુયોગમાં આગમો વહેંચાયાં. તે પૂર્વે એક આચારાંગ આદિમાંથી ચારે અનુયોગ વાત = અર્થ સાથે નીકળતા હતા.

**પ્રશ્ન** - આગમના દરેક વાક્યના ૪-૪ અર્થ થઇ શકે?

**ઉત્તર** - હા, આગમના દરેક વાક્યના ૪-૪ અર્થ પૂર્વે થઇ શકતા હતા આજે પણ એક જ વાક્યમાંથી અનેક અર્થો મળે તેવા ગ્રંથો છે.

''राजा नो ददते सौख्यं'' રાજા અમને સુખ આપે છે.

આટલા શબ્દના શ્રી સમય સુંદરજી ગણીએ આઠ લાખ અર્થ કર્યા છે.

એક णमो अरिहंताणं પદના ૧૫૦ અર્થ કર્યા છે.

''ધમ્મો મંગલ''ની એક ગાથાના ૫૧ અર્થ કર્યા છે અને એ જ ગાથાના અર્થમાં એક અપેક્ષિત સુવર્ણ સિદ્ધિની ઔષધિ પ્રયોગ વગેરે છે તે સુવર્ણ સિદ્ધિ પણ તે જ ગાથાના અર્થમાંથી નીકળે છે.

''સપ્તસંધાન મહાકાવ્ય'' એ એક વિશિષ્ટ મહાકાવ્ય છે. તેમાં

આદીશ્વર, નેમિનાથ, મહાવીરસ્વામી, શાંતિનાથ, પાર્શ્વનાથ, રામ, કૃષ્ણ

આ રીતે સાત મહાપુરુષનાં સાત ચરિત્ર એક જ વાક્યમાંથી સાથે અને સરખાં મળે.

વજસ્વામીજી મ. સુધી એક આગમના ચાર અર્થ નીકળતા હતા પણ પડતા કાળમાં ભાવિ પ્રજા ઊંધો અર્થ ન કરે એટલે તેઓએ અનુયોગની પૃથગ્ વહેંચણી કરી.

આચારાંગ આદિને ચરણાયોગમાં

ઉત્તરાધ્યયન આદિને ધર્મકથાનુયોગમાં

સૂર્યપજ્ઞપ્તિ આદિને ગણિતાનુયોગમાં અને

ભગવતીજી આદિને દ્રવ્યાનુયોગમાં.

એમ તે તે આગમમાંથી એક એક અર્થ બતાવી બાકીના ત્રણ અર્થો કેવી રીતે કરવા તે ન બતાવ્યા એ રીતે પૃથક્ અનુયોગ કર્યા, બીજા ત્રણ યોગના અર્થ તો આગમમાં હતા જ. પણ શિષ્યને એક એક અનુયોગ બતાવ્યો. એક જ આગમમાંથી બાકીના ૩-૩ અનુયોગની પરંપરા વિચ્છેદ પામી.

**પૂર્વનું તીર્થ ચાલુ હતું તો શ્રી મહાવીર પ્રભુએ શાસન શા માટે સ્થાપ્યું?**

શાસન સ્થાપ્યું એટલે?

પૂર્વ કાળથી શાસન તો હતું જ પરંતુ તેમાં કેવળજ્ઞાનાદિ યોગની શક્તિ તે સમયે નહોતી આથી તેમાં શક્તિ પ્રગટાવી. અને દ્વાદશાંગી નવી રચી તેનું કારણ એ છે કે પહેલાંની દ્વાદશાંગી ચાલુ હતી. જેના ઐદંપર્યાય અર્થના જાણકાર ચાલ્યા ગયા હતા. આથી નવી દ્વાદશાંગી રચી. તે દ્વાદશાંગી પણ શબ્દથી નવી રચી પરંતુ અર્થથી નહિ. અર્થથી તો તમામ દ્વાદશાંગી સમાન જ હોય. ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન ૧૪ પૂર્વ હોય. જઘન્યની આત્માનો (અક્ષરનો) અનંતમો ભાગ ખુલ્લો હોય.

**આત્મામાં ષટ્ કારક છે.**

(વ્યાકરણમાં ૭ વિભક્તિ પૈકી ૬ઠી સંબંધ વિભક્તિ સિવાયની ૭ વિભક્તિઓને કારક કહેવાય છે.)

૧. આત્મા

૨. આત્માને

૩. આત્મા વડે

૪. આત્મા માટે

૫. આત્માથી

૬. આત્મામાં જુએ છે.

૧. કર્તા - ક્રિયા કરે તે કર્તા. અહીં કર્તા આત્મા - પુદ્‌ગલ ભાવમાં રહેલ આત્માને સ્વયં આત્મા ઓળખે તે આત્મા કર્તા થયો.

૨. કર્મ-ક્રિયાનું જે ફળ મળે તે કર્મ. - આત્માને ઓળખવો જોઇએ, કોને? આત્માને, આમ આત્મા એ કર્મ છે.

૩. કરણ-ક્રિયા જેના વડે થાય તે કરણ. - આત્મા વડે (પરમાત્મા વડે) પુસ્તક હોય પણ ગુરુ મહારાજ માર્ગ ન બતલાવે તો કેમ ખબર પડે? તીર્થંકર ભગવંત - મૂળ આત્માના સ્વરૂપને સમજાવે ગણધરો આચાર્યાદિ - ધર્મસાધના વડે આત્માને ઓળખાવે પરંતુ પોતાના આત્મા વડે આત્મભાવની પ્રતીતિ થાય તો કલ્યાણ થાય. આમ આત્મા એ કરણ છે.

૪. સંપ્રદાન-જેના માટે ક્રિયા થાય તે સંપ્રદાન. શા માટે? કોના માટે આત્માને ઓળખે?

આત્માને કર્મબંધનથી છોડાવવા માટે, શુદ્ધ આત્મતત્ત્વ પ્રાપ્ત કરવા માટે અર્થાત્ આત્મા માટે, આત્માને જાણે માટે આત્મા એ સંપ્રદાન થયો.

૫. અપાદાન - પૃથગ્ ભાવ - છૂટા પડવું તે અપાદાન છે. આત્મામાં અપાદાન કેવી રીતે?

સંસારના રંગરાગમાંથી છોડાવી વિભાવાત્મક આત્માને પ્રશસ્તમાં લાવી જિનાજ્ઞા મુજબ જોડે તે આત્મભાવે અપાદાન કહેવાય. (પછી સંબંધ ષષ્ઠી મહત્ત્વનું નથી.)

૬. અધિકરણ - ક્રિયા જેમાં રહે તે આધાર અધિકરણ છે. આત્માને અનુભવવાની જે ક્રિયા તે વૃત્તિમાં આત્મામાં રહે. આત્મા અંતરાત્મારૂપ આત્મામાં રહીને ઓળખે, જાણે, સમજે તે અધિકરણ.

આમ, આત્માના ષટ્કારક આ રીતે થાય.

**અનાદિ પારિણામિક ભાવ જીવત્વ, ભવ્યત્વાદિ છે.**

ભવ્યત્વના બે ભેદ છે (૧) ભવ્યત્વ અને (૨) તથાભવ્યત્વ

(૧) ભવ્યત્વ = મોક્ષે જવાની યોગ્યતા.

(૨) તથાભવ્યત્વ = ભવ્યત્વની અવસ્થા વિશેષ-તે તે પ્રકારે ભવ્યપણું પ્રાપ્ત કરે તે તથાભવ્યત્વ.

નિયતિનું સ્વરૂપ-જ્ઞાની ગમ્ય છે. કાલ-સ્વભાવ-નિયતિ-કર્મ-પુરુષાર્થ એ પાંચ કારણો સમવાય કારણ છે. તેમાં સ્વભાવ એ ભવ્યત્વ છે. બાકીનાં ૪ કારણો એ તથાભવ્યત્વ છે. જેમ કેરી-સ્વભાવ પ્રમાણે વૈશાખ જેઠ મહિને પાકે પણ મહા-ફાગણમાં સંયોગાધીન બને તો પાકે છે. તેની જેમ જ સમવાય કારણો મળી જાય તો તથાભવ્યત્વનો પરિપાક થાય.

અભવિ અને જાતિભવિમાં તફાવત એ કે અભવિ સામગ્રી મળે છતાં મોક્ષ ન મેળવી શકે. જાતિ ભવ્યમાં-યોગ્યતા છે પણ સામગ્રી મળતી નથી માટે પડી રહ્યો છે. જિનશાસનની વાતો સાપેક્ષ ભાવે હોય છે. જે અપેક્ષાએ વાત કહી તે અપેક્ષાએ સમજવી. સાપેક્ષ ભાવે અભવિ અનંતાને મોક્ષે પહોંચાડે તે અપેક્ષાએ અભવિ સારા બાકી મોક્ષ અવસ્થાની યોગ્યતા માટેની અપેક્ષાએ જાતિ ભવ્ય સારા, વિકાસ માટે સામગ્રી આદિ મળ્યું નથી માટે સંસારમાં પડી રહ્યો છે પરંતુ મોક્ષે જવાની યોગ્યતા તો છે જ.

ભાવની ભૂમિકાએ પહોંચવા માટે પુરુષાર્થની જરૂર છે. પાંચ પ્રકારના ભાવો તે ભાવ લેવાના અને તે પુરુષાર્થથી જાગે છે.

**પૂ. યશોવિજયજી મ. જણાવ્યું છે - દોષ (મલ) બે પ્રકારે છે.**

**ભાવમલ અને ક્રિયામલ**

(૧) ભાવમલ અશુદ્ધ અધ્યવસાયોથી મલ ઉત્પન્ન થાય તે ભાવમલ.

(૨) ક્રિયામલ, ક્રિયાથી મલ ઉત્પન્ન કરે તે ક્રિયામલ છે.

તે વધુ દોષિત.

ભાવમલ એટલે મિથ્યાત્વ, તે મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી થાય છે.

ક્રિયામલ એ અવિરતિ; તે ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી જે પ્રવૃત્તિ થાય તે અવિરતિ કહેવાય.

**પ્રશ્ન - ''સર્વ મંગલ માંગલ્યં...'' ગાથામાં ''જૈનં જયતિ શાસનમ્'' પદથી જૈન શાસન જય પામે છે. એ અર્થથી ત્યાં જૈન શાસન એટલે શું?**

ઉત્તર - અહીં જૈન શાસન જય પામવાની વાત છે. જૈન ધર્મની નહીં, કારણ કે શાસન અને ધર્મ વચ્ચે ભેદ છે. પહેલાં શાસન હોય તો ધર્મની કિંમત છે. આપણે બધા ધર્મ કરીએ છીએ, પરંતુ મોહના શાસનમાં રહીને ધર્મ થાય છે. તેમાંથી નીકળીને જૈન શાસનમાં આવવાનું છે. જગતમાં બે શાસન ચાલે છે. મોહશાસન અને જિનશાસન. શાસન શબ્દમાં 'શાસ્' ધાતુ છે. અનુશાસન-આજ્ઞાપાલન. ઓર્ડરના અર્થમાં છે. ઓર્ડર-આજ્ઞાની સામે કોઈ તર્ક-દલીલ ન હોય 'ઓર્ડર ટુ ઓબે' તે શાસન છે.

**ધર્મ અને શાસનમાં મોટું કોણ?**

ધર્મ એ તો કર્તવ્ય છે જ્યારે શાસન એટલે બંધારણ છે. આજ્ઞા કે કર્તવ્ય પણ આજ્ઞા બંધારણમાં રહીને કરવાનું છે. આપણી મન મરજી (મોહશાસન) પ્રમાણે નહીં. ભગવાનની નિત્ય પૂજાદિના પચ્ચક્ખાણ કરેલા હોય, તેને પૂજા વિના આહાર-પાણી ન કલ્પે તે ધર્મ છે. પણ સૂતકાદિમાં પૂજા ન થાય તે શાસ્ત્રાજ્ઞા છે એનું નામ શાસન છે. તેમ ''પ્રધાનં સર્વ ધર્માણાં'' સર્વ ધર્મોમાં પ્રાધાન્ય ક્યારે? હૈયામાં શાસન હોય અર્થાત્ આજ્ઞાપાલનની વફાદારી હોય તે શાસન જય પામે. શાસન સંસારને મૂળથી ઉખેડે છે.

સંસારનું મૂળ કારણ = ભાવકારણ કષાયો છે તે કષાયો લક્ષ્ય-આજ્ઞા પ્રમાણેની ક્રિયાઓથી શમે છે.

**પહેલાં જ્ઞાન કે પહેલાં ક્રિયા**

જ્ઞાન સીમિત (મર્યાદિત) હોય છે. આખી જિંદગી પ્રવૃત્તિ માટે હોય છે. બાળક જન્મે ત્યારે ક્રિયા પહેલાં હોય છે જ્યારે જ્ઞાન પરિપક્વ વયે થાય છે.

ક્રિયાપૂર્વક જ્ઞાન એ શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ જ્ઞાનનું ફળ વિરતિ (ક્રિયા) છે. વિરતિનું ફળ મોક્ષ છે. સંસારનું કારણ અવિરતિ છે. મોક્ષનું કારણ વિરતિ છે. સંસારનું ભાવકારણ કષાયો છે. કર્મથી ઢંકાયેલા જીવને શુદ્ધ જ્ઞાન નથી. વિપરીત જ્ઞાન તે અજ્ઞાન છે તે જ મિથ્યાત્વ છે.

**ઉપધાનમાં ભક્તિસૂત્રોની અનુજ્ઞા**

પ્રથમ જૈનત્વનું મૂળ લક્ષણ જિનેશ્વરની ભક્તિ છે. તેથી શ્રાવકોને પ્રથમ તે યોગ્ય સૂત્રોની આરાધના ઉપધાન કરાવીને ભક્તિસૂત્રોની અનુજ્ઞા આપે છે. તેમાં બીજાં સૂત્રોની અનુજ્ઞાનો પણ સમાવેશ થાય છે.

જેને ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય તે ચારિત્ર મેળવે. જૈનેતર જૈનત્વ મેળવવા તત્પર થાય તો તેને ઉપધાનની ક્રિયા કરાવી શ્રાવકની જૈન દીક્ષા અપાય છે. જૈનેતર જૈન બને ત્યારે પહેલાં વીતરાગ દેવનું ચૈત્યવંદન કરવાનું હોય છે. માટે પાંચ ઉપધાનમાં ચૈત્યવંદન અને દેવવંદનનાં સૂત્રો અપાય છે.

**સરાગસંયમ–અભવિનું ચારિત્ર**

ચરણ કરણાનુયોગની વિવક્ષાએ (પ્રાધાન્યે) એક પ્રકારનો અસંયમ એ જ કર્મબંધ હેતુ દર્શાવ્યો છે. કર્મગ્રંથમાં કર્મબંધનાં ૪ કારણો છે (મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ) પરંતુ ચારિત્રની પ્રધાનતાએ જીવનમાં અવિરતિના લક્ષણભૂત અસંયમ કર્મબંધ કારણ છે.

ઇચ્છાજન્ય કાર્ય એ મોહનીય કર્મની પ્રવૃત્તિ છે.

સરાગ સંયમ એટલે તાત્ત્વિક દૃષ્ટિ સહિત પ્રયત્નો કરવા છતાં રાગ ન છૂટે આથી સરાગપૂર્વકનું સંયમ પળાય છે. એટલે તાત્ત્વિક દૃષ્ટિએ પળાતા સંયમથી કર્મનિર્જરા કરે છે. પરંતુ સર્વકર્મ દૂર કરી શકાય એવો પ્રયત્ન હોવા છતાં તાત્ત્વિક દૃષ્ટિના અભાવે કાર્ય સિદ્ધિ ન કરે. એ માટે બાલ અજ્ઞાનકષ્ટ રૂપ અભવિનું ચારિત્ર હોય.

**માત્ર કેવલી અને તીર્થંકર ભગવાનને ભાવ મન નહિ, દ્રવ્ય મન હોય છે.**

**પ્રશ્ન – સિદ્ધના એકે એક પ્રદેશ અનંતાનંત શક્તિવાળા હોય છે, તો**

**અલોકમાં કેમ જતા નથી?**

**જવાબ** - કાર્ય બે રીતે થાય છે. (૧) ઇચ્છાથી અને (૨) બળાત્કારથી

સિદ્ધના જીવો અલોકમાં ન જઇ શકે તેમાં ધર્માસ્તિકાયાદિ અભાવ એ હેતુ ગૌણ છે. મુખ્ય હેતુ તો કોઇપણ પ્રવૃત્તિ કે કાર્ય, ઇચ્છા અથવા બળાત્કારથી થાય છે તે વિના થાય નહિ. તે બે કારણો પૈકી એકપણ (કારણ) સિદ્ધના જીવને નથી માટે સિદ્ધના જીવ ઉપર જતા નથી.

શુદ્ધ આત્મા અનંત શક્તિવંત છે. શક્તિને ફોરવવા માટે યોગ્ય પ્રેરક સહાય ન હોવાથી ત્યાં જઇ અટકે છે. સિદ્ધશિલા સુધી ધર્માસ્તિકાયાદિ સહાયરૂપ છે. તીર્થંકરો પોતાના જ્ઞાનનો ઉપયોગ પોતાના શરીર માટે ન કરે - પરોપકાર માટે કરે.

**કૃતકૃત્ય ભગવંત બે પ્રકારે હોય**

(૧) ઇચ્છાજન્ય કૃતકૃત્ય, (૨) પ્રવૃત્તિજન્ય કૃતકૃત્ય

(૧) ભગવંતને પૂર્વના ત્રીજા ભવથી ઇચ્છાચક્ર બંધ હોય છે. ત્યારથી જ ઇચ્છાજન્ય કૃતકૃત્ય બની ખાવું પીવું બેસવું વગેરે વ્યવહારુ ઇચ્છાઓ ક્રમબદ્ધ પર્યાયથી થાય છે પરંતુ મોહજન્ય નથી,

(૨) ભગવંત ૧૩ મે ગુણસ્થાને પ્રવૃત્તિજન્ય કૃતકૃત્ય છે. પ્રભુ સવારે ૩ કલાક, બપોરે ૩ કલાક એમ રોજ ૨ પ્રહર દેશના આપે છે. તે સંસારી જીવોને મોહનીય કર્મની આગ શાંત થાય અને વાસનાની ભૂખ તૃષા ઇચ્છા તે નષ્ટ થાય તે માટે આપે છે.

ગોચરી ટાઇમ વહેલો કરે તે ઉત્ષ્વસ્કણ-ગોચરી મોડો કરે તે અપષસ્કણ, સાધુ મોડા આવે તો મોડા-વહેલા આવે તો પહેલાં રસોઇ કરે તે પાંચમા અધ્યયને 'ओसंकिया' આવે છે તે અર્થ સમજવો.

**વીસસ્થાનક અને જિનનામકર્મ**

વીસસ્થાનક તપારાધના કરે તે જિનનામ કર્મ બાંધે એમ નહીં પરન્તુ જિનનામ કર્મ બાંધનાર જીવે વીસસ્થાનક તપમાંથી બધા પદની કે એક પદની આરાધના કરેલી હોય જ. એ આરાધનાના પાયામાં ''સવિ જીવ કરું શાસન રસી''ની ભાવના

હોય જ. ગણધર નામકર્મ ચક્રવર્તી નામકર્મ આદિ પણ વીસસ્થાનક તપારાધનાથી નિકાચિત કરે છે પણ વિશિષ્ટ પ્રકારનું તીર્થંકર નામકર્મ તો સવિજીવના કલ્યાણની ભાવના ઉદાત્ત ભાવે હોય ત્યારે થાય છે બાકી વીશસ્થાનકની આરાધનાથી ચક્રવર્તી-ગણધર મહારાજાદિ પણ બને. તીર્થંકર પદ યોગ્ય આત્માઓને પ્રથમથી જ તે ''સવિજીવ.'' ભાવ હોય જ અને તેને સાકાર બનાવવા વ્યવહાર નિમિત્તનું કારણ વીસસ્થાનક તપ આચરે-તેનાથી ભાવોનું દઢીકરણ કરે.

વધુ ભવોને ટૂંકાવી ૩ ભવ રાખે એવી આરાધના પૂર્વના ત્રીજા ભવે તીર્થંકરનો આત્મા કરે છે. પૂર્વના ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ નિકાચિત ત્રણે વેદોથી કરી શકે છે. ઉદયમાં માત્ર પુરુષ તીર્થંકર હોય.

નિગોદમાં જીવ હોય તેને કેવળજ્ઞાની જોઇ શકે કે આ તીર્થંકર યોગ્ય આત્મા છે. નિગોદથી નીકળેલ તીર્થંકરનો જીવ જ્યારે સમ્યકત્વ પામે ત્યારે તેને વરબોધિ કહેવાય. સામાન્યને બોધિ કહેવાય. વર એટલે શ્રેષ્ઠ, બોધિ એટલે સમ્યકત્વ.

**બંધમાં ૧૨૦ પ્રકૃતિ જણાવી છે તેમાં પ્રશસ્ત કેટલી?**

૧૨૦ પ્રકૃતિમાંથી તીર્થંકર, નામકર્મ અને આહારકદ્વિક એ ત્રણ પ્રકૃતિ પ્રશસ્ત કહી છે. જ્ઞાનીની આજ્ઞા અનુસાર કર્મ નિર્જરા થાય તે પ્રશસ્ત પ્રકૃતિ કહેવાય. બાકીની અપ્રશસ્ત કહેવાય. પહેલું સંઘયણ-મનુષ્ય પ્રકૃતિ આદિ શુભ છે. તે પુણ્ય પ્રકૃતિ હોવા છતાં હેયમાં અને ઉપાદેયમાં જાય. જેમ કાલસોરિક કસાઇને પહેલું સંઘયણ, મનુષ્યપણું હતું છતાં અશુભમાં ગણવાનું કારણ કે તે પાપ બંધાવે છે. ચરમ શરીર કે આરાધક આત્માને સંઘયણ જાતિ વગેરે શુભમાં ગણવાનું તે ઉપાદેયમાં જાય. એ વાત અપેક્ષાએ કહી છે. પરંતુ પ્રશસ્ત ૩ પ્રકૃતિ જ ગણાય. જે પ્રકૃતિના ઉદયમાં નિશ્ચે જ્ઞાનીની આજ્ઞા મુજબનું જીવન જીવી કર્મ નિર્જરામાં નિમિત્ત બને તે પ્રશસ્ત પ્રકૃતિ કહેવાય.

**જ્ઞાનના અભાવમાં સમ્યકત્વ**

નવતત્ત્વમાં ''**जीवाई नव पयत्थे**'' ગાથામાં ''**भावेण सद्दहंतो**'' પદથી જણાવે છે કે ભલે પોતામાં જ્ઞાન ન હોય પણ જેનામાં જ્ઞાન રહેલું છે તેની આજ્ઞા

મુજબ ભાવશ્રદ્ધાથી ચાલે તો પણ સમ્યકત્વ પામી શકે - પાળી શકે.

દર્શનાચારના ૮ પ્રકારમાંથી પહેલાંના ૪ પ્રકાર પોતાનું સમ્યકત્વ નિર્મલ બનાવવા માટે મહત્ત્વના છે અને પાછળના ચાર પ્રકાર શાસન પ્રભાવના માટે છે.

**તપધર્મમાં દાહકતા**

સમિતિમાં પ્રવૃત્તિ રૂપ ધર્મ છે. તપમાં નિવૃત્તિ ધર્મ છે. મોહનીય કર્મથી ઉત્પન્ન થતી ઇચ્છા તેનો નિરોધ કરવો તેનું નામ તપ. ઇચ્છા નિરોધ ન કરે તો પણ બાહ્ય તપ કરી શકે છે. બાહ્ય તપ એ પ્રવૃત્તિધર્મ છે. અંતરંગ તપ એ નિવૃત્તિ ધર્મ છે. અનાદિકાલના સંસ્કારજન્ય વાસનાને રોકવા માટે અભ્યંતર તપ કરવાનો છે. સંયમ એ પ્રવૃત્તિપ્રધાન ધર્મ છે, તપ એ નિવૃત્તિપ્રધાન ધર્મ છે. ઇચ્છાઓનો જેમ જેમ નિરોધ કરે તેમ તેમ આત્મશક્તિ વિકાસ પામે છે. આઇગ્લાસ અને બિલોરી નામે કાચ આવે છે. તેને તડકામાં રાખી નીચે રૂ મૂકો તો તે રૂ બળી જશે. આ દાહકત્વ ક્યાંથી આવ્યું? સૂર્ય પ્રકાશમાં ગરમી છે પણ ગરમીનો રોધ કરવાથી ભેગી થઇને દાહક શક્તિમાં ફોરવાઇ ગયા. તેમ કર્મો બહુ નિકાચિત હોય તો પણ તપથી તેનો અનુબંધ તોડે અને રસોદય તોડે, સામાન્ય ઉદયમાં માત્ર પ્રદેશોદય આવી ખલાસ થાય.

**જગતમાં ત્રણ સત્તા છે - રાજસત્તા, કર્મસત્તા, ધર્મસત્તા**

લોકોને દબાવે તે રાજસત્તા.

રાજાને દબાવે તે કર્મસત્તા અને

કર્મને દબાવે તે ધર્મસત્તા.

ગમે તેવી પરિસ્થિતિ આવે તો પણ અઠવાડિયે ઓછામાં ઓછો ૧ જીવ સમ્યકત્વ પામે જ. ૧૫ દિવસે ૧ જીવ દેશ વિરતિ પામે જ. મહિને એક જીવ સર્વવિરતિ પામે જ. છ મહિને એક જીવ મોક્ષે જાય જ. આ ધર્મ સત્તાનો પ્રભાવ છે.

**યોગશાસ્ત્રમાં ત્રણ યોગ બતલાવ્યા છે.**

ઇચ્છાયોગ = ઇચ્છા પ્રમાણે કરે તે

શાસ્ત્રયોગ = શાસ્ત્રમાં આજ્ઞા શું છે. તે આજ્ઞા પ્રમાણે કરે.

સામર્થ્યયોગ = ૮ મે ગુણસ્થાનક આવે.

દર્શનમોહનીયનું અપૂર્વકરણ ૪ થે ગુણઠાણે આવે.

ચારિત્ર મોહનીયનું અપૂર્વકરણ ૮ મે ગુણઠાણે આવે.

ગીતાર્થ ગુરુની નિશ્રામાં રહી પરિણત ભાવે આરાધના કરે તો ક્રમશઃ સામર્થ્યયોગ સુધી પહોંચે.

**ધર્મની આરાધનાવાળા જીવો ૩ ભેદે હોય છે.**

(૧) પરિણતજીવ, (૨) અપરિણત જીવ, (૩) અતિપરિણત જીવ તેમાં

(૧) પરિણત = ગીતાર્થ આજ્ઞાને ઉત્સર્ગમાર્ગ અપવાદ બન્નેને જાણી સમજી યોગ્ય વિચારપૂર્વક કહે, કરે તે પરિણત.

(૨) અપરિણત = શાસ્ત્રના નામે માત્ર અપવાદ માર્ગ જ સ્વીકારે.

(૩) અતિપરિણત = ઉત્સર્ગ માર્ગ જ પકડે. શાસ્ત્રમાં કીધું છે એટલે બસ કરવાનું જ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કાંઈ ન વિચારે.

**ગુરુ આજ્ઞામાં જિજ્ઞાસા ભાવ**

ગુરુની આજ્ઞામાં જિજ્ઞાસા ભાવ રાખવો પણ શંકા ભાવ નહીં, મને સમજાય તો જ માનું તે જિજ્ઞાસા નથી. પણ ગુરુ આજ્ઞા સાચી જ છે એમ માની પછી સમજવાનો પ્રયત્ન યથાશક્ય કરવો તે જિજ્ઞાસા છે. કદાચ પોતાને ન પણ સમજાય તો પણ ગુરુ આજ્ઞાને બહુમાનપૂર્વક સ્વીકારે આ પરિણત આત્મા છે.

અહિંસા એટલે ભગવંતની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરવી, જયણાપૂર્વક કરવું તે અહિંસા કહેવાય. હિંસા ન કરવી તેટલા માત્રથી અહિંસા પળાતી નથી પરંતુ તે આજ્ઞા પ્રધાન છે.

**અહિંસા-સંયમ અને તપ**

અહિંસાની સફળતા ક્યારે? સંયમ હોય ત્યારે અહિંસા સફળ બને.

સંયમ એટલે? પરમાત્માની આજ્ઞા અનુસાર વૃત્તિ અને પ્રવૃત્તિનો નિરોધ કરવો. તપ સફળ ક્યારે થાય? જિનાજ્ઞા પ્રમાણે વર્તન સાથે ઇચ્છા રોધે ત્યારે તપ

સફળ થાય, સંયમ સહિતનો તપ એ અગ્નિના જેવો છે. અને સંયમ વિનાનો તપ ગરમ પાણી જેવો છે. ગરમ પાણી દઝાડે જ્યારે અગ્નિ બાળી નાખે. આજ્ઞાનુસાર સારા પદાર્થોને ગ્રહણ કરવા તે સંયમ અને ખોટાને છોડવું તે તપ. સંયમનું ફળ આશ્રવને રોકે - તપનું ફળ કર્મ નિર્જરા છે.

**જીવ અને આત્મા (સિદ્ધાત્મા)**

સંસારીઓને (કર્મવાળાને) જીવ કહેવાય. અથવા તો ૧૦ પ્રાણવાળાને જીવ કહેવાય, ૧૦ પ્રાણ તે દ્રવ્ય પ્રાણ છે. ભાવપ્રાણોને ધારણ કરે તેવો જીવ તે આત્મા કહેવાય. શાસ્ત્રીય ભાષા પ્રમાણે આત્મા એ સિદ્ધના જીવોને કહેવાય.

આચારાંગ સૂત્રમાં સિદ્ધ પરમાત્માનું અનિયત સંસ્થાન કહ્યું છે. ईत्थं न तिष्ठन्ति। ઇતિ આ જ રીતે ઊભા રહે તેમ નહીં પણ

કોઇ ઊભા છે, કોઇ પદ્માસને છે, કોઇ સૂતા છે. એમ ભિન્ન ભિન્ન આકૃતિ-સિદ્ધના જીવોમાં બીબાકાર આકૃતિ હોય છે. પૂર્વના ભવમાં જે શરીર હોય તેનાં પોલાણ પુરાવવાથી ૧/૩ ભાગ નાનો આકાર થાય. જેમ કાનના ખુલ્લા ભાગ પુરાય પણ આકાર રહે. બીબાની જેમ સિદ્ધાત્મા રહે કેવલી જુએ કે બીબાની જેમ આકાર હોય છે. ચરમ શરીર જેવું હોય તેવું બીબું પડે.

**ઔદાયિક ભાવ કોને કહેવાય?** ઉદયમાં શ્રેણીબદ્ધ રહેલા પ્રદેશોને ભોગવે (વિપાક) તે ઔદાયિક ભાવ કહેવાય.

પાંચ પ્રકારના ચારિત્ર એ આત્મગુણ છે તેના ત્રણ પ્રકાર થાય છે. ક્ષય, ક્ષાયોપશમિક, ઉપશમ.

**જિજ્ઞાસા બે પ્રકારની હોય છે.**

અંતરંગ જિજ્ઞાસા અને બાહ્ય જિજ્ઞાસા. અંતરંગ જિજ્ઞાસા થાય તે રુચિ એવું રોચક સમ્યકત્વ હોય. રુચિ તેવી જાગૃતિ હોય.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે જણાવ્યું છે કે અજ્ઞાની આત્માને સારામાં સારા પૌદ્ગલિક પદાર્થો દેખવાથી મુખમાં પાણી છૂટે છે. જ્યારે જ્ઞાનીઓને આંખમાંથી પાણી નીકળે છે. વાપરવું પડે છે તો નિરાસક્ત ભાવે વાપરે.

**સામાયિક ત્રણ પ્રકારે છે.**

(૧) સમ્યકત્વ સામાયિક આત્માને નિર્મલ કરે.

(૨) શ્રુત સામાયિકથી જ્ઞાન મેળવે. જ્ઞાન પરિણમે ત્યારે પાપથી પાછો ફરે.

(૩) ચારિત્ર સામાયિક-દેશવિરતિ સામાયિક એ વિરતાવિરત ભાવે છે. સર્વવિરતિ સામાયિક તે વિરત ભાવે છે.

**આજ્ઞા તે જ સામાયિક**

સામાયિક ક્યારે આવે?

ચારિત્રમોહનીય તૂટે કે ક્ષયોપશમ થાય ત્યારે સામાયિક આવે.

તે ક્યારે થાય?

આજ્ઞાપાલન કરે તો...

આજ્ઞા ક્યારે પાળે? વિધિપૂર્વક ક્રિયા કરે તો, માટે શ્રાવક પૂજા સામાયિક બન્ને કાર્ય એક સાથે કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે પૂજા પ્રથમ કરે.

**સમ્યકત્વ ત્રણ પ્રકારે હોય છે તેમાં**

(૧) દીપક સમ્યકત્વ - આ દીપક સમ્યકત્વ અભવિને હોય. દીપક બધે પ્રકાશ આપે પણ પોતાની નીચે (કોડિયા નીચે) અંધારું હોય તેમ બીજાના માટે દીવા જેવા અને પોતાને માટે અંધારું. બીજા અનેક આત્માઓને આત્મબોધ કરાવે પરંતુ પોતાને આત્મબોધ ન થાય.

(૨) રોચક સમ્યકત્વ - આ સમ્યકત્વ સમ્યક્ત્વિને હોય છે. આત્મતત્વની રૂચી થઇ ગઇ હોય પણ આચરણ ન કરી શકે.

(૩) કારક સમ્યકત્વ - જેવું જાણે તેવું આચરે. માને તેવું કરે. જાણવું અને માનવું બન્નેનો ઉપયોગ સાથે હોય. આચરણ પણ તેવું જ હોય તે કારક સમ્યકત્વ.

રુચિ એટલે અંદરનો અભિલાષ-જેમ પૌદ્‌ગલિક ભાવોનો રાગ ઊંઘમાં પણ વિહવળ બનાવે છે. તેની જેમ આત્મિક ભાવો કે સંયમ માટે હૈયાનો થનથનાટ એ રુચિ. સમ્યકત્વ સામાયિકમાં રોચક સમ્યકત્વ આવે. રોચક સમ્યકત્વ જેટલું નિર્મળ બને એટલું સમ્યગ્જ્ઞાન નિર્મળ થાય. હેય, ઉપાદેયના વિશિષ્ટ બુદ્ધિ વધે.

વિકારી ભાવનાઓ શમે આથી ચારિત્ર સમ્યકત્વ આવે તેમાં ચારિત્ર મોહનીયની ક્ષયોપશમ થાય ત્યારે રોચક સમ્યકત્વની સફળતા થાય.

**પ્રશ્ન – નવપદ વગેરેમાં જ્ઞાન પછી તરત ચારિત્ર કેમ મૂક્યું?**

**ઉત્તર** – જ્ઞાન પછી તરત જ ચારિત્ર મૂકવાનું કારણ એ છે કે પ્રભુના સમવસરણરૂપ ત્રણ ગઢ પૈકી પહેલા ગઢમાં દેવ અને મનુષ્ય હોય. તેમાં પણ અધિકારી કોણ? મનુષ્યો. તેઓને પ્રભુની દેશના વગેરે જ્ઞાનાદિ નિમિત્તોથી ક્ષયોપશમ અતિતીવ્ર ભાવે વધે, તેમાં સંસારી ભાવો ભડભડતા અગ્નિ જેવા લાગે. બાહ્ય વ્યવહારમાં ગૃહસ્થને ભડભડતા ઘરમાંથી બધી વસ્તુ બચે એવી ભાવના હોય તેમ જ્ઞાન પામનાર આત્માને સર્વથી બચાવવા પ્રયત્નશીલ હોય. આમ સંસારની બળતી જ્વાળામાંથી નીકળવા વીર્યોલ્લાસી બને. આથી પ્રથમ જ્ઞાન અને તેનું ફળ તરત સર્વવિરતિ છે. પછી કદાચ તે સર્વવિરતિ ન મેળવી શકે તો તેના માટે દેશવિરતિ છે. બળતામાંથી બધી વસ્તુ બચાવવાની ઇચ્છા હોય છતાં બધું ન બચી શકે તેવું પણ બને, તેમ જ્ઞાનથી પૂર્ણ સ્વરૂપે સમજ્યા પછી સંસારમાંથી પૂર્ણ નીકળવાની ઇચ્છા હોય પણ ન નીકળી શકે તો થોડો પણ ત્યાગ કરી દુઃખાતા દિલે સંસારમાંય રહી શકે. આમ **જ્ઞાનનું ફળ વિરતિ હોવાથી જ્ઞાન પછી ચારિત્ર મૂક્યું છે. જ્ઞાનની તીવ્રતામાં ખામી હોય તો સર્વવિરતિ ન પામે પરંતુ દેશવિરતિ તો પામે. જ્ઞાન ને વિરતિ પરસ્પર સાપેક્ષ સંબંધ છે.**

**દેશવિરતિ કોને હોય?**

જેને સર્વવિરતિ પ્રાપ્ત કરવાની તીવ્રભાવના હોય. અર્થાત્ અજ્ઞાન અવસ્થામાં ઊભાં કરેલાં સાધનોની જાળમાં સપડાયેલ હોવા છતાં સ્પૃહા તો સર્વવિરતિની જ હોય. ગૃહસ્થ જીવનમાં પાપનો એકરાર કરવાની પૂર્ણ તૈયારી હોય તો જ દેશવિરતિ આવે અને ટકે.

**પ્રશ્ન – આચારાંગ સૂત્રમાં સર્વવિરતિ પ્રથમ પછી દેશવિરતિ અને કર્મગ્રંથમાં પ્રથમ દેશવિરતિ પછી સર્વવિરતિનું નિરૂપણ કેમ?**

**ઉત્તર** – શાસ્ત્રમાં બે પ્રકારનો ક્રમ જણાવ્યો છે. (૧) બોધકક્રમ (જ્ઞાન-

ઉપદેશક્રમ) અને (૨) પ્રતિપત્તિ (સ્વીકાર) ક્રમ, તે પૈકી આચારાંગ આદિ સૂત્રોમાં બોધક એટલે કે ઉપદેશક્રમ જણાવ્યો છે અને કર્મગ્રંથાદિમાં ૧૪ ગુણસ્થાનકનો ક્રમ છે તે સ્વીકાર રૂપે – અર્થાત્ પ્રતિપત્તિ ક્રમ છે. ઉપદેશાદિ સાંભળી દર્શન નિર્મળ થાય તેના ફલરૂપે જ્ઞાનની સ્વચ્છતા થાય. જ્ઞાનનું ફળ ચારિત્ર, સર્વવિરતિ અર્થાત્ સર્વથા ત્યાગ કરે તે રીતે ઉપદેશ અપાય પરંતુ જો ચારિત્ર પૂર્ણતાએ મેળવવા સમર્થ ન હોય તો દેશાંશ–દેશવિરતિનો ઉપદેશ આપે અને તે ગ્રહણ કરે – આ ક્રમ ઉપદેશની વિવક્ષાએ છે જ્યારે કર્મગ્રંથાદિમાં જે ક્રમ છે તે ગુણસ્થાનકના વિષયમાં આત્મ વિશુદ્ધિનો ક્રમ–સ્વીકાર ક્રમ છે. માટે બન્ને નિરૂપણ ક્રમમાં તફાવત છે.

**પ્ર. – કર્મગ્રન્થમાં ૮ વર્ષ પહેલાં સર્વવિરતિ–વેશ ન પામે એમ જણાવે છે અને દીક્ષા તો ૪ વર્ષની વયે વજસ્વામીની તથા પાંચ વર્ષે – ૭ વર્ષે ઘણી દીક્ષાઓ પૂર્વકાળમાં થઈ છે અને વર્તમાનમાં થાય છે તો વાસ્તવિક શું?**

**ઉત્તર** – ઉપા. પૂ. મેઘવિજયજી મ. ના 'યુક્તિ પ્રવાદ' નામના ગ્રંથમાં આ વાત સ્પષ્ટ જણાવી છે તથા પૂ. આગમોદ્ધારકશ્રીએ પણ આ સ્પષ્ટ ખુલાસો કર્યો છે કે અન્ય કુળમાં જન્મ થયેલા માટે ૮ વર્ષનું વિધાન છે. ત્યાં જૈન સંસ્કાર નથી માટે આ બંધારણ છે. પરંતુ જૈન કુળ વીતરાગ શાસનવાસિત કુટુંબમાં જન્મેલા માટે બંધારણ નથી. કારણ કે જન્મ થતાં વાતાવરણ જ ત્યાગ તપ સંયમથી પવિત્ર હોય છે. વળી પૂર્વભવની આરાધનાના સંસ્કારની મૂડી લઇને આવ્યા હોય, જેમ વજસ્વામીના જન્મકાળે સંયમની વાત જાણી ચારિત્ર માટેની તીવ્રાભિલાષી થયા... આમ આઠ વર્ષથી પણ નાની ઉંમરમાં દિક્ષિત થયેલા દૃષ્ટાંત જોવા મળે છે. જેમ કે 'અણવગલ્લો' એટલે પોતાની ક્રિયા કરવા માટે અશક્ય હોય તે અર્થાત્ ૬૦ વર્ષની ઉંમરવાળા, વૃદ્ધને દીક્ષા ન અપાય એમ વાત શાસ્ત્રમાં આવે છે પરંતુ કેટલાક દેશાદિ કારણે ૬૦ થી ૭૦ વર્ષે દીક્ષા ન જ અપાય તે એકાંત ન પકડાય. અણવગલ્લો સંબંધી પાઠ છે, પણ દેશ, કાળ તે વ્યક્તિની સ્થિતિ વગેરે ધ્યાનમાં રાખી યોગ્ય સાપેક્ષભાવે વિચારાય. તે રીતે બાલદીક્ષામાં પણ સાપેક્ષભાવે વિચારવું.

**ચરણ કરણાનુયોગ શબ્દમાં ચરણ અને કરણ એટલે શું?**

ચર્યતે યત્ તદ્ ચરણં. એટલે કે જેનું આચરણ હંમેશાં (૨૪ સે કલાક) આજીવન કરવાનું છે તે ચરણ કહેવાય, મહાવ્રત વગેરે ચરણ વિભાગમાં આવે. પ્રતિદિન આંતરા રહિત ૨૪ સે કલાક તેનું પાલન કરવાનું છે.

કરણ એટલે કરવું પડે તો કરવું.

ક્રિયતે-યત્ તદ્ કરણં અર્થાત્ કરાય તે કરણ.

તપ પડિલેહણ, પ્રતિક્રમણ, અભ્યાસ ગોચરી વગેરે સામાચારી યોગ્ય સમયે પ્રસંગે કરવાનું હોય છે તે કરણ કહેવાય.

જેઓએ ધર્મનો સ્વીકાર નથી કર્યો એવા ગૃહસ્થો પણ વ્યાખ્યાન સાંભળવાથી જે ધર્મ પામે છે તે સાંભળે ત્યાં સુધી વિરતિ પામે છે. પરિણામની ધારા બદલાય છે તો જેઓએ સર્વ સગા-સંબંધીઓને છોડી ચારિત્ર ધર્મ સ્વીકાર્યો છે તેને સ્વાધ્યાય-વાચનાની અસર કેમ ન થાય? વર્તમાનકાળે સંયમમાં સ્થિરતા શુદ્ધિ શાસ્ત્રોના અભ્યાસ સ્વાધ્યાયથી જ આવે છે. માટે જ સૂત્રપોરિસી અને અર્થ પોરિસીની મર્યાદા છે. બે પ્રહર સુધી શાસ્ત્ર અભ્યાસ અને સ્વાધ્યાય હોય.

આપણે સૂત્ર અને અર્થ પોરિસીમાં જેટલા ઢીલા થયા છીએ તેટલા ચારિત્રમાં પડવાના. અર્થપોરિસી એટલે સૂત્રના અર્થ = વ્યાખ્યા કરવી. વ્યાખ્યાન એ શ્રાવકો માટે નથી વાંચવાનું પરંતુ પોતાના શિષ્યોને સાધુ અર્થ ભણાવે તે શ્રાવકો સાંભળે બાકી તો ભાષણ કે ભસન જેવું થઇ જાય. મુખ્ય ઉપદેશ = ભગવાનની વાણીનું બહુમાન તેને આદરવાનું તે સાધુ માટે જ છે. આચાર્યો તેથી જ શિષ્યોની સામે વાચના આપતા હતા.

ભદ્રેશ્વર સૂરિ મ. રચિત વજસ્વામીનું વર્ણન પ્રાકૃતમાં છે. તે હાલ સુરત જૈનાનંદ પુસ્તકાલયમાં છે. તેમાં વજસ્વામીનું ઘણું વિસ્તારથી વર્ણન છે. ગૌતમસ્વામીજી ભગવાને અષ્ટાપદ ઉપર સ્વલબ્ધિથી યાત્રા કરી (આત્મામાં કર્મોના આવરણથી દબાઇ ગયેલી શક્તિને પ્રગટ કરવી તે લબ્ધિ કહેવાય.) જગચિંતામણિ સ્તોત્ર દ્વારા ભગવાનની સ્તવના કરી ઝાડ નીચે રાત રહે છે ત્યાં

વૈશ્રવણ કુબેરદેવને સાધુજીવનની ચર્યા બતાવે છે. સાધુ આંતપ્રાંત વાપરે આંત = વધેલું, પ્રાંત = નાખી દેવા જેવું નીરસ નકામું થઇ ગયેલું સાધુ વાપરે વગેરે ચર્યા જણાવી.

વજસ્વામીના જીવને પુંડરીક નામનું અધ્યયન સંભળાવે છે. પુંડરીક એજ દિવસના દીક્ષિત હૃષ્ટપુષ્ટ શરીરવાળા મોક્ષે જાય છે. એટલે કે દુર્બળ હોય તે ધ્યાની હોય, શુદ્ધ ગવેષક હોય અને લષ્ટ પુષ્ટ શરીરધારી વિગઇઓ જ વાપરીને જાડો થયો હોય એવો નિયમ નથી. વિગઇઓ ઓઇલિંગ રૂપે પ્રમાણોપેત હોય તો શરીરમાં ખૂટેલું તત્ત્વ પૂરે. પણ વધુ વાપરે તો પ્રમાદ આદિ કારણરૂપ બને. વૈશ્રમણદેવ એટલે ભગવાનના દીક્ષા કલ્યાણકપૂર્વે વર્ષીદાન સમયે ઇન્દ્રના હુકમ મુજબ તિર્યંગજૃંભક દેવ દ્વારા બધું વૈશ્રમણદેવ પૂરુ પાડે. અનંતલબ્ધિનિધાન ગૌતમસ્વામી ભગવંતના શ્રીમુખે પુંડરીક અધ્યયન સાંભળનાર વૈશ્રમણ દેવ ત્યાંથી ચ્યવી વજસ્વામીજી બને છે.

**વાચક કોને કહેવાય?** પૂર્વધર હોય તેને વાચક કહેવાય. વાચનાચાર્ય તરીકે હોય તેવા વાચકવરને નમસ્કાર એમ ગાથામાં છે.

**આચારંગ સૂત્રનાં અધ્યયન કેટલાં?**

આચરાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનાં નવ અધ્યયન છે, તેમાંથી સાતમું અધ્યયન વિચ્છેદ પામ્યું છે. અત્યારે છઠ્ઠા અધ્યયન પછી સીધું આઠમું અને નવમું અધ્યયન આવે છે. સાતમા અધ્યયનનું નામ મહાપરિજ્ઞા અધ્યયન છે. જે અધ્યયન વિદ્યા-મંત્રાદિથી ભરપૂર હતું તે વિચ્છેદ થયું અથવા ભાવિ અહિતકર જાણી વડીલોએ દબાવી દીધું. આદિ ઘણાં કારણોથી અત્યારે અલભ્ય છે. બીજા શ્રુતસ્કંધનાં ૧૬ અધ્યયન છે.

**ભાષા - ભાષાના ભેદો**

પુદ્‌ગલની આઠ વર્ગણા છે તેમાં છઠ્ઠી વર્ગણા ભાષાની છે. સ્થૂલ રીતે વિજ્ઞાન માને છે કે આજે જે પુદ્‌ગલો છે તે ૭ વરસે બદલાય છે પણ શાસનને તો એ માન્ય છે કે સમયે-સમયે પુદ્‌ગલો બદલાય છે. સમયે-સમયે પુદ્‌ગલ

સ્કંધો છૂટા પડે અને નવા જોડાય તે પુદ્ગલનો સ્વભાવ છે. બાળપણમાં પુદ્ગલસ્કંધોની આવક વધારે અને જાવક ઓછી તેથી શરીર વધતું જણાય છે. જ્યારે ઘડપણમાં આવક ઓછી અને જાવક વધારે માટે સાંભળવાની, જોવાની, બોલવાની શક્તિ ઓછી થાય છે. જૈનદર્શન પ્રમાણે અનંતા અનંત સ્કંધ પ્રદેશોનો જે અણુ તેને અત્યારે વિજ્ઞાનમાં એટમ કહે છે. વિજ્ઞાનમાં તે અતિસૂક્ષ્મ મનાતો હતો પછી ઠીક ૧૯ વર્ષ મહેનત કરી એક ઇંચના સત્યાવીશ લાખ ભાગ કરી પોતાના ફોટા ઉપર જોયું ત્યારે દશ હજાર લાઇન પર રહેલા અણુઓ જોયા વળી ટીબીનો થેક્સરૂ જંતુ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. સોયના નાકામાં લાખ જંતુ રહે છે. ઇલેક્ટ્રોનિક માઇક્રોસ્કોપથી મેગ્નીફાઇટ કરેલું ટીબીનું જંતુ એક ઇંચમાં સત્યાવીસ લાખ રહે તેટલા સૂક્ષ્મ છે. આથી આજનો અણુ તે પરમાણુ કે અણુ નથી. અણુ એ ઘણા ભેગા થાય ત્યારે એટમ બને છે. એટમ એ પુદ્ગલ સ્કંધ છે, તે ઘણો સ્થૂલ છે. આપણે ત્યાં પુદ્ગલના સ્વરૂપમાં વર્ગણાનું વર્ણન આવે છે તેમાં છઠ્ઠી વર્ગણા ભાષા વર્ગણા છે.

સ્વર તંત્રનું મૂળ નાભિ છે. તે નાભિ-મૂળ સુધી પહોંચતાં ચાર અવસ્થા થાય છે જે વાણીના ૪ સ્વરૂપ - ૪ ભેદ છે. તે આ પ્રમાણે

(૧) **વૈખરી =** વિશેષ કરીને ખરે તે વૈખરી - આપણે બોલીએ તે, જેનું સ્થાન મુખ છે.

(૨) **મધ્યમા =** મનમાં બોલીએ તે. આ વાણી કંઠમાં હોય.

(૩) **પશ્યંતિ =** અનુભવરૂપ છે. તેનું સ્થાન હૃદય છે.

(૪) **પરાવાણી =** નાભિમાં હોય છે.

પશ્યન્તિ - એ વર્તમાન કૃદન્ત પ્રથમાનું એકવચન છે.

પશ્યન્તિ = જોતી,

શું જોતી? આત્મા-આત્માના સ્વરૂપને જોતી વાણી રૂપે આવતી તે પશ્યન્તિ વાણી છે.

પરા-ઊંડાણથી નિરીક્ષણ ક્રિયા તે પરાવાણી છે. તેમાં વાયુ ઉત્પન્ન થાય

છે. તેમાં ઉપયોગ ભળે–અમુક સ્વરૂપે આકાર બને. પછી તેમાંથી પશ્યન્તિમાં જાય ત્યાં આકાર સ્વરૂપે રચના થાય પછી મધ્યમામાં જઇ પુદ્ગલો ગ્રહણ કરે ને વૈખરીથી અ–ક–ખ–હ–છ આદિ વર્ણો બહાર બોલાય છે. આ બધું કામ ઘણું સૂક્ષ્મ છે.

આજનું વિજ્ઞાન પણ ભાષા વર્ગણાના પુદ્ગલોને પકડીએ છીએ એમ નથી કહેતા પણ તેના જે સ્પંદનો–ધક્કો જે લાગે છે તે પકડે છે. આંદોલન એવું ઊભું કરે છે જેથી ચારેબાજુ તેવાં સાધનોથી આંદોલન પકડાય છે. આંદોલન તો રહે પણ ભાષાના પુદ્ગલો તો ચાર સમયમાં લોકાકાશ સ્પર્શી જતા રહે છે પણ આંદોલન–સ્પંદન એ ક્રિયા, શક્તિ વિશેષ છે.

વૈખરી = મુખથી બોલાય છે.

મધ્યમા = કંઠથી બોલાય છે.

પશ્યન્તિ = હૃદયકમળથી બોલાય છે.

પરા = નાભિથી બોલાય છે.

મદ્રાસ તરફ એક સિદ્ધ યોગી છે તે બોલ્યા વિના ઝીણી રેતી પર અલગ અલગ અક્ષરના આકારવાળી કાચની નળીથી ફૂંક મારતાં ક–ખ–ચ–છ આદિ શબ્દો પડે છે.

ભગવાન તો આત્મિક શક્તિના ધણી છે. પોતાની ભાષાથી બધા સમજી જાય છે આમાં આત્મસિદ્ધિ–આત્મશક્તિ રહેલી છે. આંદોલન એટલે વાયુકાય પુદ્ગલોની અથડામણી, પાણીમાં નાખેલા કાંકરાથી ઊભાં થતાં કુંડાળાંની જેમ આંદોલન ઉપજાવી ચાલ્યા જાય. વાયુના પુદ્ગલોનું દર્શન ન થાય, પણ તેમાં ઊઠેલા આંદોલન પકડે. વિદ્યા તેને અપાય કે જેની આત્મશક્તિમાં વિકાસ હોય. શાસન માટે ઉપયોગ કરતા હોય તેને વિદ્યા અપાય તે યોગ્ય કહેવાય. પ્રભુની વાણીનું આંદોલન તેવું છે કે નાભિથી નીકળેલો જે વાયુ અને તેનાથી ઉત્પન્ન થતા શબ્દો તે વાયુના આંદોલન કરી દરેક જીવોને સમજી શકાય છે.

જે રેડિયોમાં શબ્દના આંદોલનોવાળા બાદર વાયુને અર્થાત્ શબ્દથી ઊભા

થયેલા વાયુના આંદોલન કેચઅપ કરી અને પુનઃ શબ્દ રૂપે ગોઠવાઇ જાય છે. અહીં પુદ્‌ગલોને પકડવાનું સાધન છે.

પુરુષાર્થ ઉપરનો પ્રેમ એ જ આત્મ ઉત્થાનની નિશાની છે ને તેની ભૂમિકા છે.

દૃષ્ટિ વાદોપદેશિકી - ભૂતાવાદ, દષ્ટિવાદ, તીર્થાવાદ આદિ જૈન શાસનના પર્યાયો છે. જેટલો પ્રબળ પુણ્યનો ઉદય હોય તેટલી સાધન સામગ્રી મળે છે. કોઇપણ કાર્ય કરતાં પહેલાં નફા નુકસાનનું કે ગુણદોષની વિચારણા કરનાર મન છે.

મનુષ્ય જન્મ મળ્યા પછી પરમાત્મશાસનની સક્રિય આરાધના દ્વારા મરણને ન સુધારવાથી જ જન્મની પ્રાપ્તિ થાય છે. જન્મ છે માટે જ દુઃખ છે. દુઃખના ક્ષયનું પરંપર કારણ બોધિબીજ છે. મૃત્યુ ક્યારે આવશે તે મનુષ્યોને ખબર નથી પરંતુ ભગવાનના શાસનની પ્રાપ્તિ થઇ છે તેથી મૃત્યુ સુધારી તો શકાય છે.

દેવતાઓને ચ્યવનના ૬ માસ પહેલાં મૃત્યુનાં ચિહ્નો શરૂ થાય છે એમનાં અંગો દુઃખવા માંડે, માળા સહેજ સહેજ કરમાવા લાગે, મરણ વખતે મિથ્યાદૃષ્ટિ દેવોને દુઃખ-ખેદ હોય અને સમ્યગ્દૃષ્ટિ આત્માઓને આનંદ હોય છે.

**'અપ્પોસિ હોઇ બંધો' થોડોક બંધ કરે એટલે શું?**

સમ્યગ્દૃષ્ટિ આત્મા જ્યારે કર્મબંધ કરે ત્યારે તેને પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય પણ તેમાં રસ ઘણો અલ્પ બંધાય, અલ્પ એટલે અલ્પથી અલ્પ બંધાય માટે 'સિ' મૂક્યો છે. સામાન્ય માત્ર કર્મબંધ થાય.

# આચારાંગ વાચના બિંદુ

આચારાંગનું બીજું અધ્યયન લોકવિજય છે. લોકવિજય એટલે લોકમાં વિજય મેળવવો. લોક એટલે હૃદયમાં જે રાગાદિ કષાય સ્વરૂપ સંસારરૂપી લોક રહેલો છે તેની પર વિજય મેળવવાનો છે. 'शब्दादि विषयलोकः' પાંચે ઇન્દ્રિયના વિષયો સ્વરૂપ અંતરંગ શત્રુરૂપી સંસાર તે લોક, તેની ઉપર વિજય મેળવવાનો છે. આ ભાવ નિક્ષેપ થયો.

નિક્ષેપ એટલે શું?

નિ = નિશ્ચય કરી, ક્ષેપ = બુદ્ધિમાં સ્થાપના કરવું.

કોઇપણ પદાર્થને સમજવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વગેરે અપેક્ષાએ તે પદાર્થને વિચારવો તે નિક્ષેપ. અહીં લોકવિજય શબ્દની વિચારણા કરવાની છે.

એટલે બુદ્ધિથી અંતરંગ આત્માનો વિજય કેવી રીતે કરવો તેવા પ્રકારની બુદ્ધિ આ લોકવિજય શબ્દનો ભાવનિક્ષેપ થયો.

આત્મા વિભાવદશાથી કર્મ બાંધે છે. નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા શુદ્ધ છે, આત્માનું સ્વરૂપ નિર્મળ છે. સિદ્ધ સ્વરૂપી છે, છતાં વ્યવહાર નયે વાસ્તવિક રીતે આત્માના સ્વરૂપની મલિનતા અને આત્માના સ્વરૂપની વિસ્મૃતિ થઇ છે. આ બન્નેને પરસ્પર અભિન્ન સ્વભાવે આત્મા સાથે અનાદિનો સંબંધ છે. આત્માની આ સ્થિતિ તે વિભાવ દશા છે. વિભાવ દશાથી કર્મ બંધાય છે. કર્મથી આત્મા મલિન થાય છે. આમ, આત્માના અનંતગુણોને દબાવનારી આ પરંપરા અનાદિથી છે. જેટલી મોહનીય કર્મની લઘુતા થાય, મંદ થાય તેટલો આત્મગુણ પ્રગટે.

આત્મગુણ પ્રગટતા જાય તેમ આત્મા ગુણસ્થાન ચડતો જાય. ગુણ એટલે આત્મ શક્તિનો વિકાસ-તેનું સ્થાનક એટલે ગુણસ્થાનક.

પ્રથમ મિથ્યાત્વને પણ ગુણસ્થાનક કહ્યું છે. ત્યાં પણ અલ્પ, અવિકસિત જ્ઞાનાદિ ગુણો હોય છે.

મિથ્યાત્વ બે પ્રકારે (૧) વ્યક્ત મિથ્યાત્વ, (૨) અવ્યક્ત મિથ્યાત્વ.

અવ્યક્ત મિથ્યાત્વમાં બધા જીવો આવે પરંતુ વ્યક્ત મિથ્યાત્વમાં તો હરિભદ્રસૂરિ મ. એ યોગ ગ્રંથોમાં મિથ્યાત્વીનાં લક્ષણ જણાવ્યાં છે, તેમાં મૈત્રી-પ્રમોદાદિ ગુણોથી અંકિત હોય તેવા જીવો હોય. તેમનું મિથ્યાત્વ મંદ હોય... તેમને પોતાના કરતા નીચા ઉપર તિરસ્કાર ન હોય. બરોબરીયા પ્રત્યે ઈર્ષા ન હોય ગુણવાન ઉપર બહુમાન હોય. ઓછેવત્તે અંશે આવા પ્રાથમિક ગુણોનો વિકાસ હોય. જ્ઞાનીઓના વચન તરફ આદર-બહુમાન હોય તે જ્ઞાની-પરિણતિવાન તરીકે ઓળખાય. જ્ઞાનની કિંમત પરિણતી ઉપર છે. જ્ઞાનની સાચી પારાશીશી તે જ છે કે તે વીતરાગ પરમાત્માએ કહેલ વાણીને અહર્નિશ પાલન કરે જ્ઞાન મેળવવું સહેલું છે પણ તેને હૃદયમાં ઉતારી પરિણમાવવું ઘણું કઠીન છે. આત્મા વિભાવદશામાં પ્રવૃત્ત થાય ત્યારે કર્મબંધન થાય અને આત્મદશામાં પ્રવૃત્ત થાય ત્યારે કર્મબંધનથી મુક્ત થાય છે. કર્મ બંધનમાં જકડી રાખનાર ઔદાયિક ભાવ છે. ઔદાયિક ભાવથી વિજય કરવો તે ભાવ વિજય છે.

ઔદાયિક ભાવથી ઔપશમિકનો વિજય કરવો. ઔપશમિકભાવથી ક્ષાયિક ભાવનો વિજય કરવો. ક્ષાયિક ભાવથી આત્માનો વિજય કરવાનો છે. સિદ્ધ અવસ્થા તે આત્માનો વિજય છે. કદાચ ક્ષાયિક ભાવ સુધી ન પહોંચી શકાય તો પણ ઔદાયિક ભાવના કોઈપણ સંયોગ પ્રાપ્ત થતાં જીવ તેમાં ન લેપાતાં ક્ષયોપશમ ભાવમાં સ્થિર થાય તે ભાવ વિજય કહેવાય.

ભાવલોકનો વિજય કરવામાં ફળ શું? ઔદાયિક ભાવ ઉપર વિજય થાય તો શીઘ્રતાએ સંસારથી મુક્ત થવાય. દુનિયા ઔદાયિક ભાવમાં જ ચાલી રહી છે. આથી દુનિયાની દૃષ્ટિએ ન ચાલવું તે જ્ઞાનીઓનો માર્ગ છે. પાંચ વિષયોમાંથી

નિવૃત્ત થનાર આત્મા સંસારમાંથી મુક્ત થઇ શકે છે.

ગુણ એટલે 'દ્રવ્યાશ્રયા' દ્રવ્યના સહવર્તી ધર્મી એ ગુણ છે તે દૃષ્ટિએ જગતમાં દ્રવ્ય ઘણાં છે. તે દ્રવ્યના ગુણો પણ ઘણા છે. આત્માની વિશુદ્ધિનો વિકાસ એ ગુણ છે. પરંતુ આચારાંગ સૂત્રમાં અશુદ્ધ આત્માની આત્મશુદ્ધિ માટેની જરૂરી વાતો છે. તેથી અહીં અશુદ્ધ આત્માના ગુણ શબ્દનો અર્થ વર્ણાદિ વિષયો સમજવાનો છે. આત્માને મલિન બનાવનાર વિષયો છે, અને તે પાંચ ઇન્દ્રિયથી ઉત્પન્ન થાય છે તે ગુણ **સંસારરૂપી વૃક્ષને ઉત્પન્ન કરનાર વિષયકષાયો છે. તે જ સંસારનું મૂળ કારણ છે.** અર્થાત્ ગુણનું મૂળ વિષયકષાયો છે.

નિક્ષેપનિર્યુક્તિ એટલે ભિન્ન ભિન્ન દૃષ્ટિથી પદાર્થ ગોઠવી યુક્તિપૂર્વક વિચારણા કરવી નિક્ષેપ નિર્યુક્તિથી અહીં ગુણ શબ્દનો નિક્ષેપ બતાવે છે. ગુણ શબ્દના ૧૫ નિક્ષેપ થાય.

**દ્રવ્ય એટલે શું?** જે ગુણ વિના ઉત્પન્ન થાય તે દ્રવ્ય. પદાર્થ, પદાર્થ અને ગુણ બંનેનો તાદાત્મક સંબંધ છે. કપડાં સફેદ છે. અહીં કપડું એ પદાર્થ છે અને વર્ણ સફેદ એ ગુણ છે. બંને તાદાત્મક સંબંધે અન્ત સુધી રહે છે. ગુણો ભિન્ન હોવા છતાં દ્રવ્ય સાથે ગુણો તાદાત્મક સંબંધે રહે છે. તાદાત્મક સંબંધ હોવા છતાં વિધાન ભેદથી બંનેમાં ભેદ છે. એટલે ગુણ એ સહભાવી છે અને પર્યાય એ ક્રમભાવી છે. દ્રવ્ય અને ગુણ સાથે રહે જ્યારે પર્યાય=આકારો વગેરે ફરે. પણ ગુણ ન પલટાય. કપડું તે દ્રવ્ય છે. વર્ણ-રંગ તે ગુણ છે. તે સાથે જ રહે, છૂટા ન પડે. દ્રવ્ય-ગુણ સાથે જ રહે. આત્મા દ્રવ્ય છે. જ્ઞાનાદિએ ગુણો છે. યાવત્કાલ સુધી ઐક્યભાવે સાથે જ રહે છે. પર્યાય બદલાય છતાં અસ્તિત્વ તો હોય જ. પર્યાય વિનાના દ્રવ્ય-ગુણ ન હોય. દ્રવ્ય-ગુણ વિનાના પર્યાય ન હોય.

તાદાત્મ્ય એટલે જુદું ના પડે - ભિન્ન હોવા છતાં અભેદ સ્વરૂપે રહે, જેમ કે દૂધમાં સાકર ભળે પછી વ્યવહારે ભેદ ન પડે.

કેટલાક પદાર્થના ગુણ રૂપી હોય; કેટલાક પદાર્થના ગુણ અરૂપી હોય.

રૂપી એટલે વર્ણાદિ ચાર ગુણ જેમાં હોય તે રૂપી કહેવાય. (વર્ણ, ગંધ, રસ,

સ્પર્શ) અરૂપી એટલે વર્ણાદિ ચાર જેમાં ન હોય તે અરૂપી કહેવાય. **અરૂપી એટલે શૂન્યતા નહિં, પરંતુ વર્ણાદિ ૪ (ચાર) ગુણ રહિત અવસ્થા.** આત્માના જ્ઞાનાદિ ગુણો અરૂપી છે. પરંતુ આત્માના અસંખ્ય (સર્વ) પ્રદેશોમાં તે ગુણ વ્યાપેલો હોય. અનંત ગુણોથી વ્યાપેલો આત્મા છે. વ્યવહારનયથી આત્મા સાતમા ગુણઠાણે ઇચ્છા વિનાના થાય. દરેક લબ્ધિ ઇચ્છા વિનાના થયા બાદ મળે. લબ્ધિની પ્રાપ્તિ ૭ મે ગુણસ્થાનકે અને ઉપયોગ ૬ટ્ઠે ગુણસ્થાનકે થાય છે. ૧૩મે ગુણઠાણે ઘાતીકર્મ રહિત બને, સિદ્ધ અવસ્થામાં કર્મરહિત બને.

કર્મથી રહિત ભાવમાં ''આત્મા'' શબ્દ અને કર્મ સહિત અર્થમાં જીવ શબ્દ શાસ્ત્રોમાં વપરાય છે.

આત્માની શક્તિને વીર્ય કહેવાય છે.

વીર્ય બે પ્રકારે છે - લબ્ધિવીર્ય અને કરણવીર્ય.

કરણવીર્ય એટલે પાંચ ઇન્દ્રિય સહિત મનનું પ્રવર્તન.

લબ્ધિવીર્ય એટલે આત્માની શક્તિ વિશેષ તે ઇન્દ્રીયની સહાયથી બહાર આવે છે.

લબ્ધિવીર્યમાં આત્માની શક્તિ વિશેષ હોવાથી મોહનીય કર્મનો ઉપશમ થાય.

**આઠ કર્મમાં મોહનીયકર્મનો ઉપશમ થાય છે. ઘાતીકર્મનો ક્ષયોપશમ થઇ શકે છે, ક્ષયોપશમ એટલે શું?** વિપાકોદયનો ક્ષય અને પ્રદેશોદયનો ઉપશમ તે ક્ષયોપશમ કહેવાય.

જીવના આત્મ પ્રદેશોનો દીપકની જેમ સંકોચ અને વિસ્તાર થાય છે. તે સયોગીવીર્ય સહદ્રવ્યતા છે. સયોગીવીર્ય સહદ્રવ્યતા શબ્દનો અર્થ વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ છે. યોગની સહાયથી જે વીર્ય ઉત્પન્ન થાય તે સયોગી વીર્ય અને આત્માની શક્તિબીજ વીર્ય ઉત્પન્ન થાય સયોગી વીર્ય.

સમુદ્‌ઘાત સમયે જીવનો સંકોચન અને વિસ્તાર થાય છે.

**સમુદ્‌ઘાત એટલે શું?**

સમુદ્‌ઘાત શબ્દમાં સમ્+ઉદ્+હન્ ધાતુ છે.

સમ્ = સમ્યગ્ પ્રકારે ચારે બાજુથી

ઉદ્ = ઉત્કર્ષે, પ્રબળતાપૂર્વક એકદમ

હન્ = પ્રક્ષેપ બહાર ફેંકવા તે. સંસ્કૃતમાં ''હન્ ગતૌ'' એમ ધાતુ આવે છે. 'હન્' ધાતુ ગતિવાચક છે.

આત્મપ્રદેશોને પ્રયત્નપૂર્વક ચારેબાજુ ફેંકવા તે સમુદ્‌ઘાત છે.

સમુદ્‌ઘાત એટલે સમ્યક્ પ્રકારેણ ઉદ્-ઉત્કર્ષે ઘાત એટલે જવું એટલે જેમાં તીવ્ર પ્રયત્ન = આત્માની મહેનત હોય તે સમુદ્‌ઘાત. પૌદ્‌ગલિક ભાવોને મેળવવા, ટકાવવા, વધારવા કે ભોગવવા રાગદ્વેષ થાય છે, કષાય થાય છે. આવો સમુદ્‌ઘાત ભારે કર્મબંધ કરાવે છે. આત્મા કર્મ બાંધે ત્યારે વિવેકશક્તિ જાગૃત ન રાખે તો તેમાં મોહનીય ભળે અને તે કર્મ ઉદયમાં આવતાં વિવેક જાગવા ન દે. વીતરાગદેવ પ્રત્યે રાગ હોય તેથી કદાચ શાસનને હૈયામાં રાખી ક્રોધ કરવો પડે અથવા ક્રોધ થઇ જાય તોયે નિર્જરા કે પુણ્યબંધ થાય. જેમ, વિષ્ણુકુમારે શાસન પ્રભાવનાર્થે ગુસ્સો કરેલ તે વખતે તેમને કષાય સમુદ્‌ઘાત થયેલ; તે કષાય સંજલનના ઘરનો હતો, તેથી માત્ર ઇરિયાવહીના પ્રાયશ્ચિત્તથી ખપી ગયું. તૈજસ શરીરના કારણે તેજોલેશ્યા ફેંકે તે તૈજસ સમુદ્‌ઘાત કહેવાય. આહારક લબ્ધિધારી આહારક શરીર બનાવી કેવલીને પ્રશ્ન પૂછવા મોકલે. આ આહાર + સમુદ્‌ઘાત. કેવળ જ્ઞાનીને પૂછવા છતાં ક્યારેક જવાબ ન આપે તો તેનું કારણ પોતાની પાસે નામકર્મ = ભાષા વર્ગણાના પુદ્‌ગલો નથી. તેથી કોઇ કેવલી મૌન પણ રહે. બીજા સમુદ્‌ઘાતમાં આશ્રવ અને સંવર છે જ્યારે, કેવલી સમુદ્‌ઘાતમાં માત્ર નિર્જરા છે. આહારક સમુદ્‌ઘાતમાં સંવર છે. વૈક્રિયાદિમાં આશ્રવ થાય.

સાત સમુદ્‌ઘાતમાં પ્રથમ કષાય સમુદ્‌ઘાત છે. આ સમુદ્‌ઘાતમાં અનંતાનુબંધી ક્રોધાદિના પ્રભાવવાળો જીવ આત્મપ્રદેશો બહાર ફેંકે છે. તે સમયે કર્મનો આશ્રવ એકદમ વધી જાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કષાયને નિષ્ફળ કરવાના પ્રયોગ

બતાવ્યા છે.

આભોગ અને અનાભોગ અર્થાત ઇચ્છા અને અનિચ્છાએ, બે પ્રકારે સમુદ્‌ઘાત થાય છે. સમુદ્‌ઘાત એ મોટેભાગે આત્માની શક્તિનો દુરૂપયોગ છે.

ભગવાનને વેદના સમુદ્‌ઘાત સમયે આત્મિક પરિણતિમાં કંઇ જ ફરક ન ગણાય એ તો સામાન્ય શુક્લધ્યાનની ભૂમિકા ગણાય. તેમની ધ્યાન ધારા તો અસ્ખલિત ચાલુ જ રહે.

મરવાની ઇચ્છાવાળો આત્મા બે ગતિ દ્વારા આત્મ પ્રદેશોને ફેલાવે છે (૧) કંદુકગતિ (૨) ઇલિકા ગતિ, તેમાં હળુકર્મી જીવને કંદુકની ગતિ વધુ સંભવે છે ને ઇલિકાગતિવાળાને જ મરણ સમુદ્‌ઘાત હોય. કંદુક ગતિવાળાને મરણ સમુદ્‌ઘાત ન થાય.

**કાર્મણવર્ગણા કેટલી સૂક્ષ્મ છે?**

એક આંખની પાંપણ ઉપર અસંખ્યાત નિગોદના ગોળા હોય. તે એક ગોળામાં અસંખ્યાત નિગોદ હોય અને એક નિગોદમાં અનંતા જીવો હોય. તેમાં એક જીવના અસંખ્ય પ્રદેશો હોય અને એક એક પ્રદેશ ઉપર અનંતી કાર્મણ વર્ગણાઓ રહે છે.

વેદાન્તિક એક આત્માને બધે વ્યાપક માને છે.

નૈયાયિક આત્મા પ્રત્યેકને સર્વવ્યાપી માને છે.

પંચાશક નામના ગ્રંથમાં બતાવ્યું છે કે તીર્થંકર પરમાત્મા ચ્યવે ત્યારથી નિર્જરાની પ્રધાનતા હોય.

છઠ્ઠે ગુણઠાણે આર્તધ્યાન સામાન્ય હોય. ક્વચિત જ હોય, અલ્પબંધ વાળો હોય પણ અત્યારે આપણે જીવનમાં બંધની મુખ્યતા ગણાય.

**ખરાબ એટલું પાપ, સારું એટલું પુણ્ય આ તો સ્થૂલ વ્યાખ્યા છે.**

**બંધ ક્યારે થાય?** ધર્મ પ્રવૃત્તિ પાછળ જો કીર્તિ, યશ, આદિનો આશય હોય તો બંધ થાય - નહિતર કર્મની નિર્જરા થાય. ઉપદેશ રહસ્યમાં (૭૫૦ ગાથા) સ્વરૂપ હિંસાને કૂપ-દ્રષ્ટાંતના વિષયથી પૂ. ઉપાધ્યાયજી મ. એ બતાવ્યું છે.

ભગવાનની આજ્ઞા મુજબ કરાયેલી ક્રિયામાં કર્મનો બંધ જ નથી કેવળ નિર્જરા છે. સામાન્ય બંધ પણ નથી જ, એમ ઉપાધ્યાયજી મ. એ લખ્યું છે. આ અંગે પૂ.આ. નેમિસૂરિ મ. તરફથી સાત પાનાનું સ્પષ્ટીકરણ છપાયેલું છે, તે ખાસ વાંચવા જેવું છે.

જ્ઞાનીને પૂછવા છતાં જવાબ ન આપે તેનું કારણ પોતાની પાસે નામકર્મ (ભાષાવર્ગણાના પુદ્ગલ) નથી તેથી કોઇ મૌન પણ રહે.

**રાજલોકનું માપ કેટલું?**

અસંખ્યાત કોટીકોટી યોજન એક રજ્જુ પ્રમાણમાં થાય. એક હજાર ભારનો લોઢાનો ગોળો છ મહિના સુધી ગરમ કરે પછી તે ગોળાને સૌધર્મેન્દ્ર દેવ દેવલોકમાંથી પોતાની બધી શક્તિ લગાવી નીચે ફેંકે, તે ગોળો છ મહિના, છ દિવસ અને છ પ્રહરમાં નીચે આવે તેટલી જગ્યા રોકે તે અંતર-માપને એક રજ્જુ કહેવાય. અહીં ભારે ગોળો ગરમ કરે તથા ફોર્સથી ફેંકે એમ બે રીતે ગતિ વધે છે તે ધ્યાનમાં રાખી અંતરની વિચારણા કરવી.

- **યુગલિક**

દેવકુરૂ-ઉત્તરકુરૂ હરિવર્ષાદિ અંતર દ્વીપાદિમાં યુગલિકો દેવકુમાર જેવા હોય; સદાય યૌવનપણું હોય, સરળ હોય, ભદ્રિક હોય. આ ગુણો સાહજિક ભાવે મળે છે. યુગલિયામાં ત્યાં જેટલું આયુષ્ય હોય, તેટલું દેવ ભવમાં મેળવે છે.

- **દ્રવ્યમન-ભાવમન**

વૃત્તિ થાય ને તુર્ત પ્રવૃત્તિ કરે તે મૂર્ખ કહેવાય અને પરિણામ = ફળ જોઇને પ્રવૃત્તિ કરે તે ડાહ્યો કહેવાય. મનવાળાને પણ અસંજ્ઞી અને મન વિનાના તે સંજ્ઞી અપેક્ષાએ કહ્યા છે.

મન બે જાતનાં દ્રવ્યમન અને ભાવમન. નામકર્મથી ઇન્દ્રિય (મગજ) મળવું તે દ્રવ્યમન. અને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ તે ભાવમન. શ્રુતને વ્યવસ્થિત પ્રગટ કરવા માટે દ્રવ્ય મન જરૂરી છે, તે વિના આત્મા પાંગળો થઇ જાય છે. ભાવ મન હોવા છતાં આત્મા મનના સહારા વિના કામ ન કરી શકે. ક્ષયોપશમ હોય તો પણ

તે ભિન્ન ભિન્ન સહકારે કાર્ય કરે છે.

* **ક્રિયાનું મહત્વ**

ક્રિયા એટલે મન-વચન-કાયરૂપ યોગની પ્રવૃત્તિ. **જ્ઞાન એ પ્રકાશરૂપ છે ને ક્રિયા એ પ્રવૃત્તિરૂપ છે. જ્ઞાન પછી ક્રિયા આવે તો તે જ્ઞાન સફળ. જ્ઞાનરૂપ પ્રકાશનું કાર્ય ક્રિયા છે. ક્રિયા વગરનું જ્ઞાન ઉદ્દેશ વગરનું છે, અને ક્રિયા એ તો ઉદ્દેશ વગરની છે જ નહિ. ક્રિયાનું કાર્ય કર્મ નિર્જરા... પરંપરાએ પણ તે ભૂમિકાએ લઇ જાય.** પાંચમા આરાના અંત સુધી ક્રિયા કલ્યાણકારી બનશે.

ક્રિયા ઉપર જ ભગવાનનું શાસન છે. આજ્ઞા પ્રમાણેની ક્રિયા એ જ સમ્યગ્દર્શનનું મૂળ છે. શાસનની ક્રિયા ચાલુ નહીં હોય તો અનાદિકાળના મોહના સંસ્કારોની ક્રિયા ચાલુ રહેશે, માટે જ્ઞાનપૂર્વકની ક્રિયા કરવામાં જાગ્રત રહેવું જોઇએ.

પાંચમા આરાને અન્તે પણ યુગપ્રધાન કહ્યા છે. એટલે તે યુગમાં પણ શ્રેષ્ઠ પુણ્યાત્મા તો છે જ. યુગપ્રધાન આદિ ચારનો અંત પાંચમા આરાના અંતે અષાઢ સુદ પૂનમે થશે. તે વખતે પ્રભુનું શાસન ઇતિ થશે. પછી રાજ અને ધર્મ નાશ પામશે. ત્યાં સુધી આત્મકલ્યાણકારી ક્રિયાઓ ટકવાની છે.

કર્મસત્તાના જોરને ધીમું પાડનાર તત્ત્વ ધર્મસત્તા જ છે.

યોગબિન્દુમાં ભવાભિનંદીનું એક લક્ષણ નિષ્ફળ ધર્મ પ્રવૃત્તિ બતાવ્યું છે. બધી ક્રિયાનું ફળ ના હોય એટલે પરંપરાએ સાચું ફળ આપનાર ન હોય તો જ નિષ્ફળ કહેવાય.

વીતરાગની આજ્ઞામાં જીવન સમર્પણ કરનાર આત્માને ક્રિયાનું ફળ ન મળે તેમ ન જ હોય, સાચી ક્રિયાનું ફળ મળે જ છે. **ક્રિયાથી અનાદિ કુસંસ્કારો નબળા પડે, મોહનીય કર્મ મોળું પડે, વિવેક જાગે તે જ સાચું ફળ કહેવાય. બાકી સંસારની દૃષ્ટિએ ૨૫ લાખ કમાય તે ફળ નહિ પણ તેને સુપાત્રમાં ખરચવાની ભાવના થાય. તેમાં અનાસક્તિ ભાવ થાય આદરણીય નથી તેવો વિવેક જાગે એ જ સાચું ફળ છે.**

કરાતી કોઈપણ પ્રવૃત્તિનાં ફળ બે જાતનાં છે.

(૧) અનાત્યંતિક, (૨) આત્યંતિક.

(૧) અનાત્યંતિક એટલે ફળ મળે જ તેવું એકાંતે નહીં અર્થાત્ જેનું ફળ મળે કે ન મળે તે અનાત્યંતિક.

(૨) આત્યંતિક એટલે શાશ્વત; ભગવાનની આજ્ઞા મુજબ કરાતી ક્રિયાનું ફળ અવશ્ય છે જ.

ધર્મક્રિયા દ્વારા મળનારાં ફળ બે જાતનાં છે, તેમાં તત્કાલ મળતું ફળ ને પરંપરાએ મળતું ફળ, તેમાં કેટલીક પ્રવૃત્તિ નજરબંધીના ખેલ જેવી છે. શાસનની ક્રિયાનાં બે ફળમાં એક તુર્ત મળે તેવું છે.

**પ્રશ્ન – ધર્મક્રિયાનું ફળ તુરત જ મળે તેમ છે તો પૂજાદિ કરવા છતાં કેમ કંઈ જ મળતું નથી?**

**ઉત્તર** – પ્રભુની પૂજાથી ચિત્તની પ્રસન્નતા થવી એ જ તત્કાળ મળતું સાચું ફળ છે. પ્રભુની પૂજા કરતાંની સાથે જ તે મળતું હોય છે.

''પ્રસન્ન'' શબ્દમાં પ્ર+સદ્ ધાતુ છે.

પ્ર = પ્રકર્ષ,

સદ્ = બેસવું.

આત્મભાવ સમભાવમાં સ્થિર થવું તે પ્રસન્નતા છે.

પ્રસન્ન એટલે રાગ-દ્વેષ ભાવ નષ્ટ થાય. સમાધિ-શાંતિની અનુભૂતિ થાય. સાચું દુઃખ એ વાસનાનું જ દુઃખ છે, અને સમજણ એ જ સાચું સુખ છે. વાસના મનની વિચિત્રતાના કારણે છે. મનને ઊંધું કરતાં ''નમ'' થાય. એટલે મનને વશ કરવા તેને નમની પ્રવૃત્તિ કરાવવી જોઈએ. ગણધર ભગવંતો પ્રભુ પાસે નમીને વાસક્ષેપ કરાવે કે તુરત જ ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય છે.

મોક્ષ બે જાતના છે – દ્રવ્યમોક્ષ અને ભાવમોક્ષ. તેમાં જેટલા જેટલા અંશે કર્મથી મુક્તિ-તે મોક્ષ. તે ૪થા ગુણઠાણાથી શરૂ થાય. અરે, ચરમાવર્તમાં આવવાથી પણ મુક્તિની શરૂઆત અપેક્ષાએ ગણી શકાય. સકૃત બંધકમાં એકવાર

૭૦ કોડાકોડીથી સ્થિતિ બાંધે. અપુનર્બંધકમાં ફરી ૭૦ કોડાકોડીની સ્થિતિ બાંધે નહિ. આત્માને પુદ્‌ગલ સાથે રહેવાનો સંબંધ તે સ્થિતિ કહેવાય છે.

કિણ સ્કંધો એટલે ચાંદા આદિ પડ્યા હોય તેવો બળદ, ખભા ઉપર ચાંદા આદિ ન પડ્યા હોય તેવો ઉન્મત્ત સાંઢ સુખેથી રહે છે. ગલિના બે અર્થ છે. (૧) દ્રવ્યગલિ (૨) ભાવગલિ.

દ્રવ્યગલિ એ માંદો હોય અશક્ત હોય તેવો બળદ.

ભાવગલિ એ શક્તિ હોય-સશક્ત હોય પણ ગૂઢતા હોય - ઉદ્ધતાઇ હોય તેવા પ્રકારનો બળદ (સાંઢ) તે ભાવગલિ.

સાપેક્ષ ભાવે વિચારતાં ત્યાં ગો એટલે ઇન્દ્રિયો. તેનો સમૂહ તેમાં શાતા-અનુકૂળતામાં ગળિયા બળદ જેવો થઇ જાય એવો પણ સાધુપક્ષે ભાવ નીકળે છે.

વેદના બે પ્રકારની - વ્યક્ત વેદના અને અવ્યક્ત વેદના.

અવ્યક્ત વેદનામાં માત્ર આત્માને અનુભવ થાય. કહેવા - વ્યક્ત કરવાનાં યોગ્ય સાધનો = ઇન્દ્રિયો ન હોવાથી નિગોદ આદિ જીવો પોતાની વેદના બહાર જણાવી શકતા નથી બાકી ભાવમનથી આત્માને અનુભવ હોય.

**પ્રશ્ન - ભાવ મન એટલે શું?**

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તે ભાવમન કહેવાય. નિગોદ આદિમાં પણ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તેથી તેમને પણ ભાવમન હોય છે. શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ આત્મામાં બધે સરખો પરંતુ જ્યાં જેવા સહકાર મળે તેવું કામ કરે. આંખને જોવાનો ક્ષયોપશમ, કાનને સાંભળવાનો ક્ષયોપશમ. ક્ષયોપશમનું કાર્ય સાધનો (ઇન્દ્રિયો)નાં કારણો ભિન્ન ભિન્ન હોય છે, બાકી ક્ષયોપશમ આત્માના બધા જ પ્રદેશોમાં એકસરખો હોય છે. ગર્ભમાં દ્રવ્યમન અને ભાવમન બન્ને હોય છે. પરંતુ સાધનો એટલાં પૂરતાં ન હોવાથી અથવા મગજધારણા-સ્મરણ શક્તિ એટલી ન હોવાથી તે વેદનાનો ખ્યાલ આવતો નથી, બાકી ઘણી વેદના હોય છે તે અવ્યક્ત વેદના અને મરણ વખતે જે વેદના હોય તે વ્યક્ત વેદના.

નારકીને અવધિ કે વિભંગજ્ઞાન ૧ યોજનનું જોવા માટે છે. બાકી પોતાને કાંઇ

લાભ માટે નથી. પરંતુ તે તો વધુ દુઃખ માટે થાય છે. પૂર્વભવનું જ્ઞાન તો જાતિસ્મરણ જ્ઞાનથી કોઇ કોઇ જાણે બાકી બધા પૂર્વભવનું પણ જાણી શકતા નથી. પરમાધામી યાદ કરાવે ત્યારે કોઇને કોઇને જાતિસ્મરણ થાય. નારકીમાં અવધિ કે વિભંગજ્ઞાનથી પૂર્વભવ ન જણાય.

''લબ્ધિ'' એટલે આત્માને અમુક કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી શક્તિ, બાકી તપાદિથી કે નિર્જરાથી ઉત્પન્ન લબ્ધિ નહીં.

ભવગુણ એટલે તે તે ભવની વિશેષતા. તે તો ભવ મળતાં જ પ્રાપ્ત થાય અથવા તે ભવ સિવાય અન્ય ક્યાંય ન મળે તે ભવગુણ કહેવાય. જેમ નારકીમાં તીવ્ર વેદના, અવધિ-વિભંગ વગેરે અશુભ અનુભવો, ગાય વગેરેમાં ખાધેલું ઘાસ પણ દૂધમાં પરિણમે, મનુષ્યોને સંપૂર્ણ કર્મ ક્ષય, દેવોને સર્વ શુભ અનુભવો મળવા તે બધું તે તે ભવોના ભવગુણથી જ થાય.

ગુણ એટલે આત્મામાં ઉત્પન્ન થાય તે.

ગુણ બે પ્રકારના (૧) વિભાવ ગુણ, (૨) સ્વભાવ ગુણ.

આત્મામાં કષાયાદિ ઉત્પન્ન થાય તે ગુણ તો વિભાવ ગુણ છે. વિભાવ એટલે આત્માને દૂર લઇ જાય તે-

વિ એટલે વિરુદ્ધ વિજાતીય વિચારો અધ્યવસાયો તેમાં આત્માના (શુદ્ધ) ભાવને લઇ જાય તે વિભાવ. વિભાવ ગુણમાં અનાદિ કાળના સંસ્કારોની પ્રબળતાના કારણે વિષય કષાયાદિ માટે ઉપયોગપૂર્વક પ્રયત્ન કરવો પડતો નથી. પૂર્વભવની - સ્વભાવદશાની ભૂમિકા આરાધનાના સંસ્કાર અલ્પ હોવાના કારણે ક્ષમાશીલ બની શકતા નથી. હજુ ચેષ્ટામાત્ર પ્રવૃત્તિ છે. આ વિભાવગુણ છે.

સ્વભાવમાં સ્વ એટલે આત્મા, આત્માના શુદ્ધભાવોમાં જે વિચાર અધ્યવસાયો લઇ જાય તે સ્વભાવ દશા છે. પૂર્વભવની આરાધના, મોહની મંદતા આદિના કારણે અલ્પ આક્રોશ હોય, તિરસ્કારાદિ કરે તો પણ ક્રોધ ન આવે. ગમે તેવા અપશબ્દો બોલે છતાં સમાધિમાં રહે. આ શીલ ગુણ છે.શીલ એટલે... સ્વભાવ- સ્વાભાવિક આત્માની શુદ્ધ પરિણતિ તે શીલ ગુણ. વિવિધ રીતે ગુણની વાત ચાલે

છે. ભવગુણ પછી ભાવગુણનો વિષય આવે છે.

ભાવગુણ કોને કહેવાય? ભાવ શબ્દમાં ભૂ ધાતુ છે. ભૂ = ઉત્પન્ન થવું આત્મામાં જુદી જુદી અસરો ઉત્પન્ન થાય છે તે ભાવ છે. જેમ કે ઔદાયિક, ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔપશમિક, પારિણામિક આ ભાવોના ગુણ = પરિણમનો તે ભાવગુણ કહેવાય. આ ભાવગુણનો જીવ-અજીવ સાથે સંબંધ છે. કર્મના બંધનથી બંધાયેલો આત્મા તે જીવ કહેવાય. કર્મના ઉદયથી આત્માને જે અસર થાય તે ઔદાયિક ભાવ કહેવાય.

ઔદાયિક પ્રકૃતિ બે પ્રકારની (૧) પ્રશસ્ત, (૨) અપ્રશસ્ત.

**પ્રશ્ન** - અહીં શુભ-અશુભ ન કહેતાં પ્રશસ્ત-અપ્રશસ્ત ભેદ કેમ કર્યા?

વર્તમાનમાં સારું ને શુભ અને પરિણામે પણ સારું તે પ્રશસ્ત કહેવાય. જેમ અનાજ ખાવું તે સારું એટલે શુભ કહેવાય, પણ મલેરિયા-ટાઇફોઇડ આદિમાં સારું નહિ. તે સમયે અનાજ અપ્રશસ્ત કહેવાય, તેમ જે પરિણામે પણ સારું હોય તે પ્રશસ્ત કહેવાય. સારું ને વખાણવા લાયકમાં ફેર છે. પરિણામે સારું હોય તે વખાણવાલાયક કહેવાય.

ઉપદેશ પદમાં પૂ. હરિભદ્રસૂરિ મ. જણાવે છે કે જેટલી પ્રવૃત્તિ સારી હોય તે સારી જ કહેવાય (અર્થાત્ કુશલ કહેવાય) તેવો કાંઇ નિશ્ચય નથી પરંતુ જે પ્રવૃત્તિ દ્વારા કુશળ અનુબંધ પડે તે જ સારી પ્રવૃત્તિ કહેવાય.

પાપકર્મના ઉદયમાં ભીંસાતા પુણિયા શ્રાવક વીતરાગ શાસનને વફાદાર રહ્યા હતા. આથી જ ઉત્તમ અને નામ વરિષ્ઠ શ્રાવક થયા. શ્રાવક ગમે તેટલી આરાધના વ્રત-પચ્ચકખાણ કરે તો પણ સંપૂર્ણ વિરતિ ન કરી શકે. પાંચ ઇન્દ્રિય, મન અને છ જીવનિકાય સમારંભ આ બાર પ્રકારની અવિરતિમાંથી ત્રસકાયની વિરતિ કરી શકે. છેવટે સવાવસો દયા આવે તે પણ આનંદાદિ શ્રાવકોને માટે છે.

જિન નામકર્મ, આહારક શરીર-અંગોપાંગ આ ત્રણ જ પ્રશસ્ત પ્રકૃતિ છે. બંધમાં ૧૨૦ પ્રકૃતિ છે તેમાંથી ૧૧૭ અપ્રશસ્ત પ્રકૃતિઓ છે. અપ્રશસ્ત પ્રકૃતિ પણ પ્રશસ્ત પ્રકૃતિ થાય, પણ ક્યારે? તેમાં જિન નામકર્મની છાયા ભળે તો જ

પ્રશસ્ત બને. વીતરાગ શાસનની આરાધના કરે, શાસનની વફાદારીમાં રહે તો પ્રશસ્ત બને. જેમ પહેલું સંઘયણાદિ પામી આરાધના વગેરે કરે તે પ્રશસ્ત ગણાય.

૧૮૧મી ગાથામાં તીર્થંકર આહારાદિ શબ્દો છે. 'તીર્થંકર, આહારક, શરીરાદિ' તેમાં આદિનો અર્થ વગેરે ન કરવો પણ "તે છે મુખ્ય જેમાં" તે અર્થમાં આદિ શબ્દ છે. ઔદાયિક ભાવ પ્રશસ્તને અપ્રશસ્ત એમ બે ભેદ છે.

ઔપશમિક ભાવ એટલે ઉપશમ શ્રેણીમાં સત્તામાં રહેલા મોહનીય કર્મને દબાવે અને ઉદયમાં આવેલા મોહનો ક્ષય કરે, તેથી આત્મામાં નિર્મળ-શુદ્ધ સ્થિતિ થાય. આયુ બાંધ્યું હોય ને આમ ૧૧મા ગુણસ્થાને આવે ત્યાં અંતર્મુહૂર્ત કાળ પછી બે રીતે તરે (૧) ભવ ક્ષયે (૨) અદ્ધા ક્ષયે.

આયુષ્ય બાંધીને શ્રેણી માંડે અને ૧૧મે ગુણસ્થાને આવતાં મરે ને દેવલોકમાં જાય તે ભવક્ષયે.

**અધ્યાક્ષયે એટલે -**

અધ્ધા=કાળ, સમય, ગુણઠાણાનો કાળ પૂર્ણ થાય ને પડે, આઠમે-ચોથે ગુણઠાણે જો અટકે નહીં તો પહેલે ગુણઠાણે આવે. માત્ર અંતર્મુહૂર્ત કાળ ૧૧મે ગુણસ્થાને રહે પછી મોહનીયનો ઉદય થાય.

ઉદય થવું એટલે આત્માનું ઉપાદાન જ તેવું હોય, વિશુદ્ધ ભાવોમાં પણ સામાન્ય નિમિત્ત મળતાં મોહનીયનો ઉદય થાય.

વિશુદ્ધ અધ્યવસાયમાં કેવી રીતે ઉદય થયો?

૧૧મે ગુણઠાણાનો સમય પૂર્ણ થયે સંજ્વલન લોભનો ઉદય થયો.

લોભનો ઉદય કેવી રીતે થયો?

બાહ્ય રીતે ધનમાલ કુટુંબાદિ કોઇ લોભ દેખાતો નથી અને આત્મામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ લોભના પણ ભાગ કર્યા છે. તો કેવી રીતે લોભનો ઉદય થાય? એ પ્રશ્ન સહજ છે. પરંતુ ધન માલ મિલકત આદિથી જ લોભોદય થાય એમ અહીં નથી.

ઓઘો મુહપત્તિ જેવાં ઉપકરણોના નિમિત્તથી કષાયનો ઉદય થાય. તે

ઉપકરણોમાં તારકપણાના બદલે સૂક્ષ્મ પૌદ્‌ગલિક દૃષ્ટિ આવે. લોભનું કર્મ સત્તામાં તો છે જ આથી લોભનો ઉદય તો થવાનો જ છે, પણ નિમિત્ત વિના લોભ કષાય બહાર આવતો નથી. મુહપત્તિ વગેરેના પૌદ્‌ગલિક ભાવના નિમિત્તથી સૂક્ષ્મ લોભનો ઉદય થાય.

ક્ષાયિક ભાવ ગુણ - ૪ ભેદે છે. દર્શન સપ્તકને ક્ષીણ કરી ક્ષાયિકભાવ પ્રાપ્ત કરે પછી ફરી ક્યારેય મિથ્યાત્વમાં ન જાય.

મોહનીયના બે ભેદ છે, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય.

મૂંઝવે તે મોહનીય કર્મ.

**દર્શન મોહનીય સમજણમાં મૂંઝવે અને ચારિત્ર મોહનીય આચરણા પ્રવૃત્તિમાં મૂંઝવે.** દર્શનમોહનીય સાચું જાણવા ન દે તેમ ચારિત્ર મોહનીય સાચી પ્રવૃત્તિ કરવા ન દે.

ક્ષાયોપશમિક ભાવ એટલે વિપાકોદયનો ક્ષય હોય અને પ્રદેશોદય ચાલુ હોય - અર્થાત્ પાવર-તાકાત વગરનો પ્રદેશોદય હોય, આત્માને વિશેષ કોઇ નુકસાન ન કરે અને આત્માના આંશિક ગુણનો પ્રકાશ થવા દે.

પારિણામિક ભાવ એ કુદરતી ભાવ છે. અજીવમાં ઔદાયિક અને પારિણામિક બે ભાવ હોય છે.

● અચિત્તમહાસ્કંધ જે છે તે કેવલી સમુદ્‌ઘાતની જેમ દંડાદિ ક્રિયા કરે છે. પ્રમાણ સૂક્ષ્મ છે છતાં મહાસ્કંધ કહેવાય છે. જેમ જેમ પુદ્‌ગલનો સમૂહ વધે તેમ તેમ તે સૂક્ષ્મ બને છે. પુદ્‌ગલમાં ક્રિયા છે, તે ચેષ્ટા રૂપે છે. ભાષા શબ્દ પણ પુદ્‌ગલ છે. તે ૪ સમયમાં ૧૪ રાજલોકને સ્પર્શે છે. પુદ્‌ગલમાં ક્રિયા છે પણ વ્યવસ્થા નથી. ચૈતન્યમાં ક્રિયા વ્યવસ્થિત છે.

**પ્ર. જૈન દૃષ્ટિએ સંવત્સરી નવા વર્ષનો પ્રારંભ કેમ?**

ઉ. શાસ્ત્રદૃષ્ટિએ આરો અષાઢ સુદ-૧૫મે પૂર્ણ થાય અને શ્રાવણ વદ-૧મે પાંચમો આરો બેસે ત્યારથી ૭/૭ દીવસના કુદરતી રીતે વિંશીષ્ટ ફેરફારો થાય છે આમ ૫૦મા દીવસથી (ભા.સુ.૫થી) જીવન વ્યવહાર શરૂ થાય તેથી જૈન

આરાધનાની દૃષ્ટિએ... સંવત્સરીથી નવા વર્ષનો પ્રારંભ ગણાય છે. અને પૂનમનું મહત્વ છે.

● મૂલ એટલે પાયો. તેના છ નિક્ષેપ છે.

નિક્ષેપ એટલે શું?

નિ=નિશ્ચય કરીને ક્ષેપ=એટલે સ્થાપવું.

જ્ઞાની ભગવંતોએ કહેલા પદાર્થોને સ્થિર કરવા શ્રદ્ધા રાખવી, તેનું નામ નિક્ષેપો છે. દરેક પદાર્થમાં નામ-આકૃતિ-પરિચય-કાર્ય હોય છે. એટલે નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ આ ચાર નિક્ષેપા હોય છે. મૂળના ક્ષેત્ર અને કાળ સાથે છ નિક્ષેપા છે. જેમ ઘડો નામ તે નામનિક્ષેપો, મૂલચંદ નામ હોય તેમાં મૂલ શબ્દ તે નામ નિક્ષેપો છે.

સ્થાપના એટલે આકાર; ઘડાના સ્વરૂપે કે ચિત્રનો આકાર, ઝાડના મૂળનું ચિત્ર એ સ્થાપના નિક્ષેપો છે.

દ્રવ્ય એ વસ્તુ પદાર્થ અથવા તો તેને ઓળખવા પૂર્વ-અપર અવસ્થા વિચારવી તે દ્રવ્ય નિક્ષેપો, તે ભાવનું કારણ છે.

દ્રવ્યના ત્રણ પ્રકાર - શરીર દ્રવ્ય, ભદ્ર શરીર દ્રવ્ય તદ્વ્યતિરિક્ત દ્રવ્ય - (૧) સંસાર, સંયમ, આત્મા બધું જ જાણે છે પરંતુ આત્મા પરલોકે ગયો છે જ્ઞાનાદિથી અંકિત માત્ર શરીર છે તે શરીર દ્રવ્ય (૨) નાનું બાળક હોય નવકાર પણ ન આવડતો હોય છતાં પુણ્યશાલી ભાવીમાં અજોડ જ્ઞાની થશે એવાનું શરીર તે ભવ્ય શરીર દ્રવ્ય (૩) બંન્નેની ભિન્ન તે તદ્વ્યતિરિક્ત શરીર.

ઘડામાં પાણી ભરાય છે, મૂળમાંથી ઝાડ ઊગી રહ્યું છે એ કાર્ય એટલે ભાવ. ભાવ એટલે કાર્ય શક્તિનું પ્રચલન.

દ્રવ્ય મૂળ અવાંતરે-પેટા ભેદથી ત્રણ પ્રકારો છે - (૧) ઔદાયિક મૂળ, (૨) ઉપદેશ મૂળ, (૩) આદિ મૂળ.

ઔદાયિક ભાવોથી જે મૂળરૂપે દ્રવ્યો પરિણમ્યા છે તે મૂળ અર્થાત્ ઔદાયિક પુદ્ગલોની રચના તે મૂલ-જીવથી ભિન્ન કાયા તે ઔદાયિક મૂળ.

વૈદ્ય રોગપ્રતિઘાત સમર્થ મૂળિયાને સમીપે રહી બતાવે છે કે અમુક રોગના શમન માટે અમુક વૃક્ષનાં મૂળિયાં ઉપયોગી છે તે ઉપદેશ મૂળ.

આદિમૂળ - વૃક્ષના મૂળ રૂપે ઉત્પન્ન થવામાં આદિકારણ જ કર્મ છે. અર્થાત્ સ્થાવર નામ ગોત્ર પ્રકૃતિના અસંખ્ય ભેદોમાં મૂળની રચના કરાવનાર જે ઉત્તર પ્રકૃતિ તે આદિ મૂલ.

આઠ કર્મોમાં જે ગોત્ર કર્મ આવે છે તે લેવાનો નથી પણ અહીં ગોત્ર-એટલે ઓળખાણ એ અર્થ લેવાનો છે. જેમ તીર્થંકર નામ ગોત્ર-એટલે ''તીર્થંકર નામ કર્મ રૂપે ઓળખાતું કર્મ'' गूयते शब्दयते इति गोत्र- તે અર્થ અહીં લેવાનો છે.

કર્મ એટલે કાર્મણ શરીર ઔદારિક શરીર રૂપે મૂલની રચના કરવામાં આદિ કારણ તો કાર્મણ શરીર છે. અર્થાત્ ઔદાયિક મૂળ કાર્મણશરીર છે.

પૃથ્વીકાયથી આરંભી વાયુકાય સુધીનું જે પ્રાયશ્ચિત છે. તેથી વનસ્પતિકાયનું વધુ પ્રાયશ્ચિત્ત છે. વનસ્પતિકાયમાં પણ પ્રત્યેક અને સાધારણ તેમ બે ભેદ છે. તે બેમાં પ્રત્યેકનું અલ્પ પ્રાયશ્ચિત્ત અને સાધારણનું વધુ પ્રાયશ્ચિત્ત આવે. એકેન્દ્રિયના આત્મામાં ફેર નથી પણ અવસ્થા વિશેષ છે.

ક્ષેત્રમૂળ-જે ક્ષેત્રમાં મૂળ થાય છે તે ક્ષેત્રમૂળ કહેવાય, જેમ કે ગુજરાતમાં ઉત્પન્ન થયેલું રાજસ્થાનમાં થયેલું, કે રાજસ્થાનના કોઇ ગામમાં થયેલું - તે ક્ષેત્ર મૂળ.

કાલમૂળ જેટલા સમય સુધી મૂળ મૂળરૂપે રહે તેન કાળ મૂળ કહેવાય.

હવે ભાવમૂળની વિચારણા થાય છે.

ભાવમૂળ એટલે કષાય,

કષ એટલે સંસાર.

આય એટલે લાભ પ્રાપ્તિ. સંસારનો લાભ કરાવે-વધારે તે કષાય. દ્રવ્ય કષાયનો સંયમ થાય પણ ભાવ કષાયનો સંયમ કઠીન છે. જમૂલા એટલે જેનાથી સંસાર ઉત્પન્ન થાય તે મૂલ, કંખાયતે મૂલ છે. સંસારરૂપી વૃક્ષ છે. તે વૃક્ષમાં નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ રૂપી સ્કંધ છે. જન્મ, જરા, મરણ એ શાળા છે. દરિદ્રતા

દૌર્ભાગ્યતા ચિંતા શોક એ પાંદડા છે. પ્રિય વસ્તુનો વિયોગ અને અપ્રિય વસ્તુનો સંયોગરૂપી પુષ્પ, શારીરિક, માનસિક આધિ વ્યાધિ રૂપ ફળ છે. આ બધાનું મૂળ કષાય છે, કષાયને ઉત્પન્ન કરનારા વિષય છે. ભાવમૂળની વાત ચાલે છે દ્રવ્ય મૂળ ત્રણ પ્રકારે હતું તેમ

ભાવમૂળ ત્રણ પ્રકારનું છે – (૧) ઔદાયિક ભાવમૂળ, (૨) ઉપદેશ ભાવમૂળ, (૩) આદિ ભાવમૂળ.

(૧) ઔદાયિક ભાવથી ભોગવવાનું જે મૂળ શરીર તે ઔદાયિક કર્મવાળા મૂળનો જીવ તે ઔદાયિક ભાવમૂળ.

(૨) જે કર્મના ઉદયથી આત્મા મૂળપણે ઉત્પન્ન થાય છે તે કર્મ આદિમૂળ અને

(૩) બંને મૂળનું કારણ દર્શાવનાર ગુરુ મળે તે ઉપદેશ મૂળ અર્થાત્ મોક્ષ અને સંસારનું આદિ મૂળ શું છે? તે મુખ્ય કારણનો ઉપદેશ આપનારા ગુરુ તે ઉપદેશમૂળ છે. **"વિનય એ મોક્ષનું મૂળ અને કષાય એ સંસારનું મૂળ છે."** આવા ઉપદેશક ગુરું એ ઉપદેશ મૂળ છે.

વિનય એટલે નમ્રતા, સભ્યતા આદિ લૌકિક અર્થ છે.

વિનય શબ્દમાં 'વિ' ઉપસર્ગ + 'ની' ધાતુ છે.

'વિ' એટલે વિશેષ કરી.

'ની' એટલે લઈ જવું = વિનય.

'ની' ધાતુના બે અર્થ થાય છે. લઈ જવું તે લાક્ષણિક અર્થ છે અને ફેંકવું – દૂર કરવું એ પણ અર્થ થાય છે.

**"વિ" એટલે વિશેષ કરી આત્માને મોક્ષમાં (પ્રાપ્ત કરાય) લઈ જવાય તે વિનય.**

બીજા અર્થથી વિચારીએ તો

**વિ = વિશેષ કરીને આઠ પ્રકારનાં કર્મોને દૂર કરે, દૂર ફેંકે તે વિનયનો અર્થ સમજવો.** કર્મનો કચરો દૂર કરવા માટે આશ્રવનાં દ્વારો બંધ કરવાં પડે. પરંતુ

આશ્રવ આવે છે ક્યાંથી?

અહં-મમના મંત્રાક્ષરોથી કર્મો આવે છે. અહંભાવ એ આશ્રવનું મૂળ કારણ છે. હિંસા-ચોરી આદિ નિમિત્તો છે. અભિમાની એ ઉપાદાન છે. જે કર્મ બંધનમાં મૂળ કારણ છે.

પણ અહીં અહંભાવ કયો લેવો?

અહં=હું=આત્મા એમ નહીં પરંતુ **પુદ્‌ગલ ભાવ અને આત્મસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હોય. આત્મા અને પુદ્‌ગલ બન્ને ભિન્ન સ્વરૂપે હોવા છતાં ઐક્ય માની પ્રવૃત્તિ કરે છે,** તે અહંભાવ અહીં લેવો. ઔદાયિક ભાવોમાં પોતાની લડાઇ કરાવે અહંભાવ પ્રગટ કરીને અભિમાનને પોષ્યા કરે.

**અહંભાવને છોડીને આત્મ સ્વરૂપને નિરભિમાનત્વ કરવું તે વિનય છે.** પૌદ્‌ગલિક ભાવોને દૂર કરવો અને આત્મા સ્વરૂપે નિરભિમાનત્વ કરવું તે વિનય છે. જેના દ્વારા આત્મા પૌદ્‌ગલિક ભાવથી પર બનીને આરાધના કરૈ તે વિનય. વિનય પાંચ ભાવે છે તે અવસ્થા વિશેષ છે. બાકી વિનય એક સ્વરૂપે છે.

વિનય પાંચ પ્રકારે થાય તે આ રીતે -

જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય અને ઉપચાર વિનય. ઉપચાર શબ્દમાં ઉપ્+ચર્ ધાતુ છે.

ઉપ એટલે સમીપે, ચર એટલે ગતિ, જવું.

સમીપે જવું તે ઉપચાર.

મહાપુરુષની પાસે રહેવું તેમનો બાહ્ય વિનય ભક્તિ સેવા-રાગને વ્યક્ત કરવાની ચેષ્ટા તે ઉપચાર વિનય છે. ઉપરોક્ત ૪ (ચાર) વિનયનું લક્ષ્ય ચુકાય તો ઉપચાર વિનય ન ટકે. જેમાં ગુણાનુરાગ મુખ્ય હોય અને વિનય કરે તે ઔપચારિક વિનય કહેવાય.

ઔપચારિક વિનયના બે ભેદ છે.

(૧) લૌકિક ઉપચાર વિનય (૨) લોકોત્તર ઉપાચર વિનય.

બહારનું કાર્યાદિ કરે, પણ તેમાં સ્વાર્થભાવ હોય, પૌદ્‌ગલિક ભાવો હોય,

તે વિનયને લૌકિક ઉપચારિક વિનય કહેવાય. તેવા પ્રકારનું આચરણ જો સંયમી કરે તો તે પણ લૌકિક ઉપચાર વિનય કહેવાય. તેનાથી આત્માનું કાર્ય સિદ્ધ ન થાય. ગુરુને સારી રીતે રાખવા સંતોષ કરવા આ બધું સ્વાર્થવૃત્તિ માટે પોષવા કરે તે ઔપચારિક વિનય લૌકિક બને. ગુણાનુરાગના લક્ષ્ય વિનાનો કરાતો વિનય નિર્જરાને બદલે ખુશામતનું કારણ બને છે.

માત્ર આત્મકલ્યાણ અને કર્મ નિર્જરાના ભાવથી સેવા-ભક્તિ કાર્ય કરે ઇહલૌકિક પૌદ્‌ગલિક કોઇ સ્વાર્થ ભાવ ન હોય તે વિનય લોકોત્તર ઉપચાર વિનય છે. આ વિનયથી મોક્ષ મળે અન્યથા અનાસક્ત મહર્ધિક દેવપણું મળે.

વિનયના ફળનો જે ક્રમ બતાવ્યો છે તે જ્ઞાનીઓનાં વચનોમાં અવર્ણનીય ઉત્તમ પદાર્થો અને તાત્ત્વિક ભાવો રહેલા છે. પરંતુ મોહનીય કર્મની પ્રબળતાના કારણે પોતાના મગજમાં ન બેસવાથી ગુજરાતી પાંચમી ચોપડીમાં આવતા શિયાળના દૃષ્ટાંતે દ્રાક્ષ ખાટી છે એમ ફાળ મારે અને લોકોત્તર ફળ આપનાર ભાવશાસનથી દૂર થાય. પંરંતુ ''જ્ઞાની ભગવંતોનાં જે પણ વચનો છે તે સત્ય જ છે. મારાથી નથી સમજાતું'' એમ શ્રદ્ધાપૂર્વક રહે.

(અહીં માત્ર જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે. તેથી પદાર્થ (ફળ) સમજાતો નથી પરંતુ મોહનીયકર્મનો ક્ષયોપશમ છે તેથી શ્રદ્ધા ટકી રહે છે).

ગીતા ને ઘેટા શબ્દાર્થમાં જેટલો ફરક છે તેટલો શ્રાવક અને ગૃહસ્થ વચ્ચેનો ફેર છે. ગૃહસ્થ આત્મા ઘરવ્યવહાર પૂછી શકે પણ શ્રાવક તેવું ન પૂછે. પંચાશકજી ગ્રંથ હરિભદ્રસૂરિ મ. એ બનાવેલો છે. તેના પહેલાં પંચાશકના પહેલા શ્લોકમાં જણાવ્યું છે કે : ''પરલોકમાં હિત કેમ થાય તે વિચારી આરાધના કરે તે શ્રાવક.''

પર એટલે પછીનો

લોક એટલે ભવ.

ભવિષ્યનો વિચાર કરે તે પરલોકનું હિત વિચારે, એક જ ભવ ન સુધારે પણ ભવિષ્યના ભવોભવ સુધારવા પ્રયત્નવાન બને તે શ્રાવક. અર્થાત્ પરલોકને સુધારવાની ભાવનાથી અનંત ઉપકારી વીતરાગ દેવ પરમાત્માની વાણીને સમ્યક્

પ્રકારે સાંભળી આચરણમાં મૂકે તે શ્રાવક.

શ્રાવક-શ્રાવકને મળે એટલે પરલોક શ્રેયાર્થની જ વાત કરે. ઉપધાન સાપેક્ષભાવે શ્રાવકની દીક્ષા છે. **જીવનને આદર્શ બનાવવાની પ્રક્રિયા તે ઉપધાનની ક્રિયા છે.** ઉપધાન વિરભાવોને કેળવવા માટે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ એ ચારને પ્રાપ્ત કરવા માટે ઉપધાન છે.

અંતરંગ ભાવોથી વિનય કરવો તે ઔપચારિક વિનય છે, ઉત્તરાધ્યયન સૂત્રમાં, વિનય અધિકારમાં ગુરુ શિષ્યને બોલાવી બહાર બેઠેલો કાગડો બતાવે, કાગડો કાળો હોય છતાં કહે 'જો... જો... સફેદ કાગડો છે' અને શિષ્યને આંખથી કાગડો કાળો દેખાતો હોવા છતાં ગુરુ બહુમાનથી 'હા સફેદ સફેદ' એમ બોલાઇ જાય... આ અંતરંગ બહુમાન છે. શાસ્ત્રોમાં આવતી સફેદ કાગડાની વાત સાવ ખોટી નથી, પ્રસિદ્ધ ઓછી છે. આજે પણ નાગપુરમાં અને અમદાવાદ-કાંકરિયા મ્યુઝિયમમાં સફેદ કાગડા છે. એટલે આવાં દૃષ્ટાતોથી વીતરાગનાં વચનો સિદ્ધ થાય છે. એ રીતે વિજ્ઞાનવાદ એ એક ગુણ છે.

**ગુરુ પ્રત્યેનું અંતરંગ બહુમાન એ વિનય છે, વિનયથી જ્ઞાન પ્રગટે છે.**

જ્ઞાનના બે ભેદ છે (૧) જ્ઞાન (૨) અજ્ઞાન.

(१) ''यस्मिन् उदिते विभाति ज्ञानं'' જે જ્ઞાન આવ્યા પછી રાગાદિકનું ભાન થાય તે જ્ઞાન કહેવાય. અર્થાત્ રાગ, દ્વેષ અને કષાયોના તોફાન દૂર થાય તે જ્ઞાન.

(२) कुत्सितज्ञानं - अज्ञानं - અહીં अ નિષેધના અર્થમાં નથી પણ કુત્સિતના અર્થમાં છે. કુત્સિત એટલે ખરાબ-નિંદનીય. જે જ્ઞાનથી આત્મા નિંદનીય બને વિષય-કષાય-ભોગવિલાસમાં ફસાય તે અજ્ઞાન કહેવાય. જે જ્ઞાનથી આત્મામાં વિકારોના વિષયો અને કર્મનાં બંધનો આકરાં લાગે તે જ્ઞાન કહેવાય બાકી અજ્ઞાન કહેવાય. ગુરુના વિનય બહુમાનથી જ્ઞાન પ્રગટે છે.

જ્ઞાનની ત્રણ અવસ્થા છે. વ્યવહારના દૃષ્ટાંતથી વિચારીએ તો.

આંખથી જુએ તે નાનું બાળક.

મનથી જુએ તે સમજું.

ઊંડાણથી વિચારીને જુએ તે વિવેકી (હીરાના દષ્ટાંતે)

શાસ્ત્ર દષ્ટિએ ત્રણ જ્ઞાન વિચારીએ તો (૧) વિષયપ્રતિભાસ જ્ઞાન, (૨) આત્મ પરિણતિવાન જ્ઞાન, (૩) તત્ત્વસંવેદના.

**(૧) વિષયપ્રતિભાસ જ્ઞાન**-જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે જ્ઞાન મેળવે પરંતુ મિથ્યાત્વમોહનીય અને ચારિત્રમોહનીય એ બે પડદા ન ખસે તે વિષયપ્રતિભાસ જ્ઞાન કહેવાય. માત્ર વિષયનું સામાન્ય જ્ઞાન હોય, અહીં સામાન્ય એટલે માત્ર પદાર્થનો ભાસ કરાવે. બાહ્ય પદાર્થનું વિશેષ વિસ્તારથી જ્ઞાન હોઇ શકે... પરંતુ તેનો આત્મભાવ સાથે કેટલો સંબંધ તે જ્ઞાન-સમજણ ન થવા દે. વકીલો, બેરિસ્ટરો, વૈજ્ઞાનિક આદિનું જ્ઞાન વિષય પ્રતિભાસજ્ઞાન કહેવાય.

**(૨) આત્મપરિણતિવાન જ્ઞાન** - જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ સાથે આત્મામાં મિથ્યાત્વનો અર્થાત્ દર્શન મોહનીયનો ક્ષયોપશમ થાય, આથી આત્મા પરિણામી થાય. ખ્યાલ આવે કે "આવા કાર્યથી મારું = આત્માનું બગાડશે કે સુધરશે." આ વાત શ્રદ્ધા સાથે સમજાય, દરેક પદાર્થ કે પ્રસંગના સંયોગમાં વિચાર દષ્ટિ આત્મા સાપેક્ષ બને.

**(૩) તત્ત્વ સંવેદન** - આ ત્રીજી ભૂમિકાએ જીવ ઊંડાણથી અનુભવ કરે છે. દર્શન મોહનીયની સાથે ચારિત્ર મોહનીયનો પણ ક્ષયોપશમ થવાથી આત્મા આજ્ઞાનો ગુણાનુરાગી બને છે. કાંઇક અંશે જીવનમાં ઉતારવા તલપાપડ બને છે.

ઉપરોક્ત ત્રણ જ્ઞાનમાં છેલ્લાં બે જ્ઞાન સમ્યક્જ્ઞાન છે અને વિષય પ્રતિભાસજ્ઞાન તે અજ્ઞાન છે.

બીજી રીતે વિચારીએ તો જ્ઞાન-શ્રુત બે પ્રકારનું છે દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત. આત્મ શુદ્ધિની જવાબદારી વિનાનું જ્ઞાન તે દ્રવ્યશ્રુત કહેવાય.

આત્મા જેમાં કામેળ બને તે ભાવ શ્રુત જ્ઞાન છે.

જ્ઞાનની મહત્તા શામાં? **આત્મા ઉપરથી અનાદિના વિષય વાસનાના સંસ્કારો તોડે તે જ જ્ઞાન.** સમજદારીનું જ્ઞાન તે વિષય કષાયોના સંસ્કારો દૂર કરવા સમર્થ બને છે, તે જ જ્ઞાનનું મહત્ત્વ છે. જાણકારીનું જ્ઞાન એ તો શબ્દોના

સાથિયા છે. તેમાં માત્ર જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ છે. **જ્ઞાન ભણવાથી માત્ર શબ્દનું જ્ઞાન આવે છે જ્યારે વિનયથી પરિણતીનું જ્ઞાન આવે છે.** કોઈપણ કર્મનો ક્ષયોપશમ ત્યારે જ લાભદાયી થાય કે જ્યારે દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ થયેલો હોય.

સમજદારીનું જ્ઞાન એ તો દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમનું છે તેનાથી શ્રદ્ધાની ભૂમિકા આવે છે.

**શ્રદ્ધા બે પ્રકારે છે (૧) દ્રવ્ય શ્રદ્ધા અને (૨) ભાવ શ્રદ્ધા.**

શ્રદ્ધા શબ્દમાં શ્રદ્+ધા છે.

'શ્રદ્' = એટલે આ જ મારે કલ્યાણકારી છે. એ રીતે;

ધા = એટલે ધારણ કરવું તે શ્રદ્ધા. એ ભાવ સ્વરૂપ શ્રદ્ધા હોય તો મુક્તિ મળે છે.

**સમ્યગ્ દર્શનથી ચારિત્ર કેવી રીતે આવે?**

સમ્યગ્દર્શનથી પરિણતિપૂર્વકનું ચારિત્ર મળે છે. સમ્યગ્દર્શનનાં પ્રભાવે સંસારના ભોગ વિલાસમાંથી તેની રૂચિ ચાલી જાય છે. તેને અપ્રવિચાર કહેવાય છે.

પ્રવિચાર એટલે - પૌદ્ગલિક ભાવોથી ઇન્દ્રિયજન્ય સુખોની રમણીયતા લાગવી તે.

પ્રવિચાર શબ્દમાં प्र+वि+चर् ધાતુ છે.

प्र = પ્રકર્ષે કરી

वि = વિકૃતિ

चर् = ચાલવું.

અર્થાત્ આત્માના વિકૃત = ઊલટા-અર્થાત્ સંસારના ભાવોમાં ચાલવું તે પ્રવિચાર કહેવાય.

અપ્રવિચાર એટલે સંસાર તરફ જેને અરૂચિ થઇ છે તેવો આત્મા. અપ્રવિચાર આત્મા પાંચ અનુત્તરમાં જાય.

દર્શન મોહનીયકર્મના ક્ષયોપશમથી ચારિત્ર પામે ત્યારે લક્ષ્યની શુદ્ધિ છે. લક્ષ્ય વિનાની પ્રવૃત્તિથી કાર્ય સિદ્ધ ન થાય. લક્ષ્યની જાગૃતિ વિનાની પ્રવૃત્તિ નિષ્ફળ થાય છે. તેમ ચારિત્રની શુદ્ધિ દર્શન-મોહનીયના ક્ષયોપશમ વિના ન થાય.

**ક્ષાયિકભાવ વિના અને યથાખ્યાત નામના ચારિત્ર વિનાનાં તમામ ચારિત્ર તે દ્રવ્ય ચારિત્ર કહેવાય. જો કે... સાપેક્ષ ભાવે બધાને ભાવ ચારિત્ર ગણાય, બાકી મુખ્યતાએ યથાખ્યાત ચારિત્રને જ ભાવ ચારિત્ર ગણાય.** દ્રવ્ય એ ભાવનું મુખ્ય કારણ છે, તેમ દ્રવ્યનો બીજો અર્થ કરીએ તો દ્રવ્ય એટલે ભાવ શૂન્ય. તેવું જીવન અભવિનું હોય. અભિવિના આત્માને ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થયેલો હોવા છતાં દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમના અભાવે મોક્ષની પ્રાપ્તિ કરી શકતો નથી ઉચ્ચકોટીનું ચારિત્ર પાળે તો પણ નવ ગૈવેયક જઇ અટકી જાય છે.

શુશ્રૂષા એટલે સાંભળવાની રૂચિ

જિજ્ઞાસા = જાણવાની ઇચ્છા. 'ज्ञान इच्छति इति'

જ્ઞાન તે જ કે પોતાની જવાબદારીને સમજે.

**તપ એટલે?** આત્માને કર્મ બંધનમાંથી છોડાવે તે તપ. મોક્ષ સિવાય તપ ક્યારેય પૂરો ન થાય. **દ્રવ્ય તપનું પારણું થાય બાકી ભાવતપ તો ચાલુ જ રહે.**

**જ્ઞાન એટલે આત્મામાં રહેલા પોતાના દોષોને શોધે પણ, બીજાના દોષોને જોયા કરે નહીં.** ઉપદેશ આપવો અને બીજાના દોષોને કાઢવા કે બતાવવા એ તો સાવ સહેલું છે. પોતાના દોષો જોઇને છોડવા અને ત્યાગ ભાવ તરફ આગળ વધવું કઠિન છે. જ્ઞાનનું ફળ વિરતિ હોવું જોઇએ. સંસારમાં રખડાવનાર દોષો મોહનીય કર્મના કારણે છે. મોહનીયના આવરણને દબાવવા પુરુષાર્થ સખત કરવો પડે. કારણ કે ચડવા કરતાં સંયમ સ્થાનોમાં પડવાનું ઘણું છે. હિમાલય-મેરૂ ચડવા સહેલા છે પણ સંયમ સ્થાનોમાં ચડવું અને એની થાપટોમાં પાછા ન પડવું એ મુશ્કેલ છે.

૫૦ હજાર કેવળજ્ઞાનીના ગુરુ લબ્ધિનિધાન ગૌતમસ્વામી તથા બીજા કેટલાય

વૈયાવચ્ચી વિદ્વાન તપસ્વી સાધુઓ હોવા છતાં ૧૪ હજાર સાધુમાં ૩૨ સ્ત્રીના સ્વામી અને દોગુંદક દેવ જેવા સુખોને છોડીને આવેલા ધન્ના કાકંદીના તપને પ્રભુએ પ્રશંસનીય કહ્યો કારણ કે પરિણામની ધારા વિચિત્ર છે. ચડ-ઊતર થયા કરે છે. બીજા તપસ્વીઓ, સાધુઓ શુદ્ધ અધ્યવસાયમાં પડે વધારે અને ચડે ઓછું. જ્યારે મોહનીય વિજેતા ધન્ના કાકંદી શુદ્ધ અધ્યવસાયોમાં ચડે વધારે અને પડે ઓછું. એવા પરિણામની ધારામાં શ્રેષ્ઠ છે.

શ્રાવકને ૧૨ વ્રતના ૧૨॥ કરોડ જેટલા ભાંગા છે. તેમાંથી શ્રાવક થોડા ભાંગે વ્રત પાળે તો પણ તે દેશવિરતિ કહેવાય અને સાધુને તો પાંચ વ્રતમાંથી એક પણ ઓછું ન ચાલે. સાધુને ચારિત્રના ૧૮૦૦૦ (અઢાર હજાર) ભાંગા છે. તેને ૧૮ હજાર શીલાંગ કહેવાય છે. તે બધાં જ પાળવાના હોય છે. તેમાંથી એક પણ ભાંગો ઓછો હોય તો ન ચાલે.

શીલ=ચારિત્ર, અંગ=અવયવ.

ચારિત્ર રૂપી શરીરના ૧૮ હજાર અંગ અવયવ છે. અવયવ અને અવયવી જુદા ન હોય - અઢાર હજાર શીલાંગમાંથી બધા જ અંગ-ભેદ પાળવાના, માત્ર સમજણ ને જાણકારીમાં હોય તે ન ચાલે, અમલમાં હોવા જોઇએ. સમજણ કે ૧૮ હજાર ભેદને પોતાના આત્માથી અભેદ માને. દા.ત. મોટરનો ડ્રાઇવર સમજણથી રસ્તો જુએ કે કોઇ નથી તે પછી અમલમાં મૂકે, ચલાવે બાકી જોયા વિના ચલાવે જ રાખે ત્યાં કામ થઇ શકે કે તોફાન જ થાય? રસ્તો જોયા પછી ગાડી ન ચલાવે તો જોયાનો કોઇ મતલબ નથી. સમજણમાં કંઇ હોય અને અમલમાં કંઇ હોય તે પણ ન ચાલે. જયણા પણ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે હોવી જોઇએ. બાકી બોલે કંઇ, ચાલે કંઇ તે દંભ કહેવાય. માટે વ્યાખ્યાન ગમે તે સાધુ ન આપી શકે તેના માટે કેટલી યોગ્યતા જોઇએ?

નિશીથ - એટલે રાત્રી, રાત્રે બધા સૂઇ ગયા હોય ત્યારે મધ્યરાત્રીએ ગુરુ શિષ્યને ચાર કાને જ સંભળાવે, ભણાવે તેવા આગમને નિશીથ સૂત્ર કહેવાય છે. ગંભીર વાતો તેમાં હોય, માટે યોગ્ય પાત્રનો વિચાર કરીને ભણાવાય. એનાથી વધુ

મહત્ત્વનું અને ગંભીર મહાનિશીથ સૂત્ર છે. આ નિશીથ સૂત્રનું જ બીજું નામ ''આચાર પ્રકલ્પ'' છે.

પ્રકલ્પ અધ્યયન જે ભણ્યા હોય, ગુરુ ચરણે બેસી જેણે વાચના દ્વારા જ્ઞાન મેળવ્યું હોય તે વ્યાખ્યાન આપી શકે. આચારાંગ સૂત્રની પાંચમી ચૂલિકાના વીશ અધ્યયન છે. તેમાં આવે છે કે ભગવંતની વાણીનું વ્યાખ્યાન અમુક જ કરે.

અણિસ્સીયા = અનિશ્રિત એ સાધુનું વિશેષણ છે. અનિશ્રિત એટલે નિશ્રા વગરના, એટલે સાધુ કોઈપણ ગૃહસ્થ (૧૮એ કોમ)ને આધીન નહીં એ તો સામાન્ય અર્થ છે. બીજો અર્થ સાધુ રાગદ્વેષ રહિત છે. સાધુ રાગદ્વેષને આધીન ન હોય. વસ્તુને વસ્તુ સ્વરૂપે વિચારે તે રાગદ્વેષ ન કહેવાય. ઇહલોક પરલોકમાં મનુષ્ય દેવ સંબંધી સુખોની આશંસા રહિત સાધુ હોય તે અર્થ પણ થાય છે.

**પ્રશ્ન** – મોટી સંગ્રહણીમાં પાંચમા આરામાં ૧૨૦નું આયુષ્ય બતાવ્યું છે. પરંતુ અત્યારે કોઈ કોઈ જગ્યાએ વધુ આયુષ્ય જોવા મળે છે, તેનું કારણ શું?

**ઉત્તર** – ઉજ્જૈનમાં કુંભના મેળામાં ૧૫૦-૨૦૦ વર્ષના યોગીઓ આવે છે. તે ખરું પણ શાસ્ત્રમાં સામાન્ય એટલે બહુલતાએ ઉંમરનું પ્રમાણ બતાવ્યું છે એથી વધુ ન જ થાય એમ નહીં. તીર્થંકરનું નામ સામાન્યથી ત્રણ ચોવીસી રહે પરંતુ સ્થૂલભદ્રજીની મુખ્યતાએ ૮૪ ચોવિસી ભગવાન મહાવીર સ્વામીનું નામ રહેશે.

**રાગ અને સ્નેહ વચ્ચે તફાવત શું?**

રાગ અને સ્નેહમાં તફાવત ઘણો મોટો છે. રાગમાં અવિવેકની માત્રા વધુ હોય છે, જ્યારે સ્નેહમાં નથી હોતી. રાગમાં મમતા વધુ હોય માયામાં મિથ્યાત્વ ભળે એટલે રાગ થાય. રાગ એટલે મિથ્યાત્વ મોહનીય કર્મની પ્રધાનતા હોય અને હેયોપાદેયના વિવેકની પ્રધાનતા ન હોય તે.

સ્નેહમાં ઉપરોક્ત અભાવ હોય છે અર્થાત્ મિથ્યાત્વ મોહનીય કર્મની લઘુતાથી વિવેકની પ્રધાનતા હોય. સ્નેહ એટલે ચીકાશ, આવા સ્નેહમાં વિવેક બુદ્ધિ તો જાગતી જ હોય છે. જેમ ભગવંત ઉપર ગૌતમસ્વામીનો રાગ હતો તે રાગ નહીં પણ સ્નેહ કહેવાય. મિથ્યાત્વનો નાશ અને ચારિત્ર મોહનીયનો ઉદય તે પ્રશસ્ત

રાગ. ગૌતમસ્વામી ભગવંતને પ્રશસ્ત રાગ હતો પણ જ્યારે પૂર્વઋણાનુબંધી સ્નેહ જાગે ત્યારે તરણતારણ ભાવો ગૌણ રહ્યા હતા. ક્ષયોપશમ ભાવ જાગતો હોય ત્યાં ગુણાનુરાગ પ્રશસ્ત રાગ બને.

પ્રશસ્ત એટલે જિનાજ્ઞાપૂર્વકનું જે હોય તે. મોહના સંસ્કારનું બળ ઘટે અને જ્ઞાનીની આજ્ઞા વધે તે પ્રશસ્ત કહેવાય.

**યોગ અને ઉપયોગ**

અભવિને પાપોને રોકવાની પ્રવૃત્તિ હોય પણ ઉપયોગ ન હોય. તેમનો ઉપયોગ તો પુદ્‌ગલમાં જ હોય છે. યોગમાં અર્થાત્ મન-વચન-કાયામાં હોય, સાચો ઉપયોગ તો આત્માનો વિષય છે. યોગથી કર્મબંધ છે, ઉપયોગ કર્મનિર્જરાત્મક છે.

ઉપયોગ એટલે 'લક્ષ્યની જાગૃતિ' આત્માના શુદ્ધ અધ્યવસાય, આવી લક્ષ્યની જાગૃતિ કર્મનિર્જરા કરાવે છે. આથી જ 'ઉપયોગ નિર્જરા' કહી છે. લક્ષ્યની જાગૃતિ સિવાય આત્માની મલિનતા ઘટતી નથી. આ જ વાત પૂ. ઉપા. યશોવિજયજી મ. એ સ્તવનમાં જણાવી છે. ''તાવત્ જીવ છે મલિનારંભી, યાવત્ જીવ છે યોગારંભી'' ઉપયોગ ન હોય તો પણ યોગથી કર્મ બંધાય છે.

'શુભ ઉપયોગ' શબ્દનો પ્રયોગ કરીએ છીએ તે પુણ્યબંધ કરાવે. ઉપયોગનો અર્થ વ્યવહારથી તે રીતે કરાય છે. બાકી ઉપયોગ જુદી વાત છે. આ ક્રિયા કરું અને કર્મ દૂર થાય એ ઉપયોગ ન કહેવાય. પણ શુદ્ધ શુભ મનોયોગ કહેવાય. ઉપયોગ એ આત્મિક વસ્તુ છે અને યોગ એ પૌદ્‌ગલિક છે.

**ગજસુકુમાલ નામ કેમ?**

હાથી જેવા સુકુમાલ હતા તેથી તેમનું નામ ગજસુકુમાલ હતું.

ગજ એટલે હાથી. હાથી સુકુમાલ કેવી રીતે?

હાથી કોમળ હોય? ના. હાથી કોમળ ન હોય પણ સંગત અર્થ કરતાં આવડવું જોઇએ. અહીં મધ્યમ પદલોપી સમાસ છે. गजतालुवत् सुकुमालो यः। હાથીનું તાળવું સુકોમલ હોય છે તેના જેવા સુકુમાલ એ અર્થ છે.

**હરિણૈગમેષી =** હરિ એટલે ઈન્દ્ર - નૈગમેષી એટલે સેનાપતિ. હરિણૈગમેષી એટલે ઈન્દ્રનો સેનાપતિ એમ અર્થ થાય પણ હરણ જેવું મુખ, શૃંગ વગેરે ન હોય. હરિણૈગમેષી દેવ દેવલોકથી ચ્યવીને વેરાવળ પાટણમાં ઠાકોરને ત્યાં પુત્ર થયા. નવા હરિણૈગમેષી દેવે ઘણી મહેનતે તેમને સંયમમાં લાવ્યા. લોહિતાચાર્ય પાસે દીક્ષા અપાવી, દેવદ્ધિગણી ક્ષમાશ્રમણ રૂપે પૂર્વધર બની વલભીપુરમાં આગમો પુસ્તકારૂઢ કર્યા. દેવર્ધીગણી ક્ષમા શ્રમણ એ પ્રભુવીરનો ગર્ભ સંક્રમણ કરનાર હરિણૈગમેષી દેવનો જીવ છે.

● **ચોમાસી દેવવંદન**

ચોમાસી ચૌદશે કરતા દેવવંદનની ચોવીશ (૨૪) તીર્થંકરોના દેવવંદન (સાધુ-ગૃહસ્થ) ઉભયને માટે છે. લીંબડીમાં ૧૭૦૦ ની સાલની હસ્તલેખિત દેવવંદન માળા છે. તેમાં પણ દેવવંદનના અંતે પંચતીર્થનાં સ્તવન છે. પંચતીર્થનાં સ્તવન બોલવાં એ પણ વિધિ છે. આજે ઘણી જગ્યાએ આ વિધિ ભુલાતી જાય છે.

● આજના કાંકરા જે છે તે ત્રીજા આરામાં સાકર હતી. કાળના પ્રભાવ, પાપના ભારે રસાદિ સ્વરૂપો ઘટ્યાં. પુદ્‌ગલ દ્રવ્યમાં રૂપાદિ ૨૦ પર્યાયો રહેલા છે તે પર્યાયો બદલાયા કરે છે. આ પર્યાયોને જેવું ઉપાદાન હોય તેવું પરિવર્તન થાય છે. જેમ ભૂમિમાં રહેલો રસ એક જ હોવા છતાં શેરડીમાં મીઠાશ રૂપે, લીમડામાં કડવાશ રૂપે, મરચામાં તીખાશ રૂપે પરિણમે છે, એમ ઉપાદાનના કારણે રસનું રૂપાન્તર થાય છે.

● ભગવાનના શાસનની ક્રિયા પુદ્‌ગલ પર અવલંબીને નથી પણ આત્માના અધ્યવસાયો પર રહેલી છે. મોહનીય કર્મની હાનિમાં અવલંબીને રહે છે.

શાસન ઉત્તમ જાતિમય સુવર્ણ જેવું છે. આત્માને વિકસાવવામાં નિમિત્તભૂત શાસન છે. પારસમણિ જેવું શાસન પામી લોઢા જેવો આત્મા ખેંચાઇ આરાધના કરે. શાસનની આરાધનાના પ્રભાવે આત્મા સુવર્ણ જેવો બને. આવું શાસન પુરુષાર્થે મેળવી શકાય છે. ૭૦૦ વર્ષ પહેલાં વસ્તુપાલ-તેજપાલ થયા છે.

તેઓએ પુરુષાર્થ ફોરવી આરાધના કરી તેના પ્રભાવે મહાવિદેહમાં કૈવલ્ય પામી આરાધના કરશે = વસ્તુપાલ-તેજપાલના ચાર ભવો છે. તે હાલ સૌધર્મમાં છે અને અનુપમાદેવી કેવળી છે.

**અનુપમાદેવી કેવળી છે અને વસ્તુપાલ-સુધર્માદેવલોકમાં છે તે કેવી રીતે ખબર પડી?**

વર્ધમાન સૂરિ મ. ૧૦૦મી ઓળીનું પારણું કરવા શંખેશ્વર પધારતા હતા. તેઓએ અધવચ્ચે કાળ કર્યો ને ત્યાં શંખેશ્વરના અધિષ્ઠાયક થયા. વસ્તુપાલે મોટી ૧૨ યાત્રા કરી. તેરમી યાત્રા કરતાં અધવચ્ચે મરી ગયા માટે ૧૨ ।। યાત્રા ગણાય છે. તેજપાળે અઠ્ઠમ કરી દેવને પૂછ્યું. દેવે બધાને જવાબ આપ્યો. તે મુજબ જિનહર્ષગણિ મ. ૧૪૬૭માં ચરિત્ર બનાવ્યું. વસ્તુપાલ-તેજપાલના મરણ પછી ૧૨૫ વર્ષે ચરિત્ર રચ્યું.

- **સમાધિ સરળ ક્યારે બને?**

મારો સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટાનો છે. પુદ્ગલનો પુરણ ગલન ધર્મ છે આ વાત બરાબર સમજાઇ જાય તો સમાધિ સરળ બને. આપણે કર્તૃત્વ ભાવમાં રહીએ છીએ. જ્યારે યોગી જ્ઞાતા દ્રષ્ટા ભાવમાં રહે છે. માટે સમાધિમાં જ સદાકાળ હોય છે.

- ચૈત્યવંદન દ્વારા પ્રકૃષ્ટ શુભ અધ્યવસાય પેદા થાય છે - કર્મનો ક્ષય થાય છે અને અંતરમાં ગુણોનો ઉગાડ થાય છે.
- શાસનની ક્રિયાથી કદાચ મોક્ષ નહીં મળે તો મોક્ષની યોગ્યતા તો અપાવે જ છે.

# નંદિસૂત્ર - વાચના બિંદુ

પાત્રતા વિના જ્ઞાન પ્રાપ્તિ ન કરી શકે માટે યોગ્ય જ જ્ઞાન અપાય.

યોગ્યાયોગ્યના ૩ પ્રકાર છે. (૧) જાણકાર, (૨) અજાણકાર, અને (૩) દુર્વિદગ્ધ.

**(૧) જાણકાર** – હંસ દૂધને સ્વીકારે અને પાણીનો ત્યાગ કરે તેમ શિષ્ય વિવેક બુદ્ધિથી સારું ગ્રહણ કરે બાકી ત્યાગ કરે તે જાણકાર.

**(૨) અજાણકાર** – જેને કોઇ જાણકારી જ નથી તેને જે રીતે દોરે તે રીતે કરે – પ્રકૃતિથી મધુર હોય જેમ વાળે તેમ વળે, સરળ હોય – જેમ હરણિયાના બચ્ચા – સસલા આદિની જેમ સરળ-ભોળા – ખાણમાંથી હીરો કાઢ્યા પછી તેને જેવા પહેલ પાડવા હોય તેવા પડે તે અજાણકાર.

**(૩) દુર્વિદગ્ધ** – આવા શિષ્ય વ્યવહારે ડોઢડાહ્યા કહેવાય, દરેક વાતમાં પોતાની જાતને સવાયી માને તેને અને બુદ્ધિનું અંતર હોય. આવી વ્યક્તિને સમજાવવી મુશ્કેલ બને. પોતાની હીનતા થશે તેમ ધારી કોઇને પૂછે પણ નહીં, અભિમાની હોય.

પહેલા બે પ્રકારના જાણકાર-અજાણકાર શિષ્યને જ્ઞાન આપી શકાય પણ દુર્વિદગ્ધને જ્ઞાન આપવા માટે બિલકુલ અયોગ્ય ગણ્યો છે.

નંદીસૂત્ર એ સૂત્ર નથી પણ અધ્યયન છે. નંદી એટલે મંગલ જ્ઞાન શક્તિ મંગલરૂપ છે. નંદીસૂત્ર એ મંગલાચરણ છે. નંદીસૂત્રમાં જ્ઞાનનો અધિકાર વિસ્તારથી છે. જ્ઞાન એક પ્રકારે છે પણ ક્ષયોપશમ આદિ આધારે પાંચ પ્રકારે છે. ભાવ બે

પ્રકારે છે.

(૧) ક્ષાયિકભાવ, (૨) ક્ષાયોપશમિક ભાવ. તેમાં ક્ષાયિકભાવે કૈવલ્યજ્ઞાન અને ક્ષાયોપશમિક ભાવે ૪ જ્ઞાન છે, માટે પાંચ જ્ઞાન દર્શાવ્યાં છે. બાકી જ્ઞાન એટલે આત્માના ગુણરૂપ જ્ઞાન સમજવું. એ અપેક્ષાએ જ્ઞાન એક જ છે. જ્ઞાન ગુણને આવરનાર કર્મ પાંચ પ્રકારનાં છે તેથી જ્ઞાન પણ પાંચ પ્રકારનાં કહેવાય છે.

તે જ્ઞાન બે પ્રકારે છે - पच्चक्खं च परोक्खं च

(૧) પ્રત્યક્ષ જ્ઞાન અને (૨) પરોક્ષ જ્ઞાન.

પોતે જે જોયેલું હોય, અનુભવેલું હોય છતાં તેને પરોક્ષ કહેવાય. ઘણા પદાર્થો એવા હોય છે કે પોતે જોયેલા ન હોય છતાં તેને માનવા પડે એવો અર્થ અહીં પરોક્ષ શબ્દથી ન લેવો.

**જ્ઞાન કોને થાય?**

જ્ઞાન આત્માને થાય છે. જેમ આંખ જુએ છે તો વાસ્તવિક આંખ જોતી નથી. પણ અંદર રહેલો આત્મા જુએ છે. આંખ તો જોવા માટેનું સાધન છે. ઇન્દ્રિય છે. પ્રત્યક્ષમાં 'અક્ષ' શબ્દ છે. अक्ष એટલે આત્મા. अक्ष શબ્દમાં अस् ધાતુ છે. તેના બે અર્થ થાય છે.

(૧) अस् નો અર્થ વ્યાપ્ત થવું. જ્ઞાનાત્મા સર્વ પદાર્થોમાં વ્યાપીને રહેલો છે. (૨) अक्ष ધાતુનો બીજો અર્થ 'ખાવું-ભોગવવું' થાય છે. આત્મા બધો ભોગવટો (અનુભવ) કરે છે. अस् માંથી अक्ष બન્યો. अक्ष એટલે આત્મા.

પ્રતિ+અક્ષ = પ્રત્યક્ષ અર્થાત્; આત્માને સીધું જ્ઞાન થાય તે પ્રત્યક્ષ.

આપણને જ્ઞાન સીધું થતું નથી પણ મન-ઇન્દ્રિયો-પ્રકાશ વગેરે સાધનોથી જ્ઞાન થાય છે માટે આપણું જ્ઞાન એ પ્રત્યક્ષ જ્ઞાન નથી પણ પરોક્ષ છે. આત્માને ઇન્દ્રિય-મન દ્વારા જે જ્ઞાન થાય તે પરોક્ષ જ્ઞાન અને મન ઇન્દ્રિયો સિવાય સીધું જ આત્માને જ્ઞાન થાય તે પ્રત્યક્ષ જ્ઞાન.

**પ્રશ્ન - ઇન્દ્રિય અને મનના નિમિત્તથી થતા જ્ઞાનને પરોક્ષ કેમ કહેવાય?**

**જવાબ** - ઇન્દ્રિય મન દ્વારા થતું જ્ઞાન પરોક્ષ થાય છે. કારણ કે દ્રવ્યેન્દ્રિયો

અને મન એ તો પુદ્ગલમય છે, અને આત્માથી તે ભિન્ન છે. તે ઇન્દ્રિયો આત્મ સ્વરૂપ ન હોવાથી તદાશ્રિત જ્ઞાન આત્માને સીધું થતું નથી. પરંપરાથી થાય છે, માટે તે જ્ઞાન પરોક્ષ છે.

લોકવ્યવહારમાં ઇન્દ્રિયથી થતા માન વચ્ચે બીજું વ્યવધાન ન હોય તો પ્રત્યક્ષ કહે છે. પણ તે લોક વ્યવહાર છે પરમાર્થ નથી.

લોકવ્યવહાર પ્રત્યક્ષ જ્ઞાન બે પ્રકારે છે; (૧) ઇન્દ્રિય પ્રત્યક્ષ, (૨) અતીદ્રિય પ્રત્યક્ષ. ઇન્દ્રિય પ્રત્યક્ષ કેટલા? પાંચ ઇન્દ્રિય દ્વારા જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષ જ્ઞાન ઇન્દ્રિયથી થાય છે. મન દ્વારા જે જ્ઞાન થાય છે તે અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન છે. જે ઇન્દ્રિય આશ્રિત હોય અને અન્ય વ્યવધાન રહિત હોય તે લૌકિક દૃષ્ટિએ પ્રત્યક્ષ કહેવાય છે. વળી ઇન્દ્રિયના ઉપયોગવાળી પ્રવૃત્તિ હોવા છતાં તેની સાથે ધુમાડો જોઇ અગ્નિ અને ધજા જોઇ મંદિરનું જ્ઞાન થવું તે અપેક્ષાએ અન્ય દ્વારા કે અનુમાન દ્વારા થતું જ્ઞાન તે પરોક્ષ જ્ઞાન કહેવાય.

અક્ષ શબ્દનો અર્થ ઇન્દ્રિય પણ થાય છે. લૌકિક વ્યવહારમાં પરોક્ષ કહેવાય છે અને ઇન્દ્રિયો દ્વારા થતું જ્ઞાન તે પ્રત્યક્ષ કહેવાય છે. પરમાર્થથી તો પ્રત્યક્ષજ્ઞાન ઇન્દ્રિયોની અપેક્ષા રહિત સાક્ષાત્ આત્માને જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષ કહેવાય છે.

દ્રવ્ય ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિય બંનેને અપેક્ષીને બે ભેદ પડે છે. (૧) ઇન્દ્રિય પ્રત્યક્ષ (૨) નોઇન્દ્રિય પ્રત્યક્ષ. જેમાં દ્રવ્ય-ભાવ ઇન્દ્રિયની અપેક્ષા છે તે ઇન્દ્રિય પ્રત્યક્ષ છે. (પરોક્ષ) જે જ્ઞાન દ્રવ્ય કે ભાવ ઇન્દ્રિયની અપેક્ષા નથી તે નોઇન્દ્રિય પ્રત્યક્ષ છે.

અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન તે નોઇન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન છે.

'નો' એટલે નહીં, ઇન્દ્રિયોનો નિષેધ જણાવે છે અર્થાત્ ઇન્દ્રિયોની અપેક્ષા-ઉપયોગ વિના થતું જ્ઞાન.

તે પણ 'નો' શબ્દ બે ભેદે નિષેધ જણાવે છે.

નો એટલે; (૧) દેશથી નિષેધ (૨) સર્વથી નિષેધ.

અંતઃકરણથી અર્થાત્ ક્ષયોપશમ રૂપ ભાવ ઇન્દ્રિયથી જ્ઞાન થાય છે. માટે

અવધિ-મનઃ પર્યાયમાં 'નો' નો અર્થ દેશથી લેવાનો છે. અને કેવલજ્ઞાનમાં 'નો' નો અર્થ સર્વથી નિષેધ અર્થ લેવાનો છે.

અવધિજ્ઞાન પ્રત્યક્ષના બે ભેદ છે;

(૧) ભવપ્રત્યયિકી અવધિજ્ઞાન (૨) ક્ષયોપશમ પ્રત્યયિકી અવધિજ્ઞાન.

ભવપ્રત્યયિકી અવધિજ્ઞાન દેવ-નારકીને હોય છે. ક્ષયોપશમ પ્રત્યયિકી અવધિજ્ઞાન મનુષ્યો અને તિર્યંચ પંચેન્દ્રિયોને હોય છે.

અવધિજ્ઞાન ક્ષાયોપશમિક કેમ કહેવાય છે?

ઉદયમાં આવેલા અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય અને ઉદયમાં નહીં આવેલા અવધિજ્ઞાનાવરણીય કર્મનો ઉપશમ કરે એટલે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય, આથી ક્ષાયોપશમિક કહેવાય છે. અહીં ઉપશમ એટલે વિપાકોનો ઉપશમ કરે... પરંતુ પ્રદેશોદય હોય.

**પ્રશ્ન - દેવ નારકીને ભવ પ્રત્યયિક અવધિજ્ઞાન કેમ કહેવાય છે? ત્યાં પણ અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ તો હોય જ છે, ક્ષયોપશમ થયા વિના કેવી રીતે અવધિજ્ઞાન થાય?**

**જવાબ** - દેવ નારકમાં પણ અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ તો હોય જ છે પરંતુ દેવ-નારકીના ભવમાં જીવ ગયો એટલે તદ્‌ભવ જન્મ સંબંધી ક્ષયોપશમ થઇ જ જાય. ક્ષયોપશમ માટે આત્માને પુરુષાર્થ કરવો ન પડે. દેવ-નારકના ભવમાં અવશ્યંભાવી આ ક્ષયોપશમ છે. જેમ પક્ષીના ભવમાં જતાં આકાશમાં ઊડવાની લબ્ધિ મળે જ તેવી સ્થિતિ અહીં છે. અહીં ભવજન્મ ક્ષયોપશમ થયો છે. આથી વસ્તુતઃ ક્ષયોપશમ ન ગણાય. દેવ ભવથી ચ્યવે પછી તે ક્ષયોપશમ નથી હોતો. એકેન્દ્રિયાદિમાં જાય ત્યારે માત્ર બે જ્ઞાનવાળો થાય છે. માટે આત્માના પુરુષાર્થથી ઉત્પન્ન થયેલ હોય તે ક્ષયોપશમ જ્ઞાન કહેવાય. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન એ ગુણ પ્રત્યયિક છે.

ગુણ પ્રત્યયિક એટલે જેને ગુણ સ્વીકાર્યા છે તે ગુણના પ્રભાવે ક્ષયોપશમ થાય અર્થાત્ ગુણ આશ્રિત છે. તે ગુણ બે પ્રકારે છે; મૂલગુણ-ઉત્તરગુણ.

મૂલગુણ ઉત્તરગુણમાં વર્તતા સાધુ મ. ને જે અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે તે પોતાના આત્માની શુદ્ધિ અને વીતરાગ પ્રભુની આજ્ઞાથી સંયમી જીવન પાળ્યું છે, તે પુરુષાર્થથી ક્ષયોપશમ પ્રાપ્ત કરે છે. અને અવધિ લબ્ધિ પ્રાપ્ત કરે છે.

લબ્ધિની પ્રાપ્તિ અપ્રમત્ત દશામાં થાય છે.

અપ્રમત્ત એટલે? જ્ઞાનીના વચનમાં શ્રદ્ધા અને પ્રવૃત્તિથી સંપૂર્ણ ઐક્યતા રૂપ જીવન. યથાયોગ્ય વિકાસ = પાત્રતા આવતાં સ્વયં-સ્વાભાવિક ગુણો પ્રગટ થાય છે - અવધિજ્ઞાન થાય છે. પાત્રતા કેળવવી અને ટકાવવી બંને જરૂરી છે. પાત્રતાથી મળતા અવધિજ્ઞાનને ગુણ પ્રત્યયિક કહે છે.

ગુણ પ્રત્યયિક અવધિજ્ઞાનના મુખ્ય છ ભેદ છે;

**(૧) આનુગામિક અવધિજ્ઞાન** - અનુ = પાછળ, ગામિકી = જાય. આ અવધિજ્ઞાન આંખ જેવું છે. અર્થાત્ આત્મામાં ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન હોય તે અવધિજ્ઞાની જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં જુએ છે.

આનુગામિકી અવધિજ્ઞાનના બે પ્રકાર છે; (૧) અંતર્ગત (૨) મધ્યગત. અંતર્ગત સામે ૨૫ યોજન જુએ, પાછળ ન જુએ. મધ્યગત મધ્યથી ચારે બાજુ જુએ.

અંતર્ગત અનુગામિકી અવધિજ્ઞાન ૩ પ્રકારે છે. (૧) સામે જુએ, (૨) મધ્યમાં જુવે (૩) બે પડખેથી જુએ. આમ, આત્માના પુરુષાર્થથી થયેલા ક્ષયોપશમના આધારે જ્ઞાન થાય છે.

(૧) પુરોન્તર્ગતાવધિજ્ઞાન - આગળ આગળ જ્ઞાન થાય. જેમ બેટરી લઇ માણસ ચાલે તો આગળ આગળ અજવાળું આવે.

(૨) મધ્યઅંતર્ગત અવધિજ્ઞાન - ને અજવાળું - તે અવધિજ્ઞાનમાં થાય.

**(૨) અનનુગામી અવધિજ્ઞાની** - થાંભલે દીવો બાંધ્યો હોય તો ત્યાં પ્રકાશનો લાભ મળે. બીજે ન મળે તેમ જ્યાં જે સ્થાનમાં આત્માને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે સ્થાનમાં અવધિજ્ઞાની આવે તો દેખે. અન્ય સ્થાનમાં જ્ઞાન ન થાય.

અનનુગામી અવધિજ્ઞાનના બે ભેદ છે;

**(૧) સંબદ્ધ** કે **(૨) અસંબદ્ધ.** અસંબદ્ધ એટલે થોડું જુએ, વચમાં ન જુએ પછી જુએ એમ થાય. સંબદ્ધમાં બરાબર જુએ. એક સાથે સળંગ જુએ.

**(૩) વર્ધમાન અવધિજ્ઞાન** એટલે સ્વાધ્યાય ચિન્તવન, ધ્યાન આદિથી ઉત્પન્ન થયેલ અવધિજ્ઞાન પ્રશસ્ત-પ્રશસ્તતર અધ્યવસાયોથી વધતું જાય તે વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય. ઉત્પત્તિ સમયે જઘન્ય હોય પછી સમયે સમયે વધે-

અગ્નિમાં જેમ જેમ ઇંધણ-લાકડાં નાખે તેમ તેમ અગ્નિ વધે. તેની જેમ, જેમ-જેમ વિશુદ્ધ અધ્યવસાયો થતા જાય તેમ-તેમ અવધિજ્ઞાનનું ક્ષેત્ર વધે.

**(૪) હીયમાન અવધિજ્ઞાન** - જેમ અવધિજ્ઞાન વધતું ગયું તેમ અપ્રશસ્ત અધ્યવસાય તથા વીતરાગ પ્રભુની આજ્ઞાના અપાલને અવધિજ્ઞાન ઘટતું જાય છે. મોહનીય કર્મની સંક્લિષ્ટતાથી ઘટતું જાય છે. ઉત્પત્તિ સમયથી જે અવધિજ્ઞાન ઘટતું જાય તે હીયમાન અવધિજ્ઞાન કહેવાય છે.

**(૫) પ્રતિપાતિ અવધિજ્ઞાન** - અવધિજ્ઞાનની પ્રાપ્તિ સમયે ક્ષયોપશમને અનુરૂપ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ દેખે અથવા સંખ્યાતમાદિ ગાઉ-ધનુષ્ય-યોજન-હજાર-લાખ-લોકાકાશ સુધી કેટલોક કાલ જુએ ને પછી એકદમ પડે. ધીમે ધીમે ઘટે તે હીયમાન અને એક સાથે પડે તે પ્રતિપાતિ કહેવાય.

**(૬) અપ્રતિપાતિ અવધિજ્ઞાન** - આ અવધિજ્ઞાન પ્રાપ્ત થયા પછી ક્યારેય જાય નહીં, કેવલજ્ઞાન પ્રાપ્ત થયે તેની અંતર્ગત થાય છે અર્થાત્ કેવલજ્ઞાનમાં સમાઇ જાય છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી ટકનારું આ જ્ઞાન છે માટે અપ્રતિપાતિ કહેવાય છે.

**જઘન્યથી અવધિજ્ઞાનનું ક્ષેત્ર હજાર યોજનવાળો મત્સ્ય મરીને પોતાની કાયામાં સૂક્ષ્મ નિગોદરૂપે જન્મે. આખરે ઉત્પન્ન થયા પછી ૩જા સમયે જેટલું શરીર હોય તેટલું જઘન્યથી ઉત્પન્ન કાળે અવધિજ્ઞાન હોય. અહીં જઘન્ય અવધિજ્ઞાનના ક્ષેત્ર પ્રમાણમાં મત્સ્યનો જીવ લીધો. તેનું કારણ એ છે કે તે જીવ પ્રતર-સૂચિ આદિ કરે છે. તે રૂપે જે ૩જા સમયે જેવડું શરીર થાય તેટલું ક્ષેત્ર**

**લેવાનું છે. બીજો જીવ લે તો આકાર જુદો થાય.**

હવે ઉત્કૃષ્ટથી અવધિક્ષેત્ર-એકપણ જીવને ક્યારેય જેનાથી વધારે જ્ઞાન ન થાય તે ઉત્કૃષ્ટ કહેવાય. સર્વે ઉત્કૃષ્ટથી સૂક્ષ્મ-બાદર અગ્નિકાયના જીવો અજિતનાથ ભગવાનના સમયમાં હોય કારણ કે મનુષ્યોની સંખ્યા ઉત્કૃષ્ટ હોય ત્યારે અગ્નિકાય ઉત્કૃષ્ટ હોય. કારણ કે, તેના આરંભક મનુષ્યો ઉત્કૃષ્ટ છે. આ ઉત્કૃષ્ટ અગ્નિકાય જીવોનો પોતાની અવગાહનાના પ્રમાણે આકાશ પ્રદેશ ઉપર ગોઠવતાં જે ક્ષેત્ર થાય તેટલા ક્ષેત્રને ઉત્કૃષ્ટથી જુએ. અર્થાત્ અલોકમાં અસંખ્યાત લોકાકાશ જેટલું જોઇ શકે. અવધિનો વિષય રૂપી દ્રવ્યોનો છે. અલોકમાં રૂપી દ્રવ્યનો અભાવ છે તેથી લોકની બહાર માત્ર લોક પ્રમાણ સ્કંધોને જ જુએ જાણે છે.

અવધિજ્ઞાનને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ ચાર પ્રકારે વિચારીએ તો...

દ્રવ્યથી :-

જઘન્ય - અનંતારૂપી દ્રવ્યો જાણે દેખે,

ઉત્કૃષ્ટથી સર્વ રૂપી દ્રવ્યને જાણે ને જુએ. દ્રવ્યના અનંતપર્યાયોમાંથી અનંતમા ભાગે પર્યાયોને જાણે દેખે.

ક્ષેત્રથી :-

જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે.

ઉત્કૃષ્ટથી અલોકમાં લોકાકાશ જેવડા અસંખ્ય ખંડો જાણે, જુએ.

કાલથી :-

જઘન્યથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે.

ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી અતીત અનાગત જાણે દેખે.

ભાવથી :-

જઘન્ય-અનંતા ભાવો જુએ જાણે.

ઉત્કૃષ્ટ-સર્વભાવોનો અનંતમો ભાગ.

અવધિજ્ઞાની ત્રિકાળ જુએ તે કેવી રીતે? ભૂતકાળમાં થઇ ગયેલા, વર્તમાનમાં થતા અને ભાવિમાં થવાના પર્યાયો જુએ પરંતુ એક જ પદાર્થના અનંત પર્યાયોને ન જુએ

નારકી-દેવ-તીર્થંકરાત્મા બધું અવધિજ્ઞાનથી જુએ. બાકીના આત્મા દેશથી જુએ. બીજો તે અનિયત તે ચાલી જાય તેવું હોય. નારકી દેવાદિને દેશથી અવિધજ્ઞાન ન હોય.

**મનઃપર્યવજ્ઞાન**

કર્મભૂમિના ગર્ભજ સંખ્યાત વર્ષના આયુવાળાને પર્યાપ્ત મનુષ્યો પૈકી સમ્યકદૃષ્ટિ-વિરતિવાળા લબ્ધિધારી અપ્રમત્ત સાધુને જ મનઃપર્યવજ્ઞાન થાય. મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમીને આ જ્ઞાન થાય; બધાને નહીં.

તે મનઃપર્યવજ્ઞાન બે ભેદે છે; (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ.

આત્માને સીધું જ્ઞાન થાય તે કેવલજ્ઞાન. કેવલ=સંપૂર્ણ જ્ઞાન થાય તે કેવળ, એટલે ફક્ત ક્ષાયિક ભાવનું જ્ઞાન જ હોય.

**શ્રુતજ્ઞાન -**

શ્રુતજ્ઞાન એટલે અર્થનું સંધાન હોય તે. તીર્થંકર પરમાત્મા જે બોલે છે તે કેવલજ્ઞાન દ્વારા વચન યોગથી બોલે છે, શ્રુતજ્ઞાનથી નહીં. શ્રુતજ્ઞાન તો ક્ષયોપશમવાળું છે જ્યારે પરમાત્માને ક્ષયોપશમ ભાવ ન હોય. કેવલજ્ઞાનથી પ્રાપ્ત પદાર્થો જણાવવા માટે શબ્દ સમૂહ સ્વરૂપ માત્ર વચનયોગ છે. પરંતુ શ્રોતાઓને ભાવશ્રુતનું કારણ બનવાથી આ 'દ્રવ્યશ્રુત' છે તેમ વ્યવહાર થાય. પ્રભુનું વચન તે અપ્રધાન દ્રવ્યશ્રુત છે. બાકીના બધા આત્મા વીતરાગની આજ્ઞા સામે રાખી શ્રુતજ્ઞાનના આધારે બોલે છે. માટે બધું શ્રુતજ્ઞાન કહેવાય.

પરોક્ષજ્ઞાન બે પ્રકારે છે - ઈન્દ્રિયથી પર હોય તે પરોક્ષ કહેવાય છે તે વ્યવહાર પરોક્ષ છે અને અક્ષ એટલે આત્મા, તે આત્માને ઈન્દ્રિયથી જે પણ જ્ઞાન થાય તે પરોક્ષ. ઈન્દ્રિય રૂપ સાધનથી આત્મા પોતાનો ક્ષયોપશમ બહાર કરે છે.

ઈન્દ્રિયથી જુએ તે મતિજ્ઞાનનો ક્ષયોપશમ છે. સાથે શ્રુતજ્ઞાન પણ સંકલિત છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં થોડો ફેર જણાવ્યો છે. મતિ સિવાય શ્રુત ન હોય પણ શ્રુતવિના મતિજ્ઞાન ન હોય એવું નથી. મતિજ્ઞાન એટલે ઈન્દ્રિયોનું જ્ઞાન.

અક્ષરોને વાંચવા તે મતિજ્ઞાન અને તેનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન-જેમ ઉર્દૂભાષા જોઇએ છીએ તે મતિજ્ઞાન પણ તેની કોઇ જ જાણ-ખબર ન થવાથી શ્રુતજ્ઞાન ન હોય, સામાન્ય રીતે મતિ-શ્રુત સાથે હોય.

વસ્તુ એક જ હોય - પરંતુ તે સંબંધી વિચારો કે જ્ઞાન=સમજણના આધારે ભેદ પડે અર્થાત્ જ્ઞાનના ફળના આધારે બે ભેદ પડે છે (૧) વિરતિ તરફ વાળે તે જ્ઞાન સમ્યક્જ્ઞાન (૨) અવિરતિ તરફ આત્મા જાય તે અજ્ઞાન. જેમ કે અજ્ઞાની ઘટના પુદ્ગલ = રાગનું વર્ણન કરે અને જ્ઞાની માત્ર પુદ્ગલ પરિચયનું વર્ણન કરે.

આભિનિબોધિક જ્ઞાન (મતિજ્ઞાન)

આભિનિબોધિક જ્ઞાન સમ્યગ્દષ્ટિને હોય.

અભિ=સામે, નિ=નિશ્ચય, બોધ=જ્ઞાન. ઇક્ પ્રત્યય છે.

આત્માને સામે રાખી હેયોપાદેયનું જ્ઞાન થાય તે આભિનિબોધિક રૂપ મતિજ્ઞાન છે. તે સમ્યકત્વીને હોય. શાસ્ત્રોમાં આ શબ્દો સમ્યકત્વીના જ્ઞાન માટે જ હોય છે.

આભિંનિબોધિક જ્ઞાન બે પ્રકારે છે (૧) શ્રુત નિશ્રિત (૨) અશ્રુત નિશ્રિત,

અશ્રુત નિશ્રિતના ૪ (ચાર) ભેદ છે. જે બુદ્ધિના ચાર પ્રકારો કહેવાય છે.

**(૧) ઔત્પાતિક** - જે વખતે પ્રશ્ન આવે કે તરત જ જવાબ મળી જાય તેમાં શાસ્ત્ર, અભ્યાસ, પરિશીલન, અનુભવ કાંઇ જ જરૂર ન પડે. (રોહકાદિ - ૨૭ દૃષ્ટાંત છે).

**(૨) વૈનયિકી** - ગુરુસેવા, ભક્તિ આદિના નિમિત્તથી થાય તે. (૧૫ દૃષ્ટાંત છે)

**(૩) કાર્મિકી** - જે વારંવાર કામ કરતાં આવડે - શિલ્પ વગેરે તે. (૧૨ દૃષ્ટાંત છે)

**(૪) પારિણામિકી** - દીર્ઘકાળના પ્રસંગોના અનુભવો - વિચારણાથી જે ઘડાય તે. (૨૧ દૃષ્ટાંત છે)

આ ચારેમાં સર્વ સામાન્ય કારણ ક્ષયોપશમ છે. પરંતુ ક્ષયોપશમ થવાનાં નિમિત્તોથી વ્યપદેશ થાય છે. આ ચારમાં તમામ નિમિત્તો આવી જાય.

અશ્રુતનિશ્રિતના અવગ્રહાદિ ૪ પ્રકારો છે -

(૧) અવગ્રહ = સામાન્યજ્ઞાન, (૨) ઇહા = વિચાર, (૩) અપાય = નિશ્ચય, (૪) ધારણા = ધારી રાખવું તે.

અવગ્રહના બે ભેદ છે. (૧) અર્થાવગ્રહ, (૨) વ્યંજનાવગ્રહ.

**(૧) અર્થ એટલે પદાર્થ.** અવગ્રહ = (ગ્રહણ કરાય) માત્ર પદાર્થને વસ્તુને જ ગ્રહણ કરે અર્થાત્ અસ્પષ્ટજ્ઞાન - અવ્યક્તજ્ઞાન એ અર્થાવગ્રહ કહેવાય. જેમાં કોઇ વિશેષનો ઉલ્લેખ ન હોય તે અર્થાવગ્રહ.

**(૨) વ્યંજનાવગ્રહ** - પ્રગટ કરાય તે વ્યંજન. ઇન્દ્રિયની મદદથી જે કાંઇક જ્ઞાન (ભાસ) થાય તે. જે પુદ્ગલથી સામાન્ય જ્ઞાનનો વિષય થાય તે વ્યંજનાવગ્રહ.

વ્યંજન એટલે ઇન્દ્રિયનો અને અર્થનો સંબંધ થાય તે. ચક્ષુ અને મન અપ્રાપ્યકારી છે. અર્થાવગ્રહના છ પ્રકારો -

ઇહા-છ પ્રકારે પાંચ ઇન્દ્રિય અને મન એમ છ થી અન્વયવ્યતિરકેથી ઇષ્ટ પદાર્થો-દ્રવ્યોને વિચારવું તે ઇહા. - આભોગણા-ગવેષણા-ચિંતના એ ઇહાના જ પર્યાયવાચી શબ્દો છે.

અપાય - ઇન્દ્રિય દ્વારા ગ્રહણ કરાયેલ દ્રવ્યને ઇહા દ્વારા યથાયોગ્ય વિચારીને તે પદાર્થ શું છે? તેનો નિર્ણય કરવો તે અપાય.

ધારણા - થયેલા નિર્ણયને અમુક સમય સુધી ધારી રાખવું તે ધારણા.

ધારણાના ૩ પ્રકાર છે; (૧) અવિચ્યુતિ ધારણા, (૨) વાસના ધારણા, (૩) સ્મૃતિ ધારણા.

અવિચ્યુતિ ધારણા અંતર્મુહૂર્ત કાળની હોય ત્યાર પછી જે સંસ્કાર રહે તે વાસના કહેવાય છે, તે સંખ્યાત-અસંખ્યાત કાલ સુધી છે. કાલાન્તરે ક્યાંક કોઇ નિમિત્ત મળતાં તે સંસ્કાર જાગે. 'મેં ક્યાંય જોયું છે' તે સ્મૃતિ ધારણાના પેટા ભેદોમાં અર્થાત્ સ્મૃતિના પ્રકારમાં આવે.

અસંખ્યાત સમયના શબ્દ પુદ્ગલો જ્ઞાન કરાવે છે. ઊંઘમાં સૂતા આત્માને શ્રોતેન્દ્રિય પાસે સમયે સમયે અસંખ્યાતા શબ્દ ગ્રાહ્ય થાય છે. પુદ્ગલોથી કર્ણેન્દ્રિય

ભરાય ત્યારે નિદ્રાવાળો માણસ ઊંકારો કરે – પછી વિચાર કરતાં ઈહા થાય – નિર્ણય કરતાં અપાય થાય અને પછી ધારણા જ્ઞાન થાય.

પોતાના આયુ પ્રમાણે સંખ્યાતાસંખ્યાત વર્ષ સુધી ઇન્દ્રિય સિવાય મનનો વિષય નિદ્રામાં હોય. સ્વપ્નમાં ઇન્દ્રિયો સૂએ ને મન જાગતું હોય તેને સંસ્કારથી સ્વપ્નાં આવે.

શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ છે.

(૧) અક્ષર શ્રુત–અક્ષરથી જ્ઞાન થાય તે અક્ષરશ્રુત. બીજી રીતે વિચારીએ તો... આત્માના ગુણોની સંપત્તિ તે જ્ઞાન. એ જ્ઞાન કેવું છે? અક્ષર એટલે ન–ક્ષર.

ક્ષર એટલે ખરી જવું, નાશ થવું,

અક્ષર એટલે નાશ ન પામે તેવું.

અક્ષર શ્રુતજ્ઞાન એ આત્માનો ગુણ છે. જીવનો ઉપયોગ ન હોય તો પણ તત્ત્વથી તો જ્ઞાનનો નાશ નથી થતો. તેથી અક્ષર કહેવાય છે. અહીં શ્રુતજ્ઞાનનો અધિકાર ચાલે છે. તેથી અકારાદિ વર્ણાત્મક શ્રુત લેવું. સાંભળવું તે શ્રુત–

અરૂપી આ ગુણને ઓળખવા માટે આ જ્ઞાનના ત્રણ ભેદ જણાવ્યા છે.

**(૧) સંજ્ઞાક્ષર** = અક્ષરની = સંસ્થાનની આકૃતિ તે સંજ્ઞાક્ષર કહેવાય.

અર્ધમાગધીએ ભાષા છે... બ્રાહ્મી એ લિપિ છે. સમવાયાંગ સૂત્રમાં લિપિનું જ્ઞાન જણાવ્યું છે. પ્રાન્તીય ભાષાદિ સાંકેતિક છે. સંજ્ઞાક્ષર નહીં. સંજ્ઞા કોને કહેવાય? બધાને ખ્યાલ આવે તે સંજ્ઞા. હા. ઉપચારથી ગુજરાતી, અંગ્રેજી, કર્ણાટક આદિ લિપિમાં જુદી જુદી આકૃતિવાળી પ્રાન્તીય ભાષાને સંજ્ઞાક્ષર કહેવાય.

**(૨) વ્યંજનાક્ષર** – વ્યંજનાક્ષર કોને કહેવાય? વ્યંજન એટલે પ્રગટ કરવું, બોલવું. જે બોલાય તે વ્યંજનાક્ષર, અકારાદિ અક્ષરો તે વ્યંજનાક્ષર. આકાર તે સંજ્ઞાક્ષર અને બોલાય તે વ્યંજનાક્ષર.

**(૩) લબ્ધિ અક્ષર** – લબ્ધિ એટલે ક્ષયોપશમનો ઉપયોગ. જે પણ શબ્દ સાંભળ્યો હોય કે પદાર્થ જોયો હોય તેને અનુસરીને અંતરમાં જે ભાવ પ્રગટ થાય તે લબ્ધિ અક્ષર કહેવાય છે. આ ભાવશ્રુત છે. ઉપરના બંને દ્રવ્યશ્રુત છે.

(૨) અક્ષરશ્રુત પછી આવે... અનક્ષર શ્રુત

છીંક, ઉધરસ, ચપટી, ઉંઉં, શ્વાસ, નસકોરા આદિ અનક્ષરશ્રુતમાં જાય.

(૩-૪) સંજ્ઞીશ્રુત-અસંજ્ઞીશ્રુત...

જેને ઇહા-અપાય આદિ ન હોય અર્થાત્ પ્રવૃત્તિનો વિચાર જ ન હોય તેવા હેતુવાદોપદેશિકી સંજ્ઞાવાળા જીવો તે અસંજ્ઞી કહેવાય. જેને પોતાની પ્રવૃત્તિ કર્યા પહેલાં વિચાર હોય તેને સંજ્ઞી કહેવાય છે. મેળવવા માટેનો જે વિચાર તેને અભિસંધાન કહેવાય. દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા જીવોને અભિસંધાન હોય છે. સંજ્ઞી જીવોનું શ્રુત તે સંજ્ઞીશ્રુત અને અસંજ્ઞી જીવોનું શ્રુત તે અસંજ્ઞીશ્રુત.

**સમ્યકત્વ સહિતનું જ્ઞાન તે શ્રુતજ્ઞાન.**

ઠાણાંગ સૂત્રમાં ૪થા ઠાણામાં ચોથા આલાવામાં ચાર મહાવ્રતોનો અધિકાર છે. તેમાં પ્રથમ ત્રણ મહાવ્રત તો બરાબર છે; (સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત વગેરે) ચોથા વ્રતમાં ''સવ્વાઓબહિધ્ધા દાણાઓ - વેરમણં'' એમ છે અહીં 'બહિધ્ધા' એ ચોથા વ્રતનો પારિભાષિક શબ્દ છે. એને 'આદાન' એટલે પરિગ્રહ આ બે શબ્દથી ચોથું-પાંચમુ વ્રત બંને આવે છે. આમ પચ્ચક્ખાણ અને પાલનની દષ્ટિએ તો પાંચે મહાવ્રત આવે છે. 'બહિધ્ધા-દાણાઓ' એ સામાસિક શબ્દ છે તેને દ્વંદ્વ સમાસથી (મૈથુન અને પરિગ્રહ) અર્થ કરવાનો છે, તો જ અર્થ ઘટે પરંતુ કોઇ ષષ્ઠી તત્પુરુષ સમાસ (મૈથુન (સ્ત્રી)નો પરિગ્રહ) કરે તો અનર્થ થાય. પ્રભુ મહાવીરના શાસનમાં અનર્થ ન થાય તેથી ૪ થા વ્રતનું - 'મૈથુન વિરમણ મહાવ્રત' નામ અને પાંચમું ''પરિગ્રહ વિરમણ મહાવ્રત'' નામ સ્પષ્ટ રાખ્યું અને વીર પ્રભુએ તીર્થ સ્થાપ્યું.

વીતરાગ પરમાત્માની વાણીને શ્રવણ કરી આરાધના કરી મુક્તિમાં જાય આવી શક્તિનું ઉદ્ઘાટન કરે તે તીર્થ સ્થાપ્યું કહેવાય. પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં જે સંપૂર્ણ કર્મ નિર્જરા કરવાની શક્તિ હતી તે ૪ પાટ સુધી રહી પછી બંધ થઇ.

ગણધર ભગવંતો ત્રિપદીના માધ્યમે પહેલાં બધું ગ્રહણ કરે અને અંતર્મુહૂર્તમાં

રચના કરે તે પૂર્વશ્રુત કહેવાય. પછી બધા બાલજીવો નહીં સમજે એમ વિચારી આચારાંગાદિ સૂત્રો રચ્યાં. પ્રથમ દૃષ્ટિવાદ શ્રુત રચ્યું. **કેટલાંક આગમો જ્ઞાન માટે, કેટલાંક આગમો શ્રદ્ધા માટે,** શ્રદ્ધાની સામે જવા માટે અધ્યયનો રચ્યાં. બાલ જીવો સમજે તેવું આચારાંગમાં લીધું ૧ થી ૧૦ સુધીના જીવો વગેરે સંખ્યાનો વિચાર ઠાણાંગમાં કર્યો. સમવાયાંગ ૧૦૦ સુધી સંખ્યાનો વિચાર કર્યો. આમ, શ્રુતને લઘુ કરીને (વિભાગ કરીને) પરમાત્માની અંતરંગ ભાવનાને પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખી ગણધરો રચે.

દૃષ્ટિવાદ પૂર્વનું અધ્યયન ૨૦ વર્ષના દીક્ષિત સાધુ કરી શકે. દ્વાદશાંગીમાં જેનું સ્થાન હોય તે અંગપ્રવિષ્ટ કહેવાય. અર્થાત્ પ્રભુ મુખેથી જે ત્રિપદીને પ્રાપ્ત કરીને ગણધર નામકર્મના ઉદયે જે તીર્થંકર પ્રભુ સમક્ષ અંતર્મુહૂર્ત માત્ર કાળમાં ત્યાં જ રચાયું તે અંગપ્રવિષ્ટ કહેવાય અને તેનાથી બાહ્ય હોય તે અંગબાહ્ય કહેવાય.

વૈ.સું. ૧૧ દિને સવારે પ્રભુએ દેશના આપી. પછી ગણધરે દેશના આપી. ગોચરી પાણી કર્યા પછી ચોથા પ્રહરે ભગવંતે દેશના આપી. પછી ગણધરોએ પ્રતિક્રમણાદિ કર્યું, ગણધર ભગવંતે રચેલાં પ્રતિક્રમણ સૂત્ર છે તે નિર્વિવાદ છે. ગણધરોએ પ્રતિક્રમણનાં સૂત્રોની રચના કરી તે 'આવશ્યક' આગમ છે.

આવશ્યક સૂત્ર અંગ બાહ્ય આગમ છે પરંતુ ગણધર કૃત છે.

- દેવર્ધીગણી ક્ષમાશ્રમણ વખતે ૮૪ આગમ હતાં.

વર્તમાનકાળનાં ૪૫ આગમએ ૧૪મી સદીથી ગીતાર્થોએ માન્ય કર્યાં છે.

તે સિવાય ૩૦ આગમો છૂટક મળે છે. પણ તે અપૂર્ણ હોવાથી ૪૫ આગમ પ્રખ્યાત છે.

પ્રાચીનકાળમાં વિશિષ્ટ શક્તિ ધરાવનાર આગમો હતાં.

અમુક પ્રકારનો સંકલ્પ કે મુદ્રા કરી અમુક પદ્ધતિના ઉચ્ચારપૂર્વક તેનો સ્વાધ્યાય કરે તો સૂત્રબદ્ધ પ્રભાવ બતાવે.

ઉત્થાનસૂત્ર અધ્યયનથી હજારોની વસ્તી ક્ષણમાં ધ્વસ્ત કે ઉદ્વિગ્ન થાય.

સમુત્થાન સૂત્રથી વેરાન ભૂમિ માનવ મેદનીથી પૂર્ણ થાય. આમાં શબ્દ રચનાની દિવ્ય શક્તિ છે પરંતુ દેવ આધીન નથી. આ આગમો પડતા કાળના પ્રભાવે લુપ્ત થયાં છે.

૧૧ અંગ અને ૧૨મું દૃષ્ટિવાદ છે. એ ૧૨ અંગમાંથી ૧૨ ઉપાંગ નીકળ્યાં છે. જેમ કે, આચારાંગના ત્રીજા અધ્યયનમાંથી ઔપપાતિક સૂત્ર બન્યું તે આચારાંગનું ઉપાંગ. દ્વાદશાંગીથી બહારનું કોઇ આગમ નથી. ૮૪, ૪૫ આદિ બધાં આગમો દ્વાદશાંગીના જ વિભાગો છે. પ્રાચીનકાળમાં ઉવવાઇ સૂત્ર (ઉપાંગ) આચારાંગમાં હતું. ધારણાશક્તિ વધુ હોવાથી વાંધો ન આવ્યો. પછી અનુગ્રહ બુદ્ધિએ આચારાંગમાંથી ઉવવાઇ (ઔપપાતિક) સંકલિત કર્યું. સૂયગડાંગમાંથી રાયપસેણી સંકલિત કર્યું. એમ ૧૨ ઉપાંગ થયાં.

**પયન્ના એટલે શું?** તીર્થંકરના હાથે જેની પણ દીક્ષાઓ થઇ તેમને પ્રભુએ તે-તે આત્માઓની યોગ્યતા પ્રમાણે આત્મવિકાસ કરવા માટે અર્થથી ઉપદેશ આપ્યો. તે અધિકાર (વિષય)ને ગણધરોએ કે ૠષિઓએ તુરંત સૂત્રથી સંગૃહીત કર્યો હોય તે પયન્ના કહેવાય. ભગવાનના જેટલા શિષ્ય હોય તેટલા પયન્ના હોય. પ્રભુ વીરના ૧૪ હજાર શિષ્યો હતા માટે ૧૪ હજાર પયન્ના શ્રી મહાવીર પ્રભુના શાસનમાં હતા. ૠષભદેવ ભગવાનના શાસનમાં ૮૪ હજાર પયન્ના હતા.

**પ્રશ્ન - શ્રી વીરપ્રભુના ૧૪ હજાર પયન્ના હતા તો વર્તમાન ૪૫ આગમમાં ૧૦ પયન્ના જ કેમ માન્ય?**

**ઉત્તર -** આ ૧૦ પયન્ના સાધુ શ્રાવક આદિને વધુ લાભકારી, હિતકારી હોવાથી ૧૦ પયન્ના ગ્રહણ કર્યા છે. બીજા ઘણા છૂટા પયન્ના છે.

- નિશીથ-મહાનિશીથ ગ્રંથો ત્રણ પ્રકારે હોય છે.

ઉત્કૃષ્ટ વાચના સાત હજાર શ્લોક પ્રમાણ છે. પૂ. હરિભદ્ર સૂરિ મ. એ મધ્યવાચના નક્કી કરી. મધ્યમ મહાનિશીથ સૂત્રની સંકલના કરી છે. ૧૬ મી સદીમાં જીતકલ્પ નક્કી થયો છે. પંચકલ્પ ભાષ્ય જીનદાસગણિ ક્ષમાશ્રમણની સંકલના છે. જે ઘણા પ્રાચીન છે અને વિક્રમની પહેલાંની કોઇ સદીમાં થયેલા છે.

● અનુયોગ દ્વાર અંગ નથી. સૂત્ર નથી પણ પૂર્વમાંથી એકત્રિત કરેલ અધ્યયન છે. અનુયોગ એ સંકલન કરેલ અધ્યયન છે.

● દશવૈકાલિક સૂત્રના પિંડેષણા નામના અધ્યયનનો વિસ્તાર તે પિંડનિર્યુક્તિ છે. વધારે ઉપયોગી હોવાથી પિંડનિર્યુક્તિની મૂળ સૂત્રમાં ગણના કરી છે. સાધુ ભગવંતના આહાર અંગેની સૂક્ષ્મ વાતો આમાં કહી છે.

● પ્રત્યેક બુદ્ધ, સ્થવિરનું, ૧૦ પૂર્વધરનું રચેલું શાસ્ત્ર માન્ય હોય છે. ૧૦ પૂર્વધારી નિયમા સમ્યકત્વી હોય. તેમને મોહના સંસ્કારોનો ક્ષયોપશમ હોય જ માટે તેમનું રચેલું શાસ્ત્ર માન્ય છે.

નિષધ્યા એટલે ભગવાનને પ્રદક્ષિણા કરી ગણધર ભગવંત તત્ત્વ પૂછે તે પ્રભુ "ઉપ્પનેઈવા વિગમેઈવા ધુવેઈવા" એ ત્રિપદી આપે. અર્થાત્ પર્યાય સ્વરૂપે ઉત્પન્ન થાય ને નાશ થાય. પણ દ્રવ્યરૂપે મૂળ કાયમ રહે. ગુણ પર્યાય સાથે હોય તે દ્રવ્યની સાથે ઉત્પન્ન થાય ને તેમાં બીજો ધર્મ ન રહે તે દ્રવ્ય, દ્રવ્યની સાથે ઉત્પન્ન ન થાય તે ગુણ. દ્રવ્યની ક્રમભાવી અવસ્થા તે પર્યાય. સુધર્માસ્વામીના ૪૪ આગમ અને ગૌતમસ્વામી ભગવાનનું ૧-આગમ દ્વાદશાંગીમાં ૧ અંગ ગૌતમસ્વામીનું રચેલું છે.

પ્રત્યેક બુદ્ધને પોતાને જેમાંથી વૈરાગ્ય થયો હોય તેના અનુસારે સૂત્ર રચે.

નંદીસૂત્રમાં બધાં આગમોની માહિતી આપી છે, તેથી એમ કહી શકાય કે સઘળાં આગમોનું સરવૈયુ નંદીસૂત્ર છે.

**વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ-**

વ્યાખ્યા શબ્દમાં વિ+આ+ખ્યા ધાતુ છે.

પ્રજ્ઞપ્તિ = પ્રકર્ષ કરીને જણાવવું.

વ્યાખ્યા વગેરે વિશેષ કરીને કહેવું, જણાવવું અર્થાત્ મોહનો ક્ષયોપશમ થાય તે રીતે જણાવવું તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ.

૧૦ હજાર ઉદ્દેશા - ૧૦ હજાર સમુદ્દેશા, બે હજાર ને ૮૮ લાખ પદો છે. છત્રીશ હજાર પ્રશ્નો છે આ રીતે ભગવતીસૂત્રમાં છે.

**જ્ઞાતા સૂત્ર કોને કહેવાય?**

જ્ઞાતા એટલે દૃષ્ટાંતો, ઉદાહરણો, કલ્પિત, અકલ્પિત કથાઓનો સંગ્રહ તે જ્ઞાતાસૂત્ર. બીજા ભાગમાં મૃગાપુત્રાદિનું વર્ણન આવે છે. ધર્મકથા આવે છે. તાત્ત્વિક વાતો છે. બાકીના છમાં ઉત્તમ અને તત્ત્વગ્રાહી જીવો અલ્પ હોય છે. જ્ઞાતા ધર્મ સૂત્રના ૧૧ વિભાગ મળે છે. સાડાત્રણ કરોડ કથા છે. કથા કોને કહેવાય? અંતે ધર્મની વાત આવે તે ધર્મકથા, જેના વડે ધર્મનું તત્ત્વ કહેવું તે આખ્યાતિક.

ઉપાસક દશાંગમાં શ્રાવકોનું વર્ણન આવે.

૮મા અંગમાં અંતકૃત કેવલીનું વર્ણન આવે છે. અનુત્તરોપપાતિક અંગ ઉપાસક.

શ્રાવક એટલે? ઉપ+વસ્ = નજીક રહેવું. જિનાજ્ઞા નજીક રહે તે શ્રાવક.

**દૃષ્ટિવાદનું ઝરણું ૬ઠ્ઠો કર્મગ્રંથ છે. દૃષ્ટિવાદમાં તમામ પદાર્થોનું નિરૂપણ છે.**

દૃષ્ટિવાદ એટલે ? દૃષ્ટિ વદન.

ઉત્પાદ-વ્યવ-ધ્રૌવ સ્વરૂપ દૃષ્ટિ, તેના આધારે વદન = કહેવું.

દૃષ્ટિવાદમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ અને ચરણકરણાનુયોગ એ ચાર અનુયોગ કહ્યા છે. તેમાં ચરણકરણાનુયોગ મુખ્ય છે. શેષ ત્રણ અનુયોગથી ચરણકરણાનુયોગમાં જવાનું છે. દૃષ્ટિવાદમાં પ્રથમ ધર્મકથાનુયોગ વર્ણાવ્યો છે. તે પઢમાનુયોગમાં તમામ ચરિત્રો આવે છે.

ગંડીકા-ગંડીકા એટલે શેરડીના નાના ટુકડા. એ રીતે જેના વિભાગ અથવા પ્રમાણ નાના હોય તે ગંડીકા નામનું પુસ્તક કહેવાય. ૪ આંગળ લાંબુ-પહોળું હોય આવું ગંડીકા પુસ્તક પ્રાચીન કાળમાં હતું...! તે પુસ્તકનો પ્રકાર છે. અહીં ગ્રંથ રચનાનો પ્રકાર છે.

જેમાં ગણધર સંબંધી કથા તે ગણધર ગંડીકા.

પહેલા ચાર પૂર્વની ચૂલિકા છે બાકીના ૧૦ પૂર્વની ચૂલિકા નથી.

વિનય બે પ્રકારે છે (૧) શુશ્રૂષા વિનય, (૨) અનાશાતના વિનય, શુશ્રૂષા વિનય બે ભેદે છે અનાશાતના વિનય ૪૫ ભેદ છે.

શુશ્રૂષા વિનયના બે પ્રકાર છે (૧) સત્કારાદિ વિનય - ૧૦ પ્રકારે છે અને (૨) ઉપચાર વિનય - ૭ પ્રકારે છે.

દશપ્રકારના શુશ્રૂષા વિનય

**(૧) સત્કાર વિનય** - સ્તવના, વંદના કરવી.

**(૨) અભ્યુત્થાન વિનય** - આસનથી ઊભા થવું.

**(૩) સન્માન વિનય** - વસ્ત્રાદિ આપવું તે.

**(૪) આસન પરિગ્રહણ** - આસન લાવી ગ્રહણ કરવા કહેવું તે

**(૫) આસન પ્રદાન** - આસન ગોઠવી આપવું તે.

**(૬) કૃતિકર્મ - વંદના** - વંદન કરવું તે.

**(૭) અંજલિ ગ્રહણ** - બે હાથ જોડવા.

**(૮) સન્મુખ ગમન** - આવે ત્યારે સામા જવું.

**(૯) પશ્ચાત ગમન** - જાય ત્યારે પાછા વળાવવા જવું તે.

**(૧૦) પર્યુપાસના** - બેઠા હોય ત્યારે વૈયાવચ્ચ કરવી તે પર્યુપાસના.

ઉપચાર વિનય સાત પ્રકારે

(૧) ગુર્વાદિની પાસે રહેવું.

(૨) ગુર્વાદિની ઇચ્છાએ અનુસરવું.

(૩) ગુર્વાદિના આહાર લાવવાદિ ઉપકાર

(૪) ગુર્વાદિને આહાર આપવો. (સેવા)

(૫) ગુર્વાદિને ઔષધાદિકથી પરિચર્યા કરવી.

(૬) ગુરુના અવસરને ઉચિત આચરણ કરવું.

(૭) ગુર્વાદિકના કાર્યમાં તત્પર રહેવું.

બીજી રીતે સાત પ્રકાર

(૧) જ્ઞાન, દીક્ષા, વય વડે અધિક

(૨) વ્યાધિગ્રસ્ત સાધુ

(૩) નવદીક્ષિત શિષ્ય

(૪) એક માંડલીવાળા

(૫) ચન્દ્રકુલ નાગેન્દ્ર આદિ

(૬) આચાર્યનો સમુદાય

(૭) સર્વ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા.

એ સાતનો યથોચિત વિનય કરવો.

**૪૫ પ્રકારના અનાશાતના વિનય**

| | |
|---|---|
| (૧) તીર્થંકર | (૨) ધર્મ |
| (૩) આચાર્ય | (૪) ઉપાધ્યાય |
| (૫) સ્થવિર | (૬) કુલ |
| (૭) ગણ | (૮) સંઘ |

(૯) સાંભોગિક (એક માંડલીમાં ગોચરીવાળા)

(૧૦) સાધર્મિક (સમાન સામાચારીવાળા)

ઉપરના ૧૦ તથા ૫ જ્ઞાન એમ

૧૫ની આશાતનાનો ત્યાગ.

૧૫ની ભક્તિ બહુમાન.

૧૫ની વર્ણ સંજ્વલના (ગુણ પ્રશંસા) એમ ૪૫ ભેદ અનાશાતનાના થાય.

આમાં ૧૫ ભેદ ત્યાગ સ્વરૂપ છે. ૧૫ ભેદ ઉપાદેય છે. બીજા ત્રીજા ૧૫ ભેદ ઉપાદેય છે.



વેજલપુર મંડણ શ્રી આદિનાથાય નમઃ



શ્રી આદિનાથજી જૈન દેરાસરજી - વેજલપુર

RAJUL ARTS
9769791990
9869390285